।। શ્રી ગોકુલેશો જયતિ ।।

કૃષ્ણ જ મારી ઝંખના

- ગો. દેવકીનન્દનાચાર્યશ્રી

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

સંપાદકીય

પૂજ્યચરણ ગુરૂદેવ શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના, દાહોદના, ૨૦૦૦ સપ્ટેમ્બરના પ્રવાસ દરમિયાન થયેલ, વચનામૃતની કેસેટો ના આધારે સંપાદિત આ પુસ્તક પ્રકાશિત કરતાં, ઘણો જ આનંદ અનુભવાઈ રહ્યો છે.

વચનામૃતનો લ્હાવો લેનાર સહુ કોઈ વૈષ્ણવોએ શ્રીગુરૂદેવની અદ્દભૂત વાણીનો સાક્ષાત અનુભવ કર્યો હતો. શ્રીગુરૂદેવની આ વાણીને શબ્દ દેહથી આજે આ મહાઉત્સવના મંગળ અવસરે આપ સમક્ષ મૂકી રહ્યા છીએ.

પુષ્ટિમાર્ગ પર મંગળ પ્રસ્થાન કરવા માંગતા પ્રત્યેક પુષ્ટિમાર્ગીયને આ પુસ્તકમાંથી શ્રીમહાપ્રભુજીના યથાર્થ મત અનુસાર માર્ગદર્શન જરૂરથી મળી રહેશે.

પૂજ્યચરણ શ્રીગુરૂદેવ વારંવાર શ્રીમહાપ્રભુની વાણીનો ઉદ્દઘોષ કરીને પ્રત્યેક પુષ્ટિમાર્ગીયને પૂછી રહ્યા છે કે ''શ્રીકૃષ્ણ જ તમારા કેન્દ્રમાં છે ?'', ''મોક્ષ તમારી જરૂરિયાત છે ?'' ''શ્રીકૃષ્ણ જ તમારી ઝંખના છે ?'' જો આવા સવાલ ઉઠતા હોય તો તેના ઉત્તર માટેના વિકલ્પ પણ છે અને એવા વિકલ્પની ચર્ચા આ પુસ્તકમાં મૂકવામાં આવી છે.

પ્રવચન વખતે વાક્યોના પુનરાવર્તનના કે ભાષાકીય વ્યાકરણના સુધારાવધારાના અપવાદ સિવાય પ્રવચનની કેસેટનો યથાવત્ ઉતારો લઈ આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે.

''અક્ષરબ્રહ્મ'' વિશે પૂજ્યચરણ શ્રીગુરૂદેવના ''સર્વોત્તમ'' ની કેસેટોને આધારિત શબ્દદેહ આપવામાં આવ્યો છે.

મહાઉત્સવના આયોજન તેમજ શ્રી ચતુર્થપીઠના અગણિત કાર્યોમાં અતિશય વ્યસ્ત હોવા છતાં આ પુસ્તકના પ્રકાશનમાં ગો. પૂજ્યપાદ શ્રી વિઠ્ઠલરાયબાવાશ્રીએ અંગત રસ લઈ માર્ગદર્શન આપેલ છે, તે ખરેખર ઉત્સાહપ્રેરક નીવડ્યું છે.

પૂજ્યચરણ શ્રીગુરૂદેવે પુષ્ટિમાર્ગની પૂર્વભૂમિકા ઉપર અદ્દભૂત વચનામૃત કર્યાં અને આ ગ્રંથ પ્રકાશન માટે અનુમતિ આપી આપણને સૌને ઉપકૃત કર્યા.

''આપશ્રી''ને અમારાં કોટિ કોટિ વંદન !

ઋણ સ્વીકાર : રમેશભાઈ શેઠ, ગોકુલ / સચિન દેસાઈ, સ્વાતિબેન દેસાઈ, નલીનભાઈ ભટ્ટ, દાહોદ / જગદીશભાઈ પરીખ, બારીયા / મુકેશ બક્ષી, ભરૂચ / ઘનશ્યામભાઇ ધુવાડ, અમદાવાદ.

''મહાઉત્સવ''ની શુભેચ્છાઓ તથા સદા સર્વદા સેવ્ય શ્રીગોકુળનાથજીની કૃપા સૌ પર ઉતરે એવી મંગળકામનાઓ સાથે..........

ડૉ. સંદીપ ગાંધીના જૈ જૈ શ્રીગોકુલેશ

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

પ્રકાશક :
ગોસ્વામિની શ્રીમતી પાર્વતી વહુજી
એજ્યુકેશનલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
શ્રીચતુર્થપીઠ,
શ્રીમદ્ ગોકુલ,
જી. મથુરા, ઉત્તર પ્રદેશ - ૨૮૧૩૦૩

પ્રથમ આવૃત્તિ : મહાઉત્સવ, ૨૦૫૮
પ્રત : ૧૦૦૦

દ્વિતીય સંશોધિત આવૃત્તિ : મહાઉત્સવ, ૨૦૫૯
પ્રત : ૧૦૦૦

સંપાદક :
ડૉ. સંદીપ એસ. ગાંધી
સ્વરૂપ પેથોલોજી લેબોરેટરી,
દર્પણ સિનેમા રોડ, દાહોદ - ૩૮૯ ૧૫૧
e-mail : drsan63g@hotmail.com

પ્રાપ્તિસ્થાન :
શ્રીચતુર્થપીઠ, વિદ્યાવિભાગ,
શ્રીમદ્ ગોકુલ,
જી. મથુરા, ઉત્તર પ્રદેશ - ૨૮૧ ૩૦૩

મુદ્રક :
સ્મીરા ગ્રાફિક્સ
ભરૂચ

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

गोकुलस्य तु यो गोप्ता पुष्टिपथसुरक्षिता ।
जनिता तुर्यवंशस्य गोकुलेशं नमामि तम् ।।

श्रीगोकुलपर्तेनित्यं शुभदमास्पदं महत् ।
श्रीवाल्लभमते निष्ठं तुर्यपीठं वयं नुमः ।।

श्रीमंगलाचरण

चिंतासंतानहंतारो यत्पादांबुजरेणवः ।
स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ।।१।।

यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्‌वल्लभनंदनम् ।।२।।

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।३।।

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ।।४।।

चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा ।
षड्‌भिर्विराजते योऽसौ पंचधा हृदये मम ।।५।।

‘‘પુષ્ટિ અસ્મિતા’’

(૧) શ્રીમહાપ્રભુજીની વાણીને અનુસરનારાઓએ સ્વાર્થી લોકો શું કહે છે, તેની પરવા કરવી નહિ.

(૨) સેવા કરે તેને મેવા મળે તે પ્રવાહી ભાવ છે.

(૩) જાહેર વાડીઓમાં ભક્તિના ભવાડા ગોઠવીને કૃષ્ણવિક્રયથી ધન કમાવનારાઓ દેવલક છે.

(૪) લક્ષ્મીના નાથના નામે ભીખ માંગીને દેવદ્રવ્યથી મનોરથો કરવા તે દેવલકોની લાક્ષણિક વિશિષ્ટતા છે.

(૫) દેવદ્રવ્ય ખાનારાઓને શ્રીમહાપ્રભુજી મહાપતિત ગણે છે.

(૬) ધુંધુકારી મહાપાતકી હતો તેથી ભાગવત કથા સિવાય તેનો ઉદ્ધાર અસંભવ હોવાથી તે ઉદ્દેશથી ભાગવત સપ્તાહ શરૂ થઈ. તેથી જે પુષ્ટિમાર્ગીઓ મરે તે ધુંધુકારી જ થાય છે તેવું નથી.

(૭) સેવામાં ભક્તિભાવો બાંધવાના ઠેકાણે આજે નાણાકીય ભાવો બાંધી લેવામાં આવ્યા છે જે અનુચિત છે.

(૮) પુષ્ટિપ્રભુ ગૂઢરસભાવાત્મક હોવાથી ઘરમાં જ સેવનીય હોય છે.

(૯) કૃષ્ણસેવા પોતાના તનથી અને પોતાના ધનથી પોતાના ઘરમાં જ કરવી જોઈએ.

(૧૦) પુષ્ટિજીવોએ શ્રી વલ્લભની વાણી કદિ વીસરવી જોઈએ નહિ.

જો આપ
પોતાની જાતને
પુષ્ટિમાર્ગીય તરીકે ગણતા હો તો
રક્તની શાહીથી નોંધવા જેવી બાબત છે
કે કોઈ પણ પુષ્ટિમાર્ગીયનો નિસ્તાર
શ્રીમહાપ્રભુજીની વાણી સિવાય
નથી, નથી અને નથીજ.

કૃષ્ણાજ મારી ઝંખના !

પ્રચાર કરવો છે તો લોકોને પૂછો કે શું પુષ્ટિમાર્ગીય છો ? શ્રીકૃષ્ણાની ઝંખના છે ? સોક્રેટીસ કરીને બહુ મોટો ફિલોસોફર પશ્ચિમી જગતમાં થઈ ગયો. એ સોક્રેટીસનું કામ શું હતું જાણો છો, એથેન્સના કોઈ એક ચાર રસ્તે જઈને ઉભા રહી અને જે તે વ્યક્તિ સામે મળે તેને ઉંધાચતા સવાલ પૂછયા કરે. પ્રશ્ન કરી કરીને એટલા બધા હેરાન કરી દેતો કે માણસ ગભરાઈ જાય. બીજા દિવસે બીજા ચાર રસ્તે જાય, ત્રીજા દિવસે વળી ત્રીજા ચાર રસ્તે આમ ફર્યા જ કરતો અને સવાલો પૂછયા કરતો. માણસો મુંઝાઈ જાય અને ઘરે જઈને વિચાર્યા કરે કે આ બધા પ્રશ્નોનો મતલબ શું છે. એ સોક્રેટીસને “બમ્બલ બી” કહેવામાં આવતો “બમ્બલ બી” એટલે “ગુણ ગુણ કરતો ભમરો” એટલે હું પણ શ્રીદાદાજીને વિનંતી કરું છું કે મને પુષ્ટિમાર્ગનો “બમ્બલ બી” બનાવી દો, એટલીસ્ટ લોકોને વિચારતા તો કરી દઉ. મારા અહિંયા આવવાનું કારણ પણ પ્રચાર નથી. હું માત્ર તમારા બોર્ડ પર એટલા પ્રશ્ન એજન્ડા પર મૂકવા માંગુ છું કે તમે તમારી જાતને પછી પૂછયાજ કરો કે

તમને પુષ્ટિમાર્ગની જરૂરિયાત છે ખરી ?

તમને કૃષ્ણાની જરૂરિયાત છે ખરી ?

તમને શ્રીકૃષ્ણાની ઝંખના છે ખરી ?

– ગોસ્વામી દેવકીનન્દનાચાર્ય

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

પ્રારંભિક :

કોઈપણ વસ્તુની શરૂઆત જ્યારે થાય છે ત્યારે શરૂઆત ખૂબ જ ઉત્સાહજનક હોય છે પણ થોડાક સમયમાંજ એ ઉત્સાહમાં ખૂબ જ ઘટાડો થઈ જાય છે. આ એક માનવસહજ સ્વભાવ છે. શિયાળામાં શરૂઆતમાં સવારે વહેલા ઉઠીને ફરવા જવાવાળા મોટી સંખ્યામાં હોય છે પણ બે ચાર દિવસના ગાળામાં જ નજીવી સંખ્યા થઈ જતી હોય છે. આવાં પ્રવચનો દરમિયાન ઘણા બધા સંકલ્પ મનમાં ઉઠતા હોય છે. પણ થોડાક દિવસ તેની અસર રહે છે અને થોડાક દિવસ બાદ પાણીના પરપોટાની માફક બધુ વિસરાવા માંડે છે.

આજે પાયાની થોડીક વાતો કરવી છે કે જે દરેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે સમજવી જોઈએ, આચરણ કરવું ના કરવું તે અંગત બાબત છે.

એક વાત બહુજ સ્પષ્ટ રીતે સમજી લેજો કે ધર્મ એ કોઈના પણ ઉપર ઉપકાર નથી. જ્યારે હું તમને ધર્મની બાબતમાં કશુંક કહી રહ્યો છું ત્યારે તમારા પર ઉપકાર નથી કરી રહ્યો, અને તમે પણ શાંત ચિત્તે જો આ વાત સાંભળી રહ્યા હો તો એ વાત પણ સુનિશ્ચિત છે કે તમે પણ ઉપકાર નથી કરી રહ્યા. તમે ભોજન કરો છો તો કોના ઉપર તમે ઉપકાર કરો છો ? વિચારી લેજો. શરીરમાં કોઈપણ જાતનો રોગ લાગુ પડે છે ત્યારે તમે દવા લો છો ત્યારે તમે ત્યારે કોના ઉપર ઉપકાર કરો છો ? એવાં અનેક વિષયોનાં ઉદાહરણ આપી શકાય.

કોનો ઉપકાર કોના ઉપર છે ?

ભોજન કરીએ છીએ, દવા લઈએ છીએ તો કોઈની પર ઉપકાર કરવા માટે નહિ પરંતુ પોતાના માટે જ, એટલે પોતાનો ઉપકાર પોતાના માટે જ હોય છે.

ગીતામાં ભગવાન કહે છે કે આત્મા જ આત્માનો શત્રુ છે કે બંધુ છે. તો આપણે જ આપણી જ સાથે બંધુતા કે શત્રુતા કેળવીએ છીએ.

અત્યારની પરિસ્થિતીમાં ધર્મની બાબતમાં એક એવો ટ્રેન્ડ છે - એવી પદ્ધતિ પ્રસરી ગઈ છે કે ધર્મ, એ જાણે કે ધર્માચાર્યની ગરજ હોય અને એ ગરજથી જ બધે સામે આવી રહ્યા છે, ધર્મની બાબતથી પૈસા કમાવવા છે, વિગેરે વિગેરે... આજે ધર્મ એ ધંધો બની ગયો છે એ સાર્વવિદિત વાત છે. ભારતવર્ષના કોઈપણ

બુદ્ધિજીવીથી એ વાત છૂપાયેલી નથી કે આજે ધર્મની લીલામી કેવી રીતે થઈ રહી છે ! આજે મંદીના ગાળામાં પણ ધર્મની સતતને સતત તેજી જ થઈ રહી છે. આ વાત હવે બધાજ જાણે છે, એ સાર્વજનિક-સાર્વવિદિત સત્ય છે. પરંતુ તેનાથી દરેક વ્યક્તિ ધર્મનો વેચનાર કે ખરીદનાર નથી થઈ જતો એ પણ દીવા જેવી સ્પષ્ટ વાત છે. તેથી આજે હું તમારી પાસે આવ્યો છું તે મારી કે તમારી ગરજે આવ્યો નથી. હું તો એટલું જ જાણું છું કે શ્રીમહાપ્રભુજીના વંશમાં, શ્રીદાદાજીના વંશજ તરીકે મારું કર્તવ્ય છે કે હું પ્રાથમિકતાથી, અધિકારસહિત, શ્રીગોકુલેશના ઘરના સેવકોને અને સામાન્ય રીતે પુષ્ટિમાર્ગના જીવોને સંબોધન કરું... મારું કર્તવ્ય છે કે શ્રીમહાપ્રભુજીની વાણી હું તેમની સામે મૂકું.

વૈષ્ણવ તરીકે કર્તવ્ય :

દરેક કંઠી પહેરેલ વ્યક્તિ પોતાના ગળામાં પહેરેલી કંઠીને તેના મૂલ્યાંકન, વિશ્લેષણ સહિત સમજતા હોય કે કંઠી પહેરી છે તેથી તે વૈષ્ણવ છે, એટલેકે કૃષ્ણથી સંબંધિત છે કે કૃષ્ણના થઈ ગયા છે, તેથી તેમણે પણ એક વૈષ્ણવ તરીકે કાંઈ જાણવું જોઈએ. તો એક વૈષ્ણવ તરીકે આપ અહીંયાં આપનું કર્તવ્ય નિભાવવા આવ્યા છો અને દાદાજીના વંશજ તરીકે હું અહીંયા ઉપસ્થિત થયો છું શ્રીમહાપ્રભુજીની વાણીનું અવગાહન કરવા અને કરાવવા માટે.

એક બીજી સ્પષ્ટતા તમારા મગજમાં કરી દેશો કે મારા આ વચનોમાં દેખીતી રીતે કશાં કટુ વચનો લાગે તો તેનો ખોટો અર્થ મહેરબાની કરીને ન લેતા. આમાં મારા હૃદયની કાંઈ કટુતા નથી પણ સતત જે અનુભવ થયા છે તેની માત્ર અભિવ્યક્તિ જ છે. કારણ, મનુષ્યનો એ સ્વભાવ છે કે એક સરખા અનુભવ થાય તો તેની અભિવ્યક્તિ ક્યાંક તો થઈ જ જાય પણ આ નિષેધાત્મક કે કટુચર્ચા નથી.

ભાષણ પદ્ધતિ અને પ્રવચન પદ્ધતિ :

હું ભાષણ પદ્ધતિનો વિરોધી છું. ભાષણ પદ્ધતિ અને પ્રવચનની પદ્ધતિ વચ્ચે એક તફાવત જોઈએ તો ભાષણ પદ્ધતિ એ અંગ્રેજોની દેન છે એટલે આપણી સંસ્કૃતિની નથી અને પ્રવચન એ આપણી સંસ્કૃતિની ગરિમા છે. પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચન અને એ પ્રકૃષ્ટ વચન એ મારાં કે તમારાં ન હોઈ શકે પણ એ પ્રકૃષ્ટ વચન તો કેવળ શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથ પ્રભુ, શ્રીગુંસાઈજી પ્રભુચરણ કે સપ્ત આચાર્યનાં, અને એ મહાન આચાર્યોની વાણીની વ્યાખ્યા કરનાર બીજા મહાન આચાર્ય થયા છે

તે આચાર્યની વાણી જ આપણા માટે પ્રકૃષ્ટ વચન છે, વેદ-પુરાણ વગેરે આપણા માટે પ્રકૃષ્ટ વચન છે અને એ પ્રકૃષ્ટ વચનોની જ ચર્ચા આપણા વચ્ચે થાય તો જ તેનો કશો અર્થ છે.

શાસ્ત્ર શાશ્વત નિત્ય અર્થમાં જ બોલે છે :

હમણાં હમણાં એવો ટ્રેન્ડ ઉભો થયો છે કે ધર્મને આધુનિકતાના નામથી થોડા બુદ્ધિજીવીઓ સમજવા માંગે છે - અરે, ધર્મને આધુનિકતાનો ઓપ આપવા માંગે છે. ધર્મ એ ધર્મ છે અને એ ધર્મને સમજાવનાર જ શાસ્ત્ર છે તે શાસ્ત્ર નિત્ય વચન છે. જો શ્રીમહાપ્રભુજીની કહેલી વાણી આજે ૫૦૦ વર્ષ પછી પણ આઉટ ઓફ ડેટ થઈ જાય, જો વેદ શાસ્ત્રની વાણી આજે આઉટ ઓફ ડેટ થઈ જાય તો આપણે બધાએ એ વસ્તુ સમજીને અત્યારે જ અહીંથી ખસી જવું જોઈએ. કારણ કે તો પછી ધર્મ સાંભળવાનો કે ધર્મની ચર્ચા કરવાનો કોઈ જ મતલબ રહેતો નથી.

તમારા-મારા માટે ૧૦૦ કે ૨૦૦ વર્ષનો સમયગાળો એક સીમાચિન્હ હોઈ શકે, પણ ઈતિહાસની દષ્ટિના પરિપ્રેક્ષમાં જોવામાં આવે તો એ હજારો વર્ષોનો સમય એક બિંદુ જેવો હોય છે અને ખગોળ શાસ્ત્ર કે ભૌતિક નક્ષત્રોના અભ્યાસની દષ્ટિએ જોવા જશો તો એવા હજાર, બે હજાર વર્ષ ત્યાં એક બિંદુ પણ નથી બની શક્તાં.

શાસ્ત્ર તો શાશ્વત નિત્ય અર્થમાં જ બોલે છે અને આવા શાસ્ત્રોનાં વચનોને અપૌરુષેય કહેવામાં આવે છે. અપૌરુષેય શબ્દ એવો નથી કે ન સમજી શકાય. પૌરુષ શબ્દ નર કે નારીના અર્થમાં નથી વાપર્યો પણ પ્રાણીમાત્રના અર્થમાં વાપરવામાં આવ્યો છે. અ નિષેધાત્મક છે અને પૌરુષ એ પુરુષથી બનેલો છે. પુરુષ એટલે જે દેહમાં ચેતન તત્વ નિવાસ કરતું હોય તેવો દેહ એટલે આ અર્થમાં પ્રાણીમાત્ર આવી જાય છે.

શાસ્ત્રનાં વચન કાંઈ પુરુષથી ઘડાયેલાં નથી તેથી તેને કહેવાય છે અપૌરુષેય. એ નિત્ય વચન છે અને એ વચનો જેમ દસ હજાર વર્ષ પહલાં લાગુ પડતાં હતાં તેવી જ રીતે પાંચ હજાર વર્ષ પહેલાં પણ લાગુ પડતાં હતાં અને એ રીતે પાંચસો વર્ષ પહેલાં પણ લાગુ પડતા હતા, આજે પણ એ રીતે જ લાગુ પડી રહ્યા છે અને આવનારા વર્ષોમાં પણ એ જ રીતે લાગુ પડતા રહેશે. એ શબ્દો, એ અક્ષરો, એ વચનો આજે પણ નિત્ય રીતે જીવંતપણે લાગુ પડે જ છે.

એક ઉદાહરણ જોઈએ, એક વખત એક પ્રસિદ્ધ ચિત્રકાર અંજલી ઈલા મેનનને પત્રકારોએ પૂછયું કે તમે કલાકાર તરીકે કળામાં નગ્નતાના સમર્થક રહ્યા છો તો તમારૂં મૂલ્યાંકન અમે કેવી રીતે કરીએ ? ત્યારે અંજલી ઈલા મેનને જવાબ આપ્યો કે મારી કલાના મોરલ એસેસમેન્ટ માટે હું તમારા વિશ્લેષણની સાપેક્ષ નથી, મારી નૈતિકતાનો નિર્ણય હું પોતે કરું છું, તમારી પાસે એ માટે કશી જ અપેક્ષા નથી. એ જ શબ્દો કે એવા બુદ્ધિજીવીને અજીર્ણ કે જે કોઈને હોય, તેનાથી મારાં ભારતીય શાસ્ત્રો, અને મારા ભારતીય શાસ્ત્રોનું મૂલ્યાંકન, તેઓનો સાપેક્ષ નથી બનતો. એ તો આજે પણ વિશ્વભરના વિદ્વાનો જે સાચા અર્થમાં સ્કોલર છે તેઓ એક સ્વરથી વિના પ્રશ્ને તેની મહત્તા સ્વીકારેજ છે.

અલૌકિક વાણીનો વિચાર કે સ્વીકાર :

વેદશાસ્ત્રના અને મહાપુરુષ આચાર્યના જે શબ્દો છે તે **સ્વભાવ અધિકાર ભેદથી** એ જે તે સમયમાં જે સ્વીકાર (એપ્લીકેશન) પદ્ધતિ છે તેમાં ભેદ હોય શકે અને એનો વિચાર હોઈ શકે. તમે ક્યારેય એ અલૌકિક વાણીના સ્વીકાર વિશે પ્રશ્ન કરી શકતા નથી, ફક્ત સ્વીકાર જ કરી શકો છો. શાસ્ત્રની વાણીના સ્વીકારની બાબતમાં ક્યારેય કોઈ પ્રશ્નચિહ્ન હોઈ જ ન શકે. જો હોય ! તો તેની ચર્ચા પહેલા કરવી જોઈએ. આજના સમયમાં તેને વ્યવહારમાં, આપણા આચરણમાં કેવી રીતે લાવવું તેનો વિચાર જરૂર લંબાણથી કરી શકાય છે, જો તેને તમારે આચરણમાં મુકવું હોય તો !

એક વખત મારા બોમ્બેના રોકાણ દરમ્યાન યુવાન ગોસ્વામી બાળકો મને એક પરિષદના કાર્યક્રમ માટે આમંત્રણ આપવા આવ્યા. તેઓ નવી પરિષદનું ગઠન કરી રહ્યા હતા. તેઓએ એક કાગળ આપ્યો. તેમાં લખ્યું હતું કે ૧૮ થી ૨૫ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકે છે. તો મેં તેઓને કહ્યું કે હું તો આ લાઈન ક્રોસ કરી ગયો છું. તો તેઓ કહેવા લાગ્યા કે ના આપના માટે એ બાબત નથી, પણ તમારું માર્ગદર્શન જરૂરી છે તેથી તમને બોલાવ્યા છે. એટલે મેં કહ્યું કે માર્ગદર્શન બિચારો દેવકીનન્દન શું કરશે ? માર્ગદર્શન તો શ્રીમહાપ્રભુજી આપણને આપી ગયા છે. આપણી પાસે વિચારનો સ્કોપ છે જ નહીં અને આજે હું તમને બધાને સંબોધન કરું છું અને પૂછી રહ્યો છું કે તમને ક્યારેય એવું થાય છે ખરું કે આપણે તેના સ્વીકાર ઉપર વિચાર કરવો જોઈએ ? શ્રીમહાપ્રભુજીની વાણી કે જે સિદ્ધાંત કહેવામાં આવે છે તે સિદ્ધાંતનો મતલબ જ એ છે-સિદ્ધ છે અંત જેનો. હવે આ

સ્વરૂપાત્મક વાણી છે તેનો વિચાર કરવાનો પ્રયત્ન કરીએ તો શું થાય એ જાણો છો ? જેમ ચઢી ગયેલા દાળ ભાતને વધારે આંચ પર મૂકીએ તો બળી જાયને ! તેમ આ વાણી પણ દાઝી જાય. આ પરિપકવ - પરિસંનિષ્પન્ન વાણી છે. પરિસંપન્ન સિદ્ધ છે અંત જેનો. છેવટ સુધી જેમાં બિલકુલ અવકાશ નથી ત્યાં સુધી આ વાણીનો પરિપક્વ વિચાર કરી દેવામાં આવ્યો છે. એવી વાણીને સિદ્ધાંત કહી શકાય. બીજી કોઈપણ જે તે વાણીને સિદ્ધાંત ન કહી શકાય. જેનો સંપૂર્ણ રીતે છેવટ સુધી, એકે એક પાસાનો વિચાર કરી લેવામાં આવ્યો હોય એવી વાણી સિદ્ધાંત કહેવાય. એટલે આપણે સિદ્ધાંત ઉપર વિચાર કરવાની કેપેસીટી ધરાવીએ છે ખરા ? અને જો ધરાવતા હોઈએ તો હું તેઓ સાથે જરૂરથી ચર્ચા કરવા તૈયાર છું. આ વ્યાસપીઠ તેઓને સોંપી હું તેઓના મુખે સાંભળવા તૈયાર છું. શ્રીમહાપ્રભુજીની વાણી, વેદ શાસ્ત્રોની પરિનિષ્પન્ન વાણીનો વિચાર થઈ શકતો નથી. તેનો આચાર થાય છે, તેનું આચરણ થાય છે. ''આજ્ઞાગુરૂણામ્ અવિચરણીયમ્'' ગુરૂજનોની વાણીનું આચરણ થાય છે, વિચાર ન થાય.

આપણા પાંચ સાત વર્ષના બાળકને આપણે કશુંક કરવાનું કહીએ અને જ્યારે તે સવાલ પૂછે કે આવું કેમ ? તો મોટાભાગે લોકો તે સવાલ પર અકળાઈને એકાદ તમાચો ઠોકી દેતાં અચકાતા નથી, અથવા તમે તમારો કાન પકડી લેશો કે ભૂલ થઈ ગઈ મને ખબર નથી, વિચાર કરી લો કે આવું તમારી સાથે બને છે કે નથી બનતું ? જ્યારે ઘણાં બધાં પ્રશ્નો આવે છે ત્યારે કેટલી બધી ઝુંઝલાહટ આવે છે અને આવેશ પણ આવી જાય છે ને.

પુષ્ટિમાર્ગીયનો વિસ્તાર શ્રીમહાપ્રભુજીની વાણી સિવાય નથી :

ગુરૂજનોની વાણીનો વિચાર ન થાય ફક્ત આચરણ થાય, સમજ ન પડે તો સમજવાનો પ્રયત્ન થાય - સમજી શકાય. આ વસ્તુ મગજમાં સ્પષ્ટ કરી લેજો. વિચાર કરવામાં અને સમજવામાં બહુ મોટો ફરક છે. ઘણી વાર એવું કહેવામાં આવે છે કે મૌલિક વિચાર કરીએ છીએ. મૌલિક શબ્દનો અર્થ ઓરીજનાલીટી નથી તે તો હવે તેનો આજકાલનો અર્થ છે. જે મૂળથી સંબંધ ધરાવે છે, મૂળે ભવન્તી મૌલિક. એટલે વિચાર કરીએ ત્યારે તેની મૌલિકતાને તમે પ્રશ્ન કરવા માંગો છો અને શ્રીમહાપ્રભુજીની વાણી કે વેદશાસ્ત્રની વાણીની મૌલિક્તાને પ્રશ્ન કરવા હોય તો એવા બૌદ્ધિકોની એક સભા બોલાવવી જોઈએ. બૌદ્ધિકોમાં પણ શિક્ષાવિદોને બોલાવીને તેમની સામે આ પ્રશ્ન મૂકી શકો કે Original application is possible or not ? તેથી આચાર્યશ્રીની વાણીના તથ્યોનો વિચાર ન થાય તેને સમજાય. તેને સમજવાનો પ્રયાસ કરાય. આપણી આ ચર્ચાનું મૂળ શ્રીમહાપ્રભુજીની વાણી સમજવાની વાતમાં છે. હું કથાકાર નથી કે લોકોને પ્રવાહમાં તાણી એમનું મનોરંજન કરું, હો હો હા હા કરી તેમને પ્રસન્ન કરૂં. પ્રસન્ન થવું, હસવું એ આનંદની વાત છે પરંતુ હું મનોરંજન કરાવનાર Stage Actor નથી. અત્યારે અહીં જે ચાલી રહ્યું છે તે નાટક નથી, પણ અભ્યાસ ની એક કક્ષા, Class room ચાલી રહ્યો છે અને જો તમે બધા શ્રીમહાપ્રભુજીની વાણી સમજવા બેઠેલા વિદ્યાર્થીઓ છો તો તમારું શતશત સ્વાગત છે અને હું શ્રીમહાપ્રભુજીના પુત્રની રીતે સદૈન્ય સમજાવવાનો પ્રયત્ન કરીશ. જે બળ-બુદ્ધિ-સમજણ મને તેઓના આશીર્વાદથી મળી છે તેના ઉપયોગથી પૂરેપૂરૂં સમજાવવાનો પ્રયત્ન કરીશ. મને મારા આત્મપરિચયની તમન્ના નથી, જરૂર નથી, તે માટે નથી આવ્યો. શ્રીમહાપ્રભુજીના શબ્દો ‘‘લાભપૂજાર્થયત્નેશુ’’ આ શબ્દોનો મને ખ્યાલ છે. શ્રીમહાપ્રભુજી આ લાભ અને પૂજા ને બહું બાધક માને છે અને દાદાજીની ચરણકૃપાથી હું ગૌરવપૂર્વક કહી શકું છું કે આ દાદાજીના દીકરાએ તેનાથી બહુ વિરકિત મેળવી લીધી છે. એટલે કોઈની કોઈ બિરદાવલી કે ગાળો મને કશીય તકલીફ આપવાની નથી. છેલ્લા પાંત્રીસ વર્ષથી મારું એકજ કર્તવ્ય રહ્યું છે. એક જ ચળવળ રહી છે કે ‘‘શ્રીમહાપ્રભુજીની વાણીનો ઉદ્‌ઘોષ કરવો અને સમજાવવું.’’ એક વાત મૂળ સંબોધન શરૂ કરતાં પહેલા તમને સમજાવું કે જો આપ પોતાની જાતને પુષ્ટિમાર્ગીય તરીકે ગણતા હો તો રક્તની શાહીથી નોંધી લેજો કે કોઈ પણ પુષ્ટિમાર્ગીયનોં વિસ્તાર શ્રીમહાપ્રભુજીની વાણી સિવાય નથી, નથી અને નથી જ.

◆

શ્રીમહાપ્રભુજીની વાણીનો અક્ષર,

જેટલો સત્ય તમારા માટે છે

તેટલો જ અનિવાર્ય અને સત્ય

મારા માટે છે.



હું એ નિયમમાં અપવાદ નથી

અને તેવા અપવાદોમાં

નિયમ નથી બની શકતા.

આપણે બંને નિયમની

અંતર્ગત છીએ.

આપણે બંનેએ

શ્રીમહાપ્રભુજીની વાણીનો

પ્રત્યેક અક્ષર

શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ જ

સમજવો પડશે.

પ્રકરણ ગ્રંથો

શ્રી મહાપ્રભુજીનો એક બહુ પ્રસિદ્ધ ગ્રંથ છે નિબંધ. તેનુ આખું નામ છે **તત્વાર્થ દીપ નિબંધ.** તેનાં ત્રણ પ્રકરણ છે

(૧) શાસ્ત્રાર્થ પ્રકરણ
(૨) સર્વનિર્ણય પ્રકરણ
(૩) ભાગવતાર્થ પ્રકરણ

આ ત્રણેય જુદાં જુદાં જોઈએ તો સ્વતંત્ર ગ્રંથો પણ છે અને એકબીજા સાથે અનિવાર્ય રીતે જોડાયેલા પણ છે. પ્રાચીન કાળમાં પણ અન્ય પ્રકરણ ગ્રંથો હતા. (પ્રકરણ એટલે જે કાંઈક આપણને મુખ્ય બાબતનો પરિચય આપે.) જેમ ક્રિકેટ આખો દિવસ ચાલે અને રાત્રે તેની Highlightમાં મુખ્ય પ્રસંગો બતાવવામાં આવે છે અને ૧૦ મીનીટમાં મુખ્ય બાબતનો આપણને પરિચય મળી જાય છે. આપણા પુષ્ટિમાર્ગમાં જ્યારે અન્ય પ્રકરણગ્રંથો રચાયા ન હતા ત્યારે આપણા માર્ગમાં આ ગ્રંથો થકી જ અભ્યાસની શરૂઆત થતી હતી, પણ આજે દુર્ભાગ્યથી બધું જ ખોવાઈ ગયું. મારા જયપુરના ગુરૂ કહેતા કે જ્યારે પૂર આવે છે ત્યારે ખબર પડતી નથી કે શું તણાઈ ગયું અને શું રહી ગયું ? એ ખબર તો પૂર શાંત થઈ ગયા બાદ જ પડે છે. અત્યારે તો આધુનિકતાના પૂરમાં પુષ્ટિમાર્ગનું બધું તણાઈ રહ્યું છે. મારા જેવા અત્યારે એનું મૂલ્યાંકન કરવામાં અસમર્થ છે કે આપણે શું ગુમાવ્યું છે અને શું પ્રાપ્ત કર્યુ છે ? એ તો શ્રીમહાપ્રભુજી જ જાણે છે કે અમારી ઝોળીમાં શું બચવાનું છે કે શું જતું રહેવાનું છે ? પણ એક વાત ચોક્કસ છે કે જેઓ આ પૂરમાં પણ એકાદ ઝાડની ડાળી પર કે ઉંચા મકાનની છત પર એટલે કે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતભવનની ટોચ પર જો કોઈ વ્યક્તિ અટકી જશે કે લટકી જશે તો તેઓ જીવન રક્ષણ કરી શકશે. એટલે આ પ્રકરણગ્રંથો થયા નહોતા ત્યાં સુધી આ નિબંધની પરિપાટી હતી. સર્વનિર્ણય પ્રકરણમાં અનેક પ્રકરણ છે તેમાં ભક્તિ પ્રકરણ છે તેના વિશે આપણે સમજણ પ્રાપ્ત કરીશું. ભક્તિ પ્રકરણની ૪૫ કારિકાઓ છે. કારિકા એટલે શ્લોક. દાર્શનિક ગ્રંથો એટલે જે તત્વબોધ બતાવનારા તાત્વિક ગ્રંથો છે તેના શ્લોકને કારિકા કહેવાય છે. મારા ગુરૂચરણ શ્રીશ્યામમનોહરજી બહુ સુંદર આજ્ઞા કરે છે કે મનોરથ કરવો (લડ્ડુ, મોહનથાળ વાળા નહિ) એ આપણો અધિકાર છે,

ફળ આપવું (સમાધાન નહિ)-એટલે પૂર્ણ કરવું તે શ્રીમહાપ્રભુજીનો અધિકાર છે. તો આપણે શ્રીમહાપ્રભુજીના અધિકારની બાબતનો વિચાર શા માટે કરીએ ? આપણો અધિકાર મનોરથ કરવાનો છે તે આપણે કરીએ. તેનું પરિણામ શું આપવું તે શ્રીમહાપ્રભુજીનું કામ છે. ભક્તિ પ્રકરણની કેટલીક કારિકા સમજીએ તે પહેલાં તેની આગળની થોડીક બાબતોનો અભ્યાસ જરૂરી છે તે કરી લઈએ.

''મનુષ્ય'' શબ્દનો અર્થ :

''મનુષ્ય'' શબ્દનો અર્થ આપણે જાણીએ છીએ. તેનો સંસ્કૃત અર્થ છે - मत्वा कर्माणी सीव्यति એટલે મનુષ્ય.

मत्वा - જાણીને / વિચારીને
कर्माणी - કોઈ પણ ચેષ્ટા-મન, વાણી કે કર્મથી
सीव्यति - તતું-દોરાથી થતું સતત સંધાન

મનુષ્ય કોઈ પણ ચેષ્ટાની નિરંતરતા ક્યારે જાળવે છે કે, જ્યારે એનો વિચાર કરી લે છે. શાકભાજીવાળો ફેરીયો આવે કે શાક માર્કેટમાં જઈએ ત્યારે આપણે વિચાર કરીને જ, જોઈને શાક લઈએ છે ને એટલે બે ત્રણ દિવસનું વાસી હોય તો નથી જ લેતા. મતલબ કે શાકભાજી પણ વિચારીને જ લેવાય છે. મનુષ્ય એવું અન્ય કોઈ પણ કામ શાકભાજી લેવાનું હોય, કપડા ધોવાનું હોય કે બીજું કોઈપણ કાર્ય-વગર વિચાર્યે કરતો નથી. તેથી તેનું નામ પડયુ ''मत्वा कर्माणी सीव्यति'' - તે મનુષ્ય.

એટલે કે મનુષ્ય કોઈપણ વસ્તુનો વિચાર કર્યા વગર, એટલે કે સમજ્યા વગર / જાણ્યા વગર એટલે કે પરખ કર્યા વગર એટલે કે ચકાસ્યા વગર એટલે કે પ્રમાણ જોયા વગર કોઈ પણ કાર્યમાં પ્રવૃત થતો નથી. અંગૂઠા છાપ વ્યક્તિ હશેને, તો તે કદાચ બને કે એવા કામ ને ભણેલા કરતાં કદાચ સારી રીતે કરીને આવે. એટલે કોઈપણ વ્યક્તિ જાણ્યા-સમજ્યા કે પ્રમાણ વગર કોઈ કાર્ય કરતી નથી. આપણી બોલચાલમાં આવા રૂઢિપ્રયોગ થયા છે અને બોલાય છે કે આ વાતમાં શું માલ છે ? આવું આપણે ઘણા બધા સામાન્ય રીતે બોલતા હોઈએ છીએ. એ માલ શબ્દ એ તિજોરીની ધન દોલત નથી પણ તેનાથી આપણે એવુ કહીએ છીએ કે પ્રમાણ શું છે-કે આ વાતની પ્રામાણિકતા શું છે ?

ધર્મ અને પ્રમાણ :

ધર્મ પણ અંધશ્રદ્ધાનું નામ નથી. જો કોઈ અંધશ્રદ્ધાને ધર્મ એવા અર્થને સર્મથન આપતા હોય તે તેઓ પોતાના ઘોર અજ્ઞાનનો પરિચય આપી રહ્યા છે. ધર્મ એ અંધશ્રદ્ધા નથી. જે કાંઈ પણ આપણે ત્યાં ધર્મ બતાવવામાં આવી રહ્યો છે કે ધર્મની વ્યવસ્થા બતાવવામાં આવી છે તે પણ સંપૂર્ણપણે પ્રમાણ ઉપર આધારિત છે. પ્રમાણ વગર એમાં કાંઈ કહેવામાં આવ્યું નથી અને તેથી જ તમને જ્યારે ને ત્યારે પ્રમાણ શબ્દ અનેકવાર સાંભળવા મળ્યો હશે. કથા, વાર્તા, પ્રવચન, વચનામૃત વગેરે જગ્યાએ પ્રમાણ શબ્દ નિયમિત વપરાતો જ હોય છે. એટલે ધર્મ પણ સંપૂર્ણપણે પ્રમાણપૂર્ણ છે એટલે બીજા શબ્દોમાં કહીએ તો પ્રામાણિક છે.

ધર્મ :

ધર્મ શબ્દનો અર્થ સમજી લઈએ. ધર્મ બહુજ વ્યાપક શબ્દ છે અને તેનો એકદમ વ્યાપક અર્થ છે. ધર્મ શબ્દના બે અર્થ છે ‘धारयति इति धर्मः’ અને ‘धरति इति धर्मः’.

ધારયતિ એટલે ધારણ કરાવવું. તમારા નાના બાળકને તમે ટૂથબ્રશ કરતાં શીખવાડો છો કે નહિ ! એવી જ રીતે આપણે તેને કપડાં પહેરાવતાં પણ શીખવાડીએ છીએ. ધીરે ધીરે જ્યારે એ પોતાની રીતે પોતાનાં કાર્યો કરતાં થઈ જાય છે તે જોઈ આપણે પ્રસન્ન થઈ જઈએ છીએ. ‘‘પપ્પા મેં આજે આમ કર્યું’’ તે સાંભળવા આપણો જીવ તરસતો હોય છે. એટલે કપડાં પહેરતાં, ન્હાતાં, ધોતાં-તમે જે શીખવાડો છો, તે તમે શું કરાવી રહ્યા છો ? તે તમે એને ધારણ કરાવી રહ્યા છો. એ આદતો, સારી વસ્તુઓ, સારા સંસ્કાર ધારણ કરાવી રહ્યા છો ધારયતિ. આવી રીતે ધારણ કરાવવું એનું નામ ધર્મ.

બીજો અર્થ ‘धरति इति धर्मः’ ધારણ કરવું એનું નામ પણ ધર્મ. બહુજ વ્યાપક અર્થમાં આ ‘ધર્મ’ શબ્દ છે. એક બીજી મુખ્ય બાબત છે કે જે ભારત વર્ષની સોનેરી બાબત છે-તે નોંધી લો. મહેરબાની કરીને શબ્દોનો દૂરપયોગ ન કરો કે ધર્મ, સંસ્કૃતિ, જીવનપદ્ધતિ અને લાઈફ સ્ટાઈલ આ ચારે ચાર સમાનાર્થી શબ્દો છે. ભારતવર્ષના ઋષિઓની દ્દષ્ટિમાં પણ આ ચારેય સમાનાર્થી શબ્દો છે. ધર્મ કહો કે સંસ્કૃતિ કહો કે જીવન પદ્ધતિ કહો એ ત્રણેય પર્યાયવાચી શબ્દો છે સમાનાર્થી શબ્દો છે. બાળકને સારી ટેવો આપીએ તો આપણે તેને શું કહીએ છે ? સંસ્કાર

આપીએ છીએ એમ કહીએ છે. સંસ્કાર અપાયેલ હોય તે જ સંસ્કૃત કહેવાય. સંસ્કૃત ભાષાને સંસ્કૃત એટલા માટે જ કહેવામાં આવે છે કે આખા જગતની જે ભાષાઓ છે તે તમામમાં આ એક ભાષાનો જ સંસ્કાર થયેલ છે. આ ભાષામાં એક દિવ્ય શોભાપણું રહેલું છે. તેથી તેના સિવાયની બીજી ભાષા સંસ્કૃત નથી કહેવાતી. જ્યારે કોઈ માણસનો વ્યવહાર તમને પસંદ પડતો નથી - રૂચિકર નથી લાગતો, ત્યારે તેના ગયા બાદ તમે કહો છો કે તે અસંસ્કારી છે. એટલે સંસ્કાર કહો કે ધર્મ કહો કે જીવન પદ્ધતિ કહો તે એક જ સમાનાર્થી શબ્દો છે. અલબત્ત એના વિશિષ્ટ ઉપયોગો છે એ વાત જુદી છે.

આ શરીરમાં જ્યારે પણ કંઈક રોગ થાય છે ત્યારે આપણે શું કરીએ છીએ ? ત્યારે કહીએ છીએ કે એ તો શરીરના ધર્મ છે એટલે શરીર કોઈ વખતે કષ્ટમાં પણ હોય અને સુખમાં પણ હોય તો આપણે જ કહીએ છે તે તો દેહ ધર્મ છે. અરે એનાથી આગળ વધીને આપણા ન્હાવા ધોવાની જે ટેવ છે તેને પણ આપણે દેહ ધર્મ જ કહીએ છીએ. જે દૈહિક ચેષ્ટા કરીએ છીએ એનું નામ ધર્મ એટલે મહેરબાની કરીને ફક્ત ભગવત્ સંબંધી કે ભગવત નામ લેવાની સીમીત બાબતને જ ધર્મ ન ગણાવશો. આના પરથી આપણે બધા જ ધાર્મિક છીએ. કોણ ધાર્મિક નથી એ શોધવું રહ્યું. એ વ્યક્તિ જે ઈશ્વરને માનતો નથી તે પણ ધાર્મિક તો છે જ. એ કોઈપણ પદ્ધતિ તો સ્વીકારતો જ હોય, તેથી તે પણ ધાર્મિક છે. આ જગતમાં કોઈ નાસ્તિક નથી. નાસ્તિક એ હોઈ શકે કે જે કોઈપણ વસ્તુના અસ્તિત્વને નકારી શકે અને હવે જો એ પોતાના અસ્તિત્વને નકારી શકતો હોય તો નાસ્તિક, પણ જ્યારે 'હું છું' આવે તેમાં આ 'છું' એ અસ્તિત્વનો સ્વીકાર છે. તમારા અસ્તિત્વને સ્વીકારો જ છો. અઢી ગજનું કલેજું જોઈએ. જગતમાં કોઈપણ વ્યક્તિ એવો નથી કે જે નાસ્તિક હોય. નાસ્તિક થવા માટે બહુ જ મોટું બળ જોઈએ. કારણ તે સાબિત કરવું પડે એટલે ઈશ્વરને માનવું કે ન માનવું તે આસ્તિક - નાસ્તિક નથી. એટલે જ આપણાં ભારતીય સંદર્ભમાં નાસ્તિક એને જ કહેવાય છે કે જે આપણાં વેદશાસ્ત્રને નથી માનતો. જે પરમાત્માને માને છે કે નથી માનતો તેની સાથે આસ્તિક કે નાસ્તિક શબ્દ જોડાયેલ નથી. આસ્તિક એટલે વેદશાસ્ત્રને સ્વીકારનાર અને નાસ્તિક એટલે વેદશાસ્ત્રને ન સ્વીકારનાર.

ધર્મ એ તમારી જરૂરિયાત છે. ઘણી વખત એવું થાય છે કે કોઈક રોગ શરીરને થાય અને ડૉક્ટરને ન સમજાય એનો મતલબ એવો તો નથી જ કે રોગનું

અસ્તિત્વ નથી. આવી જ રીતે ઈશ્વર નથી એમ ઘણાં માનતા હોય છે કારણ કે તેઓ ઈશ્વર સમજાતા નથી, તેથી કહી દે કે અસ્તિત્વ નથી. અરે તમારા માનવા ન માનવાથી શું ઈશ્વરનું અસ્તિત્વ મટી જવાનું છે ? ના એવું નથી, આ તર્કશાસ્ત્રની વાત નથી, આ બધી બૌદ્ધિકપણાની વાત નથી, તમને કંઈ સમજાઈ નથી રહ્યું એનો મતલબ એવો નથી કે તેનું અસ્તિત્વ નથી. છેલ્લે પાછી બધી વાત સમજમાં આવી જ જતી હોય છે. શ્રી શંકરાચાર્ય આ બાબતમાં બહું સ્પષ્ટ વાત કહે છે

भज गोविंदम् भज गोविंदम्
भज गोविंदम् मूढ मते !

માયાવાદના સહારાથી બૌદ્ધ દર્શન સામે એમને ઝઝૂમવું હતું એટલે માયાવાદ ઉભો તો કર્યો પણ છેવટે હૃદયમાં શુદ્ધ ભારતનો પોકાર તો આવી ગયો કેમ કે એ અવતાર હતા એટલે છેલ્લે કહી રહ્યા છે કે ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્.....

અરે જગત સાચું કે માયા સાચી એ બધી ચર્ચા છોડ અને ભજ ગોવિંદમ્.. ભજ ગોવિંદમ્... ગોવિંદ સિવાય કાંઈ છે જ નહિ. અંતિમ ક્ષણ આવે ત્યારે બધાને પરમાત્મા જ યાદ આવે છે. એટલે જ્યારે ફાઈનલ મોમેન્ટ આવે ત્યારે પરમાત્મા બધાને યાદ આવે જ છે. પણ **સબકુછ લુટા કે હોશમેં આયે તો ક્યા હુઆ !** તે વખતે કદાચ એમ સમજાય કે પરમાત્મા છે કે નહિ તેનાથી શું મીનીંગ- શું અર્થ થયો ? તેથી સમજવાનો પ્રયાસ કરો. સવાલ એ નથી કે બુદ્ધિ કોની વધારે છે, પણ હકીકત એ છે કે આપણા બધાની બુદ્ધિ ખંડશ : છે. તેથી અખંડ બુદ્ધિના જે સ્વામી છે તે આચાર્ય સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની વાણી છે તેનો વિચાર કરો. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'शब्द एव प्रमाणम्' પ્રમાણ બીજું કાંઈ નથી. બીજી દરેક વસ્તુમાં મનુષ્યના સ્વભાવની ઉણપ, વ્યક્તિત્વની ઉણપ રહેલી છે, તેમાં કમી રહેલી છે, તેમાં અપૂર્ણતા રહેલી છે. પૂર્ણતા તો માત્ર વેદશાસ્ત્રના શબ્દોમાં છે અને તેથી શ્રીમહાપ્રભુજીએ ઉદ્ઘોષ કર્યો.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि।
समाधिभाषाव्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ।।

'' શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ આ આજ્ઞા કરેલી છે.''

પ્રારંભ અવસ્થામાં શ્રીમહાપ્રભુજીએ આ રીતે આપણને મુખ્ય ચાર પ્રમાણ રૂપી પાયાના થાંભલા આપ્યા કે જેની ઉપર ભારતીય શાસ્ત્રોના ભવનનું નિર્માણ થયું છે તે સંપૂર્ણ પ્રમાણરૂપ છે.

બીજા કશામાં પૂર્ણતા નથી, સિવાય કે શ્રીમહાપ્રભુજીની વાણીમાં અને વેદશાસ્ત્રોમાં એટલે શ્રીમહાપ્રભુજીએ ઉદ્દઘોષ કર્યો છે. શ્રીકૃષ્ણ વાક્યાનિ... ચતુષ્ટયમ્।।

શ્રીમહાપ્રભુજીની વાણીનો પ્રત્યેક અક્ષર શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ જ સમજવો પડશે.

એ પ્રારંભિક અવસ્થામાં મુખ્ય ચાર સ્તંભ આપણને પ્રમાણ ચતુષ્ટયના આપ્યા અને એના ઉપર ભારતીય શાસ્ત્રના ભવનની રચના થઈ. તમારી કે મારી બુદ્ધિના આધારે સત્યનો નિર્ણય થતો નથી, તે તો ફક્ત શ્રીમહાપ્રભુજીના વચનોના આધારે જ થાય છે. તમારુ કે મારું જે તાર્કિકપણુ જેમાં પ્રવેશ છે, યુક્તિ જેને કહીએ છે-તાર્કિકપણું, એ તાર્કિકપણું પણ આપણને તેમાં કાઈ પણ સહાય આપતું નથી. એક ડૉક્ટરને જો ઈન્જેક્શન મૂકવું હોય ને તો તે આદિવાસી માટે પણ એજ નિયમ લગાડે જે નિયમથી રાષ્ટ્રપતિને ઈન્જેક્શન મૂકવાનું હોય. કોઈ પણ ડૉક્ટરને જઈને પૂછી આવો કે શું એમાં તે બંને માટે કોઈ પણ નિયમનો ફેર આવશે ખરો ? એક આદિવાસીના શરીરમાં પણ સોંય નાખતી વખતે તેજ હાઈજીનના નિયમ લાગુ પડે, જે નિયમ રાષ્ટ્રપતિને સોંય નાખતી વખતે લાગુ પડે. કારણકે મેડીકલ સાયન્સનાં Certain Rules હોય છે. દવાના Content અથવા Compound ના Application માં ફરક પડી શકે છે. ડૉક્ટર પોતાની બુદ્ધિ અને અનુભવના આધારે ફરક કરી શકે છે. તે કરવાથી જ ઓછાવત્તા પ્રમાણથી યોગ્ય પરિણામ મળે છે. પરંતુ તેનાથી તે હાઈજીનના નિયમોમાં ફરક પડતો નથી. એટલે મારી વાત સમજવાનો પ્રયાસ કરો કે શ્રીમહાપ્રભુજીની જે વાણી છે તેમાં મારી કે તમારી તાર્કિકતાથી કે વિચારવાથી મૂળ ગુણવત્તામાં ફરક પાડી શકાતો નથી. તે ઘટતી વધતી નથી. એક જ નિયમથી એ વાણી તમારા અને મારા બધાના ઉપર લાગુ પડશે. ષોડષ ગ્રંથો હોય કે નિબંધ હોય, કોઈ પણ ગ્રંથ હોય, શ્રીમહાપ્રભુજીની વાણીનો પ્રત્યક્ષ અક્ષર જેટલો સત્ય તમારા માટે છે તેટલો જ અનિવાર્ય અને સત્ય મારા માટે છે. હું એ નિયમમાં અપવાદ નથી અને તમે પણ તેવા અપવાદોમાં નિયમ નથી બની શકતા. આપણે બંને નિયમની અંતર્ગત છીએ. આપણે બંને પક્ષોએ શ્રીમહાપ્રભુજીની વાણીનો પ્રત્યેક અક્ષર શ્રીમહાપ્રભુજીની દ્રષ્ટિએ જ સમજવો પડશે અને એ સમર્થ આચાર્યની વાણીથી આ સમજવું પડશે કે જે સમર્થ આચાર્યે આ વાણીનો અક્ષરે અક્ષર આપણને સ્પષ્ટ રીતે સમજાવ્યો છે. હું આ આચાર્ય એટલે આધુનિક આચાર્યની વાત નથી કરી રહ્યો પરંતુ હજી પ્રાચીન આચાર્યની

ચર્ચા કરી રહ્યો છું. શ્રીપુરુષોત્તમજી મહારાજ, શ્રીલાલુભટ્ટજી જેવા સમર્થ આચાર્ય થયા છે. જેમણે આ સંપ્રદાયની વાણીને મૂળાર્થ અધિકાર સહિત સમજાવી છે તેમના માધ્યમથી આ વાણી સમજવી પડશે એનો બીજો કાંઈ પર્યાય નથી. તે મારી કે તમારી રૂચિ, અભિરૂચી ઉપર કે મારા કે તમારા, સારા ખરાબ લાગવા ઉપર, આપણને ગમે છે કે નથી ગમતું તેના આધારે શ્રીમહાપ્રભુજીની વાણીનો નિર્ણય નહિ થઈ શકે. શ્રીમહાપ્રભુજીની વાણીનો નિર્ણય તે મારી કે તમારી બપોતી નથી. શ્રીમહાપ્રભુજીની વાણી તો શ્રીમહાપ્રભુજીની અલૌકિક કૃપાથી જ આપણને સમજમાં આવશે. તે વાણી ઉપર મારી કે તમારી અભિરૂચીનાં બંધન નથી ચાલતાં. મારે ત્યાં મારી સામાજિકતાના કારણે, હું મારી રીતે તેને ઢાળી લઉ કે Mould કરી દઉં અને બીજી જગાએ બીજા પોતાની રીતે અપનાવી લે તો તે રીતે તે નિયમ લાગુ પડતા નથી. આગળ આપેલા Injection નું ઉદાહરણ આપ્યું તે ફરી યાદ કરી લો. Injection લગાવવાના Medical laws જે હોય તે દરેક રીતે Applicable દરેક જગ્યાએ એક જ રીતે થાય. કોઈ પણ રીતે બદલાવ તેમાં ન આવે. તેથી એક વાત સમજી લેજો કે આપણે બધાજ પુષ્ટિમાર્ગીયને માટે શ્રીમહાપ્રભુજીની વાણી જ એક માત્ર પ્રમાણ છે તેમાં બીજાં કોઈ પણ પ્રમાણ ઉપસ્થિત નહીં થાય અને કોઈ પણ મુદ્દો હોય. તે તમામની ચર્ચા માત્ર શ્રીમહાપ્રભુજીની વાણીના આધારે જ થશે. તેથી આપણે ત્યાં દરેક ગ્રંથોમાં સામાન્ય રીતે સૌથી પહેલાં પ્રમાણ વ્યવસ્થા શરૂઆતમાં કહેવામાં આવે છે. જેમકે મેં તમને ઉદાહરણ આપ્યું કે શાકભાજીની લારી આપણા ઘરે જરૂર આવે છે પણ તેમાં ચકાસણી કર્યા બાદ જ શાક લેવાય છે. તે જ રીતે દેવકીનન્દન રૂપી લારી તમારે ત્યાં આવી હોય ત્યારે વાત તો તમારે પ્રમાણિક વાતો જ લેવી છે તે તમારે સમજી લેવાનું. આ તમારા ઘરના દ્વારે આવીને વાત થઈ રહી છે તેનો મતલબ એવો નથી કે જે કાંઈ અંડબંડ છે તે બધું ચલાવી લેવું. વાત પ્રમાણિક કરવી, તેથી પ્રમાણ શું છે તે પ્રમાણને તમે આજે સમજી લો. આજે તેનો મતલબ ખોવાઈ ચૂકયો છે તે પણ અર્ધનગ્ન સત્ય છે. જે બુદ્ધિજીવી વર્ગ છે તેમને હું વાત કહું કે તમે જ્યારે છાપું વાંચો છો તે યોગ્ય રીતે વાંચતા હોવ તો તેમાં ઈતિહાસ અને કંઈક માનવ જગતની ઘણી બધી વાત આવે છે. તમને કદાચ તેમાંની ઘણી વાત ખબર હશે કે નહીં પણ હોય. તમને ખબર હોવા કે ના હોવાથી તેનું અસ્તિત્વ મટી જતું નથી. તમે કે હું કશું સ્વીકારતા ન હોઈએ તો પણ તેનાથી કોઈ અસ્તિત્વ મટી જતું નથી. તેથી વેદશાસ્ત્રનો આજે આપણને જીવનક્રમ ન મળતો હોય તેનો મતલબ એવો નથી થઈ જતો કે વેદશાસ્ત્ર આપણી વચ્ચેથી ગાયબ થઈ ગયા કે વેદશાસ્ત્ર સત્ય નથી.

પુષ્ટિમાર્ગીયને માટે
તે જ સત્ય છે કે જે
શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે
અને ભારતની સંસ્કૃતિ માટે
એ જ સત્ય છે કે જે
આપણા વેદ બતાવી રહ્યા છે.

વેદશાસ્ત્રને આધારિત જીવનક્રમ

તમારા સમાજની ઘણા બધી વ્યક્તિઓ જ્યારે વિદેશથી ભણીને આવે છે અને સુટબુટ પહેરીને પોતાની પેઢીનું જ્યારે ઉદ્દઘાટન કરે છે ત્યારે દરેક દરવાજાની આજુબાજુ શુભ-લાભ લખાયેલું જોવા માટે છે. એ આ લાભ-શુભ ક્યાંથી આવ્યું ? નારિયેળ વધેર્યું તો તે ક્યાંથી આવ્યું ? એવા બધા રીતરિવાજનાં મૂળ જરાક તપાસી લો. વિકૃતમાં વિકૃત થઈને પણ આ બધી જ પરંપરાની વ્યવસ્થા વેદશાસ્ત્ર સાથે જોડાયેલી જ છે. અત્યારની આપણી લગ્નવિધિ જે ગોર મહારાજ કરાવે છે તેનું પણ નિરિક્ષણ આપણે બધાએ કર્યુંજ છે. બૂટ ચંપલ પહેરેલા વર વધુની પાસે જ હવનકુંડ, ગણપતિ સ્થાપના હોય છે એમાં ખરું ખોટું તમે જાણો પણ આ બધું વેદ અને આપણા પૌરાણિક શાસ્ત્રો સાથે જોડાયેલ તો છે, છે ને છેજ. આજે આવા સંજોગોમાં પણ મૂહુર્ત દેખાડવામાં આવે છે. ચોઘડીયાં જોવાની બાબત છે. અરે જ્યોતિષ વિદ્યાનું તંત્ર તો હમણાં હમણાં બહુ જ જીવંત થઈ ગયું છે. જ્યોતિષએ વેદશાસ્ત્રનું અંગ છે. બીજી બાજુ આપણને આસ્થા કે નિષ્ઠા હોય કે ન હોય પણ એટલું તો જોવડાવી જ લઈએ છે કે બે ચાર મહિનામાં ક્યારેક તો સારો સમય આવવાનો જ છે. આ બીજી બધી જગ્યા એ ભલે બધું ડાઉન રહે પણ મારું મકાન તો સારા ભાવે વેચાય. આ બધા ક્ષેત્રોમાં જોઈ લો. આ શુભ અશુભના તમારા જે વિચાર છે તે તમારા લોહીમાં રહેલા છે. તમારા વિજ્ઞાનની ભાષામાં કહું તો એ તમારા જીન્સમાં વણાયેલા છે. તમારા Chromosomesમાં નોંધાઈ ગયા છે એને તેમ કેવી રીતે કાઢી નાખી શકશો ? તેથી સમજવાનો પ્રયાસ કરો કે વેદશાસ્ત્રનાં મૂળ હજી પણ જીવંત છે.

અભ્યાસ છૂટી ગયો છે.

પોંડિચેરીવાળા શ્રીઅરવિંદ બહુ મજાની વાત તેમના Human Cycles and other Essaysના પુસ્તકમાં સમજાવે છે ''કે એ આવશ્યક નથી કે-અનિવાર્ય નથી કે-આજનો આધુનિક માનવ પ્રાચીન સત્યને સમજી શકે.''

તમે ૧૦૦/૧૫૦ વર્ષ જૂની ગુજરાતી પત્ર પત્રિકા જોઈ હશે કે વાંચી હશે ! વાંચતાં તમે નોંધ્યું હશે કે તે વખતની ગુજરાતી ભાષા અને આજની ગુજરાતી ભાષામાં બહુ મોટો દેખીતો તફાવત છે. ૧૦૦ વર્ષ જૂની અંગ્રેજી અને આજની

અંગ્રેજી વચ્ચે પણ બહુ મોટો તફાવત જોવા મળે છે. એ વખતની જે અભિવ્યક્તિ હતી તે આજે બદલાઈ ગઈ છે. સમય અને આપણા દેશકાળના આ પ્રવાહના કારણે ભાષા બદલાઈ ગઈ છે. ભાષાશાસ્ત્રી આ વાતને બહુ સારી રીતે સમજાવી શકે છે કે ભાષા જીવંત વસ્તુ છે. શબ્દનો પણ જન્મ થાય છે, એમનું શૈશવ હોય છે, એમની યુવાવસ્થા આવે છે, વૃદ્ધાવસ્થા આવે છે, મૃત્યુ પામે છે અને નવા ઠેકાણે નવો જન્મ પણ થાય છે એવી શબ્દોની કહાની છે. આ કહેવાનું તાત્પર્ય એ છે કે શબ્દોની અભિવ્યક્તિમાં ઘણો બધો ફેર આવે છે. શ્રીઅરવિંદ પૂછે છે ''શું જરૂરી છે કે તમે આધુનિક છો તમે આજે બુદ્ધિજીવી થયા છે, તેથી તમારાથી એ પ્રાચીન સત્ય સમજી જ શકાય'' તેમ આજનો માનવ માની રહ્યો છે. આજના આધુનિક બુદ્ધિજીવી માણસે શા માટે એમ માની લેવું જોઈએ કે બધી પ્રાચીન વાતો સમજાઈ જવી જ જોઈએ? અંગ્રેજોની સંસ્કૃતિ પ્રમાણે તો આપણા બધાના પૂર્વજ બંદરને જ કહ્યા છે. જેનું આજે આપણે બધા સમર્થન કરી રહ્યા છે. એ ધોળિયા અંગ્રેજો કરતાં તો આપણે બુદ્ધિમાન છીએ. પ્રાચીન વૈદિક અભિવ્યક્તિને સમજી શકાય એવું આજનો માનવ કેમ માને છે ? હું પણ એમ જ સમજાવવા માગું છું કે **''જરૂરી નથી કે એ બધું સમજી શકાય.''** કારણ ઘણાં બધાં સાધનો આપણાં-વિસ્મૃત થઈ ગયા, આપણે ભૂલી ગયા. આપણો અભ્યાસ છૂટી ગયો છે. એક નવો અખતરો કરી લો, એક Week માટે. ગેસના ચૂલા ને બંધ કરી દો અને લાકડાના ચૂલા ને ચાલવા દો. જુઓ શું થાય છે ? ત્રીજા દિવસથી તમને શરીરનાં બધા અંગોની તકલીફ શરૂ થઈ જાય છે કે નહિ ! આખા શરીરે માલીશ કરાવવી પડશે. આંખો બહુ બળી રહી છે-એવા ઘણા ઉપદ્રવો અનુભવાશે. શા માટે ? કેમ કે, અભ્યાસ છૂટી ગયો છે. કારણ બીજુ કાંઈ નથી. પણ આ એક સત્ય હકીકત આપણે બધા જાણીએ છે કે ચૂલા પર કરેલો રોટલો બહુ મીઠાશવાળો લાગે છે.

પ્રાચીન સત્ય અર્વાચીન સમાજ

હું આ બધા નવા નવા ઉદાહરણો આપી આપીને એજ સમજાવવા માંગુ છું કે શાસ્ત્રોને સમજવાનો આપણો અભ્યાસ છૂટી ગયો છે. આપણાં બુદ્ધિજીવી સમાજનો અભ્યાસ છૂટી ગયો છે. આજે જ્યારે એ અભ્યાસની વાત આવે છે ત્યારે મનમાં ઘણાં બધા સંશયો આવે છે, મન દુ:ખે છે. બુદ્ધિ એ બાબત સ્વીકારતી નથી. ચિત્તમાં વિકળતા થાય છે, અંત:કરણમાં એક અજંપો થઈ જાય છે કે આવું કેમ હોય? જે આપણી સામે નથી, આપણી પ્રત્યક્ષ નથી તેવા શાસ્ત્ર, વેદ કે

ભગવાનને માની શકાય ખરા ? પણ એ સમજાવું જરૂરી નથી, તમને સમજાય કે ન સમજાય તો પણ તર્ક કરવો છે તો તર્કની પૃષ્ઠભૂમિ પણ પહેલાં સમજી લો. તર્કશાસ્ત્ર હોય કે ન્યાયશાસ્ત્ર - પણ એના આધારને સમજવો જરૂરી છે. ભલે અત્યારના શિક્ષણના કારણે તમે થોડું અંગ્રેજી ભણી લીધું કે તથાકથિત B.A., M.A. થઈ ગયા. તેનાથી પ્રાચીનતા અંગેના કોઈ ફેંસલા કાંઈ બદલાઈ જતા નથી અને તેનાથી બુદ્ધિના સ્તરના પણ કાંઈ ફેંસલા થતા નથી એનાથી પણ નિશ્ચિંત થઈ જશો. આ બધાને અંતે તો કહેવા જે માંગુ છું કે ''એ જરૂરી નથી કે આપણે બુદ્ધિમાન છીએ એટલે શાસ્ત્ર સમજમાં આવવું જ જોઈએ કે શાસ્ત્રની ભાષા આપણી સમજમાં આવતી નથી એટલે શાસ્ત્ર સમજવા જેવું નથી.'' - આવા તર્કનો કોઈ જ મતલબ નથી. શાસ્ત્ર સમજમાં આવતું નથી એટલે મારી વિનંતી સમજો કે બુદ્ધિને આપણે ચકાસી લેવી જોઈએ. આપણી બુદ્ધિમાં નથી આવતું તેથી શાસ્ત્રને વગોવવું તેના કરતાં શાસ્ત્ર નથી સમજાતું તેથી આપણી બુદ્ધિ ચકાસવી તે વધારે યોગ્ય બાબત છે. એનો પહેલા પ્રયાસ કરીએ તે વધારે સારું છે. તેથી પ્રમાણ વ્યવસ્થાને સમજી લેજો કે **પુષ્ટિમાર્ગીયને માટે તે જ સત્ય છે કે** જે શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે અને ભારતની સંસ્કૃતિ માટે એ જ સત્ય છે કે જે આપણા વેદ બતાવી રહ્યા છે.

વેદ, ગીતા, શ્રીવ્યાસસૂત્ર અને શ્રીભાગવત

ગીતામાં અર્જુનના પ્રશ્નો ઘણાં છે પણ અર્જુનના પ્રશ્નો પ્રમાણ નથી. વેદ, ગીતા, શ્રીવ્યાસસૂત્રો તથા શ્રીભાગવત્-આ ચારના આધારે જ આપણું તંત્ર ચાલી રહ્યું છે તેના સિવાય કાંઈ નથી. આ ચાર ભારતીય શાસ્ત્રરૂપી ભવનના ચાર સ્તંભ છે, તેના આધારે જ આ સમસ્ત તંત્ર ચાલી રહ્યું છે તે સિવાય કાંઈ નથી. એમાંનો થોડો પરિચય લઈ લો. એમાં સાતથી આઠ મૂળ તત્ત્વો છે, નોંધી લો - સર્વ પ્રથમ તો પ્રમાણનો આખો જે સ્કોપ છે તેમાં ઘણાં Shades હોય છે તેમાં એ પ્રમાણની Range માં સૌથી પહેલી છે ''શ્રુતિ'' અકબર ઈલાહાબાદીનો એક સુંદર શેર છે-

“गरज़ ये कि इन्सान कुछ न कुछ करता रहे
अगर कुछ न हो तो बदनके कपडे फाड़ कर सिया करे”

મતલબ કે આપણને કાંઈને કાંઈ કરવાની, ટેવ પડશે ને એટલે કે કાંઈને કાંઈ વાંચતા રહીશું તો તેમાંથી કાંઈક ને કાંઈક તો યાદ રહેશે જ.

(૧) શ્રુતિ (વેદ કે નિગમ) પ્રકરણ :

વેદના જે વચન છે તેના પાંચ પેટા વિભાગ છે

(૧) **વિધિ** (૨) **નિષેધ** (૩) **મંત્ર** (૪) **નામધેય** (૫) **અર્થવાદ**.

વિધિ એટલે વિધાન એટલે કે આ કરી શકાય. **નિષેધ** એટલે કે આ ન કરી શકાય. જે વૈદિક કાર્યોમાં ઉચ્ચારાય છે તેવા શ્લોકોને **મંત્ર** કહેવાય. **નામધેય** એવાં વાક્યો છે જેના વડે આપણે જુદી જુદી વસ્તુઓને ઓળખીએ છીએ. આપણે અહીં બેઠા છીએ તે આપણાં બધાનાં જો નામ ગાયબ થઈ જાય તો આપણે એકબીજાને કેવી રીતે ઓળખીશું. મને ઓળખવો હોય તો કહેવું પડશે કે ધોતી ઉપરણો પહેરેલ ટાલીયો માણસ છે તે દેવકીનન્દન છે એવું કાંઈ કહેવું પડે, નહિતો ખબર ના પડે, ઓળખી ન શકાય. એટલે જે તે વસ્તુને ઓળખવા માટે જે વૈદિક વચન છે તેનું નામ છે **નામધેય**.

અર્થવાદ : કોઈ વસ્તુ આપણે ઘરમાં લાવીએ અને બે-ત્રણ જણાં જ્યારે વાત કરે કે આનું કાપડ ના ગમ્યું, એક કહે કાપડ સારું છે પણ કલર ના ગમ્યો. એવી બધી જે ગુણવત્તાની ચર્ચા થાય-કોઈપણ વસ્તુ સારી છે કે ખરાબ છે. આમ કોઈ વસ્તુ સારી છે તે જે બતાવે છે. તેવાં વેદ વાક્યો બોલાય છે તેનું નામ ‘અર્થવાદ’.

(૨) સ્મૃતિ પ્રકરણ :

ભારતવર્ષના પત્રકારો આજે જેને સૌથી વધારે ચગાવી રહ્યા છે તે ભાગ છે સ્મૃતિ પ્રકરણ. મનુ અને યાજ્ઞવલ્કય જેવા મહાન સ્મૃતિકારો-આજે સૌથી વધારે જેને પત્રકારો વગેરેએ ચર્ચાને પાત્ર બનાવ્યા છે કે હકીકતમાં તે મહાન સ્મૃતિકારોએ - જેઓએ આપણને આપણાં જીવનનું મહાન સંવિધાન આપ્યું છે. જેમ ૧૯૪૭માં ભારત આઝાદ થયો અને તમારું સંવિધાન ઘડાયું. પણ ૫૦ વર્ષમાં-આજે ૨૦૦૨માં, એમાં કેટલા બધા સુધારાઓ આવી ગયા અને હવે તો એવું લાગ્યા કરે છે કે આ સુધારાઓ પર જ બંધારણ જોવાશે. સ્મૃતિકારોએ જે મૌલિક સંવિધાન આપણને આપ્યું કે જે સંવિધાનમાં ખરેખર સાચી રીતે મનુષ્ય વિચારવા જાય તો આજ હજારો, લાખો વર્ષ પછી પણ એ સંવિધાનમાં એક પણ સુધારાની જરૂરિયાત પડી નથી. એ સંવિધાન આપનારા જે સ્મૃતિકારો છે એ બીજા પ્રમાણનું નામ છે ‘સ્મૃતિ પ્રકરણ.’

ચર્ચા એ ચાલી રહી છે કે ધર્મ શેના આધારે સમજાય છે. કોઈપણ બિમારીનું ડાયગ્નોસીસ મેડીકલ સાયન્સના આધારે સમજાય છે. કોઈપણ વાણિજ્ય શાખાની

મૂંઝવણ કોમર્સ અને ઈકોનોમિક્સ પરથી સમજાય છે. કોઈપણ સમાજના નિયમો સમાજશાસ્ત્રથી સમજાય છે, તેમ - ધર્મ શીખવા માટે આ શ્રુતિ અને સ્મૃતિ જેવા પ્રમાણને આધાર લેવો જ પડશે. એ પ્રમાણનો સ્વીકાર કરવો જ પડશે. તેના સિવાય બીજો કોઈ જ રસ્તો રહેતો નથી.

મેડીકલ સાયન્સ સિવાય સારવારનો બીજો કોઈ રસ્તો રહેતો નથી.-ઈચ્છીએ કે ન ઈચ્છીએ. આર્યુવેદનાં ઘણાં બધાં સારાં પરિણામ છે પણ તેની એપ્લીકેશન અત્યારે ખોવાયેલ છે તેથી છેવટે અત્યારે એલોપથી સિવાય રસ્તો મળતો નથી. તેથી ધર્મ શિખવા માટે પણ વેદ વગર છૂટકો નથી. શ્રૃતિ પ્રકરણ, સ્મૃતિ પ્રકરણ પછી ત્રીજું પ્રકરણ છે પુરાણપ્રકરણ.

(૩) પુરાણ પ્રકરણ :

પુરાણ એ અથાણાં નાંખવા માટેના થોથાઓ નથી પણ ભારતીય જીવન પદ્ધતિ, ભારતીય સંસ્કૃતિ, ધર્મ સમજવાના આ બધા જીવંત વિશ્વકોષ છે. પુરાણનો આધુનિક અનુવાદ કે નામ ઈતિહાસ છે તે પણ નોંધી રાખવા જેવી બાબત છે. ભારતનો જે ઈતિહાસ છે તેનું જ બીજું નામ છે ઈતિહાસ. ચોથું પ્રકરણ છે - પ્રમેય પ્રકરણ.

(૪) પ્રમેય :

જેને પ્રમાણથી (એટલેકે આધાર સહિત) આપણે જાણવાનો પ્રયત્ન કરીએ તેનું નામ છે પ્રમેય. એટલે કે -

પ્રમાણથી જેને જાણીએ છીએ તે પ્રમેય છે. પ્રમાણથી અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો વેદ, સ્મૃતિ અને પુરાણથી પરમ તત્વ પરમાત્માને જાણવાનો પ્રયત્ન કરીએ છીએ એટલે શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ-એ પ્રમાણ થયા અને પરમાત્મા એ પ્રમેય છે. ઈશ્વર એ પ્રમેય થયા, ભગવાન એ પ્રમેય થયા. સ્વભાવ અધિકાર ભેદથી જેને પ્રમેય કહેવા હોય તે કહો, હું કહીશ કૃષ્ણ એ પ્રમેય છે અને વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર અને ભાગવત એ પ્રમાણ છે.

(૫) સાધન અને ફળ :

પ્રમેય જ્યારે જાણી લેવાય ત્યારે સાધન અને ફળ આવી જ જાય છે.

આપણાં બાળકને જ્યારે વડોદરા કે મુંબઈ એડમિશન નથી મળી રહ્યું પણ નક્કી થઈ જાય કે મનીપાલ જવું જ છે તો કયા રૂટથી જઈશું અને કેવી રીતે જવાશે

તે શોધી જ લેવાય છે. તે જ સાધન અને ફળ. એકવાર પ્રમેયનું નક્કી થઈ જાય, એકવાર લક્ષ્ય નક્કી ન થઈ જાય ત્યાં સુધી સાધન અને ફળ વિચારી શકતા નથી. તેથી એકવાર મનીપાલનું નક્કી થઈ જાય પછી તમે રૂટ શોધવાના જ છો કે કેવી રીતે પહોંચશો અને કેવી રીતે ત્યાં પહોંચી જવું. એટલે આ સાધન અને ત્યાં પહોંચી ગયા તે ફળ. પ્રમેય જાણ્યા બાદનું પ્રકરણ છે સાધન અને ફળ.

સાધન અને ફળનો તમે નિર્ણય કરી લો ત્યારે સાધનનો નેચર તમારે જાણવો પડશે. તમે નક્કી કરો કે તમારે ટ્રેઈનથી જવું છે, તો ટ્રેઈન ક્યા સ્ટેશનથી ઉપડશે અને કયા પ્લેટફોર્મથી ઉપડશે, કેટલા વાગ્યે ઉપડશે, રીઝર્વેશનનું શું છે વિગેરે વિગેરે. જો તમારે પુષ્ટિમાર્ગ જાણવો છે તો તમારે પુષ્ટિમાર્ગ જાણવા માટેનો ભાગવત ધર્મ જાણવો પડશે. ભાગવત ધર્મ કહો કે પુષ્ટિમાર્ગ કહો એકજ વાત છે. પુષ્ટિમાર્ગનું બીજું નામ છે ભાગવત ધર્મ. એ છઠ્ઠું પ્રકરણ થયું.

પુષ્ટિમાર્ગ

તમારાં સાધન, તમારાં ફળ અને તમારું પ્રમેય જે તમે નિર્ધાર્યું છે તે બધાની શ્રેષ્ઠતા જાણવા માટે તમારે તુલનાત્મક રીતે બીજી બધી જ વ્યવસ્થા જાણી લેવી પડે- જેનું નામ છે નાના કર્મ અને નાના દેવતા. તો તમને સમજાય કે શ્રીકૃષ્ણ અને શ્રીહનુમંતલાલમાં શું ફેર છે અને શ્રીકૃષ્ણ અને શ્રીગણેશજીમાં શું ફેર છે અને અંબામાતાનું વ્રત શા માટે ન થાય અને એકાદશીનું વ્રત શા માટે કરવું-વિ. વિ. બીજા શબ્દોમાં જે તમારી શાશ્વત મૂંઝવણ છે અને જેના ઉપર આખું કુરુક્ષેત્ર ઉભું થઈ રહ્યું છે. ધર્મક્ષેત્રના નામ ઉપર. પત્ની મોટા ભાગે કહેતી હોય કે તમને શું ખબર પડે અમારા પુષ્ટિમાર્ગની. પતિ કે દીકરો કે દીકરી કહે કે ના હું તો શિવાલયમાં જઈશ અને પત્ની રોકે, ત્યાં આશ્રય-અન્યાશ્રયની ધમાચકડી ઉભી થાય છે. આ આશ્રય અને અન્યાશ્રયની બાબતમાં તમારી જે રસાકસી ચાલે છે તે માટે તમારે સમજી લેવું પડે કે નાના દેવતા એટલે જુદા જુદા દેવતાઓ અને જુદા જુદા કર્મ અને તેનાં જુદા જુદા ફળ.

એક મૂળભૂત બાબત એવી છે કે જ્યારે પાણી નાખવાનું હોય કે સિંચવાનું હોય ત્યારે વૃક્ષના પાન પર નાંખવાનું હોતું નથી પરંતુ તેના મૂળમાં નાંખવાનું હોય છે. મૂળમાં પાણી નાંખવામાં આવે તો તે દરેક પાનને સમૃદ્ધ કરે છે. આ રીતે જો આવી સાતેક મૂળભૂત બાબતોને સમજી લેશો તો દરેક બાબતો સમજાઈ જશે.

“किनारों से मुझे ए नाखुदा तुम दूर ही रखना,
वहाँ लेकर चलो तूफाँ जहाँ से उठने वाला है”

કવિ કહે છે નાવિકને - એ નાવિક, તું મને કિનારાથી તો દૂર જ રાખ, મને તો એવી જગ્યાએ લઈ ચાલ કે જ્યાં દરિયામાં તોફાનો ઉઠતાં હોય.

પ્રમાણ વ્યવસ્થા :

આ આખી પદ્ધતિ સમજવા માટે છે. જેને જે (પ્રમાણ) આધારથી સમજવા માંગીએ છે, એટલે કે જે આધાર વડે સમજવા માંગીએ છીએ તે આધાર તે પ્રમાણ છે. આધાર વડે જેને સમજવા માંગીએ છીએ તે પ્રમેય. પ્રમેય ને લક્ષ્ય બનાવીને જે પ્રાપ્ત કરવાનો, મેળવવાનો જેના વડે ટ્રાય કરીએ છીએ તે સાધન અને એને મેળવવું છે તે જ ફળ છે. આ પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ આ પ્રમાણેની આખી વ્યવસ્થા આપણે ત્યાં કરવામાં આવી છે.

જ્ઞાન વગર ભક્તિ બેકાર છે ?

ભક્તિ પ્રકરણની શરૂઆત કરતાં પહેલા એક બીજી વાત આધુનિકતાના આગ્રહીઓને સમજાવવી જરૂરી છે અને તે છે કે ‘જ્ઞાન વગર ભક્તિ બેકાર છે’ આવો જેઓને એક ખ્યાલ છે તેવા આધુનિક લોકોને એક ભલામણ છે કે કોઈ સુયોગ્ય જગ્યાએ જઈ વેદશાસ્ત્રના આધારે ‘જ્ઞાન’ શબ્દનો અર્થ જાણી લો અને ‘ભક્તિ’ શબ્દનો અર્થ પણ જાણી લો. એનાથી હું એમ માનું છું કે એમના બધા સંશયો મોટા ભાગે તો દૂર થઈ જશે.

એટલે જ્ઞાન અને ભક્તિને મિક્ષઅપ કરવાનો પ્રયાસ મહેરબાની કરીને ન કરો. તમે જે જ્ઞાન શબ્દ કહી રહ્યા છો તેને સુધારો - તે જ્ઞાન નથી પણ બોધ કહી રહ્યા છો બોધ અને જ્ઞાનમાં જમીન-આસમાનનું અંતર છે. આજે અત્યાર સુધી મારી પાસે તમે કંઈક બોધ પ્રાપ્ત કર્યો હશે કે કંઈક વસ્તુ જાણી હશે અને તે માહિતીના આધારે ઈન્ફોર્મેશન લેવલ સુધી બરોબર અને આ ઈન્ફોર્મેશન કે માહિતીના આધારે જે પણ જાણો છો તેનું નામ છે બોધ. બોધ અને જ્ઞાન વચ્ચે જમીન આસમાનનું અંતર છે. જ્ઞાનનો અર્થ છે કે **‘બ્રહ્મનો સાક્ષાત્કાર’** થઈ ગયો તેનું નામ છે ‘‘જ્ઞાન’’. આ નોંધવા જેવી બહુ જ અગત્યની બાબત છે. ‘જ્ઞાન’ શબ્દ માટે સાચો અંગ્રેજી શબ્દ Cognition છે, તે જ્ઞાન માટે knowledge શબ્દ

નથી. વેદશાસ્ત્રનો વિષય છે - આત્માનો ઉત્કર્ષ કરવો. આત્માના વિકાસની સાથે સાથે દેહ ઈન્દ્રિય, પ્રાણ અંત:કરણ અચૂક રીતે જોડાયેલો છે તેથી તેમનો પણ ઉત્કર્ષ થઈ જાય છે.

તમે ડૉક્ટર પાસે જઈને એમ કહો કે ફક્ત મારા ફેફસાંને મજબુત કરવાં છે કે, મારા શરીરના ફક્ત એકજ અંગને મજબૂત કરવું છે, તો તેવું કદાચ જ નહી પરંતુ ક્યારેય શક્ય ન બને. વન્ડર મેડીસીનના પ્રયોગથી પણ શરીરના એકાદ અંગને ફાયદો થતો નથી હોતો, સમગ્રતયા થતો હોય છે. પેથોલોજીસ્ટને પૂછી લેજો. તેથી આત્માના વિકાસની સાથે સાથે પ્રાણ, દેહ, ઈન્દ્રિય અને અંત:કરણ પણ તેવી જ રીતે વિકાસ પામે છે પણ માત્ર દેહ, પ્રાણ, ઈન્દ્રિયોનો વિકાસ કરશો તો આત્માનો વિકાસ નહીં થાય. અત્યારે જેની ખૂબ બોલબાલા છે તે યોગની બાબત પણ લઈ લો. આધુનિકતામાં લોકો તેને લાંબુ કરીને યોગા બોલતા થઈ ગયા છે તે અમને તકલીફદાયક છે. કોઈકનું નામ સુનીલ હોય તો તેને સુનીલા થોડું કહેવાય છે ? તો પછી ‘યોગા’ તો કેવી રીતે સ્વીકારાય ? પણ પછી થયું કે- બરોબર છે. યોગાથી શરીર સ્વસ્થ થાય, અને શરીર તો ભોગ માટે સ્વસ્થ હોવું જરૂરી છે. કારણ આજે આપણે બધા ભોગવાદી બની ગયા છીએ. યોગથી મન પણ સ્વસ્થ થાય. પરંતુ મનની સ્વસ્થતાની આપણને જરૂરિયાત નથી. એકલો યોગ એ આત્મવિશ્વાસ માટે અને યોગા એ દેહ વિકાસ કે ભોગ વિકાસ માટે જરૂરી બને છે. તેથી તે બંને નામ રાખો, એ બરાબર છે.

શ્રીમહાપ્રભુજીના વિદ્યાલયમાં તમારૂં એડમીશન ?

બાલ બોધમાં શ્રીમહાપ્રભુજી આજ સમસ્યાનો ઉકેલ આપી રહ્યા છે. સૌથી પહેલા એ વાત સ્પષ્ટ પણે જાણી લો કે શ્રીમહાપ્રભુજીના વિદ્યાલયમાં તમને એડમીશન મળી રહ્યું છેકે નહિ, એની સાથે એક નોંધ લઈ લેજો કે શ્રીમહાપ્રભુજીના આ વિદ્યાલયમાં મનોરથરૂપી લાંચ ચાલતી નથી અને લાડુ મોહનથાળનો શોખ શ્રીમહાપ્રભુજીને છે નહિ. એ બંને નોંધ લઈને સમજી લો કે આજે પુષ્ટિમાર્ગ જે રીતે વેચાઈ રહ્યો છે તેની ચર્ચા આપણે કરતા જ નથી.

બાલબોધ ગ્રંથના આપણે પ્રથમ બે શ્લોક જોઈ લઈએ

नत्वा हरि सदानन्दं, सर्वसिद्धांतसंग्रहम् ।
बालप्रबोधनार्थाय, वदामि सुविनिश्चितम् ।। (बालबोध)

''સર્વસિદ્ધાંત સંગ્રહમ્'' નો મતલબ શું થયો ? જે જુદા જુદા મતો ને ભેગા કરીને શ્રીમહાપ્રભુજી સર્વ સિદ્ધાંત સંગ્રહમ્ કરીને બતાવી રહ્યા છે. એક અખતરો આપણે કરીએ કે ચાર જુદા જુદા ફિઝીશીયન પાસે જઈએ, એકજ દર્દીને બતાવીએ તો પણ ચારેય જણાના ડાયગ્નોસિસમાં થોડો આમતેમ ફરક તો હશે અને જો તેઓમાં અન્યભાવ ન હોય તો! પણ એ રીતે જો ત્રણ સર્જનને બતાવશો તો ડાયગ્નોસીસ એક જ નીકળશે!

સ્વભાવ અધિકાર ભેદથી જુદા જુદા આચાર્યોના, જુદા જુદા ઋષિઓના જુદા જુદા મત છે. બધા મતને ભેગા કરીને શ્રીમહાપ્રભુજી બતાવી રહ્યા છે સર્વ સિદ્ધાંત સંગ્રહમ...... તેથી સિદ્ધાંત મુક્તાવલીની પંક્તિ અને બાલબોધની પંક્તિમાં કેટલો ભેદ છે એ તમે સમજો. અહીંયા શું આજ્ઞા કરી.....

नत्वा हरिं सदानन्दम्..... (बालबोध)
नत्वा हरिं प्रवक्ष्यामि,
स्वसिद्धांत विनिश्चयम्..... (सिद्धांत मुक्तावली)

બાલબોધમાં સર્વ સિદ્ધાંતનો સંગ્રહ છે અને સિદ્ધાંત મુક્તાવલીમાં સ્વસિદ્ધાંતનો વિનિશ્ચય છે. બાલબોધમાં શ્રીમહાપ્રભુજી પોતાની વાત કહેવા માંગતા નથી અને સિદ્ધાંત મુક્તાવલીમાં શ્રીમહાપ્રભુજી પોતાની વાત કહેવા માંગી રહ્યા છે. બાલબોધમાં એટલું બતાવી રહ્યા છે કે ભારતીય વેદ શાસ્ત્રનો તમામ સ્કોપ, એનાં તમામ જે ક્ષેત્ર છે કે તેનું જે તમામ ફ્રેમ વર્ક છે તે ફ્રેમ વર્ક હું તમને અહીંયા બાલબોધમાં સમજાવી રહ્યો છું. એવું શ્રી મહાપ્રભુજી બતાવી રહ્યા છે. ''સર્વસિદ્ધાંત સંગ્રહમ્'' આગળ આવે છે- ''બાલ પ્રબોધનાર્થાય.'' આ તો બરાબર જ છે કેમ કે આપણે બધા તેના બાળકો જ છીએ. આગળ જુઓ.

धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् -

ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર જેનાં નામ છે તે મનીષિઓએ બતાવ્યા. અખંડ બુદ્ધિના સ્વામી છે તેવા આ મનીષિઓ એ જે નક્કી કર્યા છે. ચાર મુદ્દાઓ- તે શ્રીમહાપ્રભુજી આપણને કહે છે. મનીષિઓએ નક્કી કરીને બતાવ્યું કે મનુષ્યની જેટલી કામનાઓ છે. મનુષ્ય કામના વગર રહી નથી શકતો. વાણીથી, મનથી અગર દેહથી ચેષ્ટા કર્યા વગર મનુષ્ય રહી શકતો નથી. તેથી તેની જેટલી ચેષ્ટાઓ, કામનાઓ છે તેના ચાર ભાગલા છે, ચાર વિભાગ છે. તેનું નામ છે ધર્મ, અર્થ,

કામ અને મોક્ષ. આ ધર્મ, અર્થ કામ અને મોક્ષ બે રીતે સમજાવવામાં આવ્યા છે. આગળ જુઓ.

जीवेश्वरविचारेण, द्विधा ते हि विचारिताः (बालबोध)

આ ચાર કામનાના જે ભાગલા છે, તે બે રીતે છે. એક જીવ વિચારથી અને બીજો ઈશ્વર વિચારથી (જે ઈશ્વર વિચારિત છે તે વેદમાં સ્થિત છે.)

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।। (बालबोध)

(સાધ્ય એટલે ફળ અને સાધન એટલે માર્ગ)

ઈશ્વર વિચારિત, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે એટલે અલૌકિક તે વેદમાં કહેલા છે.

સાધન એટલે કે માર્ગ સાથે સંબંધિત, એટલે કે ફળ સાથેના ઈશ્વરના વિચારેલ વિભાગ છે તે તો વેદમાં કહી દેવામાં આવ્યા જ છે.

लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया (बालबोध)

એટલે ઋષિઓએ જે પ્રકારે આ વિભાગ આપણા માટે કહ્યા છે તે અહીંયા હું કહી જ રહ્યો છું. બાલબોધમાં આગળ વિચારીશું ત્યારે ખબર પડશે કે શ્રીમહાપ્રભુજી ધર્મ, અર્થ અને કામ માટે ક્યાંય ભલામણ કરતા નથી. શ્રીમહાપ્રભુજી કહે છે કે જો તમને ધર્મ જાણવો હોય તો મીમાંસા (પૂર્વ)ને વાંચો. ભારતીય શાસ્ત્રના અર્થમાં જેને ધર્મ કહેવાય તે ધર્મ બતાવનાર શાસ્ત્રનું નામ છે પૂર્વ મિમાંસા અને જ્યાં બ્રહ્મ કહેવામાં આવ્યો છે તેનું નામ ઉત્તર મિમાંસા. શ્રીમહાપ્રભુજી આપણને કહે છે કે ધર્મ બે પ્રકારના છે-દેહધર્મ એટલે કે વર્ણાશ્રમ ધર્મ અને બીજો આત્મધર્મ. જો અર્થ જાણવો હોય તો કૌટિલ્ય જેવા ઋષિ પાસે જાવ. કામ જાણવો હોય તો વાત્સાયન જેવા ઋષિઓ પાસે જાવ. ધર્મ, અર્થ કે કામની બાબતમાં જો આપણી જિજ્ઞાસા હોય તો શ્રીમહાપ્રભુજી આપણને કહે છે કે મારી પાસે આવવાની જરૂરિયાત નથી. વર્ણાશ્રમ માટે કે અર્થ જાણવા માટે કે કામ જાણવા માટે જેમની ઈચ્છા કે લક્ષ્ય હોય તો શ્રીમહાપ્રભુજી કહે છે કે મારી પાસે ન આવો. હવે રહ્યું શું ? ચોથો વિષય ''મોક્ષ''. શ્રીમહાપ્રભુજી કહે છે મોક્ષ જાણવો છે તો મારી પાસે આવો એમાં પણ કયા પ્રકારના મોક્ષની વાત શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે. તે આગળના ભાગમાં જોઈશું.

જે સુખ શાશ્વત છે,
જે સુખ નિત્ય છે-
તેની વાત શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે,
અને જે સુખ શાશ્વત છે-
તેનું જ બીજું નામ છે મોક્ષ
અને એ મોક્ષનો પરિચય આપનાર
શાસ્ત્રનું જ નામ છે-
વેદ, સ્મૃતિ, પુરાણ-
આ ત્રણેય પ્રમાણથી
વાત જાણવી છે. તો
શાશ્વત સુખ જેનું નામ છે તે
મોક્ષની વાત જાણવી છે
બીજી કશીય જાણવી નથી.

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

શ્રીમહાપ્રભુજીનું દર્શન : બ્રહ્મવાદ

શ્રીમહાપ્રભુજીના દર્શનના વૈચારિક સ્વરૂપનું નામ છે '**બ્રહ્મવાદ**' -જે આપણામાંથી બહુ ઓછા હાલમાં જાણે છે. શ્રીમહાપ્રભુજીના વૈચારિક સ્વરૂપ-વિચારનું સ્વરૂપ છે તેનું નામ પણ આપણે જાણતા નથી. આ સાત મુદ્દાઓ જે આગળ જણાવ્યા તે સાત મુદ્દાઓની પૃષ્ઠભૂમિને એકવાર ફરીથી તપાસી લઈએ તો આગળની સમજણમાં ઘણી બધી સહાય મળી જશે.

યુગનો સ્વભાવ

આપણા આ પ્રયાસથી આપણે એટલું તો ચોક્કસ જાણી શકીશું કે કઈ વસ્તુને પુષ્ટિમાર્ગ કહેવાય અને કઈ વસ્તુને પુષ્ટિમાર્ગ ન કહેવાય. પ્રમાણની ચર્ચા કાલે ચાલતી હતી. યુગધર્મનો પણ સ્વભાવ હોય છે. જેમ મનુષ્યનો સ્વભાવ છે તેમ યુગધર્મનો સ્વભાવ હોય છે પણ આપણા દરેકના સ્વભાવમાં કંઈક વિલક્ષણતા છે. વ્યક્તિદીઠ સ્વભાવભેદ છે. તેવી જ રીતે સમયના સ્વભાવમાં પણ કંઈક ફેર છે. તમે સામાન્ય રીતે ત્રણ ૠતુઓ તો જાણો છો. વર્ષા, ગ્રીષ્મ અને શિત. જે પ્રમાણે ૠતુઓનો સ્વભાવ હોય છે તે પ્રમાણે યુગનો સ્વભાવ હોય છે. તેથી જે તે આ યુગના નામ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ કહેવામાં આવ્યા છે. આમાં કોનો દોષ છે અને કોનો નથી ? તે બધી લાંબી ચર્ચાનો વિષય છે પરંતુ આજે આપણું દુર્ભાગ્ય એ રહ્યું છે કે ઈતિહાસથી આપણે અલિપ્ત થતા ગયા, જુદા થતા ગયા છીએ.

ધર્મ, સંસ્કૃતિ કે જીવન

ઈઝરાયેલ એક બહુ જ નાનકડો દેશ છે. આરબ દેશોથી ઘેરાયેલો દેશ છે. હું તેનો બહુ મોટો ચાહક છું. તેની રાજનૈતિક પરિસ્થિતિની વાત આપણે નથી કરી રહ્યા. એ લોકોનો અદમ્ય ઉત્સાહ છે, અદમ્ય સાહસ છે. તે તેમનો Indominent Spirit છે. જેને ડોમીનેટ નથી કરી શકાતી. તે અદમ્ય ઉત્સાહનો પરિચય છે. ભારતવર્ષમાં તો આજે પણ સંસ્કૃત ઘણાં બધા ઘરોમાં જીવંત ધબકારા લે છે. હજી પણ અમારા ઘણાં બધા ઘરોમાં સંસ્કૃત માતૃભાષાના રૂપમાં બોલાય છે. સંસ્કૃત ભાષા સાથે વણાયેલી જે સંસ્કૃતિ છે તે હજી ભારતભરમાં ઘણે ઠેકાણે જીવંત છે.

આપણો સમાજ તેને હવે સ્વીકારતો નથી તે પણ એક સત્ય બાબત છે. યહુદીઓની સંસ્કૃતિ તો વાસ્તિવિકતામાં મરી ગયેલી જ હતી અને એ લોકોને પણ જે અવસર મળ્યો તે પણ આપણી આઝાદીના સમયગાળાની આસપાસનો જ મળ્યો અને ૫૦ વર્ષના આ પાંચ દાયકામાં એમણે જે આશ્ચર્યજનક કાર્યો કર્યા છે તેની તમે થોડીક ઝલક મેળવો તો આપણને કમસેકમ આત્મદર્શન થાય, કે આપણે ક્યાં છીએ. આપણે શું ગુમાવી દીધું છે. એની કાંઈક સમજ આપણને આવે.

આ પાંચ દાયકામાં તેઓએ પોતાની મૃત ભાષાને, એ હિબ્રુભાષાને બાલમંદિરના સ્તરેથી દાખલ કરી અને આજે દેશના સંપૂર્ણ વ્યવહારમાં તે જ ભાષા ચાલી રહી છે. પોતાનો ધર્મ કહો કે સંસ્કૃતિ કે જીવન પદ્ધતિ આ બધા તો એક જ શબ્દના પર્યાયવાચી નામ છે. પણ તે લોકોએ એટલા બધા ફેરફાર કરી દીધા છે તેની નોંધ લીધા વગર ચાલે તેમ નથી.

દુર્ભાગ્યવશ આપણે બિલકુલ વિપરીત કરતા રહ્યા છે અને તેથી જ્યારે આજે વેદનું નામ આવે છે તો આજે આપણે તેનો અર્થ સમજી શકતા નથી. અર્થ નથી સમજી શકતા ત્યાં સુધી તો જે કાંઈ છે તે જ. પરંતુ તેનું પ્રામાણ્ય સ્વીકારવાની વાતમાં પણ આપણને બુદ્ધિજીવી હોવાને કારણે એવો અંદરથી એક અહમ્ આપે છે કે વેદને શા માટે સ્વીકારવો ? એટલે વેદ, સંસ્કૃતિ, પુરાણ કે જેમાં ખરેખર ભારતવર્ષનો ઈતિહાસ સમાયેલો છે, જેમાં ભારતવર્ષની જીવનપદ્ધતિ ભરાયેલી છે એ બધી આપણે આજ રીતે વિસ્મૃત કરી બેસીશું.

આપણા ઈતિહાસના જીવંત પ્રમાણ :

તેથી આજે વેદ, સ્મૃતિ, પુરાણ જેવા શબ્દો આપણી સામે આવે છે તો આપણને એવી નવાઈ લાગે છે કે આ શું છે ? અને આ બધાને આજના તથાકથિત બુદ્ધિજીવીઓ આજે આ બધા જ શબ્દ - પ્રમાણને Mythology કે દંતકથા કહેવા લાગ્યા છે તેઓ બધા. જે ભાષાને માધ્યમ બનાવી ને પોતાને વિદ્વાન કહેવડાવે છે તે અંગ્રેજી ભાષાને માટે એક નમ્ર સુઝાવ છે કે Oxford ની Dictionary જોઈ લેવી તેમાં Mythology નો અર્થ થાય છે. પૌરાણિક કથાઓ, પુરાણગ્રંથો, પુરાણશાસ્ત્ર એટલે એ કપોળ કલ્પના કે દંતકથાઓ નથી પણ આપણા પ્રમાણિક ઈતિહાસના જીવંત પ્રમાણો છે અને આજે એજ ચર્ચા ચાલી રહી છે. પ્રમાણ એ વેદ વચનોમાં રહેલ છે. પ્રમાણ એ શ્રુતિના વચનોમાં રહેલ છે. પ્રમાણ એ પુરાણોમાં

રહેલું છે. આ ત્રણેય પાસા હમણાંજ સમજાવીશ. એના પહેલા થોડી બીજી સમજણ પણ મૂકી દઈએ જે ચર્ચા એટલે કે ગયા પ્રકરણમાં મોક્ષનો મુદ્દો આપણો મૂકેલ છે તેની સાથે જોડાઈને આગળ વધી શકે. આપણે એ વાત સમજી લઈએ.

મનુષ્યનાં ત્રણ elements ''પ્રવૃત્તિ, કામના અને સ્વભાવ''

પ્રથમ ચેષ્ટા તંત્ર અથવા પ્રવૃત્તિ (વિભાગ) :

આપે, હવે ત્રણ વસ્તુનો વિચાર કરજો. મનુષ્યનાં ત્રણ Elements તમને બતાવવામાં આવી રહ્યા છે. ગીતાના એક પ્રમાણથી ગયા પ્રકરણમાં એક બાબત બતાવવામાં આવી છે કે ''અર્જુન ! તું ગમે તે કર પણ કર્મ વગર રહી શકતો નથી. ભગવાન કહે છે કે અર્જુન તું એવું માને છે કે કોઈ દિવસ તું નિવૃત્ત થઈ જઈશ ! એવી તને કોઈ ભ્રમણા હોય તો તું તે ભૂલી જજે. એ ભ્રમણાને કાઢી નાખ.'' મનુષ્યના મન વાણી અને દેહની ચેષ્ટા પૈકી કદાચ દેહની ચેષ્ટાને થોડા સમય માટે યોગના પ્રસિદ્ધ શવાસનમાં સંયમિત કરી શકો, બહુ પ્રયત્ન કરવા છતાં કદાચ એવી કોઈ Moment possible થાય. કોઈક વખત આપણે વાણીથી સંયમ કરી શકીએ, કોઈ વખત દેહથી સંયમ કરી શકીએ. ક્ષર્ણાધ કોઈ મહાપુરુષાર્થ કરીને મન ને કંઈક બે ચાર સેકન્ડ કે એક બે સેકન્ડ માટે કદાચ સુષુપ્તામાં લાવી શકીએ તે બહુ મોટો પ્રયાસ છે એવું કાંઈ બને, પણ છતાંય આ ત્રણેમાંથી મન, વાણી અને દેહમાંથી કાંઈક તો ચેષ્ટામાં રહે જ છે. એટલે જ ભગવાન કહે છે કે એવી ભ્રમણા કાઢી જ નાખ. એટલે કે ચેષ્ટા રહિત કોઈ વ્યક્તિ રહી શકતી નથી. તેથી માનવ માત્રની ચેષ્ટાનું તંત્ર છે મન વાણી અને દેહ. મનથી મારો મતલબ મન, ચિત, બુદ્ધિ, અહં-સંપૂર્ણ અંત:કરણ છે એટલે મનુષ્ય માત્રની ચેષ્ટાની જે પ્રવૃત્તિ છે, તે પ્રવૃત્તિના વિભાગને આપણે ત્યાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ કહેવામાં આવેલ છે. પ્રમાણ - જાણવાના માટેનો જે આધાર, એ આધાર થકી જેને જાણીએ છીએ એ પ્રમેય, જાણીને જે લક્ષ નિર્ધાર કરીને તે લક્ષ સુધી પહોંચવાનો જે પ્રયાસ કરીએ છીએ તે જ સાધન અને જે મેળવીએ છીએ તે ફળ. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ વિશે અગાઉ વિશેષ ચર્ચા કરી જ છે. નાનામાં નાની કોઈ પણ વસ્તુ લઈ લો, સવારે ઉઠીને આખા દિવસના મોટામાં મોટા પ્રોજેક્ટ, કોઈ વિશાળકાય પ્રવૃત્તિઓ પણ જોઈ લો, જવાબદારી સ્વીકારી હોય ત્યાં સુધીના તંત્રને વિચારી લેજો. તમારી તમામ પ્રવૃત્તિઓ આ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળમાં આવી જશે. શાકભાજી લેવાથી તમારી રસોઈ બનાવવા સુધીની અને જીવનને પણ

કાંઈ પ્રવૃત્તિ તંત્ર છે તમારું તે ચેષ્ટા તંત્ર અંત તો ગત્વા, કોઈ ને કોઈ રીતે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળમાં સમાવેશ થશે તેમાં વહેંચી શકીએ છીએ. પ્રમાણનો મતલબ અહીંયા વેદ કે શાસ્ત્રમાંના પ્રમાણની વાત નથી, પણ ચકાસવું એટલે, પરખવું એટલે પ્રમાણ એમ કહેવા માંગુ છું. કોઈપણ વસ્તુની પરખ કરવી, કોઈપણ વસ્તુની ચકાસણી કરવી, કોઈપણ વસ્તુનો આધાર શોધવો, ત્યાંથી બહુ જ સૂક્ષ્મતાથી જોશો તો ચોક્કસ ખ્યાલ આવશે જ. મનુષ્યનું ચેષ્ટા તંત્ર એ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળને આધારિત જ છે.

મનુષ્ય માત્રનું આ ચેષ્ટા તંત્ર એટલે જ પ્રવૃત્તિ વિભાગ. એટલે મનુષ્યની પ્રવૃત્તિ એ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળના આધારે જ શક્ય બને છે. પ્રવૃત્તિ માટે આ ચાર સિવાય બીજો પાંચમો કોઈ પણ વિકલ્પ વિચારવા યોગ્ય હોતો નથી.

ઈચ્છા કે કામના વિભાગ

આવી જ રીતે મનુષ્યની જે ઈચ્છા, કામના અને કામનાને અનુરૂપ જે પણ કાંઈ ચેષ્ટા છે તેનો એક વિભાગ છે તેનું ઈચ્છા તંત્ર નામ અને તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના નામથી ઓળખાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સર્વત્ર વ્યાપક છે. તમારી કોઈપણ કામનાઓ, માટે ગમે તે અસંખ્ય કામનાઓ હોય તેના માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષથી આગળ પાંચમો વિકલ્પ સ્વીકારી શકાય તેમ નથી, આવશ્યક પણ નથી. જે મનુષ્ય રસ્તામાં કેળાની છાલ જુએ અને તેને રસ્તાની બાજુમાં મૂકી દે તેમાં પણ માનવહિતની ભાવના રહેલી હોય છે. આવી નાનામાં નાની ચેષ્ટા પણ ધર્મના વિભાજનમાં આવી જાય છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ બહુજ વ્યાપક સંજ્ઞાઓ છે. મનુષ્યની કામનાઓનાં જ નામ છે. જેમ આપણાં નામ આપણી ઓળખ આપે છે તેવી જ રીતે આ સંજ્ઞાઓ પણ મનુષ્યની કામનાઓની ઓળખાણ આપે છે અને તેની વહેંચણી ચાર વિભાગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વિભાગમાં વેદશાસ્ત્રોએ કરી છે અને આવી કામનાઓ દરેક મનુષ્યના લૌકિક કે અલૌકિક-તમામ-વ્યવહારોમાં જરૂરથી જોવા મળશે સર્વત્ર વ્યાપક રીતે જોવા મળશે. આ એક અનુભૂતિ આપણામાંથી ઘણા બધા એ અનુભવી હશે કે ક્યારેક અચાનક એવું થઈ આવે કે મન એકદમ ઉદાસ થઈ જાય. ઉદાસીનતાનો મતલબ વેદના કે દુ:ખ સાથે નથી લેવાનો, પણ આમ જ ઉદાસ થઈ જવાય - શૂન્યતા અનુભવાય. ઓફિસે જવાનું મન ન થાય, ગયા હો તો તરત પાછા ફરવાનું મન થાય કે ચાલ ક્યાંક

જઈને શાંતિથી બેસું. ઘરે આવી ને એમ મન થાય કે ચાલ થોડીવાર T.V. જોઈ લઉં, પણ ફરી પાછું મન ના પાડે કે નથી જોવું. એવી રીતે બીજાં ઘણાં કામ કરવાની હા-ના મનમાં ચાલ્યા જ કરે અને એમ થાય કશું કર્યા વગર શાંતિથી થોડીવાર ક્યાંક બેસું. આ જે વૃત્તિ કે અનુભૂતિ થાય છે તેની પાછળ મોક્ષની કામના જ કદાચ કામ કરે છે અને લૌકિકમાં પણ અનુભવાઈ રહી છે. માનવને પોતાની ચેતનાની અનુભૂતિ થોડીક પણ થાય છે, તે આવી અનુભૂતિથી બાકાત હોય તેવું ભાગ્યે જ બનતું હોય છે. જીવનના કોઈ પણ અવસરે, કોઈ પણ ક્ષણે આવો અનુભવ દરેકે કર્યો જ હશે. તેથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ મનુષ્યની ચેષ્ટા કે ઈચ્છાનો વિભાગ છે એટલે કે મનુષ્યની ઈચ્છા કે ચેષ્ટાનું જ બીજું નામ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

સ્વભાવ વિભાગ

પ્રવૃત્તિ, કામના પછી મનુષ્યનો ત્રીજો Element લઈએ તો તે છે સ્વભાવ. સ્વભાવથી મતલબ છે એક સ્વભાવિક પ્રવૃત્તિ. મનુષ્ય એકલાની નહિ પણ પ્રાણીમાત્રની સ્વભાવિક પ્રવૃત્તિ. ખૂબજ ઝીણવટથી જોશો તો આ શાશ્વત સત્ય તમને દરેકમાં જોવા જરૂર મળશે જ. મનુષ્યો કે પ્રાણીમાત્રની સ્વભાવિક ગતિ, દુ:ખોથી દૂર રહેવામાં અને સુખ પ્રાપ્ત કરવામાં જ રહેલી છે. કોઈ જ વ્યક્તિ કે પ્રાણી એમાંથી બાકાત નથી. જે પણ દુ:ખ કહો કે પ્રતિકુળ અનુભૂતિ કહો તેનાથી આપણે દૂર જ રહેવા માંગીએ છીએ અને અનુકૂળ અનુભૂતિઓને આપણે સ્વીકારવા માંગીએ છીએ. આ આપણા બધાનો વગર અપવાદે સ્વભાવ છે અને એ આપણી સ્વાભાવિક ગતિ છે. એવા કોઈ જ નહિ હોય કે જેઓને પ્રતિકૂળ અનુભૂતિ ગમતી હશે. અનુકુળ અનુભૂતિ બધા સ્વીકારવા માંગતા હોય છે, આજ આપણો સ્વભાવ છે અને આ જ પુરુષાર્થ છે. પુરુષાર્થ બે જ છે. પુરુષાર્થ એટલે કંઈ મહેનત કરવાનું જ કામ નથી. એ તો એનો આપણે ગૌણ અર્થ લઈએ છીએ. જેમ પંકજ આપણે કાદવમાં ઉગનાર કમળને જ કહીએ છે. કાદવમાં તો કીડા પણ પેદા થાય છે તો કીડાને આપણે પંકજ કહેતા નથી. આજે આપણે સામાન્ય રીતે પુરૂષાર્થ શબ્દનો અર્થ મહેનત લઈએ છીએ. પણ વાસ્તવમાં એ જ અર્થ નથી, પુરૂષાર્થ બે શબ્દનો બનેલો છે.

પુરૂષ અને અર્થ : - પુરૂષ એટલે મનુષ્ય અને અર્થ એટલે તેની ચાહના

મનુષ્ય જેની ચાહના કરે છે તેનું નામ છે પુરૂષાર્થ, મૂળમાં મનુષ્ય બે જ ચાહના કરે છે-દુ:ખ દૂર થઈ જાય અને સુખ મળી જાય. એના સિવાય બીજી કોઈ

ચાહના નથી. અલબત બધાની જુદી જુદી દ્રષ્ટિ છે. જેમ ચશ્મા ઘણા બધાને હોય પણ ચશ્માના નંબર કઈ બધાના સરખા નથી હોતા. તેવી જ રીતે જુદી જુદી રીતે જોવાના બધાના ચશ્મા અલગ અલગ પ્રકારના છે. કેટલાક લોકો સુખ એટલે કે સંપૂર્ણ ભોગવાદ-એમ માને છે કે “Eat, drink and be merry” એમાંજ સુખની ઈતિશ્રી છે. તેનો આ View એ Myopic છે. તેથી સુખ એ પ્રાણી માત્રની ખોજનો વિષય છે. આખા તત્વશાસ્ત્ર, તત્વબોધની ફિલોસોફી, દર્શનશાસ્ત્રની ફિલોસોફી શું કહી રહી છે-કે મનુષ્ય માત્રની શોધનો વિષય એ સુખની પ્રાપ્તિ સિવાય બીજુ કશું નથી. આનંદની શોધ કરવી એ જ આપણા સૌનું એકમાત્ર ધ્યેય થઈ રહ્યું છે. આપણે સવારથી ઉઠીને જે પણ કાંઈ પ્રવૃત્તિ કરી રહ્યા છીએ-ધંધા, વ્યાપાર, નોકરી વિગેરે વિગેરે જેવા જે પણ કાર્ય કરી રહ્યા છીએ (આ રેંજ બહુ લાંબી છે.) આ વિષય ઉપરના અગણિત દ્રષ્ટાંત તમારી સમક્ષ રજૂ કરી શકાય તેમ હોય છે-તે બધું કરવા પાછળનો હેતુ શું હોય છે ? બજારમાંથી લાવીને આપણે ગમે તે સાધન વસાવીએ છીએ. આની પાછળ કયો હેતુ કામ કરે છે ? સુવિધા - સુખ, એ સુખ અને આનંદની શોધ સિવાય કાંઈ નથી. તેની બહુજ વ્યાપક ગતિ છે. એની સીમાં વ્યાપક છે એટલે તે સંકુચિત રેખામાં આપણે સમજી શકતા નથી. એટલે મનુષ્યના ત્રીજા મહત્વના Element ના વિભાગનું નામ છે-સ્વભાવ. આ સ્વભાવ વિભાગમાં મુખ્ય છે-દુ:ખનો અભાવ અને સુખની પ્રાપ્તિ. આમ આપણે ત્રણ મહત્વના મુદ્દા જોઈ લીધા. પહેલો મનુષ્યનો પ્રવૃત્તિ વિભાગ, બીજો મનુષ્યનો ઈચ્છા-ચેષ્ટા વિભાગ અને ત્રીજો મનુષ્યનો સ્વભાવ વિભાગ.

પ્રવૃત્તિ વિભાગ : પ્રમાણ પ્રમેય, સાધન, ફળ

ઈચ્છા-ચેષ્ટા વિભાગ : ધર્મ, અર્થ, કામ, મોક્ષ

સ્વભાવ વિભાગ : દુ:ખનો અભાવ, સુખની પ્રાપ્તિ

આના આધારેજ મનુષ્યનું જીવન આપણે જોવાનું છે.

આપણા પુષ્ટિ ધર્મના મોક્ષની મૂળભૂત અંદર શું રહેલું છે તે જાણો છો ? દુ:ખ દૂર થવું અને સુખની પ્રાપ્તિ થવી. શ્રીમહાપ્રભુજીના આ લીલાબોધના પ્રથમ ‘‘શ્રી’’માં મોક્ષ છે અને તેના અંતિમ ચરણ ‘‘જી’’માં પણ મોક્ષ જ છે. આ સમગ્ર જીવનની કહાની મોક્ષથી શરૂ થઈ અને સમાપન પણ મોક્ષથી જ છે. એ જ બધી લીલા દ્રષ્ટિની કહાની છે. મોક્ષની આગળ પણ કશું નથી અને મોક્ષની પાછળ પણ

કશું જ નથી. જે પણ કાંઈ ઘટિત થઈ રહ્યું છે તે મોક્ષમાંજ ઘટિત થઈ રહ્યું છે. મુક્તિથી જ વાતનો અંત છે એટલે એનો આરંભ અને ઈતિશ્રી મોક્ષની સીમામાં જ છે.

શરૂઆત સ્વભાવ વિભાગથી થાય, ત્યાર બાદ ચેષ્ટા વિભાગ મધ્યભાગમાં આવે છે. ઈચ્છા કે ચેષ્ટાનો વિભાગ એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તમે જે તે તમારી ઈચ્છાઓનો નિર્ધાર કરો છો પછી તમારા વિચાર, તમારી ચેષ્ટાઓ અને તમારી કૃતિ એને અનુરૂપ થવા લાગે છે કે તેનાથી વિપરીત થાય છે ? અનુરૂપ જ ચાલે છે ? હવે એકવાર Sponsorship નો પ્રયત્ન કરો અને એક વખત USA જઈ જ આવવાનું નક્કી કરો. USA નો નંબર નહિ લાગે તો Canada નો નંબર તો લાગી જ જશે. અને પછી Naigra Fall pass કર્યો નથી ને આ બાજુ કેનેડા અને આ બાજુ USA એમાં ભેદ શું છે ? એટલે કે જ્યારે USA નું ચક્ર શરૂ થાય અને વિકલાંગની માફક તમારી 'S' ની આકૃતિ જોઈ લો. S ની જેમ વિકલાંગ બનીને તે U ની પાછળ લાગી જાઓ છો. 'S' જોઈલો. -ઉપરથી નીચે સુધી વાંકો-વિકલાંગ જ છે ને ! એટલે દોડધામ શરૂ થઈ જાય અને રાતદિવસ સ્વપ્ન શરૂ થાય કે હવે પછી ત્યાં જઈને શું કરવું છે અને Visa અને તેની સંપૂર્ણ ધૂરા US ની પાછળ પાછળ જ દોડવા લાગે છે. આને વ્યાપક રીતે જુઓ. જ્યારે ગામડામાંથી આપણે શહેરમાં આવીએ છે અને તે આવા તમામ આવાગમનની પાછળ આપણા કાંઈક નિર્ધારીત લક્ષ્યો છે, આપણાં કાંઈક નિર્ધારીત સ્થાનો છે તે સ્થાન પર આપણે પહોંચવું છે. વ્યાપારમાં, નોકરીમાં, અભ્યાસ માટે અથવા જીવનનું જે તે કાર્યક્ષેત્ર છે તે માટે આપણો જે તે નિર્ધાર છે તે નિર્ધારને અનુરૂપ આપણો જીવનક્રમ, જીવનચર્યા ચાલતી થઈ જશે એના ક્રમનો પ્રારંભ થઈ જશે. બીજી દ્રષ્ટિથી આપ જુઓ. જે તે આપણું કાર્ય જીવનમાં હોય દા.ત. આઠ વાગે દુકાન ખોલવાની હોય તો મને બતાવો પાડોશીનું જીવન ભલે આઠ વાગે શરૂ થતુ હોય પણ આપણી દિનચર્યા ક્યારથી શરૂ થાય છે ? આ બધા વિચાર આપ કરી શકો છો, એ જવાબ તમે મને આપશો.

કૃષ્ણાની પ્રાપ્તિનો નિર્ધાર

તમારી જે પણ કોઈ ચેષ્ટાઓ કે ઈચ્છાઓ છે તે તમારા લક્ષના અનુરૂપ થવા લાગે છે, ચાલવા લાગે છે અને તેથી તેનાં પરિણામ આવવા લાગે છે, ઘણાં લોકો મને કહે છે કે સેવા કરતા કરતા અને સ્મરણ કરતા કરતા આટલા વર્ષો થયાં પણ કાંઈ ના મળ્યું. હું તમને પુછું છું કે કૃષ્ણાની પ્રાપ્તિનો નિર્ધાર કર્યો ખરો ? અને

એ નિર્ધારની રીતે તમે તમારા જીવન ક્રમને ઢાળ્યું ખરું! એના પ્રમાણે તમે તમારી જીવનચર્યા અને સંયોજીત કામનાઓ તમારા પ્રયોજન સાથે જોડાયાં ખરા ? જવાબ શૂન્ય છે. એ જ શૂન્યતા આપણા અંદર વેક્યૂમ ઉભું કરી રહી છે, એ અવકાશ થઈ રહ્યો છે ત્યાં આપણને કાંઈ નથી મળી રહ્યું. કેમ કે આપણું લક્ષ્ય કાંઈ જુદું છે આપણાં જીવનની ગતિ છે મુંબઈ તરફ અને ગાડીમાં બેઠા છે દીલ્હી તરફ. એટલે ક્યાં પહોંચીશું ? દીલ્હી જવાવાળી ગાડીમાં બેસી આપણે એવી અપેક્ષા રાખીએ કે આપણે જરૂરથી મુંબઈ પહોંચી જઈશું ! તેથી શ્રીમહાપ્રભુજી આપણને કાળજી રાખીને સમજાવી રહ્યા છે, આપણને સચેત કરી રહ્યા છે કે જો પુષ્ટિમાર્ગમાં આવવું છે તો, તારી જે ચેતના છે, તારા જે વિચારનો તંતુ છે, તારી જે ઈચ્છાઓનું તંત્ર છે તેને તું પુષ્ટિમાર્ગને અનુરૂપ બનાવી લે અને એ પુષ્ટિમાર્ગને અનુરૂપ ઈચ્છાતંત્રને ઘટિત કરવા માટેનો ઉદ્દબોધરૂપી ઉપાય શ્રીમહાપ્રભુજીએ આપ્યો છે. તેનું નામ છે- **ચતુશ્લોકી :**

લક્ષ ને અનુરૂપ પ્રયાસ

ચતુશ્લોકી કંઈ, આંખો બંધ રાખીને ‘‘सर्वदा सर्व भावेन, भजनीयो व्रजाधीप’’ એ પાઠ કરવાનો જ ગ્રંથ નથી. એ રીતે પાઠ કરવાથી કંઈ ઉપલબ્ધિ નહી થાય. શ્રીમહાપ્રભુજીએ આપણને વિચારતંત્ર આપી દીધું છે કે તારી ઈચ્છાઓ કે તારી કામનાઓ (જેને ચાર ભાગલામાં આપણે મૂકી શકીએ છીએ તેનાં નામ છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ- એ ચારેય)નું સંયોજન તું એવી રીતે કર કે તારી દિનચર્યાની પ્રત્યેક ક્ષણ, તને તારા લક્ષ્ય તરફ આગળ વધારે. એવું વિચાર તંત્ર આપી રહ્યા છે ચિંતનનું તંત્ર આપી રહ્યા છે, ચિંતનની એવી પ્રણાલી, શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે. ચતુશ્લોકી જીવનપર્યંત પાઠ કરી જઈશું તો પણ-અલબત્ત ભગવન્નામ નિરર્થક જવાનું નથી, એ રીતે જે ફળ મળવાનું હશે તે મળશે. પરંતુ ચતુશ્લોકીના પાઠ માત્રથી પુષ્ટિમાર્ગમાં પ્રગતિ થઈ જશે તેવી ભ્રમણા હોય તો દૂર કરી દેશો. જો એવી ભ્રમણા જ હોત તો શ્રીમહાપ્રભુજીને ચતુશ્લોકી પ્રગટ કરવાની આવશ્યકતા જ ન પડી હોત. કેમ કે એના પહેલાંના જ ગ્રંથમાં સાધન અને ફળ કહી દીધું જે પર્યાપ્ત હતું. પછી ‘‘સર્વદા સર્વ ભાવેન’’ કહેવાની જરૂરિયાત હતી જ નહી. મુદ્દો મારો **સર્વદા સર્વ ભાવેન**નો નથી. હું માત્ર એટલું સમજાવવા માંગુ છું કે સાધન અને ફળ એક બનાવીને પ્રયાસ કરો, પણ વિચારો કે તમારા બધાં જે કાંઈ પણ લક્ષ્ય છે, તમારા જે પણ કાંઈ નિર્ધાર છે, તે અનુરૂપ તમારા બધા પ્રયાસ થાય છે

કે નહિ. તે નાનામાં નાની બાબત જુઓ-કે ત્રણ દિવસ બાદ નવું ટી.વી. લેવું છે એ પછી જુઓ કે તમારા એ ૭૨ કલાક કઈ દિશામાં જાય છે ? આ પ્રયાસ કરી જોજો. એને ઓપરેટ કરવાના મેન્યુઅલ આપણે કોઈ વાંચવાના નથી, પણ આપણે બધા એને સાચવીને મૂકી તો દઈશું જ. તમે બધાએ આ અનુભવ્યું જ હશે કે એ આપણો મોહ છે, મારો તો અનુભવ છે જ. ૭૨ કલાક માટે તમારા ધર્મ, અર્થ, કામ કેવા - તેની જ પાછળ રોકાઈ જાય છે !

જીવનના બધા પાસામાં ધર્મશાસ્ત્રની ફોર્મ્યુલા ફેઈલ નહિ જાય

એકાદ દિવસ વેપારમાં બેઠા હોઈએ વેપારી આવેલ હોય અને રૂા. ૩૫૦૦૦ નો સોદો પતી જવાની ધારણા હોય અને આ ૩૫૦૦૦માં બીજું કંઈ નહી તો ૧૨-૧૩ હજારાનો પ્રોફીટ તો છે જ. તે વેપારની વાત ચાલતી હોય તે દરમ્યાન દોઢ વાગ્યે ઘરેથી ફોન આવે કે જમવાનું શું છે ? તો તમે કહી દો છો ને કે જમવાનું સાંજે રાખજે. પ્રશ્ન જમવાનો નથી, પ્રશ્ન એ થાય છે કે ૩૫૦૦૦નો સોદો પતી રહ્યો છે કે નહિ. નિર્ધાર કર્યો કે તમારો ૩૫૦૦૦નો સોદો પતવો જોઈએ, અને જુઓ તમારી બધી વૃતિ, પ્રવૃત્તિ એને અનુકૂળ બની જાય છે કે નહિ. તેથી પ્રત્યક્ષ રીતે વિચાર કરી લો કે જીવનના બધા જ પાસામાં આ પ્રમાણે જ થતું હોય છે. જો આ ફોર્મ્યુલા ફેઈલ જતી હોય તો મારા કાન પકડવાની તમને સૌને છૂટ છે કે "તમે અમને બધાને ખોટી રીતે ગાઈડ કરી રહ્યા છો." જીવનના કોઈપણ પાસામાં મારા ધર્મશાસ્ત્રો, મારા વેદશાસ્ત્રોની આ ફોર્મ્યુલા કદીયે ફેઈલ નહી જાય. તમે લૌકિકથી અલૌકિકમાં લઈ જાવ તો પણ આ ફોર્મ્યુલા ફેઈલ નહી જાય. તમે પ્રયાસ કરી જો જો. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ સંજ્ઞાઓને બીજી કોઈ રીતે સમજવાનો પ્રયાસ પણ ના કરો. તમારી કોઈપણ એવી ચેષ્ટા જેનાથી લાભ થઈ રહ્યો છે - કોઈપણ વ્યક્તિને નિસ્વાર્થપણાથી, સ્વાર્થરહિત લાભ થઈ રહ્યો છે, તેવી કોઈપણ **ચેષ્ટા** ધર્મના વિભાજનમાં આવી જશે. તમારી કંઈ પણ પ્રવૃત્તિ કે જેનાથી તમને કંઈ પણ ઉપલબ્ધિ થતી હોય તેવી તમારી કોઈ પણ ચેષ્ટા **અર્થ**ના વિભાજનમાં થઈ જાય છે. તમારી કોઈપણ ચાહના, ને દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પ્રાણને કંઈ પણ સુખ આપી જાય તેવી કોઈપણ ચેષ્ટા **કામ**ના વિભાગમાં પ્રવેશ કરી જશે. અને નિવૃત્ત થવાની કે એકવાર દૂર જવાની કે ક્યાંક થોડીક વાર પણ શાંતિથી બેસી જવાની અને જે તમે ગુજરાતી ભાષામાં જંપવાની કહો છો તે જંપવાની વાત છે તેમાં **મોક્ષ**ની કેવી ઝાંક આવી રહી છે. અરે જરા તો જંપો. તમે તપાસ કરી લો કે ૮૦%

રોગો અત્યારે માનસિક તનાવના કારણે થાય છે. એ કેવળ શરીરમાંથી ઉત્પન્ન નથી થઈ રહ્યા પરંતુ મનના કારણે થઈ રહ્યા છે. એ બધા Psychosomatic છે. ૮૦% રોગો માત્ર આ અજંપાના કારણે જ થઈ રહ્યા છે, મનુષ્યને બીજી કોઈ જ તકલીફ નથી. બાકી જુઓ, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પાસા તમારા બીજી કોઈ જગ્યાએ ફેઈલ નથી જતા. પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ એ મનુષ્યની પ્રવૃત્તિનો વિભાગ છે. ઈચ્છા અને ચેષ્ટાના વિભાગ છે - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, જ્યારે સુખની પ્રાપ્તિ અને દુ:ખાભાવ એ સ્વભાવ વિભાગમાં આવે છે.

હવે આપણે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ વિષય પર વિચાર કરીએ. જેવી તમારી ઈચ્છાઓ છે, જેવી તમારી કામનાઓ છે. તેવા જ તમે પ્રમાણ શોધશો. તેવા જ તમારા પ્રમેય થશે, તેવા જ તમારા લક્ષ્ય નિર્ધારીત થશે અને તે પ્રમાણે જ તમારા સાધનો બનશે - આ જગતની એક સ્વાભાવિક ગતિ છે. આ શબ્દોને શાસ્ત્રકારો અને પ્રવચનકારો એવા બનાવીને મૂકી રહ્યા છેકે લોકોને બાપડાને સમજમાં જ નથી આવતું કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ શું કહી ગયા ? અરે એ સીધે સીધા સમજાવો ને કે આપણી ચારે બાજુ જીવનમાં એ ફેલાયેલા જ છે. ક્યાં નથી એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ? કઈ જગ્યાએ એને છોડી દેશો ? તમે નક્કી કર્યુ કે આજે રાત્રે દાળ ઢોકળી નહિ થાય અને ઢોકળાં જ થશે ત્યાં પણ કામનું કંઈ વિભાજન તો આવી જ ગયું છે - તમે બચશો ક્યાં ? દાળઢોકળીના કેન્સલેશનમાં પણ કામ છે અને ઢોકળાના Preparation માં પણ કામ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષના વિભાજનને ક્યાં મૂકી આવશો ? આ મારા વિષયની હજી ચર્ચા નથી પણ તમારા જ વિષયથી તમને સ્પષ્ટ પણે બતાવી રહ્યો છું કે **ધર્મ, અર્થ, કામ, મોક્ષ** કેટલો પ્રેક્ટીકલ છે ?

ઘણાં લોકો મારા માટે કહે છે કે બાવાશ્રી ખૂબ જાણે છે પણ પ્રેક્ટીકલ નથી. હવે પ્રેક્ટીકલ છું કે નહીં તે નિર્ણય તો તમારે કરવાનો છે. મને Impractical ગણનારા લોકો તરફ પણ મને શુભકામનાને શુભ આર્શીવાદ જ છે, મને વાંધો નથી - મને કોઈ વાંધો નથી. આ બધાનો વિચાર કરી લેજો અને હવે મોક્ષના તંત્રનો વિચાર કરી લો.

બાલબોધ

આપણે એક મોટા વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ કરીએ, અને ત્યાં મુખ્ય દરવાજા ઉપર નકશો દોરેલો ન હોય કે કઈ ફેકલ્ટી કઈ જગ્યાએ છે અને જે મકાન સૌ પ્રથમ આવ્યું તેમાં અંદર જઈ ચઢ્યા અને એ ફેકલ્ટીમાં જ્યારે પૂછપરછ કરી ત્યારે આપણને જે જવાબ મળી રહ્યા છે તે જુઓ - જવાબ મળે કે અહીં નહીં, ત્યાં જાઓ. બાલબોધ ફરી યાદ કરો. ધર્મશાસ્ત્ર વિગેરે માટે શું શબ્દો કહ્યા છે ?

धर्मशास्त्राणि नीतिश्च, कामशास्त्राणि च क्रमात् ।
त्रिवर्ग साधकानीति, न तन्निर्णय उच्यते ।। (बालबोध)

શું કહી રહ્યા છે શ્રીમહાપ્રભુજી આપણને - કે ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ, કામશાસ્ત્રાણિ ચક્રમાત, ત્રિવર્ગ સાધકાનીતિ. આ તમને બધા ધર્મ, અર્થ, કામ સુધી લઈ જનારા છે તેથી મારી ફેકલ્ટીમાં આનો અભ્યાસ કરાવવામાં આવતો નથી. તમે ખોટી ફેકલ્ટીમાં આવી ગયા છો. ધર્મ શીખવો છે તો ધર્મની ફેકલ્ટીમાં જાવ, અર્થ શીખવો છે તો નીતિની ફેકલ્ટીમાં જાવો, અને કામ શીખવું છે તો કામની ફેકલ્ટીમાં જાવ. ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગનું સાધન શુદ્ધ કરી ત્રિવર્ગની ઉપલબ્ધિ કરાવનારાં અલગ સાધનો છે તેથી હું તે બાબતમાં તમને બતાવી શકતો નથી. એ જે તે શાસ્ત્રોથી તમે જાણી લો. તમારે જો મોક્ષ જાણવો હોય તો તે બતાવવા માટે હું અહીંયા બેઠો છું.

त्रिवर्ग साधकानी इति न तन्निर्णय उच्यते । (बालबोध)

અહીંયા 'ઈતિ' શબ્દ - ''તેથી'' એટલે કે - Therefore ના અર્થમાં બતાવેલ છે. એ ત્રિવર્ગનું સાધન કરનારા છે. તેથી તે બાબતનો નિર્ણય બાલબોધ ગ્રંથમાં મારાથી કહી શકાય તેમ નથી. કારણ મારે ફક્ત મોક્ષના વિષય સિવાય બીજા કશામાં કહેવું જ નથી.

* * *

ભગવાનના
સાક્ષાત સ્વરૂપ સિવાય
અન્ય કોઈ પણ વસ્તુની
ચાહના રાખ્યા વગર
માત્ર ભગવાનના
સાક્ષાત સ્વરૂપને
પ્રાપ્ત કરવાની
ઝંખના રાખવી
એનું નામ છે
પુષ્ટિ માર્ગ.

મોક્ષ મારી જરૂરિયાત છે ખરી ?

હવે મોક્ષની વાત આગળ ચાલી, ત્યાં સ્વત : મોક્ષ અને પરત : મોક્ષ એમ બે વિભાગ શ્રીમહાપ્રભુજીએ કર્યા. પણ એ પહેલા આપણે નિર્ધાર કરીલો કે મોક્ષ એ મારી ને તમારી જરૂરિયાત છે કે નહિ ! આજે એ જ બધા ફુગ્ગા ફૂટી રહ્યા છે અને એજ તકલીફ આપણને નડી રહી છે. અસલમાં મોક્ષ આપણી જરૂરિયાત છે જ નહિ અને આપણે ધર્મના રસ્સા લઈને રસ્સાકસ્સીમાં બધા લાગી ગયા છીએ. ઘરની બે વ્યક્તિ કહે છે કે ચાલો આપણે સેવા કરીએ, પાઠ કરીએ અને બીજા કહેશે - શું છે આ ભગતપણું ? એ ''દે ધનાધન'' રસ્સાકસ્સી ચાલી જ રહી છે. પેલા કહે છે ના ના પાઠ કરી લો, ચાલો યમુનાષ્ટકના પાઠ કરી લો, અરે બીજા કહે છે આ શું છે, ભગતપણામાં શું છે ? આ યમુનાષ્ટક શું છે ? આ તકલીફ શેની છે ? તમે જુઓ, આ તકલીફ છે તે તે મોક્ષના નિર્ધારની છે. શ્રીમહાપ્રભુજી આપણને પ્રથમ પગલામાં જ એકદમ સાવચેત કરી રહ્યા છે.

યમુનાષ્ટક તો આપણી સ્વીકૃતિનું સ્વરૂપ છે,- Adaptability છે. અત્યારે ચારે તરફ Behaviour Science ના આધારે મોટી મોટી Conference કરીને સમજાવવામાં આવે છે અને Councelling કરી રહ્યા છે કે Adaptability વગર તમારી પ્રગતિ શક્ય થવાની નથી. Behaviour Science એટલે કે લોકોના વ્યવહારના વિજ્ઞાનને જાણીને તેના આધારે તેઓ લોકોને સલાહ આપી રહ્યા છે. તેઓ શું કહી રહ્યા છે ?–આ જ સ્વીકારની બાબત છે. જેના ઉપર મોટાં મોટાં પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે.

તમે કદાચ દાહોદ છોડીને મુંબઈ રહેવા જાવ. ભલે દાહોદ નાનું શહેર છે પણ તમારે મુંબઈના વાતાવરણમાં એડેપ્ટ થવું પડશે. તે તમારી જરૂરિયાત નહિ પણ કંપલસરી રીસ્પોન્સીબીલીટી થઈ જશે. આ સ્વીકારની બાબતમાં ફ્લેકસિબિલિટી ન આવી કે લચીલાપણું ન આવે તો તમે કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ નથી કરી શકતા.

મનુષ્યની પહેલી જરૂરિયાત - એ પહેલી જ એલિજીબિલિટી છે, તે પહેલા નંબરનું ક્વોલિફિકેશન છે. તેને શ્રીમહાપ્રભુજી પહેલાજ શ્લોકના પહેલાજ શબ્દમાં બતાવી રહ્યા છે કે **''નમામિ''**. બીજા શબ્દો પછી આવી રહ્યા છે.

''नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा'' (यमुनाष्टक)

એ ''નમામિ'' શબ્દથી શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે પુષ્ટિમાર્ગમાં એડપ્ટ થવું છે તો પહેલાં તારામાં એક ફ્લેકસિબિલિટી, એકસેપ્ટિબિલિટી, એડેપ્ટિબિલિટી લાવ. તારા તમામ દ્વારોને ખોલી નાખ, તારા અંદર સ્વીકૃતિનો ભાવ જાગૃતકર. જો સ્વીકૃતિનો ભાવ જાગૃત ન કરી શક્યો તો આગળની કોઈજ પ્રક્રિયા નહીં થાય. ન તું પ્રપ્રતિ (શરણ) માર્ગ પર જઈ શકીશ કે ન તું ભક્તિ માર્ગ પર પ્રગતિ કરી શકીશ.

ભક્તિમાર્ગ અને શરણમાર્ગ ને હું બતાવવા બેઠો છું તે બે માર્ગ પર તારી પ્રગતિ શક્ય નથી, તેથી સૌથી પહેલાં તું સ્વીકાર ને અપનાવ. સ્વીકૃતિને જાગૃત કર. તું તારી અંદર નમ્રતા રાખીને, તારી અંદર દીનતા રાખીને જ આ માર્ગમાં પ્રવેશ કરી શકીશ. એ દીનતા રૂપી સ્વીકાર ને તું જાગૃત કરી લે. એ નમ્રતા રૂપી સ્વીકારને તું જાગૃત કરી લે. એ વાત નમામિ થી શરૂ થઈ રહી છે. અને એ યોગ્યતા તમારામાં આવે ત્યારે પહેલા નંબરેજ તમારી સામે સ્પષ્ટતા આવી રહી છે - સમજીલો કે મોક્ષ તમારી જરૂરિયાત છે કે નહિ. મોક્ષના ઘણાબધા પ્રકાર હોઈ શકે. તમે કોઈ પણ વસ્તુ આજકાલ માર્કેટમાં લેવા જાવ. કનઝ્યુમરીઝમ છે આજે, ઉપભોક્તા વાદ શેતાન બનીને, રાક્ષસ બનીને આપણી સામે ઉભો છે. આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ ફક્ત બેજ પગ છે અને બેજ બુટથી વધારે પહેરી શકવાના નથી તોપણ બજારમાં જશો ત્યારે ઘરે ગમે તેટલા જોડી પગરખાં હોય તો પણ જાહેરાતો તમને મજબુર કરી દે છે અને વધારે જોડા લેવાઈ જ જાય છે.

ઉપભોક્તાવાદ

તમને એડવરટાઈઝમેન્ટની દુનિયા મજબૂર કરી દે છે કે તમે વધારે લઈ લો. આપણે આ બધુંજ કરી રહ્યા છે કેમ કે ઉપભોક્તાવાદ વ્યાપક રીતે પ્રસરેલો છે. આ કનઝ્યુમરીષ્ટ સોસાયટીમાં એક વાત સમજી શકાય છે કે એક પ્રોડક્ટનાં હજાર રૂપ છે, તેની અનેક ક્વોલેટી છે તે રીતે મોક્ષના પણ અનેક પ્રકાર છે - આપણે એ બધા મોક્ષની ચર્ચા કરવી નથી. પુષ્ટિમાર્ગીય મોક્ષ માટે તમે તૈયાર છો ? તમારી ચાહના છે ? તમને તેની ઝંખના છે ખરી ? પહેલાં તમારા હૃદયમાં ચકાસણી કરીને જોઈ લો કે એ ઝંખના છે ખરી ? અને પુષ્ટિમાર્ગીય મોક્ષ અથવા પુષ્ટિમાર્ગીય પણું શું છે તેની નોંધ પણ કરી લો. એથી તેની સ્પષ્ટતા થઈ જાય. **ભગવાનના સાક્ષાત સ્વરૂપ સિવાય અન્ય કોઈપણ વસ્તુની ચાહના રાખ્યા વગર માત્ર ભગવાનના સાક્ષાત સ્વરૂપને પ્રાપ્ત કરવાની ઝંખના રાખવી એનુ નામ છે પુષ્ટિમાર્ગ.**

હવે આ એક મીટર છે. તમારા બધાના તાપ માપવાના થર્મોમીટરની સાથે આ મીટરને લગાડી જુઓ. તમારી તપાસ કરી લો. આ પુષ્ટિમાર્ગપણાંનું લક્ષણ છે. જેને તે વસ્તુ સ્પષ્ટ ન થતી હોય તેણે પોતાના માટે સ્પષ્ટ કરી લેવું જોઈએ કે પુષ્ટિમાર્ગ તેના માટે નથી. આમાં કોઈને સારૂં દેખાડવાની કે ખોટું દેખાડવાની વાત જ નથી. સ્વયં શ્રીમહાપ્રભુજી એજ આજ્ઞા કરે છે, સેવા ફળ વિવરણમાં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે સેવાનું ફળ આ રીતે ન મળતું હોય ત્યારે સેવા છોડી દેવી જોઈએ. અને જ્ઞાન માર્ગમાં સ્થિતિ કરી લેવી જોઈએ.

तदा ज्ञानमार्गेण स्थातव्यं, शोकाभावायेति विवेकः ।।
(सेवाफल विवरणम्)

શ્રીમહાપ્રભુજી આપણને બતાવી રહ્યા છે, જો આ લક્ષણ આપણામાં ન મળતું હોય તો આપણે પુષ્ટિમાર્ગની Eligibility જે આપણે ત્યાં કહેવાય છે તે eligibility આપણામાં નથી. તેથી We are not elligible to enter into Pushtimarg.

એક વાતની સ્પષ્ટતા કરી લેજો. આ વાત ખોટું કે સારૂં લગાડવા માટેની નથી. હું તમને ગમે તે રીતે ગમે તેટલો પ્રસન્ન કરીને જઉં તો તેનાથી તમારો પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થઈ જતો નથી અને હું તમને ગમે તેટલો અપ્રસન્ન કરી જઉં અને તમારી યોગ્યતા હોય તો હજારો દેવકીનન્દન પણ તમને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરતાં અટકાવી શકશે નહિ. પણ તમારી અંદર આ પહેલી યોગ્યતા હોવી જોઈએ અને આનું જ નામ છે પુષ્ટિમાર્ગીય મોક્ષ. આ શરૂઆત જ્યારે થાય તેનું નામ છે પુષ્ટિમાર્ગનું લક્ષણ અથવા પુષ્ટિમાર્ગીયપણાનું લક્ષણ.

જ્યારે તમે શરૂઆત કરી રહ્યા છો ત્યારે આનું નામ છે પુષ્ટિમાર્ગીયપણાનું લક્ષણ અને જ્યારે તમે તેને સંપૂર્ણતા તરફ લાવી રહ્યા છો, તેનું જ નામ છે પુષ્ટિમાર્ગીય મોક્ષ. ભગવત સ્વરૂપની પ્રાપ્તિની ઝંખનાથી વાત શરૂ કરવી અને ભગવત સ્વરૂપની પ્રાપ્તિ સુધી પહોંચી જવું એજ પુષ્ટિમાર્ગની યાત્રા છે. આ મોક્ષના પાસાઓને સ્પષ્ટ કરી લેજો. ‘‘સાક્ષાત ભગવત સ્વરૂપની પ્રાપ્તિ સિવાય કોઈ પણ કામના રાખ્યા વગર, સાક્ષાત ભગવત પ્રાપ્તિ માટે ઝંખના રાખવી એનું નામ છે પુષ્ટિમાર્ગપણું.’’

શુદ્ધ પુષ્ટિ ?

પુષ્ટિમાર્ગનાં ઘણાં મોટાં મોટાં વ્યાખ્યાન આપ સહુએ સાંભળ્યા હશે કે આનું નામ શુદ્ધ પુષ્ટિ છે અને આનું નામ મિશ્ર પુષ્ટિ છે. મિશ્ર પુષ્ટિમાં પણ ત્રણ ભેદ છે - એક પુષ્ટિ પુષ્ટિ, બીજો પુષ્ટિ પ્રવાહ અને ત્રીજો પુષ્ટિમર્યાદા છે, તે તમે કંઠથી ગોખી રાખ્યા પણ હશે. પણ એનાથી મતલબ કેટલો સિદ્ધ થયો ? ચારેય લક્ષણ, ચારેય પ્રકારમાં જે પણ ભેદ હોય પણ પુષ્ટિમાર્ગીય એજ કહેવાશે જેને ભગવત સ્વરૂપ સિવાય અન્ય કાઈ પણ જોઈતું ન હોય અને માત્ર ભગવત સ્વરૂપની પ્રાપ્તિ માટે જેની ઝંખના હોય તેજ આ બધા વર્ગીકૃત વિભાગોમાં આવશે. શુદ્ધ પુષ્ટિ માત્ર શ્રવણનો વિષય છે. શુદ્ધ પુષ્ટિ આ યુગમાં કેવલ શ્રવણનો વિષય છે તે ઘટિત થતી નથી એવી સ્પષ્ટ આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે. મિશ્ર પુષ્ટિ અથવા પ્રવાહ પુષ્ટિમાં પણ જો આપણે સામેલ થઈ શક્યા તો તે આપણાં સૌભાગ્યની ચરમ સિમા છે - કે આપણે આટલી ગણત્રીમાં તો આવી શક્યા ! પરંતુ એમાં પણ મુકાવા માટે હું તમને એક વાત પૂછું કે આજે આપણે કોઈ પણ સારી Institute માં તમારા બાળકને અભ્યાસ માટે Admission કરાવો છો ત્યારે ૩૩ ટકા થી ચાલી જાય છે ખરું ? જો તમારી લૌકિક સંસ્થાઓના ઠેકેદારો ૩૩ ટકા સ્વીકાર કરવા તૈયાર ન થતા હોય તો પુષ્ટિમાર્ગ લોકોને કેમ સસ્તો મળી ગયો છે ? તે જે તે આવે તે પુષ્ટિમાર્ગમાં ખપે, પેલી કહેવત છે કે ''બાવો બેઠો માળા જપે અને જે આવે તે ખપે'' એ કેમ ખપી રહ્યું છે ? કેમ પુષ્ટિમાર્ગમાં ગુણવત્તાની વાત નથી ? શા માટે પુષ્ટિમાર્ગ આવે એટલે Merits નું બલિદાન ચઢાવી દેવામાં આવે છે ? Merits નો પ્રશ્ન પુષ્ટિમાર્ગમાં શા માટે ઉભો કરવામાં ન આવે ? કેમ તમે તેનો સ્વીકાર નથી કરી શકતા ? નાનામાં નાના આવા સામાજિક બિંદુઓને તમે સ્વીકારો છો, તો શા માટે પુષ્ટિમાર્ગમાં યોગ્યતા કે અયોગ્યતાનો પ્રશ્ન સ્વીકારવામાં નથી આવતો ? શા માટે આપણે આંખ મીંચીને પોતે કંઠી અને બ્રહ્મસંબંધ લઈ રહ્યા છીએ અને બાળકોને અપાવી રહ્યા છીએ ? બે દિવસ તમારી સોસાયટી એટલે કે તમારા સમાજમાં જૂઠું બોલી જુઓ. તમારી ઈજ્જતના ધજાગરા ઉડી જાય છે કે નહિ - તે તપાસી લેજો. આવો અખતરો પણ કરવા જેવો નથી હોતો. માર્કેટમાં આવું કર્યા બાદ તમારી શું Position થાય છે ? જો તમે મનુષ્ય સાથે જૂઠુ બોલીને સમાજમાં સારી રીતે ફરી શકતા નથી તો પછી પરમાત્મા સાથે જૂઠુ શા માટે બોલી રહ્યા છો ? તમે એક કલાક પણ સમર્પિત જીવન જીવી શકતા નથી, તો શા માટે,

તુલસી જેવી પવિત્રમ્ કૃષ્ણાપ્રિયાને હાથમાં લઈને અને શ્રીમહાપ્રભુજીના વંશજ ને તમારી સામે ગુરુદ્વારની જેમ નોટરીની માફક શા માટે અસત્યનો ડ્રામા કરી રહ્યા છે ? તમે જાણો જ છો કે તમે કે તમારું બાળક એક કલાક પણ સમર્પિત જીવન જીવી શકવાનું નથી. આ અસત્યનું પરિણામ કોણ ભોગવશે ? તમારા આચરેલા કર્મોનું પરિણામ કોઈ બીજું તો ભોગવવાનું નથી. તમારે વ્યક્તિગતજ આનાં પરિણામ ભોગવવાનાં છે. જે તમે કર્યું છે તેના માટે તમે પરમાત્માથી ખોટું બોલી રહ્યા છો. બ્રહ્મસંબંધ એ સ્વર્ગનું સર્ટિફીકેટ નથી, નિત્યલીલાનું લાયસન્સ નથી કે વડીલોને પાણી પીવડાવવા કે ખવડાવવા માટેનું પવિત્ર સર્ટિફીકેટ નથી.

બ્રહ્મસંબંધ એક પવિત્ર સંસ્કાર

એ એક કમિટમેન્ટ છે. એ એક સ્વીકૃતિ છે. જેમ અગ્નિની સાક્ષીએ સપ્તપદી, એ એક સ્ત્રી અને પુરુષની વચ્ચે પવિત્ર સ્વીકૃતિ છે. આજે આ સમાજમાં શું બની રહ્યું છે તે હું નથી જાણતો પણ ભારતવર્ષનો ઈતિહાસ હું જાણું છું કે એ પવિત્ર સ્વીકૃતિ તમારી અને તમારા પરમાત્માની વચ્ચે થઈ રહી છે. બ્રહ્મસંબંધ એક પવિત્ર સ્વીકાર છે. એક સ્વીકૃતિ છે. તમારી અને તમારા પરમાત્માની વચ્ચેની. શું કારણ છે કે એમાં યોગ્યતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી ?

તમેજ મને સમજાવો કે તમારા દિકરા દીકરીની સગાઈ તમે સામાન્ય માણસને ત્યાં કરાવવા માટે તમારા દિકરા દીકરીને ફોર્સ કરી શકો છો ખરા ? નથી કરી શકતા. તો શા માટે એવો ફોર્સ કરી રહ્યા છો કે જીવ અને પરમાત્મા એકબીજા ને સમજ્યા વગર પરણી જાય. આજની જ વાત કરો. સવાલ ભૂતકાળનો નથી. સવાલ વર્તમાનનોજ છે અને હું તમારી વર્તમાનની ભાષામાંજ વાત કરી રહ્યો છું. શા માટે આ બધા સોદાઓ પુષ્ટિમાર્ગમાંજ થઈ રહ્યા છે તે મને સમજાતું નથી.

તમારી જરૂરિયાત કૃષ્ણ છે કે નહીં તેનો નિર્ધાર પહેલા તબક્કે કરી લો અને પછી જ આગળની વાત થાય. તેથી સિદ્ધાંત મુક્તાવલિ કહેતાં પહેલા શ્રીમહાપ્રભુજીએ બાલબોધની ચર્ચા કરી. સિદ્ધાંત મુક્તાવલિ કહ્યા પછી પણ શ્રીમહાપ્રભુજીને બેચેની થઈ ગઈ કે આનો બધા લોકો કઈ ખોટો અર્થ ન લગાડી દે. ''કૃષ્ણ સેવા, કંઈ દરેક વ્યક્તિ માટે શ્રીમહાપ્રભુજીનો આદેશ નથી'' તેથી શ્રીમહાપ્રભુજીએ તરત પછી પુષ્ટિ પ્રવાહ મર્યાદામાં સ્વભાવનું વિશ્લેષણ કરવાનો તમને માપદંડ અને માનદંડ આપી દીધો. મનુષ્યના સ્વભાવભેદના પ્રકારો સાઈકોલોજીકલ ટાઈપોલોજી અહીંયા દર્શાવવામાં આવ્યા છે.

શરણમાર્ગ – એક સ્વતંત્ર વિકલ્પ

શ્રીમહાપ્રભુજી તમને સ્પષ્ટ મીટર આપી રહ્યા છે. જેમ વજનના કાંટા ઉપર ઉભા રહ્યા અને કાંટા પર નજર પડે કે તરત નક્કી થઈ જાય કે વજન ઘણું વધારે છે. માટે આજથી આટલી વસ્તુ ખોરાકમાં લેવાની બિલ્કુલ બંધ. આવીજ વાત શ્રીમહાપ્રભુજી પુષ્ટિ પ્રવાહ મર્યાદા બતાવીને કહી રહ્યા છે કે ખરેખર તમે નિર્ધાર કરી લો કે ખરેખર સેવાની યોગ્યતા ન ધરાવતા હો તો એ તમે પ્રયાસ ન કરો. કારણ બીજું ઓપ્શન છે -‘કૃષ્ણ એવ ગતિ ર્મમ’. અને આ જે બીજુ ઓપ્શન છે તે પણ સ્વતંત્ર ઓપ્શન છે. અને તેથી સ્વતંત્ર શરણમાર્ગનું શ્રીમહાપ્રભુજી એ પ્રતિપાદન કર્યુ છે એ સ્વતંત્ર શરણમાર્ગનું સ્મરણ આપણે શ્રી સર્વોત્તમમાં કરીએ છીએ. તેથી શ્રીમહાપ્રભુજીએ શરણમાર્ગનું બીજું ઓપ્શન આપણને આપ્યું છે. તમને આ બંનેમાં એવું કેમ લાગી રહ્યુ છે કે સેવાનો માર્ગ અધિક ઉત્તમ છે અને કથાનો માર્ગ અધિક ઉત્તમ નથી ? શરણ માર્ગ અધિક ઉત્તમ નથી. ?

જો આપણાં લૌકિકમાં આપણાં બે દિકરા હોય, એક ડૉક્ટર હોય અને બીજો એન્જિનિયર હોય. તેમાં પહેલા ભેદ કરવાની શરૂઆત કરી દો. જો બાળકોમાં આવો સ્વભાવ ભેદ ના હોય, લૌકિકમાં આવો તફાવત ના કરી શકાય તો શું કામ અલૌકિકમાં - શરણમાર્ગમાં તફાવત કરવો પડે છે ? શા માટે શરણમાર્ગને હીન દ્રષ્ટિથી જોઈ રહ્યા છો ! એજ સમજાતું નથી. કંઠી દીક્ષા લીધી એને બ્રહ્મસંબંધથી હીન શા માટે સમજી રહ્યા છો ! તેજ સમજાતું નથી. આપણે બે કંઠી પહેરીએ છીએ એક શરણમાર્ગની દીક્ષા છે અને એક બ્રહ્મસંબંધ એટલે ભક્તિમાર્ગની દીક્ષા છે - એટલે આપણે બે કંઠી પહેરી રહ્યા છીએ. જેને સ્વતંત્ર રીતે જે માર્ગ પોતાના સ્વભાવથી અનુકૂળ આવતો હોય તેને તે માર્ગની દીક્ષા લેવી જોઈએ. એક માર્ગ સ્વીકારનારને માટે બીજા માર્ગની અનિવાર્યતા રહેતી નથી. શરણમાર્ગ પોતે એક સ્વતંત્ર વિકલ્પ છે. શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરવી પડી **સેવાયામ્ વા કથાયામ્ વા.** આ બીજી વાત કહેવા માટે બીજો વિકલ્પ બતાવવો હતો તેથી બે **‘વા’** આવ્યા. **સેવા અને કથા** એ ભક્તિમાર્ગ માટેનો રસ્તો છે. અને **કેવળ કથા** એ શરણમાર્ગ માટેનો રસ્તો છે. બંનેથી ભક્તિની સિદ્ધિ થશે અને તેથી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે :

> यावज्जीवं तस्य नाशो, न क्वापीति मतिर्मम
> (भक्तिवर्धिनी)

એનો નાશ નથી અને એના વિકાસની ગેરંટી શ્રીમહાપ્રભુજી આપી જ રહ્યા છે. તો પછી શું તકલીફ છે કે આપણે શરણમાર્ગ અને ભક્તિમાર્ગમાં તફાવત કરી રહ્યા છીએ ? મુદ્દો એ નથી કે આપણે શરણમાર્ગ કે પ્રપતિમાર્ગ કે ભક્તિમાર્ગ લીધો. મુદ્દો એ છે કે કૃષ્ણ તમારી જરૂરિયાત છે કે નહિ ? જો કૃષ્ણ તમારી જરૂરિયાત હોય તો બાલબોધની ભૂમિકા પહેલાં સમજી લો. મોક્ષની રેંજ શ્રીમહાપ્રભુજીએ તમને બતાવી છે. શાસ્ત્રમાં મોક્ષના પ્રકાર છે - એ તમે સમજી લો અને એ સમજ્યા બાદ આગળ વધવાનો પ્રયાસ કરો એટલે મોક્ષને સમજી લેવો ખૂબ જરૂરી છે કેમ કે મોક્ષ સિવાય બીજા કોઈ વિષયમાં શ્રીમહાપ્રભુજી આપણને ઉપદેશ આપવા માંગતા નથી.

શ્રીમહાપ્રભુજીને રસ છે માત્ર મોક્ષમાં

त्रिवर्गसाधकानीति, न तन्निर्णय उच्यते (बालबोध)

માત્ર ધર્મ, અર્થ અને કામની વાત જેમાં હોય તેમાં મને કોઈ રસ નથી. શ્રીમહાપ્રભુજીને તો રસ છે માત્ર મોક્ષમાં અને એ પણ મોક્ષના અસંખ્ય પ્રકારોમાં નહિ પણ કૃષ્ણના સ્વરૂપ સંબંધી મોક્ષ છે તેના માટે જ શ્રીમહાપ્રભુજી આપણને બતાવવા માંગે છે. તેથી આગળ બાલબોધ સાથે જ સિદ્ધાંત મુક્તાવલીમાં પણ વાક્ય ''સ્વ સિદ્ધાંત વિનિશ્ચયમ્'' આવ્યું છે. તેની અંતિમ કારિકામાં તમે જુઓ ''એતદ્ બુદ્ધવા વિમુચ્યેત, પુરૂષ: સર્વ સંશયાત.'' પાંચસો વર્ષ બાદ પણ આપણે સર્વ સંશયથી મુક્ત કેમ નથી થઈ શકતા ? મારી દીનતાપૂર્વક તમને વિજ્ઞપ્તિ છે કે પાંચસો વર્ષ પછી પણ શું આફત પડી રહી છે કે આપણે સંશયથી મુક્ત કેમ થઈ નથી રહ્યા ? મોક્ષ મળે કે ન મળે તે બાબતની ચર્ચા નથી પણ આપણે કેમ સંશયથી દૂર થયા નથી ?

સિદ્ધાંત મુક્તાવલીમાં ૨૧ જ શ્લોક છે. દરરોજ એક શ્લોકને સમજશો તો ૨૧મા દિવસે તો બધા સંશય દૂર થઈ જ જશે અને છતાં મહિનામાં નવ દિવસ તો બાકી રહેશે અને તે પહેલાં સિદ્ધાંત મુક્તાવલી પૂરી થઈ જશે. એ વાક્પતિની વાણી છે, બજારમાંથી ભાડૂતી લાવીને મૂકેલી વાણી નથી. એ વાણીમાં સ્પષ્ટ ઉદ્દઘોષ છે.

એતદ્દ બુદ્ધવા - આટલું જાણીને વિમુચ્યેતે પુરૂષ: સર્વ સંશયાત: (સિદ્ધાંત મુક્તાવલિ) આપણને તો પુષ્ટિમાર્ગમાં વધુને વધુ સંશય વધારે પ્રમાણમાં નડી રહ્યા છે.

સાક્ષાત ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિની વાત

પુષ્ટિમાર્ગના નામે આજે શું એડેપ્ટ કરવું જોઈએ અને શું એક્સેપ્ટ ન કરવું તે ભેદ પણ ખોવાઈ ગયા છે. તેથી એક વાત સમજી લેજો કે જ્યાં સાક્ષાત ભગવત્ પ્રાપ્તિની, સાક્ષાત ભગવત્ સ્વરૂપ પ્રાપ્તિની વાત ન આવતી હોય એ બધુંજ - સમજો કે ન સમજો પણ પુષ્ટિમાર્ગના એકાઉન્ટમાંથી બાદ કરી નાંખજો. જ્યાં સાક્ષાત ભગવત્ સ્વરૂપ પ્રાપ્તિની વાત આવતી હોય એ પુષ્ટિમાર્ગમાં ગણી લેજો, આ એક ફોર્મ્યુલા તમે સ્વીકારી લેજો. શ્રીમહાપ્રભુજીની વાણીના આધારે આની સ્પષ્ટતા તમે આજે કરી લેજો. જ્યાં ભગવત્ સ્વરૂપ પ્રાપ્તિની વાત કે તેની પ્રાપ્તિની ઝંખનાની વાત ન હોય તે બધું જ પુષ્ટિમાર્ગમાંથી બાકાત છે. તેથી પુષ્ટિમાર્ગના નામે ચાલતી ઘણી બધી સંસ્થાઓને આજે ૨૫ વર્ષથી કહી રહ્યો છું કે કમસે કમ એક ઉદ્દઘોષણા કરીને બતાવો કે તમે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતમાં જ વિશ્વાસ રાખો છો અને બાકીની બધી જ અગડમ્ બગડમ્ વાત છોડી દો. જે પણ કાંઈ વાતો કરી રહ્યા છો તે સામાજિક સંસ્થાના નામે બતાવો, પુષ્ટિમાર્ગના નામે એ સંસ્થા ચલાવવી છે તો માત્ર ભગવત્ સ્વરૂપની વાત કરો. માત્ર શ્રીમહાપ્રભુજીની વાણીની વાત કરો અને માત્ર શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતની વાત કરો. જે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય નામ રાખવા હોય તે રાખો. જે પણ અગડમ્ બગડમ્ કહેવું હોય, કરવું હોય તે શ્રીમહાપ્રભુજીના નામ પર નહિ પણ સામાજીક સંસ્થાના નામ પર કહો. જો પુષ્ટિમાર્ગની વાત છે તો શ્રીમહાપ્રભુજી સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી. આની ઉદ્દઘોષણા હિંમત અને સાહસથી થવી જોઈએ. જગતમાં માનવસેવા કરવી, સમાજસેવા કરવી, જગતમાં એકબીજાનું હિત કરવું વગેરે ઉત્તમમાં ઉત્તમ કાર્ય છે. આ બધાં કાર્યો માટે બધા જ વ્યક્તિઓને વ્યક્તિદીઠ ધન્યવાદ આપવા માટે હું તૈયાર છું. પરંતુ એ બધા કાર્યો સત્કાર્ય કહેવાશે, ઉત્તમ કાર્ય કહેવાશે, શ્રેષ્ઠ કાર્ય કહેવાશે, સહયોગનાં કાર્યો કહેવાશે પણ એને **મહેરબાની કરીને પુષ્ટિમાર્ગનું નામ ન આપો,** એ પુષ્ટિમાર્ગ નથી. પુષ્ટિમાર્ગના નામે તમે લોકોને ઊંધા રવાડે ન ચઢાવો. પુષ્ટિમાર્ગ શું છે તે લોકો સમક્ષ સ્પષ્ટ રીતે ઉદ્દઘોષ કરો. પુષ્ટિમાર્ગમાં તમે ગમે તે રીતે બધી બાબતનો સમાવેશ ન જ કરી શકો અને બીજો એક મુદ્દો પણ સ્પષ્ટ કરી લેજો કે જે લોકો આજે પુષ્ટિમાર્ગને વિશ્વધર્મ બતાવી રહ્યા છે તે પણ લોકોની સામે અસત્ય બોલી રહ્યા છે. જગતનો કોઈજ ધર્મ વિશ્વધર્મ નથી કેમ કે જગતનો કોઈપણ માનવ વિશ્વમાનવ નથી. વિશ્વમાનવ છે તો તે એકજ છે કે જે

વિશ્વમાનવ જોઈને અર્જુન જેવા મહારથીને, વિશ્વરૂપે જોઈને પરસેવા છૂટી ગયો. એવા વિશ્વમાનવ થવાનું સામર્થ્ય કોઈનામાં હોય તો તે મને દર્શન કરાવે. હું દેવકીનન્દન તેવાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીશ અને તેના મોઢે હું સ્વીકારી લઈશ કે તું જે કહી રહ્યો છે તે ખરેખર વિશ્વધર્મ આ જ છે.

વિશ્વધર્મ

વિશ્વધર્મ કોઈપણ ન હોઈ શકે, મનુષ્યો અનેક સ્વભાવ અધિકાર ભેદવાળા છે અને તેથી સ્વભાવભેદને અનુરૂપ અનેક ધર્મના પ્રકારો છે અને તે ધર્મના પ્રકારો તમારા ભારતવર્ષનો ઈતિહાસ કહી રહ્યો છે. તેથી શ્રીશંકરાચાર્ય પણ અવતાર છે, તેથી શ્રીમધવાચાર્ય પણ અવતાર છે, તેથી શ્રીરામાનુજાચાર્ય પણ અવતાર છે. શ્રીમહાપ્રભુજી સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમનો અવતાર છે, તેની પ્રતિતી પુષ્ટિમાર્ગીઓને છે, તેની પ્રતિતી બહારના લોકોને નથી. બહારના લોકો માટે તો માત્ર એ આચાર્ય છે, અને તેથી હું તમને પૂછવા માંગુ છું કે સર્વોત્તમનો જ્યારે પાઠ કરો છો ત્યારે ''મોહિતાસુર માનુષ:'' એ નામને તમે રાખવા માંગતા હોય તો રાખો અને કાઢવા માંગતા હોય તો કાઢી દેશો ખરા ? શું મતલબ છે એનો ? આખો શ્લોક જુઓ -

प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः (सर्वोत्तम स्तोत्रम्)

શ્રીમહાપ્રભુજીને એક મહાપુરૂષ તરીકે કોણ ગણે છે ? અસુર લોકો કે મનુષ્યો ? જે દૈવી જીવો છે તે તેમને મહાપુરૂષ તરીકે નહી પરંતુ સાક્ષાત પૂર્ણ પુરૂષોત્તમના રૂપમાં જ જુએ છે.

હું વિશ્વધર્મના ઠેકેદારોને પુછું છું કે જો એવું હોય તો પછી બધા વિશ્વમાનવોને એવો મોહ કેમ થઈ રહ્યો છે ? શ્રીમહાપ્રભુજી તેમને પણ પૂર્ણ પુરૂષોત્તમ કેમ નથી જણાઈ રહ્યા ? અને શ્રીગુંસાઈજીની વાણીમાં એ લોકો કેમ કરેકશન નથી કરતા ? શ્રીમહાપ્રભુજીની વાણીમાં તથા શ્રીગુંસાઈજીની વાણીમાં કરેકશન કરો અને ત્યાંથી મોહિતાસુર માનુષઃ ને હટાવી દો. આવી વિશ્વધર્મની ભ્રમણાને દૂર કરી લેજો. **પુષ્ટિમાર્ગ તો પુષ્ટિમાર્ગીઓ માટે જ છે. પુષ્ટિમાર્ગ એ વિશ્વ માટે નથી.** વિશ્વના બધા લોકો માટે નથી. જુઓ અહીંયા આચાર્ય શ્રીહરિરાયજી શું કહી રહ્યા છે ? શ્રીહરીરાયજી યમુનાષ્ટકની વિવૃત્તિમાં આજ્ઞા કરી રહ્યા છે -

विश्वोद्धारार्थमेव आविर्भूतवृंदावनप्रियाः

તેઓ અહીંયા આજ્ઞા આપે છે કે વિશ્વ શબ્દને સંકુચિત વૃત્તિથી સમજો. આ વિશ્વ જગત નથી પરંતુ પુષ્ટિમાર્ગીય લોકોનું વિશ્વ છે. તેથી આ ઉભય પ્રકારના લોકોને કહો કે અમને ભટકાવો નહી. અમને શ્રીમહાપ્રભુજીના માર્ગે જવા દો. એટલું સાહસ કેળવો, એટલું નૈતિક બળ તમારી અંદર રાખો કે શ્રીમહાપ્રભુજીના વંશનો બાળક બેઠો હોય તો તેને પણ કહો કે મહારાજ તમારી આવી અગડમ બગડમ વાત નહિ પરંતુ અમે તો શ્રીમહાપ્રભુજીની વાણી તમારી પાસેથી સાંભળવા માટે આવ્યા છીએ. એ વાત કહેવાનું સાહસ કેળવો. એ સાહસ નહિ કેળવો તો અત્યારે જે માર્ગની દશા થઈ રહી છે, જે અત્યંત શોચનીય દશા છે - તેનો જરાક વિચાર કરજો. આ ચર્ચા આપણો મુખ્ય મુદ્દો નથી પણ આ પ્રાસંગિક ચર્ચા છે.

મોક્ષ આપણી જરૂરિયાત છે કે નહિ ?

મુખ્ય ચર્ચા એ છે કે, ‘‘મોક્ષ આપણી જરૂરિયાત છે કે નહિ ? ’’ જો મોક્ષ આપણી જરૂરિયાત હોય તો તેનો નિર્ધાર કરજો અને તો જ આ પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ, - આ ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને સુખ પ્રાપ્તિ અને દુ:ખભાવની ચર્ચા આગળ વધશે. નહી તો હું તમને પૂછુ છું કે મને એવી જગ્યાએ લઈ ચાલો તમે કે જ્યાં તમારા લૌકીક સુખ પછી દુ:ખ આવતું ન હોય ! એવી એ યાત્રામાં હું તમારું અનુકરણ કરવા તૈયાર છું. પણ મને એ વાતની ખાત્રી આપજો કે ત્યાં ગયા બાદ સુખ પ્રાપ્તિ પછી દુ:ખ આવવાનું નથી.

જે સુખ શાશ્વત છે, જે સુખ નિત્ય છે-તેની વાત શ્રીમહાપ્રભુજી કરી રહ્યા છે. જે સુખ શાશ્વત છે-તેનું જ બીજું નામ છે મોક્ષ અને એ મોક્ષનો પરિચય આપનાર શાસ્ત્રનું જ નામ છે-વેદ, સ્મૃતિ, પુરાણ. આ ત્રણેય પ્રમાણથી જો કોઈ વાત જાણવી છે-તો તે મોક્ષની વાત જાણવી છે, બીજી કશીય જાણવી નથી.

પ્રતિકાત્મકતા

આધુનિક યુગમાં મોમીન કરીને બહુ મોટા એક શાયર થઈ ગયા. તે તેમનો એક સુંદર શેર કહે છે :

‘‘જો હમમેં તુમમેં કરાર થા, તુમહે યાદ હોં કે ન યાદ હો
વો કે યામે વાદા નિર્વાહ કા, તુમહે યાદ હો કે ન યાદ હો.’’

એવું કોઈવાર પરમાત્મા આપણને પૂછવા માંગે છે - ''જો હમમેં તુમમેં કરાર થા તુમ્હે યાદ હો કે ન યાદ હો.'' ઘણી બધી કવિતાઓ, ઘણી બધી વાર્તાઓ, ઘણા બધા ઉપન્યાસો, ઘણા બધી ફિલ્મો, ઘણા બધાં નાટકો વગેરેમાં ઘણા બધાં ડીપ્રેશન પછી ફરી એ સ્ટેજ કલ્ચરમાં આવી રહ્યું છે. એ દરેકમાં એક શબ્દ છે પેરાડીમ Paradigm 'પ્રતિકાત્મકતા' તે સામાન્ય હોય છે. પ્રતિકાત્મકતા, બરાબરને ? એટલે કોઈપણ એક પ્રતિકાત્મક વસ્તુનો નિર્ધાર કરવો. કોઈ એક માધ્યમથી બીજી વાતને સમજાવવી. એક ઉદાહરણ લઈએ, આપણે કોઈને કહીએ કે કાંઈક કોંક્રિટ વાત કરો. કંઈક કોંક્રિટ પ્લાન મૂકો, એવું કંઈક કહીએ છીએ. કંઈક અદ્ધર અદ્ધર વાત ન કરો એમ કહીએ છીએ. એ કોંક્રિટ શબ્દ ક્યાંનો છે તમે કહેશો ખરા ? એ કોંક્રિટ શબ્દ અંગ્રેજીનો છે. તે ક્યાંનો છે ? એ કન્સ્ટ્રક્શન લાઈનનો છે. ત્યાં કોંક્રિટ હોય છે. વાતોમાં કંઈ કોંક્રિટ હોતું નથી. કોંક્રિટ એટલે જે મજબુત વાત હોય, જેનો પાયો મજબુત હોય, પાયાની વાત હોય, ઠોસ બાબત હોય એટલે કોંક્રિટ શબ્દને કન્સ્ટ્રક્શનની લાઈનમાંથી લઈને સમજાવવા માટે પ્રયત્ન કર્યો. એ કોંક્રિટ શબ્દ Paradigm પ્રતિકાત્મક બની ગયો. એવી રીતે કવિતા, વાર્તા, નવલકથા, ફિલ્મ-પ્રતિકાત્મક આવે છે. એમાં સ્ટોરી કંઈ જુદી ચાલતી હોય અને અર્થ કંઈ જુદો જ નીકળતો હોય આવો પરિચય બધાને હશે જ.

આ વાત વધારે સારી રીતે પંચતંત્રની વાતોથી સમજી શકાશે. તેમાં જે વાર્તાઓનાં પાત્રો છે તે પ્રાણીઓ અને પક્ષીઓ છે અને તેઓ જ તે વાર્તામાં બોલે છે, તે વાસ્તવમાં બોલે છે ખરાં ? બહાર તો નથી બોલતાંને ? એનું જ નામ છે Paradigm-પ્રતિકાત્મકતા. એ વાર્તાઓમાંથી આપણે શું શીખએ છીએ ? ''ધી મોરલ ઓફ ધી સ્ટોરી'' અર્થાત્ એ વાર્તામાંથી આપણને શું શીખ મળી ? એમાંથી શું નીતિ આપણે જાણી ? જીવનનો વ્યવહાર કેવી રીતે શીખવો-એ વિષ્ણુ શર્મા જેવા મહાપુરૂષ હતા તેમણે પંચતંત્ર દ્વારા આપણને બતાવ્યું છે. વિષ્ણુ શર્માએ પંચતંત્ર લખીને પોતાનો પરિચય પણ આપ્યો નથી. એ જ ભારતવર્ષના ઈતિહાસની મહાનતા છે. આજનો અંગ્રેજી સંસ્કૃતિનો માણસ એક અડધું પાનું લખશેને તો પણ પોતાનું નામ બોલ્ડ અક્ષરોમાં લખાવશે, કેમ કે ત્યાં જે છે તે અહમ્‌ની બોલબાલા છે. ભારતીય સંસ્કૃતિ એવી વ્યાપક્તા શીખવી રહી છે કે તમે તમારી જાતને- અણુંને અનંતમાં મેળવી દો. એ અહમ્ તોડવાની જે સંસ્કૃતિ છે તે ભારતીય સંસ્કૃતિ છે. પંચતંત્રના રચઈતા વિષ્ણુ શર્મા, રાજાના દિકરાઓને એ મહાપંડિત બનાવી દે

છે, પરંતુ પોતાનો આત્મપરિચય નથી આપતો કે કયા ગામનો હતો, કયા પ્રાંતનો હતો. આજે પણ દુનિયાભરના વિદ્વાનો એ તપાસ કરીને થાકી ગયા પણ જાણી શક્યા નથી કે વિષ્ણુ શર્મા કયા પ્રાંતનો હતો. અંદાજ લગાડે છે કે ક્યાંનો હોઈ શકે ! એ વિષ્ણુ શર્મા આપણે પશુઓના મોઢેથી સમજાવી રહ્યા છે કે What is the moral of the story ? -આપણે જીવન કેવી રીતે જીવવું જોઈએ ? જીવન જીવવાની કળા - આખું એ Art of living આપણને પંચતંત્ર શીખવી રહ્યું છે. ભારતવર્ષનો એ મહાન ગ્રંથ છે કે જે માનવ વર્ષના ઈતિહાસમાં કદીએ વિસ્મૃત નહીં થાય.

વેદશાસ્ત્રની વાત કલ્પિત વાર્તા નથી.

આવી જ સત્યકથાઓ આપણે ત્યાં પુરાણોમાં કહેવામાં આવી છે, જે સત્ય ઘટનાઓ છે. તે કલ્પમાં થઈ ગઈ છે. કલ્પની ગણના આપણને ખ્યાલમાં નહિ આવે. બ્રહ્માનો એક દિવસ અબજો કરોડો વર્ષેનો થાય. એને કલ્પ કહેવાય એવા મોટા મોટા દિવસો બ્રહ્મા હજારો કરોડો વર્ષોના હોય છે. કલ્પભેદથી પુરાણમાં જે કાંઈ ઘટના ઘટી રહી છે, તે દર્શાવામાં આવી રહી છે. અત્યારે આપણે બધાને આને સ્વીકારવાની બાબતમાં જ સવાલ કેમ ઉભા થઈ રહ્યા છે ? આ અત્યારનું વિજ્ઞાન નથી. વિજ્ઞાન જો વાસ્તવ છે, તો તે વેદશાસ્ત્ર પણ એટલા જ વાસ્તવિક છે. હું વેદશાસ્ત્રોને આજના વિજ્ઞાનના મોહતાજ માનતો નથી. ક્વોન્ટમ ફીઝીક્સની આઈન્સ્ટાઈનની વાતોથી તેમના ભૌતિક શાસ્ત્રીઓ સાથે ચર્ચા કરવા પણ હું તૈયાર છું. આ બધાથી તે નક્કી થઈ શકે કે પુરાણોમાં જે કહેવાયેલી બાબતો છે તે કપોળ કલ્પિત વાતો - કહેવાયેલી વાતો નથી - તે દંતકથાઓ નથી. હમણાં જ થોડા સમય પહેલાં જ મૃત્યુ પામ્યા તે અમેરિકાના વૈજ્ઞાનિક કાર્લસાગાની વાત તમને કહું કે તે કાર્લસાગાએ અમેરિકામાં એક પ્રોજેક્ટ તૈયાર કર્યો. આ પ્રોજેક્ટ પાછળ અમેરિકન સરકાર બીલીયન અને બીલીયન ડોલરનો ખર્ચ કરે. તેમાં એવું હતું કે કાર્લસાગા એવા સિગ્નલ અવકાશના રીમોટ એરીયામાં મોકલે અને જો ત્યાં કોઈ પણ પ્રકારનું જીવન હોય તો તેને આ સંકેત મળે અને તે જીવન ફરી પાછા સંકેત આપણને મોકલે. આવી એક થીયરી મૂકીને પ્રયોગ ચાલુ કર્યો. તેની પાછળ ઘણા બધા પૈસા, અબજો રૂપિયા ખર્ચે છે. ઘણી બધી માનવ શક્તિ કામે લાગી હતી. મારો આજના બુદ્ધિજીવીઓને સવાલ એ છે કે જો આ એક પરિકલ્પના સ્વીકારવી શકય હોય તો, કલ્પમાં ઘટતી થયેલ મારા પુરાણની કથાને સ્વીકારવામાં તેમને શું નડી રહ્યું છે ? તેજ મને સમજાતું નથી. તેનું જ મને આશ્ચર્ય છે. આ માત્ર

આધુનિક વાત કરી તેનું તાત્પર્ય તેટલુ જ કે વેદશાસ્ત્રની વાત કલ્પિત વાત નથી. તે સત્ય છે. પુરાણોની જે કથા છે તે કલ્પ કલ્પાંતરમાં બનેલી એવી ઘટનાઓ છે કે જેમાંથી મેઈન ઘટનાઓનું સંકલન શ્રી વ્યાસે પોતાના અખંડ બુદ્ધિ વૈભવથી અને પોતાના અલૌકિક સામર્થ્યથી પુરાણોના રૂપમાં આપણને સંકલિત કરીને આપી દીધું છે. જેને બીજા શબ્દોમાં કહું તો રમતગમતના દિવસના અંતે Highlight આપણને ટીવી પર બતાવવામાં આવે છે તેવી રીતે આ અનંત સૃષ્ટિને, આ અનંત કાળમાં જે જગતનું સર્જન થયું છે, તેમાં કલ્પ કલ્પાંતરમાં જે જે જીવનના પ્રકારો ઘટિત થયા છે તે જીવનના પ્રકારોમાંથી Highlights લઈને તેની મુખ્ય ઘટનાઓ લઈને જે સંકલન કરવામાં આવ્યું છે તે સંકલન આપણને પુરાણોના રૂપમાં પ્રાપ્ત થયું છે અને એ જુદા જુદા કલ્પ ભેદથી છે, જુદા જુદા મતલબથી છે - તેથી તે દરેકનાં નામ અલગ અલગ છે. કોઈકનું નામ છે પદ્મપુરાણ, તો કોઈકનું વિષ્ણુપુરાણ નામ છે, તો કોઈક અગ્નિ પુરાણ છે, કોઈક સ્કંધ પુરાણ છે, કોઈક બ્રહ્માંડ પુરાણ છે વગેરે વગેરે. આ જે નામ છે તે દરેકનો મતલબ છે - તેમાં રહેલી કથાઓ આપણને વેદશાસ્ત્રનાં કોઈને કોઈ સત્ય બતાવવા માંગે છે. જેમ પશુઓના મુખથી વિષ્ણુશર્મા આપણને જીવનના વ્યવહાર માટે જાતિની વાત શીખવવા માંગે છે. તેમ આપણા જીવનનો વ્યવહાર નહીં પણ પારમાર્થિક સત્ય, જે સત્ય ખરેખર આપણને સતત અને શાશ્વત સુખ તરફ લઈ જનારૂં છે તેવું સુખ સમજાવવા માટે, તેવા સત્યની ઝીણવટ સમજાવવા માટે અનેક ઘટનાઓથી, જે સત્ય હકીકત સમજાવવામાં આવી રહી છે તે હકીકતનું જ બીજું નામ છે પુરાણ. પુરાણ એ દંતકથાઓ નથી. પરંતુ આપણા અલૌકિક જીવનની ઝીણવટને સમજાવનારી જુદી જુદી કથાઓ છે. વૈજ્ઞાનિકો જ્યારે ડાયનાસોરની કથા બતાવે છે ત્યારે આપણે બહુજ સીધેસીધો વિશ્વાસ કરી લઈએ છીએ પણ જ્યારે પુરાણો કહે છે કે ભીમસેનમાં આટલું સામર્થ્ય હતું, તો આપણને પ્રશ્ન ચિહ્ન થાય છે કે આવું શક્ય હોઈ શકે ખરું ? અરે, આજથી કરોડો વર્ષ પહેલાં ડાયનાસોર હોઈ શકે ? એક બીજી વાત, ડાયનાસોર છે, તે પહેલાં જળચરમાંથી પક્ષી અને પક્ષીમાંથી થળચર થયા છે. આવાં બધાં આશ્ચર્ય વિજ્ઞાન જો આપણે સમજાવી શકે તો આપણા શાસ્ત્રોની કથાઓ છે તેમાં તેની અભિવ્યક્તિની સમજમાં પ્રશ્ન શા માટે ? આ બધાં કારણો સમજાવવાનો પ્રયત્ન એટલો જ છે કે પુરાણ પણ આપણને સત્ય બતાવી રહ્યા છે. એ પુરાણ કઈ દંતકથા નથી. વેદની જે વાતો સામાન્ય રીતે આપણી સમજમાં આવતી નથી, જે વાત આપણને સીધેસીધી સમજાવવામાં આવે તો ઓછી સમજાય

પરંતુ પશુઓની કહાનીથી પ્રતિકાત્મક રીતે સમજાવવામાં આવે તો બહુ સ્પષ્ટ રીતે સમજી જવાય છે. એવીજ રીતે વેદના જે સિદ્ધાંતો છે, જે માનવની બુદ્ધિ સહજતાથી નથી સમજી શકતા તે બાબતો પુરાણોના માધ્યમથી, કથાઓ દ્વારા, વેદના સિદ્ધાંતો દ્વારા સમજાવવામાં આવે છે. એ વેદ, સ્મૃતિ, પુરાણ પુષ્ટિમાર્ગીય લોકોને એવું જણાવી રહ્યા છે કે **કૃષ્ણ સિવાય કોઈ ઝંખના રાખશો તો તમે પુષ્ટિમાર્ગીય નથી. કૃષ્ણની માત્ર ઝંખના રાખશો તો તમે પુષ્ટિમાર્ગીય છો.**

સવાલ જો પ્રમાણનો છે તો એ ત્રણ જગ્યાએથી આવી રહ્યો છે. શ્રુતિથી, સ્મૃતિથી અને પુરાણથી. આ ત્રણેય જગ્યાએથી જે વાત કહેવામાં આવી રહી છે, તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચારની વાત કહેવામાં આવી છે. પરંતુ તે બધામાં મહત્વનો મુદ્દો **મોક્ષ** છે. ધર્મ, અર્થ અને કામ, જો મોક્ષ સાથે ન જોડાઈ જાય તો એ ત્રિવર્ગ આપનારા થઈ જાય છે અને જે વસ્તુ આપણને ત્રિવર્ગ આપનારી થઈ જાય તો શ્રીમહાપ્રભુજી કહે છે તેમાં મને રસ નથી, તેની સાથે મને નિસ્બત નથી. જો શ્રીમહાપ્રભુજી સાથે ચાલવું હોય તો આપણને ત્રિવર્ગથી ઉપર ઉઠવું પડશે અને જો એવો નિર્ણય નહીં કરી શકીએ તો શ્રીમહાપ્રભુજીની સાથે આપણે નહીં ચાલી શકીએ - આ વાતનો પૂર્ણ નિર્ધાર કરી લેજો.

◆

પરમાત્મા શ્રીઅનંત કોટિ બ્રહ્માંડનું
પોતાની ઈચ્છાથી સંચાલન કરે છે,
તે પરમાત્મા શ્રીકૃષ્ણ
તે અસંખ્ય શ્રીસ્વામીનીઓને
તેમના પરમપલ્લવ પ્રદાન કરવામાં
સમર્થ નહોતા કે હતા ?
બતાવો મને.
તો પછી એને એટલાં રૂપ
શા માટે ધારણ કરવાં પડ્યાં ?
કેમ કે દરેક સ્વામીનીઓનો
સ્વભાવ કંઈક જુદો હતો
અને એ સ્વભાવ પ્રમાણે
એ ફળ મળે તો જ
પુષ્ટિમાર્ગની પૂર્ણાહુતિ થાય.

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

સ્વભાવ અધિકાર ભેદ

૪૮° કે ૪૯° સે. ગરમી હોય અને ઓફીસમાં સાહબે બેઠા હોય, એ.સી. ચાલુ હોય અને બહાર તે જ ૪૮° કે ૪૯° સે. ગરમી માં પટાવાળો કદાચ પંખા વગર પણ બેઠા હોય તે બંનેની જાતિ પૂછજો. કદાચ બંને એક જ હોય. પરંતુ જે એ.સી. ચેમ્બરમાં બેઠા છે તેને તે તેની યોગ્યતાના આધારે ત્યાં બેઠા છે અને જે બહાર પટાવાળો છે તે તેની એવી યોગ્યતા ધરાવતો નથી. તેથી તેણે પટાવાળા તરીકે સ્થાન મેળવેલ છે. આપણી અત્યારની સભ્યતાએ બ્રાહ્મણ અને શુદ્ર ને ક્યાં લાવી ને મૂકી દીધા તે તમે જ જોઈ લો. આ ઝઘડાનું જડ તે નથી, ઝઘડાનું જડ આપણી સ્વાર્થ અંધતા છે. આજે પણ તમે અગમ્ય જગ્યાએ જઈને તમારા દેશની જે રક્ષા કરી રહ્યા છે, તેમની અંદરનું સાહસ આજે પણ તેઓનું ક્ષત્રિયપણું બતાવી રહ્યું છે. એ અંદરના જે મેરીટ છે - તેમનું જે આત્મબળ છે તે - અભિવ્યક્તિની અંદરનો પ્રકાર છે તે જ ક્ષત્રિય છે. માત્ર જન્મના સહી સિક્કા અહીં કામ લાગતા નથી. અંદરની અભિવ્યક્તિ જ માનવી ને બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય કે શુદ્ર બનાવે છે. તેથી શ્રીમહાપ્રભુજી બતાવે છે કે બ્રાહ્મણ પણ એક દેવતા છે. જે સંસ્કારથી સ્થિર થાય છે અને સંસ્કાર જ્યારે નથી રહેતા, જ્યારે સંસ્કાર તિરોહીત થઈ જાય છે ત્યારે તે બ્રાહ્મણત્વ, તે દેવતા પણ ત્યાંથી તિરોહીત થઈ જાયછે. આવી રીતે ક્ષત્રિય પણ એક દેવતા છે. આવી રીતે વૈશ્ય પણ એક દેવતા છે. શુદ્ર પણ એક દેવતા છે. એ દેવતાનું આધાન મનુષ્યની યોગ્યતાના આધારે થાય છે અને યોગ્યતાના અભાવમાં તિરોધાન થઈ જાય છે, આ ભારતીય સંસ્કૃતિનું મૂળ છે. એ ભારતીય સંસ્કૃતિને અત્યારે જથ્થાબંધ ગાળો મળી રહી છે, કેમ કે આપણને એ અંગ્રેજોની ગુલામ સંસ્કૃતિનો એવો ભયાનક મોહ બતાવવામાં આવી રહ્યો છે, કે આપણે બધું જ ગુમાવી બેઠા છીએ. આપણે એ જ શીખ્યા છીએ કે આપણી બધી વસ્તુઓ ખોટી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર-ખોટા. ધર્મ, અર્થ, કામ, મોક્ષ-ખોટા. પ્રમાણ, પ્રમેય, સાધન, ફળ-ખોટાં. આવા વિવાદ હોઈ જ કેમ શકે ? એમના ત્યાં સાઈકોલોજીકલ ટાઈપોલોજી હોઈ શકે. તેમના ત્યાં સ્વભાવ ભેદ હોઈ શકે તો આપણે ત્યાં પુષ્ટિ, પ્રવાહ, મર્યાદાના ભેદ ના હોઈ શકે ? આ ક્યાં નો ન્યાય છે ? તેનો વિચાર કરો. તેથી, જગતમાં આ ત્રણ સ્વભાવવાળા લોકો છે જે આજે પણ તિરોહીત નથી થયા.

કર્મ માર્ગ

થોડા સમય પહેલાં મારે ગુજરાતમેલમાં અમદાવાદથી મુંબઈ જવાનું થયું. મારી સામેની બર્થ પર એક મહાનુભાવ બિરાજ્યા હતા, સામે એક વૈષ્ણવ પણ હતા. તે વૈષ્ણવે પેલા મહાપુરૂષને મારો પરિચય કરાવ્યો. મહાપુરૂષે વાત કરવાની શરૂઆત કરી. નડિયાદ આવતા સુધીમાં તો તેઓ મારી સીટ પર આવીને બેસી ગયા અને થોડી થોડી વારે કહે કે બાવાશ્રી પુષ્ટિમાર્ગ માટે શું કરવું જોઈએ? તમારે બાવાશ્રી, દરેક જગ્યાએ જઈને પ્રચાર-પ્રસાર કરવો જોઈએ અને પુષ્ટિમાર્ગ માટે કશુંક કરવું જોઈએ, નહિ તો પુષ્ટિમાર્ગની દશા ખલાસ થઈ જશે. દરેક પાંચ મિનીટ વાત થાય અને મને ધબ્બો મારીને કહે કે કંઈક કરો, કંઈક કરો. આજે કંઈક કરો, કંઈક કરોની ઝંખના છે ને તે જે કર્મમાર્ગની ઝંખના બતાવે છે. તેનું જ નામ કર્મ. બીજા બધા ધર્મોમાં આવું થઈ રહ્યું છે તો આપણે ત્યાં પણ કંઈક કરો. કંઈક કરવાની આવી જ ઝંખના પ્રાચીન કાળમાં વૈદિક કર્મ કરનારાઓની હતી. જે કર્મ સિવાય દુનિયાને કશું આગળ સમજી ન શક્યા. માત્ર જડ થઈને મરી ગયા. આ જ વેદનું રહસ્ય છે, અને તેથી જ શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરે છે કે માત્ર કર્મને કર્મ-જડતાની બુદ્ધિથી કરનારને-ભૌતિકતા હોવાના કારણે, એ આધિભૌતિક હોવાના કારણે એને મોક્ષ મળતો નથી. એવી સ્પષ્ટ આજ્ઞા શ્રીમહાપ્રભુજી કરે છે. આ જ કર્મ માર્ગ છે.

જ્ઞાન માર્ગ

આજે પણ આપણાં સમાજમાંથી કોઈનો છોકરો, કોઈનો ભાઈ, કોઈનો પતિ, કોઈનું કોઈ સંબંધી એવા જરૂર હશે કે જે ૧૮-૧૯ કલાક રીસર્ચ લેબમાં માઈક્રોસ્કોપ પર કામ કરતા હશે. જે આવું કામ કરે છે સમજી લો. તેઓ જ્ઞાન માર્ગીય છે. કારણ તેને કશુંક જાણવાની જિજ્ઞાસા છે, તેને કશુંક જાણવાની ઝંખના છે, એને કશુંક જાણવાની બેચેની છે-કે કંઈક જાણી લઈએ.

આજે જે સ્પેશીયાલીસ્ટો આવી રહ્યા છે માત્ર નામ નહિ, પણ કામથી પણ સ્પેશીયાલીસ્ટ બની જાય છે અને હજારોના જીવનને બચાવનારાઓને ''કરો એહતરામ ઉનકી દિવાનગીકા'', તેઓને ધન્યવાદ આપો, કેમ કે તેઓ માનવતાના જ્ઞાની સપૂત છે. જે રીસર્ચ લેબમાં બેસીને પોતાના જીવનની ક્રિયામાં પોતાના મહત્વપૂર્ણ સમયનું દાન કરી દે છે, ફક્ત માનવતાના માટે, તે જ લોકો જ્ઞાન માર્ગી છે.

એવો જ જ્ઞાનમાર્ગનો સ્વભાવ એ ઋષિઓનો હતો-જે અરણ્યમાં બેસીને, જંગલમાં બેસીને-બ્રહ્મની ઉપાસના કરીને, બ્રહ્મત્વને ખોજવાનું, શોધવાનું કાર્ય કરતાં હતા. જેના કારણે આપણને વૈદિક સાહિત્યમાં ''આરણ્યક'' ગ્રંથ પ્રાપ્ત થયા છે. વેદના ચાર ભાગ છે. ૧. સંહિતા ભાગ ૨. બ્રાહ્મણ ભાગ ૩. આરણ્યક ભાગ અને ૪. ઉપનિષદ અથવા વેદાંત. તેથી તે વ્યક્તિ આજે પણ તેમાં જ ખોવાયેલી છે. સવાલ એટલો જ છે કે તેઓના પ્રોફેશન બદલાઈ ગયેલ છે, તેઓની દિશા બદલાઈ ગઈ છે.

વિરેન્દ્ર મિશ્ર રાષ્ટ્રના બહુ મોટા કવિ હતા. તેમની એક કવિતાની બે પંક્તિ-

''पालखी उलटी दिशाको जा रही है
मैं कहारोंको बदलना चाहता हुं''

આજે મંદિરોની ચર્ચામાં મારી આજ વાત છે કે મને પાલખીથી કોઈ તકલીફ નથી. પરંતુ મને પણ, પાલખીને ઉઠાવવાવાળા લોકો છે તેમનાથી મને તકલીફ છે કારણ કે એ એને ઉલટી દિશામાં લઈ જઈ રહ્યા છે.

પુષ્ટિમાર્ગની પાલખીથી મને કોઈજ તકલીફ નથી. કારણ મારા જીવનનું સાચું લક્ષ્ય તે જ છે. પરંતુ પુષ્ટિમાર્ગની પાલખી ઉઠાવવાવાળાઓથી મને બહુ તકલીફ છે અને જીવનના અંતિમ શ્વાસ સુધી શ્રીમહાપ્રભુજીનો આ બેટો, શ્રીદાદાજીનો આ પુત્ર, એવા લોકો સાથે ઝઝૂમતો જ રહેવાનો છે. સંઘર્ષ કરતો રહેવાનો છે.

દિશા બદલાઈ ગઈ છે પણ પ્રવૃત્તિ, વૃત્તિ, મનુષ્યનો સ્વભાવ બદલાઈ ગયા નથી. એક વર્ગ તમને કર્મમાર્ગ બતાવવાવાળો મળશે તો બીજો એક વર્ગ તમને જ્ઞાનમાર્ગવાળો પણ મળશે. અલબત્ત કર્મમાર્ગમાં તમને ૧૦૦ દાખલા મળશે, જ્યારે જ્ઞાનમાર્ગના બે વિરલા તમને મળશે. આટલી સરખામણી તો તમારે કરવી જ પડશે. નહિ કરો તો, વિદ્વાન અને સામાન્યજન વચ્ચે તફાવત તમે નહિ કરી શકો.

ભક્તિમાર્ગ

ત્રીજો એક વર્ગ હજી હોય છે-કે જેના સ્વભાવમાં પ્રેમ રહેલો હોય છે. એ પ્રેમ ગમે ત્યાં અભિવ્યક્ત થાય. તે પશુઓના સંરક્ષણમાં થાય તો એ પશુઓના સંરક્ષણમાં જોડાઈ જશે, એ પર્યાવરણવાદી થઈ જશે, પ્રકૃતિને બચાવો, પર્યાવરણને

બચાવો, એવી એ કંઈક બીજી પ્રવૃતિમાં જોડાશે. અલબત એમાં ક્રિયાત્મક પ્રધાનતા નહી રહે પણ ભાવનાની પ્રધાનતા રહેશે. લોકોને એ પોતાના સ્વાસ્થ્યની કિંમતે પણ, જઈ જઈને સમજાવશે કે પશુનું સંરક્ષણ કરો. એના અંદરની ધગશ, એના અંદરનું ભાવના જગત-જે ભાવ જગત છે તેટલું પ્રબળ હશે કે તે તેના કાર્યમાં અત્યંત તીવ્રતાથી કાર્ય કરતો રહેશે. એવા જ જે ભાવ છે તેનું જ બીજા શબ્દોમાં નામ છે પ્રેમી. જે પ્રેમી હોય તેજ ભક્ત થઈ શકે. એવા ભક્ત પણ આજે મળશે. પેલા ૧૦૦ કર્મમાર્ગી વચ્ચે બે જ્ઞાન માર્ગના હશે, તો એવા ૧૦૦૦ જ્ઞાન માર્ગીની વચ્ચે **૨ પ્રેમી મળશે. તેટલો ક્વોલીટીમાં તફાવત આવશે.** આ ત્રણેય આજે પણ થઈ રહ્યા છે અને તમે તમારી આજુબાજુ નજર કરીને વિચારીને જોઈ લેશો તો ખ્યાલ આવી જ જશે કે આ દેવકીનન્દન ખોટું તો નથી જ કહી રહ્યાને ? આજે પણ પુષ્ટિમાર્ગમાં એવા કર્મ ઝંખનાવાળા છે જ, વ્યાપક સ્તરમાં છે. દરેકને એમ છે કે પુષ્ટિમાર્ગમાં કશું કરવું જોઈએ. હું એમને પુછવા માંગુ છું કે પુષ્ટિમાર્ગમાં શું કરવું જોઈએ ? મને એટલું સમજાવી દો. શ્રીમહાપ્રભુજીએ તો બે વાત કરવાની કહી છે.

शास्त्रम् अवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः

સરખી રીતે શાસ્ત્ર સમજી મન, વાણી અને દેહથી કૃષ્ણની સેવા કરવી જોઈએ. અને ‘‘કૃષ્ણ એવ ગતિર્મમ’’ -એના સિવાય ત્રીજું કંઈ કરવા જેવું હોય તો, આપમાંથી કોઈને પણ મારું આમંત્રણ છે, અહીંયા આવો મને સમજાવો તો હું મારી ભૂલને સ્વીકારવા તૈયાર છું. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ આ બે સિવાય કશાની આજ્ઞા કરી જ નથી.

તેથી આ જગતમાં આજે પણ ત્રણ પ્રકારના સ્વભાવો છે. સ્વભાવનાં મુખ્ય ત્રણ પ્રકારનાં વર્ગીકરણ થશે. તેના પેટા વિભાગ જ્યારે કરવા જશો તો તમે પોતે ગણી શકશો નહિ, કે આજનું કોમ્પ્યુટર પણ તે પેટા વિભાગોને ગણી શકશે નહી. કહેવાનો મતલબ છે - જેટલા અસંખ્ય જીવ છે, તેટલા તેના સ્વભાવના પેટા વિભાગ થશે. એવું કહેવાનો મતલબ છે. તેથી જ શ્રીમહાપ્રભુજી પુષ્ટિ, પ્રવાહ, મર્યાદામાં પણ આ જ સમજાવી રહ્યા છે. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગને સ્વભાવગત સમજવાનો પ્રયાસ કરવાનો છે. પુષ્ટિમાર્ગ કોઈના માથા ઉપર વજનની જેમ ઠોકી બેસાડી શકાતો નથી.

ભારતીય સંસ્કૃતિની કહેવત છે-એક મજૂર બોજો લઈને જઈ રહ્યો હતો. રાજા એને જોઈને કહે છે ‘‘હે જન ! કિમ્ ભારો ન બાધતિ’’ ? આ ભાર જે છે તે

તને બાધક નથી બનતો ? એ જવાબ આપે છે કે ‘‘નત યત તથા બાધતે રાજન યથા બાધતિ બાધતે’’ સંસ્કૃતમાં ‘બાધતિ’ પ્રયોગ ખોટો છે, ‘બાધતે’ પ્રયોગ સાચો છે. એ મજૂર-રાજાને કહે છે કે, રાજા તું સંસ્કૃત ખોટું બોલી રહ્યો છે તે બાબત મને જેટલી બાધા આપે છે, તેટલી બાધા આ વજન નથી આપી રહ્યું.

તેથી મને પણ તમારી અપુષ્ટિમાર્ગીય પ્રવૃતિ જેટલી તકલીફ આપી રહી છે, તેટલી બીજી કોઈ વસ્તુ નથી આપતી. પુષ્ટિમાર્ગને સાચા અર્થમાં સમજવાનો પ્રયાસ કરો. પુષ્ટિમાર્ગને શ્રીમહાપ્રભુજીની વાણીથી સમજવાનો પ્રયાસ કરો. મહેરબાની કરીને પોતાની અભિરૂચી તેના પર હજી લાગુ ન કરો. પુષ્ટિમાર્ગનું સ્વરૂપ પહેલાં સમજી લો. તમે બધો વિવેક લૌકિકમાં નિરંતર કરો છો. મારો પ્રશ્ન એ છે કે શા માટે તમે અલૌકિકમાં તેનો પ્રયોગ નથી કરતા ? શું કારણ છે કે, અલૌકિકમાં આવી બધી ભેળસેળ કરી ઈશ્વર અલ્લા તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન એવું કહી રહ્યા છો ? એવા જો ભેદ ના હોય તો ભાગવતકારના શબ્દો તમારે કાઢી નાખવા પડશે, કે-

तावन्तं कृत्वाऽऽत्मानं यावतीः व्रजयोषितः

આ રાસનાં વાક્યો છે. રાસક્રીડાનાં વચન છે આ.

જેટલી અસંખ્ય સંખ્યામાં અસંખ્ય રીતે વ્રજસ્વામીનીઓ બિરાજતાં હતાં તેટલાં સ્વરૂપ શ્રીકૃષ્ણએ ધારણ કરવા પડ્યા. તમે મને એટલું સમજાવી દો કે શું એક પરમાત્મા કૃષ્ણ જે શ્રીઅનંત કોટિ બ્રહ્માંડનું એક પોતાના ભ્રુભંગથી-પોતાની ઈચ્છાથી સંચાલન કરે છે તે એક પરમાત્મા કૃષ્ણ તે અસંખ્ય શ્રીવ્રજસ્વામિનીઓને તેમના પરમપલ્લવ પ્રદાન કરવામાં સમર્થ નહોતો કે હતો ? બતાવો મને, હતો ને ! તો પછી એને એટલાં રૂપ શા માટે ધારણ કરવાં પડ્યાં ? કેમ કે, દરેક સ્વામિનીઓનો સ્વભાવ કંઈક જુદો હતો અને એ સ્વભાવ પ્રમાણે એમને ફળ મળે તો જ પુષ્ટિમાર્ગની એ પૂર્ણાહૂતિ થાય, નહિ તો ન થાય. આ દેવકીનન્દન જેવા તો, ફક્ત નામના ગુરૂ થઈને ફરે છે પણ જે સાચા ગુરૂઓ છે - પુષ્ટિમાર્ગના તે તો આ વ્રજસ્વામિનીઓ, આ વ્રજભક્તો છે. જ્યારે આ ગુરુઓ આપણને તેમના ઉદાહરણથી બતાવી રહ્યા છે કે પ્રત્યેક જીવ સાથે, પ્રત્યેક અણુ સાથે ભગવાનની અદાનો કંઈક જુદો પાસો છે, પછી આપણે ઈશ્વર અલ્લા તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન - શા માટે કહી રહ્યા છીએ ? કારણ શું છે ? આપણને એક વાત કેમ સ્પષ્ટ રીતે સમજાતી

નથી ? કે જેમ ત્યાં સ્વભાવ અધિકાર ભેદથી પ્રભુના સ્વરૂપ ભેદ હતા અને ફળભેદ હતો તેવી રીતે જો આજે પણ પુષ્ટિની આ જો આપણે કક્ષામાં હોઈએ તો આપણને પણ સ્વભાવ ભેદથી આપણો પણ તે ફળભેદ અને પ્રકાર ભેદ, સાધન ભેદ શા માટે ન થાય ? ન થવાનું કોઈ કારણ છે ખરું ? તમને જણાતું હોય તો મને કહો, તો આ પ્રયાસો ક્યાં જઈ રહ્યા છે ? આપણા ત્યાંની એક સંસ્થા પણ બતાવો, મને કે જેમાં એવો કંઈ પ્રયાસ થતો હોય, એક સંસ્થા એવી બતાવો કે જ્યાં શ્રીમહાપ્રભુજીના દસ સિદ્ધાંત વચન લખ્યાં હોય, એક સંસ્થા બતાવો કે જ્યાં આ દસ સિદ્ધાંતોથી જીવવાની કંઈક પ્રેરણા અપાઈ રહી હોય. એવી કોઈ જ જગ્યા નથી. મારું પ્રયોજન ટીકા ટિપ્પણીનું નથી મારું પ્રયોજન આલોચના નથી. હું કહેવા માંગુ છું કે **જો તમારું લક્ષ્ય પુષ્ટિમાર્ગ હોય તો તમારા પ્રયાસ તેને અનુરૂપ કેમ નથી ?** જો તમારું લક્ષ્ય પુષ્ટિમાર્ગ હોય તો તમે પુષ્ટિમાર્ગના મોક્ષની સ્પષ્ટતા કરી લીધી છે કે નથી કરી લીધી ? જો કરી લીધી હોય તો અત્યારથી જ આપણે એ કારિકાઓનો પ્રારંભ કરી શકીએ છીએ. પુષ્ટિમાર્ગને બરાબર સમજી શકીએ છીએ.

શ્રીમહાપ્રભુજીએ સર્વનિર્ણય ગ્રંથમાં જે સાત ટોપીક બતાવ્યા છે તેમાં શ્રુતિ પ્રકરણ, સ્મૃતિ પ્રકરણ, પુરાણ પ્રકરણ, માત્ર આ ત્રણનો સમાવેશ માત્ર આપણને પ્રમાણ આપવા માટે કરવામાં આવ્યો છે. તે પછી પ્રમેય પ્રકરણ આવી જાય છે. પ્રમેય એટલે જેને આપણે પ્રમાણ વડે જાણવા માંગીએ છીએ તે. તે પ્રમેય પ્રભુ શ્રીકૃષ્ણ છે. આજે ધર્મ, અર્થ, કામ, મોક્ષની વાત ચાલે છે ત્યારે તેની સાથે હું તમને એ પણ બતાવવા માંગુ છું-શ્રીમહાપ્રભુજીનાં વચન છે -

ब्रह्मभावात् तु भक्तानाम् गृह एव विशिष्यत.....

સેવા એક સંપૂર્ણ જીવન પ્રણાલી છે

બ્રહ્મજ્ઞાનનો જે માર્ગ છે ને તે બહુ દુઃષ્કર છે, તે શક્ય નથી. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે - આપણા ઘર-ગૃહસ્થનુ જે જીવન છે તે જ વિશિષ્ટ છે. એજ આપણે માટે વિશેષતાવાળું છે. તેથી તમને દરેક છૂટ આપવામાં આવી. આ જગતમાં કાંઈ પણ છોડી દેવાની વાત નથી. પણ દરેક વસ્તુને જોડી દેવાની વાત છે. છોડવાનું કાંઈ નથી. પરંતુ તમારી દરેક કામનાને તમારી કામના સબંધિત વસ્તુને તમારા સ્વામી સાથે જોડવાની છે. છોડવાની તો વાત જ નથી. તેથી સિદ્ધાંત રહસ્યમાં જ્યારે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે કે...

असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।
सेवकानां यथा लोके, व्यवहारः प्रसिध्यति ।
(सिद्धांत रहस्यम्)

ક્યાંક બહુ મજાની વાત શ્રીપુરુષોત્તમચરણ બતાવે છે. શ્રીપુરુષોત્તમજી અને શ્રીલાલુભટ્ટજી આ બંને પુષ્ટિમાર્ગની બે આંખો છે. હું જે ગુરુપરંપરામાં મોટો થયો છું તે ગુરુપરંપરાની નોંધ લઈ લો. એક આંખમાં પણ કાંઈ તકલીફ આવી જાય તો Vision will be lost upto certain extent, vision intact નહી રહે. તેથી શ્રીપુરુષોત્તમજીની દ્રષ્ટિથી અને શ્રીલાલુભટ્ટજીની દૃષ્ટિથી જ્યારે આપણે શ્રીમહાપ્રભુજીની વાણીને જોઈશું તો જ આપણે શ્રીમહાપ્રભુજીની વાણીને સમજી શકીશું, જેમ શ્રીહરિરાયચરણના શિક્ષાપત્રોને સમજવા માટે શ્રીગોપેશ્વરજી બનવું પડશે. જો શ્રીગોપેશ્વરજી નહિ બનોને તો શ્રીહરિરાયચરણની વાણી બાઉન્સર થઈ જશે. તેથી આજે શ્રીહરિરાયચરણની વાણીનો અભ્યાસ કરવામાં આવે છે, વાંચનમા લેવામાં આવે છે. આચરણની હું સ્પષ્ટતા નથી કરતો કારણ શું છે ? કે શ્રીગોપેશ્વરજીની સ્થિતિમાં આપણે આપણી જાતને મૂકી શકતા નથી. શ્રીગોપેશ્વરજી એ વિકળતામાં બિરાજી રહ્યા હતા, જ્યારે આ પત્રો તેમના માટે લખાયા અને એ વિકળતા કેવી રીતે દૂર કરવી, તેના તમામ ઉપાયો આ પત્રોમાં આવી ગયા. એવી જ વિકળતા દરેક પુષ્ટિમાર્ગીય માટે પણ જરૂરી છે. તમે તમારા સ્વામી માટે એવી બેચેની પેદા કરો કે જે બેચેનીમાં તમે એ શિક્ષણ મેળવી શકો. પુરુષોત્તમજી આ સિદ્ધાંત રહસ્યમાં બતાવે છે કે ભગવત સુખની કોઈપણ ચીજ પ્રભુને ભગવત્ બુદ્ધિથી જ અંગીકાર કરાવવી જોઈએ, સામગ્રી સિદ્ધ થાય, વસ્ત્ર ધારણ કરાવવામાં આવે, અથવા જીવનની કોઈપણ જરૂરીયાત છે તે શ્રીપ્રભુને અંગીકાર જ્યારે કરાવવામાં આવે ત્યારે તેવું કાર્ય માત્ર શ્રીપ્રુભુની દ્રષ્ટિથી જ થવું જોઈએ, પણ આ બધી વાતો આદર્શ છે. આદર્શને મનુષ્ય જોઈ શકે છે પણ એમાં એ ઉતરી શકતો નથી. આદર્શ નો બીજો મતલબ છે દર્પણ. દર્પણને પણ આદર્શ કહવાય છે. દર્પણમાં શું કરો છો તમે ? તમારું પ્રતિબીંબ જોઈ શકો છો પણ તેમાં બેસી શકો છો ખરા ? એટલે કહેવા હું એજ માંગું છું કે શુદ્ધ પુષ્ટિની કોટીના જે ભક્તો છે તે તો માત્ર ભગવત્ સુખથી બધું કરી ગયા. પણ આપણા જેવાને અત્યારે સંસારમાં છે તેમના માટે તે આદર્શ છે ? તે કોઈ વસ્તુને આપણે જીવનમાં ઉતારી શકતા નથી. તેથી પુરષોત્તમજી આપણને સમજાવે છે કે જે તમને તમારા માટે તમે જે સ્વીકાર કરવા

માંગતા હોય, ગમતું હોય, જેનો આનંદ, જેનું સુખ તમે ભોગવવા માંગતા હોય તેને તમારા હેતુથી પણ, પહેલાં તમારા સ્વામીને અંગીકાર કરાવી દો. યદ્યપિ આ સૌથી હીન પક્ષ કે કક્ષા છે, છતાં પણ તમે કોઈક રીતે તે વસ્તુને પ્રભુની સાથે જોડી રહ્યા છો. તેથી અવિદ્યાના સંબંધોને તોડી રહ્યા છો. જો તમે પ્રભુ સાથે નહિ જોડી શકો તો, ખ્યાલ રાખજો, તમારા કર્મભોગનાં બધા સૂત્રો, તમારા જ્ઞાન માર્ગના સઘળાં સૂત્રો અવિધાના સંબંધોને તોડી નહીં શકે. **અવિદ્યાના સંબંધોને જો તોડવા હોય તો માત્ર પ્રભુ સાથેના સંબંધોને જોડવાથી જ શક્ય બનશે.** આ સેવા કંઈ ભગવત્પણાની વાત નથી પણ સેવા એક સંપૂર્ણ જીવન પ્રણાલી છે. ભગવાન સાથે સેવા થકી જીવન માણતાં શીખો, અને સેવા એ બોજ નથી, જીવને સેવા જો બોજ લાગતી હોય ને- **''વો અફસાના જિસે અંજામ તક લાના ન હો મુમકિન, ઉસે એક ખૂબસુરત મોડ દેકર છોડના અચ્છા''**—તે સેવા છોડી દેવી જોઈએ. કોઈ જરૂર નથી કે આપ સેવા કરો જ. પરંતુ જો સેવા વગર આપ રહી શકતા નથી, તો તમારો જય જયકાર છે. આપની એનાથી ઉત્તમ સ્થિતિ બીજી કોઈની નથી. સેવા એ તમારા જીવનનું પરમ સુખ છે. કૃષ્ણની સાથે જ જીવન વિતાવવું એ આપણા જીવનની સાર્થકતા છે, આપણા જીવનની અનિવાર્યતા નથી.

સેવા કે શરણાગતિ આપણી આવશ્યકતા છે કે નહી ?

આજે પુષ્ટિમાર્ગમાં બહુ જ, લાંબી ચોડી ખોટી વાતો ખૂબ જ થઈ રહી છે. કેમ કે આપણે આવી વાતો કરીને આપણું જ વાતાવરણ બગાડી રહ્યા છીએ? કેમ આપણે શ્રીમહાપ્રભુજીની વાત સીધે સીધી કરી શકતા નથી. સવાલ એ બાબતનો નથી કે સેવા આપણા જીવનની અનિવાર્યતા છે કે શરણાગતિ આપણા જીવનની અનિવાર્યતા છે ? સવાલ એ છે કે-સેવા કે શરણાગતિ આપણી આવશ્યકતા છે કે નહી? તે આપણી સાર્થકતા છે કે નહી? આપણે તેના વગર રહી શકીએ છે કે નહી? પુષ્ટિમાર્ગમાં જે લોકો સેવા કે શરણાગતિ વગર રહી શકતા નથી એવાજ લોકોનું સ્વાગત છે કે, જેઓ તેના વગર રહી શકતાં નથી. આપણે બધાએ મીટર મૂકીને ચેક કરી લેવું જોઈએ. પુષ્ટિમાર્ગ તેવાઓ માટે નથી કે જેઓ માટે સેવા કે શરણાગતિ આવશ્યક નથી. ભીડનો સવાલ નથી, જો આજે દેવકીનન્દનને સાંભળવા માટે ૧૦૦૦ કે ૧૫૦૦ વ્યક્તિઓ આવતી હોય તો તે દેવકીનંદનની ગુણવત્તાનું બેરોમીટર નથી, એના આધાર પર નિર્ણય લઈ શકાય તેમ નથી. પણ સવાલ એ છે કે દેવકીનન્દન જે વાત કહી રહ્યા છે તેમાં રૂચિબદ્ધ થઈને જે ચાર વ્યક્તિ પણ તેની

પાસે આવી રહ્યા છે કે નહિ ? અને જો એ ચાર વ્યક્તિ આવે છે તો તે ચારમાંથી બે ને વાત સમજમાં આવી રહી છે કે નહી ? સવાલ આ વાતનો છે. તેથી પ્રશ્ન એ છે કે શ્રીકૃષ્ણ તમારી જરૂરિયાત બને છે કે નહિ, શ્રીકૃષ્ણ માટે ઝંખના છે કે નહિ ?

સબસે બડો તો ભક્તિ મારગ હૈ

વાર્તાઓના એક-એક પ્રસંગ ઉઠાવીને જુઓ. શ્રીમહાપ્રભુજીએ એવો જ પ્રયાસ કર્યો છે. ગામમાં કોઈને ખબર પણ ન પડે કે પ્રવાસમાં શ્રીમહાપ્રભુજી પધારવાના છે. આ ૮૪ વૈષ્ણવોની વાર્તા જે વાંચવામાં આવે છે તે માત્ર વાતો છે કે તેનો કંઈક અર્થ છે ? એ અર્થ છે તો શું અર્થ છે ? તે હું જાણવા માંગુ છું. શ્રીમહાપ્રભુજી કોઈને બતાવવા માંગતા ન હતા. શ્રીમહાપ્રભુજી પ્રયત્ન કરીને પોતાને ગુપ્ત રાખવા માંગતા હતા અને છતાંય કોઈક ન્હાતાં, ધોતાં, સંધ્યા વંદન કરતાં પૂછતા કે મહારાજ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ ઔર ભક્તિમાર્ગ મેં સે કૌન સો માર્ગ બડો હૈ ? તો એ સ્વામીનો જવાબ આવતો કે ‘‘જાકે તેરે મનમેં જો મારગ સ્વભાવસે આવે સોઈ માર્ગ તાકે મનમેં બડો હૈ, પર સબસે બડો માર્ગ તો ભક્તિ મારગ હૈ’’.

સૂરદાસ મળી ગયા અને કહેવા લાગ્યા મેં પતિત હૂં. મૈને સમજ ગવાયા, મૈને ઐસા નીચ કામ કિયા. શ્રીમહાપ્રભુજી એને કહે છે ‘‘સૂર હૈ તો ધિધિયાત કાહે કું હૈ ? કછુ ભગવદ્ લીલા ગા’’ સૂર હૈ તો કુછ ભગવત્ લીલા ગા. તું તેનો અંશદ્ છે, તું આ શું લઈને બેઠો છે ? પાપી હશે તો હશે, પતિત હશે તો હશે, પણ અત્યારે તો તું ભગવદ્ લીલા ગા. પ્રસંગ એક એક વાતમાં છે. કોઈને આત્મઘાત કરવો છે, પણ આત્મઘાત કરવાની હિંમત નથી એથી સૂર્ય અસ્ત થઈ ગયા બાદ ગંગામાં છલાંગ લગાવી એવી વાત છે, અને ત્યાંથી એ સમર્થ સ્વામી તેને પકડીને પાછો લઈ આવે છે અને કહે છે કે બેટા તું આત્મઘાત માટે નથી બન્યો, તું તો જીવનના પરમાનંદ માટે બન્યો છે એટલે પ્રશ્ન એ છે તમે જે વાર્તાઓ દરરોજ વાંચી રહ્યા છો, તેમાંથી કંઈ સંબંધોનાં સમીકરણ આપણાં જીવનમાં વણાયેલા જોવા મળે છે કે નહિ ? આજના વિજ્ઞાનની ગતિ સમીકરણો પર આધારિત છે. એવું સમીકરણ તમારા હાથે આ પુષ્ટિમાર્ગમાં કેમ બેસતું નથી, તે સમજાતું નથી ? આ વાર્તાઓ વંચાઈ તો રહી છે પણ કેમ સમજાતી નથી ?

તમને પુષ્ટિમાર્ગની જરૂરિયાત છે ખરી ?
તમને શ્રીકૃષ્ણની જરૂરિયાત છે ખરી ?
તમને શ્રીકૃષ્ણની ઝંખના છે ખરી ?



પુષ્ટિમાર્ગનો પ્રચાર અને પ્રસાર

પુષ્ટિમાર્ગના પ્રચાર અને પ્રસારના ઘણા બધા માધ્યમો આજે ચાલી રહ્યા છે. લોકોને ઝંખના છે કે પ્રચાર - પ્રસાર થવો જોઈએ, મારો એ સવાલ છે કે પુષ્ટિમાર્ગનો શું પ્રચાર થશે અને શું પ્રસાર થશે ? પુષ્ટિમાર્ગનો પ્રચાર એટલે શું અને પ્રસાર એટલે શું ? આપણે દિવાલોને રંગીને સ્લોગન મારી દઈએ, છાપાઓમાં છપાવી દઈએ, હોર્ડિંગ્સ લગાવી દઈએ. મોટાં મોટાં બોર્ડ શહેરમાં લગાવી દઈએ. પ્રચાર થઈ જશે ? અને આ થતું હોય તો મને વાર્તાઓમાંથી એકાદ પ્રસંગ કાઢીને બતાવી દો. જો તમે બતાવી શકો તો કાલે તમે ખર્ચો નહિ કરો તો પણ હું મારા ખર્ચે, તમને બે ચાર હોર્ડિંગ્સ તો અહીંયાં જ લગાવી દઈશ. બોર્ડમાં વચ્ચે ગોળાકાર સ્ટેજ હોય તેની વચ્ચે દેવકીનન્દન બિરાજ્યા હોય અને ચારે બાજુ પ્રકાશ આવતો હોય અને લખાણ હોય કે ''આવો પુષ્ટિમાર્ગીઓ, તમને પ્રકાશ મેળવી આપું'' એવા બે ચાર હોર્ડિંગ્સ આપણે લગાવી દઈએ. કરીએ આપણે એવું કંઈક ? પ્રચાર અને પ્રસારથી શું કહેવા માંગો છો ? મને એટલું તો સમજાવો.

શ્રીકૃષ્ણની ઝંખના છે ?

પ્રચાર કરવો છે તો લોકોને પૂછો કે શું તમે પુષ્ટિમાર્ગીય છો ? શ્રીકૃષ્ણની ઝંખના છે ? સોક્રેટીસ નામનો એક બહુ મોટો ફિલોસોફર પશ્ચિમી જગતમાં થઈ ગયો. તેનું કામ શું હતું જાણો છો ? તે એથેન્સ નામના શહેરના કોઈ એક ચાર રસ્તે જઈને ઉભો રહે અને જે તે વ્યક્તિ સામે મળે તેને ઉંધા ચત્તા સવાલ પૂછ્યા કરે. પ્રશ્ન કરી કરીને એટલા હેરાન કરી દેતો કે માણસ ગભરાઈ જાય. બીજા દિવસે બીજા ચાર રસ્તે જાય, ત્રીજા દિવસે ત્રીજા ચાર રસ્તે, આમ ફર્યા જ કરતો અને સવાલો પૂછયા કરતો. માણસો મુંઝાઈ જાય અને ઘરે જઈને વિચાર્યા કરે કે આ બધા પ્રશ્નોનો મતલબ શું છે ? તેથી એ સોક્રેટીસને ''બમ્બલ બી'' કહેવામાં આવતો. ''બમ્બલ બી'' એટલે ''ગુણ ગુણ કરતો ભમરો'' એટલે હું પણ દાદાજીને વિનંતી કરું છું કે મને પુષ્ટિમાર્ગનો ''બમ્બલ બી'' બનાવી દો. એટલીસ્ટ લોકોને વિચારતા તો કરી દઉ ! મારું અહીંયાં આવવાનું કારણ પણ પ્રચાર નથી. હું માત્ર એટલા જ પ્રશ્ન તમારા એજન્ડા પર મૂકવા માંગુ છું કે તેટલા પ્રશ્ન તમે તમારી જાતને પછી પૂછયા જ કરો કે વાસ્તવમાં **તમને પુષ્ટિમાર્ગની જરૂરિયાત છે ખરી ?**

તમને કૃષ્ણની જરૂરિયાત છે ખરી? જો હોય, તો આપણા માટે આ માર્ગ છે, અન્યથા નથી. એટલે આવા બધા પ્રશ્નો આપણને સમજાવી શકે કે શ્રીમહાપ્રભુજીની વાત આપણે સ્વીકારવી જોઈએ કે નહિ? વેદ, પુરાણ અને સ્મૃતિનાં વચન આપણે સ્વીકારવાં જોઈએ કે નહિ? ફરી ફરીને અંતે તો ત્યાં જ હું આવીશ. હવે ભક્તિવર્ધિનીનો પ્રથમ શ્લોક આપણે જોઈએ -

यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायो निरुप्यते ।
बीजभावे द्रढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ।।

યથા ભક્તિ: આ શબ્દો - એટલે જે વસ્તુ હોય તેની વૃદ્ધિ થાય, જે વસ્તુ જ ન હોય તેની વૃદ્ધિ કેવી રીતે થાય? એટલે કે તેને ઉત્પન્ન ના કરી શકાય. તેથી પ્રચાર પ્રસારવાળાઓને કહી દેજો કે જો આપણામાં પુષ્ટિમાર્ગીય ભક્તિનો બીજભાવ નહીં હોય તો એ વધવાનો નથી. પ્રચાર પ્રસાર રહેવા દો, આવા પ્રચાર પ્રસારને તો બાજુમાં મૂકી દો. નરહરિ સંન્યાસી જેવાને નમન કરો, સત સત નમન કરો કે હે નરહરિ સંન્યાસી, આપના જેવા પુષ્ટિમાર્ગીય ને સત્ સત્ નમન છે. કેમ કે એઓ એવા દ્રઢ બીજભાવવાળા હતા, શ્રીમહાપ્રભુજીએ એટલુંજ કહ્યું કે-આ બધુ છોડી નીકળી પડ, તું નીકળી જ જા. તું પુષ્ટિમાર્ગનો સંન્યાસી થઈ જા અને એ વાતને સ્પષ્ટ કરવા માટે માત્ર શ્રીનરહરિ સંન્યાસીને સ્વરૂપ સમજાવવા માટે સંન્યાસ નિર્ણયનું વિધાન શ્રીમહાપ્રભુજીને કરવું પડયું. એટલે ત્યાં સંન્યાસ નિર્ણયની આજ્ઞા કરી નીકળી જવાની વાત કરી દીધી અને ત્યાર પછીના શબ્દ યાદ કરો. ''ત્યાગા.... કીર્તનાત્....'' આ શબ્દો મારા તો ઉમેરેલા નથીને... શ્રવણ કીર્તનાત્ કહી રહ્યા છે. ભક્તિવર્ધિની ની આગળની કારિકાનું સ્મરણ કરી લો ''બીજદ્રાઢર્ય પ્રકારસ્તુ, ગૃહે સ્થિત્વા સ્વધર્મત:'' એ બીજ ભાવ ત્યાં દ્રઢ થઈ ગયો હતો. તેથી નરહરિ સંન્યાસીને કહ્યુ, તમે ત્યાગ કરી શ્રવણ કીર્તનના રસ્તે જતા રહો.

લીલી પરિક્રમા

આ જ **ત્યાગ અને શ્રવણ-કિર્તનાત** - એ લીલી પરિક્રમાનો મૂળ હેતુ હતો. આજની વ્યવસાયિક લીલી પરિક્રમાઓ પુષ્ટિમાર્ગનું સ્વરૂપ નથી ધરાવતી, યાદ કરી લેજો. ''ભટકો''– વ્રજના સ્થળોમાં, હરિની લીલાના સ્થળોમાં - ભટકો, નિરૂદ્દેશ ભટકો.

बे नियाज़ाना हरेक राह से गुज़रा भी करो,
शौके नज्ज़ारा अगर ठहराये तो ठहरा भी करो
(બે નીયાજાના એટલે કોઈપણ પ્રયોજન વગર)

અને જો સુંદર દ્રશ્ય નજર સામે આવી જાય તો ઘડિયાળ પર નજર નાખ્યા વગર તેનું રસપાન કર્યા કરો એ દ્રશ્યનો આનંદ લીધા કરો.

તેથી પ્રયોજન વગર હરિના સ્થળોમાં ભટકો અને ભગવત લીલાઓનું શ્રવણ, મનન, ચિંતન અને કિર્તન કરો અને એ રીતે કરતાં કરતાં કોઈક એવી ઘટના ઘટી જશે કે જ્યાં જે પરમાનંદની પ્રાપ્તિ કરવા માંગો છો તે સામે આવીને ઉભો થઈ જશે. તે વાત શ્રીમહાપ્રભુજી ત્યાં બતાવી રહ્યા છે.

શ્રવણ, મનન, ચિંતન, કિર્તન

बीजभावे द्रढे तु स्यात त्यागाच्छ्रवणकीर्तनात् ।
बीज दाढर्य प्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।

ત્યાં બીજ ભાવ દ્રઢ હતો અને અહીંયાં બીજ ભાવ દ્રઢ બનાવવાનો પ્રકાર બતાવવામાં આવી રહ્યો છે -

.... गृहे स्थित्वा स्वधर्मतः
अव्यावृत्तो भजेत् कृष्णंपूजया श्रवणादिभिः (२)
(भक्तिवर्धिनी)

પહેલામાં ત્યાગ પક્ષમાં પણ શ્રવણ કિર્તન હતું અને જે પરિપકવ કોટિ છે ત્યાં પણ શ્રવણ, મનન, ચિંતન અને કિર્તન હતાં અને આ જે બીજ ભાવ દ્રઢ કરવો છે તો, અહીંયા પણ શ્રવણ, મનન, ચિંતન અને કિર્તન વગર ચાલવાનું નથી.

व्यावृत्तोऽपि हरौ चित्तं, श्रवणादौ यतेत् सदा..... (भक्तिवर्धिनी)

દરેક જગ્યાએ શ્રવણાદી તો આવશે જ. જે પરિપકવ અવસ્થા છે ત્યાં પણ શ્રવણ, મનન, ચિંતન અને કથન છે. જ્યાં બીજભાવ દ્રઢ કરવાની અવ્યાવૃતિ છે ત્યાં પણ શ્રવણ, મનન, ચિંતન, કથન છે અને જ્યાં વ્યાવૃતિ સ્થિતિ છે ત્યાં પણ શ્રવણ, મનન, ચિંતન, કથન છે. અહીં સુધી રોકાઈ જવાની વાત નથી એટલે કે કેવળ નરહરિ સંન્યાસી સુધી નહી રોકાતા - કારણ એ કોટિમાં તો વિરલ છે જ. હજી એની આગળ ગુરૂજનની કોટિમાં જાવ ''तव कथामृतम् तप्तजीवनम्.....''

એ કથાનું શ્રવણ, મનન, ચિંતન, કથન ક્યાં સુધી જાય છે ? શ્રીસુબોધિનીમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમારા સ્વરૂપમાં અને તમારી કથામાં શું અંતર છે ? શ્રી સ્વામિનીઓ પોતેજ કહે છે શું તફાવત છે ? - તમારા સ્વરૂપમાં અને તમારી

કથામાં - તો કહે છે કે રસ પડયો : કહે છે - જે પ્રવાહી રસ હોય તેનું પાન કરી શકાય અને ઘનીભૂત સાકાર રસ હોય, આકાર સહિત હોય, નખશીખ હોય બસ આટલો જ ફરક તમારામાં અને તમારી કથામાં છે. તેથી પ્રવાહી તરળ કથાની જેમ પ્રાણ ટકાવી શકે છે પણ પરમાનંદ આપી શકતી નથી. તેથી તમારા સ્વરૂપની આકાંક્ષા રાખીએ છીએ. અમારા પ્રાણ જતા નથી, કેમ કે તમારી કથાનું તે અમૃત છે. એ તફાવત ન હોત તો સ્વરૂપની જરૂર ન પડત! એટલે પુષ્ટિમાર્ગના સૌભાગ્યશાળીઓ માટે શ્રવણ, મનન, ચિંતન, કથનનો બીજો કોઈજ વિકલ્પ નથી. એ શ્રવણ, મનન, ચિંતન અને કથન દેવકીનન્દનની વાતનું નહિ પણ એ શ્રીમહાપ્રભુજીની વાણીનું અને દશવિધ લીલાયુક્ત શ્રીકૃષ્ણનું એટલે કે શ્રીમદ્ ભાગવતનું. એ રસપાન તમારે ત્યાંથી જ કરવું પડશે. મારી વાત તમને રૂચિકર ન લાગતી હોય તો ભલે ગમે ત્યારે કચરાની ટોપલીમાં ફેંકી જ દેજો, કારણ કે આમ પણ તમે બે દિવસ પછી ભૂલી જ જવાના છો આથી એ સવાલ નથી. મહત્વની વાત એ છે કે તમે શ્રીમહાપ્રભુજીની વાણીનું શ્રવણ, મનન, ચિંતન, કથન કરી શકો કે નહી એ યાદ રાખજો, પુષ્ટિમાર્ગમાં પ્રગતિ સાધવાનું એક માત્ર સાધન છે - શ્રવણ, મનન, ચિંતન અને કથન. જેને કિર્તન કહો કે કથન-તે બંને એકજ શબ્દનાં બે નામ છે. કિર્તન એટલે વાદ્ય યંત્રો લઈને ગાન કરવાનું જ નામ કિર્તન નથી. આમાં કિર્તન શબ્દ રૂઢ થઈ ગયો છે. કિર્તનનો મતલબ છે **સજાતીય ભાવવાળા સાથે પોતાના સ્વામીના ગુણ ગાન, એટલે કે સ્વરૂપ, લીલા, ક્રીડા; પરીકરની ચર્ચા કરવી, આસ્વાદન કરવું.** તેથી ઉજ્જૈનમાં બે દિવસ થઈ ગયા, ત્રીજા દિવસે પત્નીએ કહ્યું કે, આ બે દિવસ થઈ ગયા, આ ત્રીજા દિવસના રાજભોગ પણ આવી ગયા, હવે તો બહાર નીકળો. એ સામર્થ્ય હતું એ ગુણગાનનું. એનું નામ કિર્તન, કિર્તન ફક્ત પદગાન કે રાગ સહિત ગાન કરવાનુ જ નામ નથી. **કિર્તન છે હૃદયની આર્તિપૂર્વક-વ્યથા પૂર્વક, ઝંખનાપૂર્વક, પોતાના પ્રિયની દરેક અદાની, સુજાતી સાથે ચર્ચા કરવી.** તેથી શ્રવણ, મનન, ચિંતન અને કિર્તનની સ્પષ્ટતા કરી લેજો. એક બીજુ પાસુ પણ સમજી લઈએ, તે પાસાને શ્રીપુરષોત્તમ ચરણ બતાવે છે કે તમે ગમે ત્યાંથી સાંભળી આવો કે વાંચી આવો તેનું નામ શ્રવણ નથી. દશવિધ લીલાયુક્ત શ્રીકૃષ્ણની દરેક અદાની પદના અર્થને કે શબ્દના અર્થને ગુરુમુખથી સાંભળવું એનું નામ શ્રવણ છે. ગુરુમુખથી જેવી રીતે સાંભળ્યું છે તેવી રીતે તેને યાદ કરવું તેનું નામ સ્મરણ. પછીથી બુદ્ધિપૂર્વક ચિંતન કરવું તેનું નામ ચિંતન અને સજાતીય

ભાવવાળી વ્યક્તિ સાથે તેની ચર્ચા કરવી તેનુ નામ કિર્તન... પણ દરેક જગ્યાએ એક બાબત કોમન રહેશે કે, ''જે રીતે ગુરુમુખેથી શ્રવણ કર્યુ છે.''

આપણાં મનના અગડં ભાવ નહિ. તેથી જ શ્રીમહાપ્રભુજીનું નામ છે **શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરૂ :.** શ્રીમહાપ્રભુજી પાસેથી દરેક શબ્દના અર્થ સમજી લો. તમારી આધુનિક પત્રિકાઓમાં તથાકથિત જે જ્ઞાન પુષ્ટિમાર્ગનું આપવામાં આવી રહ્યું છે તે તમારા કશાય કામનું નથી. કેમ કે એમાં માત્ર લાભપૂજા સિવાય બીજા કશાની વાત નથી - આ જાણવું જરૂરી છે. જે રીતે જાણવું હોય તે રીતે જાણી લો પણ શ્રવણ, મનન, ચિંતન અને કથનનો વિકલ્પ નથી. **શ્રીમહાપ્રભુજીની વાણીનું શ્રવણ, શ્રીમહાપ્રભુજીની વાણીનું સ્મરણ, શ્રીમહાપ્રભુજીની વાણીનું ચિંતન અને શ્રીમહાપ્રભુજીની વાણીનું કથન. પુષ્ટિમાર્ગીયને માટે શ્રીકૃષ્ણની ઝંખના સંતોષવા માટે શ્રવણ, મનન, ચિંતન, કિર્તનનો કોઈજ વિકલ્પ નથી.**



સચ્ચિદાનંદનનું નામ જગદીશ છે.
પણ જ્યાં સુધી એ
જગદીશપણાથી રહે છે
ત્યાં સુધી, એને
મર્યાદા પુરૂષોત્તમ
કહેવામાં આવે છે
અને જે દિવસે એ
એના ત્રિલોકના રાજ્યને છોડીને
જ્યારે નાનકડા ગોકુળના રાજ્યને
ગ્રહણ કરી લે છે
તે દિવસે તે
શ્રીગોકુલેશ બની જાય છે
અને જે દિવસે
એ શ્રીગોકુલેશ બને છે
તે દિવસે જ તે
પુષ્ટિ પુરૂષોત્તમ કહેવાય છે.



શ્રીવલ્લભાધીશ અને શ્રીગોકુલેશમાં અભેદપણાનો ભાવ

મારા સ્વાગત અંગે ‘‘જયશ્રીકૃષ્ણ’’ - ‘‘જય જય શ્રીગોકુલેશ’’ના ઉચ્ચાર વિશે થોડી વાત કરી લઉં. એક શેર યાદ આવી ગયો.

जाते थे मेरी बज़्म में, कदम कहीं और खिंच गये
ख़ाका ज़हनका आदतन, क्यूं कर बदल गया ।

बज़्म-મહેફીલ, ख़ाका-મેપ-નકશો, ज़हन-માથું.

‘‘જય શ્રીકૃષ્ણ’’ કહેત તો પણ કોઈ તકલીફ નહોતી અને ‘‘જય જય શ્રીગોકુલેશ’’ કહેશો તો પણ કોઈ તકલીફ નહી પડે. આ તો આપણા માનસનો કંઈક સૂક્ષ્મ અહંકાર છે.

એક વાત કરું તો, શ્રીગોકુલેશનો દીકરો છું તેથી દેવકીનન્દનની આગળ (Surname - Family Name તરીકે) આવશે તો શ્રીગોકુલેશ જ, તેમાં કોઈ સંદેહ નથી. કેમ કે કૌટુંબિક વ્યવહારોને આપણે સૌ સારી રીતે જાણીએ જ છીએ. દીકરાના નામ પછી બાપનું જ નામ આવે છે, દાદાનું નથી આવતું, પરંતુ આ સંતતિ શ્રીગોકુલેશ દાદાની જ છે, તેમાં કોઈ સંદેહ નથી. તેથી એક વસ્તુ ખ્યાલમાં રાખજો કે આપણા અહમ્‌ના કંઈક સૂક્ષ્મ સંસ્કારો છે કે જે હુંસાતુસીમાં કંઈક વખતે જાય છે. બાકી ત્રિલોકનો નાથ, જે અનંત કોટિ બ્રહ્માંડનું સંચાલન કરે છે, તે બ્રહ્માંડના નાયકને જગદીશ કહેવાય છે. જડ અને ચેતન બંનેનો જે સ્વામી છે, જેની ચેષ્ટામાત્રથી સચ્ચિદાનંદના વ્યવહાર માત્ર થાય છે એ સચ્ચિદાનંદનું નામ જગદીશ છે. પણ જ્યાં સુધી એ જગદીશપણાથી રહે છે ત્યાં સુધી એને મર્યાદા પુરુષોત્તમ કહેવામાં આવે છે અને જે દિવસે એના ત્રિલોકના રાજ્યને છોડીને જ્યારે નાનકડા ગોકુળના રાજ્યને ગ્રહણ કરી લે છે તે દિવસે જ તે ગોકુલેશ બની જાય છે અને જે દિવસે તે ગોકુલેશ બની જાય છે ત્યારે જ તે પુષ્ટિ પુરૂષોત્તમ કહેવાય છે. આ વાતને વધારે સ્પષ્ટીકરણથી સમજવી હોય તો શ્રીહરિરાયચરણની શ્રીયમુનાષ્ટકની વિવૃત્તિમાં જોઈ લેજો. શ્રી હરિરાયચરણ બતાવે છે કે એને પોતાની પુષ્ટિક્રિડા કરવા માટે એનું અષ્ટવિધ ઐશ્વર્ય, જે અષ્ટવિધ એનું સામર્થ્ય હતું, એ સામર્થ્ય બધુ શ્રીયમુનાજીને સોંપવું પડ્યું. કે તમે બધું આ સામર્થ્ય રાખો, નહિ તો, મારાથી આ પુષ્ટિ ક્રિડાઓ નહી થાય. એથી મારી અંતઃકરણની તમને સૌને વિનંતી

છે કે શ્રીગોકુલેશ કે શ્રીકૃષ્ણનો ફરક જોવાનો ભૂલી જાવ. ગોકુલેશ એજ કૃષ્ણ છે અને કૃષ્ણ એજ ગોકુલેશ છે.

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहिः लौकिकेर्वैदिकैरपि । (चतुःश्लोकी)

હું પણ શ્રીમહાપ્રભુજીના શબ્દોને સદૈન્યથી પૂછું છું, આદર સહિત પૂછુ છું, હૃદયના નિર્મળ ભાવ સહિત પૂછું છું. તતઃ કિમ... પરં બ્રૂહિ

ત્યાં શ્રીમહાપ્રભુજીએ પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યું છે. હું પણ તમને એજ પૂછવા માંગુ છું કે ગોકુલેશ નામ મુખથી નીકળ્યું, તે તમારા અને મારા સૌભાગ્યનો વિસ્ફોટ છે. એનાથી મોટું સૌભાગ્ય બીજું કયું હોય? કૃષ્ણ અને ગોકુલેશમાં જે દિવસે તમે તમારા અહમ્‌ની સૂક્ષ્મ રેખાને ખેંચી દેશોને તે દિવસે એ લક્ષ્મણ રેખા આપણને આસુરીપણાના રાવણથી હરણ કરતાં, આપણા હૃદયની સીતાને નહિ બચાવી શકે - તેટલું યાદ રાખજો. એટલે એવી અહમ્‌ની સૂક્ષ્મ રેખા ન ખેંચો.

આ જવાબ સવાલ રૂપી ‘શ્રીવલ્લભાધીશ કી જય’ અને ‘શ્રીગોકુલનાથકી જય’ જે છે તે મને બહુ પીડા આપે છે. કારણ કે બંને **‘જય’** માં એક જ સ્વામીનો જયકાર છે. હું તમને બધાને સદૈવ શ્રીવલ્લભાષ્ટકની અંતિમ પંક્તિ યાદ અપાવવા માંગુ છું.

त्वां श्रीश्रीवल्लभेमे निखिलबुधजनाः गोकुलेशं भजन्ते.....

ત્વામ્ શ્રીશ્રીવલ્લભ (હે, શ્રી વલ્લભ) સંપૂર્ણ શોભાયુક્ત (તમારી સંપૂર્ણ શોભા સાથે) ત્વામ-છીએ નિખિલ બુધજના (બુધજના એટલે દૈવી જીવો) ગોકુલેશં ભજંતે... શ્રીગુંસાઈબાવા તમને સંબોધન આપી રહ્યા છે, તમારું નામ બોલી રહ્યા છે, તમે કોણ છો? બધા, એટલે શ્રીગોકુલેશની જય માં કોની જય આવી અને શ્રીવલ્લભની જય માં કોની જય આવી? એ બતાવો મને, બંનેમાં જો ફેર હોય તો શ્રીગુંસાઈબાવાના વલ્લભાષ્ટકમાંથી આ કાઢી નાંખો. જો તમારું સામર્થ્ય હોય તો કાઢો. ત્રિલોકમાં, બીજા કોઈનું તો સામર્થ્ય નથી.

त्वां श्रीश्रीवल्लभेमे, निखिलबुधजनाः गोकुलेशं भजन्ते.....

શ્રીવલ્લભાધીશ કી જય, શ્રીગોકુલાધીશ કી જય.

આથી આવી વાત ના કરશો કે જે દિલમાં તકલીફ પેદા કરી દે.... એવો ભેદ ક્યાંય ઉભો ન કરશો.... હા, કહો, જરૂર કહો, વાત સાચી છે કે આપણી નિષ્ઠાને આપણે ક્યાંય છોડવી નથી. હું નિષ્ઠા છોડવાની વાત નથી કરતો. આપણી નિષ્ઠાઓ પરિપૂર્ણ રહેવી જોઈએ.

પુષ્ટિ-પ્રવાહ મર્યાદામાં શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ સૃષ્ટિનો ઉદ્દભવ ક્યાંથી બતાવ્યો છે ? મને બતાવો. શ્રીમહાપ્રભુજી બતાવે છે કે પુષ્ટિ સૃષ્ટિએ શ્રીભગવાનના શ્રી અંગની આ સૃષ્ટિ છે એવું જ કહેવાય છે. કહેવાય છે એટલે દંતકથાથી નહિ, પરંતુ શ્રીમહાપ્રભુજીનાં વચનોથી કહેવાય છે. શ્રીપ્રભુનાં સ્વરૂપનાં કેટલા પાસાં છે ? સાત પાસાં છે. છ ધર્મ અને એક ધર્મી. શ્રીગુંસાઈબાવાને ત્યાં છ દ્વાર પ્રગટ થયા અને એક દ્વાર રહી ગયું તેથી પુન: વિવાહ/પુન: લગ્ન કરવા પડ્યા.

એક દ્વાર પ્રગટ ન થાય તો એ દ્વારના અંશ, એ દ્વારના છાંટા લીધેલા પુષ્ટિસૃષ્ટિના જીવો છે એ પ્રવેશ ક્યાંથી પામશે ? તેથી એ સાતમું દ્વાર પ્રગટ કરવાના હેતુથી શ્રીગુસાંઈબાવાને પુન:લગ્ન કરવાં પડ્યાં. આ અલૌકિક સાત દ્વાર છે. જેથી જે જીવ જે તે દ્વારના મૂળપૂરુષને ભૂલી જશેને તો મહાતકલીફ થઈ જશે. આજે તમે સાતેય સૃષ્ટિને ઠાકોરજીના નામથી ઓળખવાતા થયા. સૌભાગ્ય છે દાદાજીના ઘરનું કે એ સૃષ્ટિના જીવો હજી દાદાજી શ્રીગોકુલેશના મૂળપુરૂષના નામથી ઓળખાય છે. બાકી આ સાતેય સૃષ્ટિ છે ને તે મૂળપુરુષના નામથી ઓળખાતી હતી. એ વાતનું સ્મરણ રાખશો, જો મૂળપુરુષને ભૂલી ગયા તો તમને તે પ્રભુનો હાથ કોણ પકડાવશે ? ઠાકોરજીના નામને યાદ કરતા પહેલાં કે ઠાકોરજીના નામના ઉચ્ચારણની યોગ્યતા તમારી જિહ્‌વામાં લાવતાં પહેલાં તમારા દ્વારના મૂળપુરુષનું સ્મરણ કરો કે જેનાથી તમારી જિહ્‌વામાં ઠાકોરજી, તમારા પરમાત્મા, સચ્ચિદાનંદ, ઘન, શ્રીકૃષ્ણના, શ્રીગોકુલપતિ, શ્રીગોકુલેશના નામોચ્ચારણની યોગ્યતા આવી શકે. આવી બધી દુર્ઘટના પુષ્ટિમાર્ગમાં ન કરો. થોડુંક જાણો, થોડુંક સમજો, થોડુંક શીખો અને તમારી આજુબાજુની પુષ્ટિ સૃષ્ટિને થોડુંક સમજાવો. તો જ આ માર્ગની મર્યાદા સચવાશે. કહેનારા કહેતા હશે અને લખનારા લખતા હશે, પણ સત્યને કોઈ બહારથી નથી લાવી રહ્યા. હું એમ નથી કહેતો કે સત્યનો ઠેકો મેં લઈ રાખ્યો છે પરંતુ હું મારું કર્તવ્ય બજાવી રહ્યો છું અને એવા કર્તવ્યના

બીજા બજાવનારા પણ છે જ. હજી પુષ્ટિ-સૃષ્ટિ શૂન્ય નથી થઈ. તેથી આ સાત દ્વાર હતાં અને આ સાત દ્વારની સાત સૃષ્ટિ છે, કેમ કે ભગવાનનાં સ્વરૂપનાં સાત પાસાં છે. જે વ્યક્તિ જે જીવ જે દ્વારના અંશનો છાંટો લઈને આવ્યો છે તેને તે દ્વારથી જ જવું છે. કોઈક પ્રદર્શન Exibition હોય, એમાં અનેક દ્વાર હોય, અંદર જઈને બધા એકજ જગ્યાએ ભેગા થઈ શકે. અંદર જઈને અલગ અલગ સ્થળે ગયા પછી પણ કોઈ જગ્યાએ જઈને ભેગા પણ થઈ શકે. કેમ કે પ્રદર્શન કે Exibition અંદરથી વહેંચાયેલ નથી હોતું પરંતુ તેના દ્વાર અલગ અલગ હોય છે, અને આપણી પાસે જે દ્વાર નો પાસ હોય છે ત્યાંથી જ Stamp લાગે ને ત્યાંથી જ પ્રવેશ થાય છે. જેની પાસે A દ્વારનો Pass હશે તે A થી જ જશે. બાકી તો તેના પ્રવેશમાં ગોટાળો જ થઈ શકે. જ્યારે આ આનંદ પ્રમોદ તો શાશ્વત આનંદ પ્રમોદ છે, કેમ કે પરમાનંદની પ્રાપ્તિનું સ્થાન છે, માત્ર પ્રવેશનો ભેદ છે. પ્રવેશનો ભેદ મારા તમારા વિચારવાથી કે વિચારથી બની નથી જતો કે મટી જતો નથી. એ શ્રીભગવદ્ ઈચ્છાથી પ્રગટ થયો છે કેમ કે સૃષ્ટિમાં જો વિવિધતા ન હોય તો એને ક્રિડા કોણ કહેશે ? તમારા બાળક પાસે એક જેવાં રમકડાં મૂકી દો અને કહો કે તું સમતા રાખ, તું તો બાળક છે, તારા માટે તો બધું સરખું છે, તું તો હજી અબોધ છે, તું તો જાણતો નથી. જેમ પરમાત્મા સર્વજ્ઞ છે તેમ બાળક અનભિજ્ઞ છે. બંનેની પરિસ્થિતિ એક સરખી છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે.

यच्च बुद्धेः परंगता.....

યસ્ય મૂઢ તમો લોકે

બે પ્રકારના લોકો સુખ પામે છે. બુદ્ધિના પારંગત થઈ ગયા હોય તેવા અતિબુદ્ધિમાન અને કાંતો અતિ મૂઢ - એ બે જ સુખી હોય છે. એક સંપૂર્ણ જાણકારી હોવાથી બધાં સુખ મેળવી શકે છે અને બીજો જેની જડ બુદ્ધિ છે, તેને શૂન્યતા છે તેને પરમાનંદ છે. તેથી બાળકને કહીએ કે બેટા તું સમતા રાખ રમકડાં તો રમકડાં જ હોય ને, રમી લે. એવો પ્રયાસ તમે કરો તો ખરા. ચાલો, એક વર્ષ માટે એટલું નક્કી કરી લો કે એક જ રંગનાં કપડાં પહેરવાં. પછી તમારુ મન કેવું થાય છે ? જોઈ લો. એવાં ઘણાં બધાં ઉદાહરણ મળી શકશે. વાત એટલી જ છે કે-તેવી શૂદ્રતા ના લાવો. પોતાના મૂળપુરુષના સ્મરણને કદીયે ન ભૂલો. તમારું શ્રેય સિદ્ધ થશે તો તમારા દ્વાર અને તમારા મૂળ પુરુષથી જ સિદ્ધ થશે. બીજી આ સમતાની જે વાત

છે, તેના માટે થોડોક હૃદય પર હાથ રાખી થોડી બુદ્ધિમતાથી વિચારો. જગતમાં ક્યાં સમતા લઈ આવશો ? જગતમાં જે વિવિધતા છે તેનું જ નામ જગત છે. જો જગત સમ થઈ જાય તો પરમાત્માને બીજી એક વિનંતી કરો કે આપણાં બધાને સરખા બનાવી દે, આંખ, કાન, નાક બધુ સરખું બનાવી દે. એટલે કોઈને કોઈમાં ભેદ દેખાયજ નહિ, બધાજ સમભાવમાં આવી જાય. એટલે વાતને થોડી સમજો. વિચારીને કામ કરો. આવી અહમ્‌ની સૂક્ષ્મ હુંસાતુસીમાં કોઈ જ આનંદ નથી. જે વલ્લભાધીશની જૈ બોલે તેમાં પણ તેને સાથ આપો. જે ગોકુલેશની જૈ બોલે છે તેને પણ ત્યાં સાથ આપો. કારણ કે શ્રીગોકુલેશ અને શ્રીવલ્લભાધીશ એક જ વ્યક્તિનાં બે નામ છે. બે વ્યક્તિનાં જુદાં જુદાં નામ નથી.

त्वां श्रीश्रीवल्लभेमे निखिलबुधजनाः गोकुलेशं भजन्ते.....

શ્રીગુંસાઈબાવાની પંક્તિમાંથી જ તમને ખાત્રી થઈ જશે, દેવકીનન્દનની વાતથી નહિ... શ્રીમહાપ્રભુજીની વાણીથી, શ્રીગુંસાઈબાવાની વાણીથી ખાત્રી મેળવી લો.

વર્ણ વ્યવસ્થા

ભારતીય સંસ્કૃતિના કે ભારતીય જીવન પદ્ધતિના મૂળ મુદ્દાઓને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મારી વાતો પરથી એ સમજાવવાનો પ્રયાસ કર્યો કે જુઓ વર્ણ વ્યવસ્થા આપણે આજે પણ દૂર કરી શક્યા નથી. ઊંચ-નીંચ તો જગતમાં સાથે ચાલ્યા જ કરવાના છે. એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્રને તમે કદીએ દૂર નહિ કરી શકો. કેમ કે પોતપોતાની આંતરનિહિત યોગ્યતા છે Inborn Capacity છે-માફ કરશો, ક્યાંક ક્યાંક English word આવી જાય છે પણ તેનો અનુવાદ હું આપું છું તે મારી યોગ્યતા બતાવવા માટે નથી, તેવી કોઈ અપેક્ષા પણ નથી. આપ નિશ્ચિતપણે સમજી શકો છો કે હું શ્રીમહાપ્રભુજીની વાણી સિવાયના બીજા બધા વિષયોમાં અંગુઠાછાપ છું. હા તમારી સૌ પાસે એવી અપેક્ષા છે કે આ જન્મ દિવસના પ્રસંગે એક ભેટ આપો. આ ગીતના બોલ મને આપો.

सब कुछ सीखा हमने, न सीखी होशियारी,
सच है दुनिया वालो, कि हम है अनाड़ी

તો મને આ અપેક્ષા છે કે આવુ કાંઈ કલાત્મક રીતે બનાવેલ બોર્ડ બનાવીને મારા ડ્રોઈંગ રૂમમાં રાખુ, કે જેથી સતત ખબર પડે કે દેવકીનન્દન દુનિયાદારીની દ્રષ્ટિએ વિશુદ્ધ અનાડી છે. તમને બધું સમજાઈ શકે છે. હું ગુજરાતી બોલું તો

તમને સમજાઈ જાયને.... કેમ કે તમારી હિન્દી બોલવાથી મને જેવુ લાગે તેમ મારા ગુજરાતીમાં તમને લાગતુ હશે. બરાબરને ? કેમ કે હું શરમ કરીને શું કરીશ ? મને તો મારા સ્વામિનું ગુણગાન કરવુ છે.

मान घटे तो कहा घट जइये, पीय के दर्शन पइये,
चल सखी सौतन के घर जइये

તો શું થઈ ગયુ ? જો મને ગુજરાતી બરાબર નથી આવડતું તો ! કારણ તે મારી માતૃભાષા નથી. હું એક કોન્ફરન્સમાં ગયો હતો. ત્યાં English માં પેપર વાંચવાનું હતું. English માં પેપર વાંચતાં પહેલાં જ મેં કહી દીધું હતું, કે જો ખોટુ English વંચાશે તો તે મારો અધિકાર છે, કારણ English મારી માતૃભાષા નથી. તમને ક્યારેક કશુંક સારી રીતે સમજાવવા માટે જ English word વાપરી રહ્યો છું. આધુનિક રીતે સમજવાવાળા લોકોને પણ આ રીતે સમજવામાં મજા પડે, કેમ કે તેમની ચેતના જે જૂની ભાષા સમજવાની રીત હતી તે છૂટી ગઈ છે, તેથી તેઓને પણ સરળ રહે. શ્રીમહાપ્રભુજીની વાણી અને વેદશાસ્ત્રના અભ્યાસની દ્રષ્ટિએ મારું એમ કહેવું છે કે ધર્મ, અર્થ, કામ, મોક્ષ, બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર - એ જ વિભાજન છે. આ ભેદ હજી દૂર થયો નથી. એ ભેદ આજે પણ છે, જ્યાં સુધી આ સૃષ્ટિ છે અને જ્યાં સુધી આ જગતનું અસ્તિત્વ છે, ત્યાં સુધી એ ભેદ રહેશે. એને આપણે દૂર કરી શકવાના નથી. એકરૂપે નહીં તો બીજારૂપે, પણ છે જ એમાં કોઈ શંકા નથી.

સંસ્કાર

બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર આ વર્ણના આધારે આપણે ત્યાં શાસ્ત્રની આખી વ્યવસ્થા આપવામાં આવી છે. આ બધાં જ વિભાજનના મૂળમાં આપણી આંતરનિહિત ક્ષમતા Inborn Capacity જવાબદાર છે. આ આંતરનિહીત ક્ષમતા આપણા સ્વભાવમાં રહેલી, આપણા લોહીમાં રહેલી છે. Science ની દ્રષ્ટિએ એ Gene માં રહેલી છે તેમ કહી શકાય. એ તમારા સ્વભાવમાં રહેલી તમારી Potentiality કે ક્ષમતા કે સામર્થ્ય છે તેના આધારે આ બધા ભેદ હતા. અને એ ક્ષમતા વ્યક્તિમાં કેવી રીતે જાગૃત થતી હતી, એના જાગરણના માટે જે પ્રયાસ હતા, તેને જ આપણે ત્યાં સંસ્કાર કહેવામાં આવતા. તમારું બાળક ઘણી બધી ક્ષમતા, સામર્થ્ય ધરાવતું હોય પણ એને એ વિચાર ન આવ્યો હોય એ વ્યર્થની બાબતમાં પોતાનું જીવન

બરબાદ કરી રહ્યા છે - તો કોઈક દિવસ આપણે ઘરે બે કલાક સાથે બેસાડીને સમજાવીએ છીએ કે બેટા તું શું કરે છે ? તું સમજ તો ખરો ? તારી અંદર કેટલા ગુણ છે ! આ રીતે સમજાવતાં ક્યારેક જાગરણ આવી જાય. તો તમે એ બે કલાકમાં શું કર્યું ? બાળકમાં તમે એને સંસ્કાર આપ્યા કહેવાય. એ રીતે યજ્ઞોપવિતમાં પણ, આ સંસ્કાર આપવાની જ વાત છે. તેનું પ્રાચીન નામ હતું મેધાજનન. મેધા એટલે બુદ્ધિ. વેદના મંત્રોમાં પ્રવેશ કરી શકે તેવી બુદ્ધિનો સંસ્કાર કરવો તેનું નામ હતું મેધાજનન અથવા યજ્ઞોપવિત સંસ્કાર. મેધાજનનની રીતે એ વ્યક્તિની અંદર બ્રાહ્મણ્યની સંસ્થા અથવા બ્રાહ્મણ્ય દેવતા સ્થિર થતા. બ્રાહ્મણ્ય દેવતાની સ્થિતિ બનતી હતી અને એ પછી એ બ્રાહ્મણ કહેવાતો હતો. સ્મૃતિનાં એ સામાન્ય વચન છે કે -

जन्मना जायते शूद्रः संस्कारात् द्विज उच्यते.....

આ દ્વીજ શબ્દ એકલા બ્રાહ્મણ માટે ન હતો વપરાતો, પણ તે વૈશ્ય, ક્ષત્રિય તથા બ્રાહ્મણ ત્રણેય માટે દ્વીજ શબ્દ વપરાતો હતો. આજે તમને ૧૫ દિવસની વરધિ કે સૂતક કેમ લાગે છે ? કેમકે તમારા ત્યાં યજ્ઞોપવિતની પ્રથા બંધ થઈ ગઈ, તેથી વૈશ્ય અને ક્ષત્રિય સમાજને પણ શુદ્રોની જેમ ૧૫ દિવસનું સૂતક લાગવા માંડ્યું. નહિતો તમને વૈશ્યોને ફક્ત ૧૦ રાત્રીનું સૂતક થાય. સૂતક એ અશુભ નથી. પરંતુ સંસ્કારો લોપ થઈ જવાના કારણે આપણે પણ શુદ્ર કોટીમાં આવી ગયા.

શુદ્ર કોટીમાં પણ બે પ્રકાર છે. એક સત પ્રકારના શુદ્ર અને બીજા અસત પ્રકારના શુદ્ર - સત શુદ્ર અને અસત શુદ્ર. જેની આખી પૂર્ણ વ્યવસ્થા શાસ્ત્રોમાં આપેલી છે. શુદ્ર શબ્દ કઈ બહિષ્કારનો શબ્દ નથી. એ તો ભારતના કહેવાતા શિક્ષાવિદો છે અને ભારતના બેઈમાન ઈતિહાસો છે અને ભારતના બેઈમાન રાજ નેતાઓ છે, કે જેમણે આ શબ્દોને ગાળ બનાવી દીધી છે. આજે આપણા ચિત્તમાં એક કન્ડીશનીંગ કરી દીધી-પૂર્વાગ્રહ પેદા કરી દીધા, કે આપણે આ શબ્દોને અછૂત માનવા લાગ્યા. શુદ્રોની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? જાણો છો ? જેના માટે આપણે બધા તરસીયે છીએ, આપણે અહર્નિશ જેનું ધ્યાન કરવા માંગીએ છીએ, ત્યાંથી શુદ્રોની ઉત્પત્તિ છે. બ્રાહ્મણની ઉત્પત્તિ જ્યાંથી છે–ત્યાં આપણી દૃષ્ટિ લઈ જવાનું આપણું સામર્થ્ય જ નથી. શુદ્રની ઉત્પત્તિ ભગવાનના શ્રીઅંગના ચરણારવિંદમાંથી માનવામાં આવી છે. આપણાને સૌને ચરણારવિંદની અપેક્ષા તો હોય જ છે. ભગવાનના મસ્તક કે મુખારવિંદ સુધી પહોંચવાનું સામર્થ્ય કોનું છે ? મારું-તમારું

તો નથી જ. એટલે આ સરખામણી તમે જ જોઈલો. શુદ્ર હીન છે કે નીચ છે. એ વાત આપણા કાનમાં ઝેર રૂપે નાખવામાં આવી-આવા કહેવાતા શિક્ષાવિદો, કહેવાતા વિદ્વાનો, કહેવાતા રાજકારણીઓ એ આપણા માથા પર આ ઠોકી બેસાડ્યું છે કે શુદ્ર નીચ છે. બ્રિટીશના સમયમાં પૈસા આપીને એવા ઈતિહાસ લખાવવામાં આવ્યા હતા કે-જેના ઈતિહાસોથી ભારતીય માનસ આખાં બદલાઈ જાય. આપણે વશિષ્ઠ, વાલ્મિકી, વિશ્વામિત્ર, ભારદ્વાજ અને એવા મહાન ઋષિઓનાં સંતાન ન રહીએ અને આપણે એક મલેચ્છ મેકોલેના દીકરાઓ બની જઈએ. આજની આપણી આખી સડી ગયેલી શિક્ષા પદ્ધતિ મેકોલેની બનાવેલી છે. આજે પચાસ વર્ષ પછી પણ ભારત ફટીચરની પરિસ્થિતિમાં છે, કેમ કે ભારત પાસે પોતાની શિક્ષણ પ્રણાલી નથી. તેથી આપણે આ બધું માનતા થઈ ગયા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર યોગ્યતા પ્રમાણે છે. આપણા ચાર દિકરાઓ હોય એમાંથી એક બહુ Higher post પર પહોંચી ગયો હોય, બીજો ભાગ્યના જેકપોટથી કદાચ રાતોરાત અંબાણી બની ગયો હોય, ત્રીજો બાપદાદાની પેઢીએ બેસી ગયો હોય અને ચોથાની બિચારાની કેપેસીટી ન હોય, તો એક મા-બાપનું હૃદય રાખીને, સાચા ભાઈનું હૃદય રાખીને, હૃદય પર હાથ મૂકીને વિચારી લો કહો કે હવે ચોથાને ઘરથી બહાર કાઢી મૂકશો ? જો જવાબ ના, તો કોનો બહિષ્કાર, શુદ્રોનો બહિષ્કાર કોણે કર્યો ? આ બધા પૂર્વાગ્રહ બાંધવામાં આવ્યા. આ એક જ ઉદાહરણથી હું આખી બાબત સમજાવવા માંગી રહ્યો છું કે જુઓ ભારતીયતાને કેટલી બધી મોટી ગાળ આપવામાં આવી છે. તે દરેક પાસા અનેક ઉદાહરણથી સમજાવી શકાય છે. પણ આપણો વિષય નથી ને સમય ઓછો છે તેથી આ ચર્ચા આગળ વધારતા નથી.

આ બધા વિભાજનો સાચા છે, નહી તો તમને કહું કે એક કામ કરવા જેવું છે, આપણી પાસેની વ્યક્તિઓ ક્યાંતો ધંધાવાળી હશે નહિ તો નોકરી કરનાર હશે. ધંધાવાળાને ત્યાં એકાદ નોકર કે ગુમાસ્તા તો હશે જ. અને સર્વિસ કરવાવાળાને ત્યાં પણ ઉપરી અમલદાર કે નીચા અમલદાર હશે જ. કાલથી તમે તમારી જાતને તમારા ગુમાસ્તા અથવા નોકર જેવી ટ્રીટમેન્ટ આપવાનું શરૂ કરજો અને તમારી જ્યાં પણ નોકરી હો ત્યાં બોસને જઈને કહેજો કે તે પણ તમને બોસ કહે. કેમ કે આપણે બધા ભારતવર્ષનાં સંતાન છીએ - આજથી બધા જ સમાન છે. ભારતવર્ષમાં ઉંચનીચનો સવાલ જ નથી. હું કલાર્ક નથી - બોસ જ છું. આવો પ્રયાસ થોડાક દિવસો માટે કરી જોજો. બીજી વાત કહું- સમભાવ તો રાખવો છે પણ તમારો જે

અહમ્ દુભાય છે તે તમારી પત્નીની વાતથી દુભાય છે. એટલે ત્યાં પણ સમતાનો ભાવ લઈ આવો, ત્યાં પછી ધણીપણાનો ભાવ નહિ લાવતા. એટલે એવું ગાંડપણ માથામાંથી કાઢી નાંખો. વિવિધતા એ જ ભગવત્ સૃષ્ટિનું મૂળ છે. ભગવાને પોતે જ સર્વ પ્રથમ જે ઈચ્છા કરી તેનું નામ છે 'एकोऽहं बहुस्याम्'.

નાના હતા ત્યારથી આપણે બધાએ કાચના નાના ટુકડાવાળું કેલિડોસ્કોપ જોયું જ હશે. તે તમે લઈ આવો અને જ્યારે તમને સમતાનો રોગ થાય ત્યારે બીજી કોઈપણ દવા લીધા વગર એક વખત કેલિડોસ્કોપ લઈને ફેરવી જોજો અને જેટલી વખત ફેરવશોને તો ડીઝાઈન એટલી જ બદલાશે કાચની સંખ્યા વધવા ઘટવાની નથી, એ પણ નિર્વિવાદ બાબત છે. તેથી સચ્ચિદાનંદ ઘન ભગવાનમાં કાંઈ વધતું નથી, કે કાંઈ ઘટતું નથી, ડીઝાઈન બદલાયા જ કરે છે, એક પ્રયોગ કરી લેજો.

મનોચિકિત્સા અને આપણું શાસ્ત્ર

ભારતવર્ષનું સંપૂર્ણ તંત્ર જે વિચારનું છે તે - પ્રવૃત્તિ તંત્ર, ઈચ્છા– ચેષ્ટા તંત્ર અને સ્વભાવ તંત્ર પર આધારિત છે. તેની નોંધ લઈ લેજો. ભારત વર્ષનું સંપૂર્ણ તંત્ર આ ત્રણના આધારે જ ચાલે છે.

પ્રવૃત્તિ તંત્રનું બીજું નામ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ છે. ઈચ્છા - ચેષ્ટા તંત્રનું નામ છે-ધર્મ, અર્થ, કામ અને મોક્ષ.

એકાદ Psychiatrist - મનોચિકિત્સક ની સાથે ક્યારેક ચર્ચા કરી છે ! કે આ Psychiatry અને Psycology ના એટલે કે મનોવિજ્ઞાન અને મનોચિકિત્સાનાં મૂળ આપણા શાસ્ત્રમાં કેટલાં ઉંડા રહેલાં છે ? અને તેમાં કેટલી સૂક્ષ્મતા રહેલી છે ? એક સૂચના તમારી જાણ માટે આપું છું કે એક બૃહદ લેખ (Thesis) તૈયાર કરી રહ્યો છું એ શ્રીમહાપ્રભુજી અને દાદાજીની કૃપાથી એ લેખ તૈયાર થશે. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ગ્રંથમાં શરૂઆતમાં શ્રીપુરુષોત્તમજીની ચારથી પાંચ પંક્તિઓ છે. એ પંક્તિઓને આધાર બનાવીને એક ૭૦૦ થી ૮૦૦ પૃષ્ઠનો લેખ (નિબંધ) તૈયાર થઈ રહ્યો છે અને એમાં આધુનિક મનોવિજ્ઞાન અને મનોચિકિત્સા શાસ્ત્રનો તુલનાત્મક આસ્પેક્ટ આપી રહ્યો છું, એવા આધુનિક લોકો માટે કે જેઓને હજી ભારતીય શાસ્ત્ર માટે હીન દ્રષ્ટિ છે. તેમને હું જણાવવા માંગુ છું કે ભારતના સપૂતનું લોહી હજી ગરમ જ છે અને ભારતના સપૂત હજી પણ આ અંગ્રેજોની સાત પેઢીઓને બેસાડીને આપણા ભારતીય શાસ્ત્રનો અભ્યાસ કરાવી શકે છે. હજી ભારતની સંતતિનું રક્ત ઠંડુ નથી પડી ગયું. એવું હું સમજાવવા માંગું છું.

આજના આધુનિક વિજ્ઞાનનાં દરેક પાસાંઓ આપણા શાસ્ત્રની દેન છે.

એવી રીતે કોઈ ભૌતિકશાસ્ત્રના વિદ્વાન પ્રોફેસરને પણ ચર્ચા માટે આવી રીતે બોલાવવો જોઈએ. એક વાત હું સ્પષ્ટ કરી દેવા માંગુ છું કે આ મારી આત્મશ્લાધા માટે હું નથી કહી રહ્યો કે આને બોલાવો અને ચર્ચા કરીએ, પણ આના થકી હું માત્ર એ સમજાવવા માંગુ છું કે આજના આધુનિક વિજ્ઞાનના દરેક પાસાઓ આપણા શાસ્ત્રમાં છે જ અને દેવકીનન્દન એ આધુનિક વિદ્વાનોને બતાવી રહ્યો છે. ભૌતિકશાસ્ત્રી સાથેની ચર્ચામાં આઈન્સટાઈન અને ત્યાર પછીનો જે વિકાસ થયો છે તે ક્વોન્ટમ ફીઝીક્સ ભણે છે તેઓની સાથેની ચર્ચામાં સમજાવી શકાય તેમ છે કે શાસ્ત્ર અને શ્રીમહાપ્રભુજીનો બ્રહ્મવાદ એ શું છે ? શ્રીમહાપ્રભુજીના દર્શનશાસ્ત્રનું નામ છે બ્રહ્મવાદ. એમનો પુષ્ટિમાર્ગ તો ધર્મનું નામ છે, પરંતુ વિચારશ્રેણી કે ફીલોસોફીનું નામ છે બ્રહ્મવાદ. શ્રીમહાપ્રભુજીએ આપણને બ્રહ્મવાદ બતાવ્યો છે. તેથી સિદ્ધાંત મુક્તાવલીની વાત યાદ કરો.

> अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम्.....
>
> (सिद्धांत मुक्तावली)

બ્રહ્મવાદની વિચારસરણી છોડીને જો કૃષ્ણમાં બુદ્ધિ લગાવશો તો કંઈ નથી મળવાનું તેના વગર તો પુષ્ટિમાર્ગીય નહી થાવ તમે. **બ્રહ્મવાદની વિચારશ્રેણી એ પ્રાથમિક જરૂરિયાત** અને કૃષ્ણે બુદ્ધિ વિંધીયતામ એ પછીની જરૂરિયાત. લોટ લાવ્યા વગર કે લોટની તૈયારી કર્યા વગર રોટલી શેકીને તમે બતાવો મને તો હું જાણું કે ખરો પુરુષાર્થ. એટલે પુષ્ટિમાર્ગની સેવા અને શરણમાર્ગ એ બંને બ્રહ્મવાદ પર તો ટકી રહ્યા છે. તેથી જો આધુનિક દરેક પાસાથી વિચારશો ને તો આ ત્રણ વસ્તુ માનવમાત્રના વિભાજનમાં લાગુ પડશે. તથ્ય એક જ રહેશે, અલબત્ત આકાર ભલે બદલાયા કરે. આ ત્રણનો ખ્યાલ રાખીને આપણે આગળના પાસાનો વિચાર કરીએ. એક સવાલ છે-કે કાંઈ પણ પ્રવૃતિ કર્યા વગર તમારો દિવસ શરૂ થઈ શકે ખરો ? કાંઈપણ પ્રવૃત્તિ કર્યા વગર તમારી જરૂરિયાતો પૂરી થઈ શકે ખરી? કાંઈપણ પ્રવૃત્તિ કર્યા વગર તમારા જીવનના સંચાલન માટે અનિવાર્ય છે તે અર્થ પ્રાપ્તિ થઈ શકે ખરી? ના થાય. બેંક બેલેન્સ જેણે કરી લીધું હોય અને જેને તેનું વ્યાજ આવતું હોય તો તે વ્યાજ લેવા માટે કે તે વ્યાજની વ્યવસ્થા કરવા માટે પણ પ્રવૃત્તિ તો

કરવી જ પડતી હોય છે. ભલે વ્યાજ ઘેર બેઠાં આવતું હોય. આ સમજવાની બાબત છે, તમે જે તે ક્રિયા કરી રહ્યા છો, જે તે કર્મ કરી રહ્યા છો તેની સાથે ફળ જોડાયેલ જ છે. તો પછી વેદનાં બતાવેલાં કર્મ અને તેના ફળની વાતો આપણને કેમ સમજાતી નથી ? એ વાતોનું જ નામ છે કર્મ માર્ગ.

निगाहे शौक़ वही है, निगाहे शौक़ शमीम,
जो एक बार रुख़े यार पर ठहर जाये ।

નિગાહે શોક એટલે ચાહનાની દૃષ્ટિ. હજારોની ભીડ હોય પણ ચાહનાની દૃષ્ટિ ત્યાં જ જઈને ટકશે કે જ્યાં તેને ટકવાનું છે. તેથી, તમારે પણ જાણવાની બધી વસ્તુ જાણ્યા પછી તમારી જાણવાની દૃષ્ટિ જ્યાં ટકવી જોઈએ તે છે શ્રીમહાપ્રભુજીની વાણી.

વેદના કર્મના પાંચ પાસા છે,

(૧) વિધિ
(૨) નિષેધ
(૩) નામધ્યેય
(૪) મંત્ર
(૫) અર્થવાદ

આ પાંચ ભાગમાં વેદનાં તમામ વાક્યો વહેંચાયેલાં છે.

દરેક યુગની કાંઈક જુદી આવશ્યકતાઓ રહી છે. આવશ્યકતાઓ, ઈચ્છાઓ અને પદ્ધતિ બદલાતી રહી છે. પણ તેથી જ એ પદ્ધતિ કંઈ આઉટ ઓફ ડેટ થતી નથી.

યજ્ઞ એક જીવન પદ્ધતિ

એક વાત ખ્યાલ રાખજો કે આજે આપણી પાસે અર્થ બહુ છૂટથી આવી રહ્યો છે અને તેથી ઘર કરતાં ઘરના ઈન્ટીરીઅર પર વધારે છૂટથી ખર્ચા કરી રહ્યા છીએ. આનો એવો મતલબ નથી કે આપણા બાપદાદાઓને રહેતાં નહોતું આવડતું. જો રહેતા ન આવડતુ હોત ને તો આજે આપણે ઈન્ટેરીઅર બનાવવા માટે જગતમાં મોજુદ જ ન હોત.

हम उन सारी किताबोंको काबिले ज़प्ती समझते हैं
जिन्हे पढ़कर लोग अपने बापको खब्ती समझते हैं

અકબર ઈલાહબાદી કરીને બહુજ મોટો ગજાનો શાયર થઈ ગયો. તે કહે છે કે 'અમે માર્કેટમાંથી એવી બધી કિતાબ ઉઠાવી લેવા માંગીએ છીએ કે જેને વાંચીને આજકાલના માણસો પોતાના બાપદાદાને બેવકૂફ સમજી રહ્યા છે'. તેથી મહેરબાની કરી એવું માની નહીં બેસતા કે આપણા બાપદાદા બેવકૂફ હતા!. એ આપણા વડીલો સાદાઈથી રહેતા હતા તેનો અર્થ એ નથી કે તેઓ સારી જીવન પદ્ધતિ જાણતા ન હતા, તેઓ ચોક્કસ જાણતા હતા આર્ટ ઓફ લીવીંગ શીખવનારા - કે જીવન જીવવાની પદ્ધતિ શીખવનારા બેવકુફ બનાવી રહ્યા છે. કારણ કે તેમને પોતાનાં ખિસ્સા ભરવા છે. આપણા બાપ દાદાઓએ કદાચ કહેવાતી કેશ નહી બચાવી હોય, પરંતુ થોડુ ઘણું સોનું સંઘરવામાં તો તેઓ બહુજ માહિર હતા અને વારસામાં મોટાભાગના તો સોનું આપી જ જતા હતા. એટલે એવું ના માનતા કે જીવન જીવવાની કળા તેમની પાસે ન હતી. આથી જો તેઓના જેવી જીવન પદ્ધતિ આજે રહી હોત ને તો આજે આપણે બરબાદીના રસ્તે ન ગયા હોત ! આજે આપણી પાસે જે રહી ગયું છે તે માત્ર ઉપરનું લેબલ રહી ગયું છે, બાકી અંદર તો બધી પોલમપોલ થઈ ગઈ છે. અંદર બધું ખાલી ને ખાલી જ છે. ઘર એવા બનાવ્યા અને ઘરના ઈન્ટીરીયર એવા કર્યા કે કમરનાં હાડકાં તેને મેઈન્ટેન કરતાં કરતાં તૂટી જશે અને જિંદગી નીકળી જશે સજાવતાં સજાવતાં અને જ્યારે વિદાયગિરી થશે ને ત્યારે તેમાંની એક પણ આઈટમ ચિતા પર સાથે નહીં આવે. પરિણામ એ આવ્યું કે જીવનની અતિ મહત્વપૂર્ણ પ્રવૃત્તિઓ હતી તેમાંથી તમારા રંગ ઢંગ ઉડી ગયા, નીકળી ગયા. તેથી એક વાત યાદ કરી લેજો કે યજ્ઞ જે છે તે કાંઈ અગ્નિમાં ઘીની આહુતિ કરવી એ ફક્ત ઘીનો વેસ્ટેજ નથી. એટલુ સ્મરણ રાખજો. જો એ Wastage of Ghee હોયને તો સાંભળો કે આ જગતનું જે તંત્ર ચાલે છે તેને રોકી શકતા હોય તો રોકજો. દરેક વર્ષે એનું આઠ ફીટ જેટલુ વોટર ટેબલ નીચે જઈ રહ્યું છે. આ જે ભુતળનું પાણી પી રહ્યા છોને તે ફરી મળવાનું નથી. અને જેના થકી આ વાહનતંત્ર ચાલી રહ્યું છે તે પેટ્રોલ મળશે નહી. વેસ્ટેજની જે વાત થઈ રહી છે તે આ પાણી, પેટ્રોલ જેવાનો વેસ્ટેજ કેટલો થઈ રહ્યો છે તેજ ફક્ત વિચારો. જરૂરિયાત વગરનો કેટલો વપરાશ થઈ રહ્યો છે તે વિચારજો, તે આજે Non degradable production થઈ રહ્યા છે. જે વસ્તુઓ પ્રકૃતિમાં હજારો વર્ષો સુધી ભળી જ શકતી નથી તેવા જે પ્રોડક્ટ આપણે ક્યાં લઈ જઈશું ? તેથી આ વેસ્ટેજની ચર્ચા કરવા જેવીજ નથી. યજ્ઞ એક જીવન પદ્ધતિ હતી. ગીતાને સાચી રીતે સમજી રહ્યા છે અને

ગીતા સમજાવવાનો જે દાવો કરી રહ્યા છે એ સમજી લે કે શ્રીમહાપ્રભુજીએ જે રીતે ગીતા સમજાવી છે તે ગીતામાં શું કહ્યું છે ? ભગવાન ગીતામાં કહી રહ્યા છે કે આ સંપૂર્ણ સૃષ્ટિ છે ને તે હું યજ્ઞ રૂપ જ ઉત્પન્ન કરી રહ્યો છું. આ યજ્ઞ રૂપ સૃષ્ટિ છે. યજ્ઞ ક્યાં નથી ? ભારત વર્ષની સંસ્કૃતિ મુજબ આપણી સંતાન ઉત્પત્તિ પણ આહુતિનું ફળ છે. આ છે આપણા ભારતવર્ષની યજ્ઞની વ્યાખ્યા. આ આપણા ભારતના ઉપનિષદોની છાતી જેવી નક્કર વાત છે. આ તમે પેટમાં નાખી રહ્યા છો તે - નાસ્તાથી લઈને ભોજન સુધી-એ પણ આહુતિ છે. ક્યાં આહુતિ નથી ? યજ્ઞને ક્યાં તમારાથી જુદો કરી શકશો ? બહુજ વ્યાપક છે-યજ્ઞનો મતલબ. માત્ર એનું એક રૂપ આજે જોવાનું છે. કેમ કે કર્મ અને જ્ઞાન એ બંને સાધન અત્યારે આપણા મોક્ષ માટે કારગત નથી. આપણો એજન્ડા મોક્ષનો છે એ યાદ રાખજો, મોક્ષની વાત યાદ રાખજો.

त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ।

ત્રિવર્ગની ચર્ચા અહીંયા છે જ નહિ.

મોક્ષ : પુષ્ટિમાર્ગ

કેમકે દેવકીનન્દન એ શ્રીમહાપ્રભુજીની વાણીનો વિદ્યાર્થી છે એટલે દેવકીનન્દન સાથે તો પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ચર્ચા થાય છે. ત્યાં કાંઈપણ છે તે અમારા ભગવાન હરિની સીમામાં છે.

मुझे दे रहे है तसल्लिया, वो हरेक ताज़ा पयामसे
कभी आके मंज़रे आम पर, कभी हटके मंज़रे आम से

તે ક્યારેક સામે આવીને તસલ્લી દે કે પાછળથી પરોક્ષ રીતે તસલ્લી આપી દે મતલબ તેનાથી નથી, મતલબ એટલો જ છે કે મારો તેની સાથેનો નાતો છે તે ચાલુ છે. અમારો તો મતલબ એટલો જ છે કે શ્રીમહાપ્રભુજી અને શ્રીકૃષ્ણ ઉભય સ્વરૂપથી અમારો સંબંધ બંધાયેલો રહે. તે જ અમારા **ધર્મ** છે, તે જ અમારા **અર્થ** છે, તે જ અમારો **કામ** છે ને તે જ અમારો **મોક્ષ** છે. તો મોક્ષની ચર્ચા પહેલાં કર્મ માર્ગ પણ કારગત નથી અને જ્ઞાન માર્ગ કારગત નથી એ સમજવું જરૂરી છે. અત્યારે જે લોકો એવી ભ્રમણા તમારામાં નાંખે છે ને કે જ્ઞાન વગરની ભક્તિ બેકાર છે, એમને કહેજો કે શ્રીમહાપ્રભુજીની સાથે પછી મુલાકાત લે તે પહેલા શ્રીશંકરાચાર્ય સાથે મુલાકાત જરૂરી છે અને શ્રીશંકરાચાર્ય સાથે સમજી લે કે જ્ઞાનનો મતલબ શું છે ?

મા ને મા બનવા માટે કશાની જરૂરત નથી.

શ્રીમહાપ્રભુજીના વંશજ તરીકે મને આદર આપવા નથી તૈયાર, કંઈજ વાંધો નથી. પણ હું વેદાંતના વિદ્યાર્થી તરીકે કહેવા માંગુ છું કે મહેરબાની કરીને થોડા ગંભીર વિદ્યાર્થી બની, શ્રીશંકરાચાર્ય પાસે સમજી લો કે જ્ઞાનનો શું મતલબ છે ? તેથી જ્ઞાન પણ કારગત નથી. ભક્તિ જ્ઞાનની અપેક્ષા નથી રાખતી. પરંતુ યાદ રાખો કે જગતમાં એક પણ વસ્તુ એવી નથી, તૃણ માત્ર પણ કે જે કૃપાની અપેક્ષા ન રાખતી હોય, કર્મ પણ કારગત થઈ રહ્યું છે કૃપાના કારણે અને જ્ઞાન પણ કારગત થઈ રહ્યુ છે કૃપાના કારણે. આ ભક્તિ અને કૃપા બંનેનો મતલબ એકજ છે. એટલે એને બીજા કશાની જરૂરિયાત નથી. બાળકને જન્મ લેવા માટે મા ની જરૂરત પડતી હોય છે. પરંતુ મા ને મા બનવા માટે કશાની જરૂરત પડતી નથી હોતી. ભક્તિ તો સ્વયં જનની છે. એ ભક્તિને કોઈની પણ અપેક્ષા નથી.



મોટો બંગલો હોય,
સજાવટમાં ૨૫ થી ૩૦ લાખ નાંખ્યા હોય
અને
ઠાકોરજીનો રૂમ બતાવવા લઈ જાય
અને
તે પણ હોય પગથીયાની નીચે ભંડકીયા જેવી જગામાં....
આ આપણા સમાજની નગ્ન તસ્વીર છે.
આખા ઘરમાં ઘરના દરેક વ્યક્તિ માટે
વ્યવસ્થિત રૂમ છે
પણ...
ઠાકોરજીને દાદરા નીચે રૂમ અપાય છે
ફાલતુ જગ્યા, જ્યાં કશાનો ઉપયોગ નથી
તેવી જગ્યાએ ઠાકોરજીને રાખવામાં આવે છે.
આના ઉપરથી એ સ્પષ્ટ કરો કે
ઠાકોરજી આપણા કેન્દ્રમાં છે કે
સાઈડમાં રાખ્યા છે.
ઠાકોરજી આપણા જીવનનું કેન્દ્ર ક્યાં છે ?
જે દિવસે ઠાકોરજી ને જીવંત માનીને
ઠાકોરજીની સેવા કરશોને...
તે દિવસે પુષ્ટિમાર્ગ શરૂ થઈ જશે.

વેદ આધારિત કર્મ

વેદનાં સંપૂર્ણ કર્મ પાંચ રીતે વિભાજીત થયાં છે -

૧. અગ્નિહોત્ર
૨. દર્શપૂર્ણમાસ
૩. પશુયાગ
૪. ચાર્તુમાસ
૫. સોમયાગ

દર્શપૂર્ણમાસ - દર્શ શબ્દ અમાવસ માટે વપરાય છે અને પૂર્ણ એટલે પૂનમ. ભારતમાં યજ્ઞની પ્રક્રિયા દરેક અમાસ અને પૂનમના દિવસે થાય છે, તેને કહેવાય છે–ઈષ્ટી એ ઈષ્ટી જે સતત કરતા હોય તેનું નામ છે દર્શપૂર્ણમાસ. શ્રીવલ્લભલાલ તાતજી એ અગ્નિહોત્રી અને ઈષ્ટી સતત કરતા રહેતા હતા. એટલે એક મહિનામાં બે યજ્ઞ હોવા છતાં પણ તે એક જ યજ્ઞની રીતે ટ્રીટ થાય છે.

પશુયાગ, ચાર્તુમાસ જેવા શબ્દોની સમજ વધારે આપતો નથી, એનો મતલબ એવો નથી કે તે અગત્યતા નથી, કારણ એમાં અનેક પાસાં એવા રહેશે કે જે અત્યારના સંદર્ભમાં સમજાય તેવાં નથી.

સોમયજ્ઞ - આજે આ ખૂબજ વિવાદાસ્પદ છે. એના માટે કોઈપણ સંદર્ભમાં હું વાત નથી કરી રહ્યો. સોમયજ્ઞ કરવાનો અધિકાર ત્રણ પેઢીથી જેઓને ત્યાં અગ્નિહોત્ર સતત ચાલતો હોય તેને જ-તે બ્રાહ્મણને જ અધિકાર મળે છે. જેમ મારા તાતજી મહારાજ, મારા પિતાજી અને હું ત્રણ પેઢીથી જો અગ્નિહોત્રનો નિર્વાહ કરતા આવ્યા હોઈ તો જ ચોથી પેઢીએ વિઠ્ઠલરાયને આ સોમયજ્ઞ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય કે, તેઓ સોમયજ્ઞ કરી શકે. આ પાંચ વેદના યજ્ઞનાં નામ છે. આ કર્મના પાંચ વિભાગ છે.

ભગવદાનંદ

ભગવાન ગીતામાં સ્પષ્ટ કહે જ છે પ્રજાપતિ બ્રહ્મા સાથે અને યજ્ઞ સાથે જ મેં આ જગત આખું ઉત્પન્ન કર્યુ છે. આજ સુધી આ જગત એ યજ્ઞની પ્રક્રિયા છે. યજ્ઞમાં આહુતિ વગર એટલે કે દીધા વગર કંઈ લેવાની ઈચ્છા હોય તો એ ચોરીની

વૃતિ છે. એ ચોરીની વૃત્તિ પાપ છે. એ પાપથી તમારો વિકાસ નહિ થઈ શકે. આ બાબત સ્પષ્ટ જણાવે છે કે તે યજ્ઞરૂપ સંપૂર્ણ પ્રક્રિયા હતી. આ યજ્ઞમાં ત્રણેય વર્ગ ભાગ લેતા હતા. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, કેમ કે એ દ્વીજ કહેવાતા હતા અને શુદ્ર વર્ગએ યજ્ઞની પ્રક્રિયામાં સહાયભૂત બની શકતા હતા. - બીજા બધાં તમામ બહારનાં કાર્યો કરવા માટે. જેમ આપણે મોટું કશુંક કામ હાથમાં લઈએ છે ત્યારે આપણને હેલ્પર અને અટેન્ડેન્ટસની જરૂર પડે જ છે. તે રીતે બાહ્ય પ્રક્રિયામાં આ શુદ્રો મદદરૂપ થતા હતા. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સંપૂર્ણ સમાજની સમષ્ટિ યજ્ઞની પ્રક્રિયામાં આવતી હતી એ યજ્ઞનો ક્રમ હતો. એ યજ્ઞનાં ત્રણ ફળ હતાં. જે ઉત્તમોતમ ફળ હતું - તે હતું, ભગવદાનંદ. આ ભગવદાનંદને આપણા પુષ્ટિ માર્ગના ભગવદાનંદ સાથે જોડી ન દેતા ભગવદાનંદનો એક ખાસ અર્થ છે. એ ભગવદાનંદ પણ કોને મળે છે કે જે યજ્ઞને નિષ્કામ-હેતુ વગર કરે છે તેને.

જે વ્યક્તિ કોઈ પણ કામ વગર એટલે કે નિષ્કામ એ યજ્ઞને કરી રહ્યા હોય તેવા ને એ યજ્ઞનું ઉત્તમોતમ ફળ પ્રાપ્ત થાય છે. કેમ કે ત્યાં ભગવદઆજ્ઞા છે. ભગવાને વેદ રૂપે આજ્ઞા કરી છે કે તુ કર. તેથી તે નિષ્કામ, નિર્હેતુક, એ યજ્ઞમાં પ્રવૃતિ છે.

વેદના ચાર ભાગ

વેદનો અંતિમ ભાગ વેદાંત કે જે ઉપનિષદ કહેવાય છે. વેદના મૂળ ચાર ભાગ છે. પ્રથમ ભાગ સંહિતા, બીજો બ્રાહ્મણ્ય, ત્રીજો ભાગ આરણ્ય અને ચોથો એટલે વેદાંત અથવા ઉપનિષદ્. કર્મનું જે કાંઈ પણ વિધાન છે તે સંહિતા ભાગમાં છે. કર્મ કેવી રીતે કરવાં તે બ્રાહ્મણ્ય ભાગમાં બતાવ્યું છે અને તેમાં જે ઉતમ જ્ઞાનની આવશ્યકતા છે તે આપણને આરણ્યક અને ઉપનિષદથી મળી શકે છે. ઉપનિષદનું જ બીજું નામ છે વેદાંત. વેદના બતાવેલ કર્મ એટલે કે યજ્ઞના પાંચ પ્રકાર અને યજ્ઞો બાંધ એ આરણ્યક અને ઉપનિષદમાંથી પ્રાપ્ત થાય,આમ કુલ છ રીતે, એટલે ષડવિદ્યાના રૂપે થયું. અહીંયાં પણ પરમાત્માનાં છ પાસાં બતાવ્યા છે. એટલે આ ષડવિદ્ય યજ્ઞનું આચરણ કરે ત્યારે કોઈ સમયે યજ્ઞની વેદીમાંથી યજ્ઞપુરૂષ વિષ્ણુ પોતે દર્શન આપે એ દર્શનના સ્વરૂપનું નામ છે - ભગવદાનંદ બાકી એ અક્ષર બ્રહ્મના મોક્ષના અધિકારી છે. અક્ષરથી ઉપર એની ગતિ નથી. જે **નિષ્કામ કર્મ કરે છે તેઓની જ આ વાત છે.**

ઉત્તમ અધિકારીનાં ત્રણ ફળ

ઉત્તમ અધિકારીનાં ત્રણ કર્મ છે. ઉત્તમોતમ, ઉત્તમમધ્યમ અને ઉત્તમહીન એટલે કે ક્રમ મુક્તિ અને સધ્યોમુક્ત. ઘણી બધી ભાગવત સપ્તાહોમાં તમે સાંભળ્યું હશે, એવા પ્રસંગ આવે છે કે ત્યાં વેદનારાયણ ભગવાન વિષ્ણુએ એમને યજ્ઞમાંથી પ્રગટ થઈ દર્શન આપ્યા. એ યજ્ઞની આધિદૈવિક કોટિ છે. (સર્વોતમ સ્તોત્રની કેસેટોમાં આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિકની વાત વિસ્તારથી સમજાવવામાં આવી છે.) બીજો પ્રકાર એટલે કે મધ્યમ પ્રકાર છે. તે ક્રમમોક્ષ એટલે સ્ટેજ બાદ સ્ટેજ. ક્રમમુક્તિ પણ તમે કહી શકો. અથવા ત્યાં કહી શકાય અર્ચિરાદિ માર્ગ. અર્ચિરાદિ માર્ગથી જે જીવાત્માઓ આગળ વધે છે તેઓ પાછા વળતા નથી. તેઓ બ્રહ્મલોક સુધી ગતિ પામીને બ્રહ્મ સાથે લીન થાય છે અને પછી પુન: સૃષ્ટિની પ્રક્રિયામાં આવે છે. ધૂમમાર્ગથી જે જાય છે તેઓને પાછા ફરવું પડે છે તેવી આપણા શાસ્ત્રની પ્રક્રિયા છે. આ શબ્દોનો ખ્યાલ રાખજો. ક્યારેક વિસ્તારથી સમજવામાં કામ લાગશે. વેદશાસ્ત્રમાં બે પ્રક્રિયા બતાવી છે અર્ચિરાદિ માર્ગ અને ધૂમમાર્ગ. ધૂમ માર્ગથી વારંવાર પાછા આવવું પડે છે અને અર્ચિરાદિ માર્ગથી આવવું પડતું નથી. ક્રમ મુક્તિ એટલે એક પછી એક સ્ટેજ પસાર કરીને એક પછી બીજી ને બીજી પછી ત્રીજી, એ રીતે મોક્ષની પ્રાપ્તિ કરવી. ત્રીજું પાસુ છે સધ્યો મુક્તિ. સધ્યો - એનો મતલબ છે તાત્કાલિક. આ સધ્યો મુક્તિ પણ ભગવદ્ કૃપાથી જ પ્રાપ્ત થાય છે. ભગવાનની કોઈ વિરલ જીવ પર ક્યાંક કૃપા થાય તો એમાં યજ્ઞકર્તાને ભગવદ્ કૃપાને લીધે સધ્યો મુક્તિ થઈ છે અન્યથા ક્રમમુક્તિ થાય છે. આ યજ્ઞના ફળનું પાયારૂપ સ્વરૂપ છે આપણે આજે પણ લૌકિકમાં જે કરી રહ્યા હોય તેના કાંઈને કાંઈ પરિણામ આવે જ છે. તે જ રીતે તે જમાનામાં એ લોકો જે પણ કર્મ કરતા હતા તેનાં તેઓને ફળ મળતાં જ હતાં. ફેર એટલો જ છે કે આજે તમે વાસ્તવમાં બધા Exterior decoration વાળા થઈ ગયા છો અને તેઓ વધારે Interior વાળા હતા. તમે માત્ર ભૌતિક ભોગવાળા થઈ ગયા છો અને આપણા પૂર્વજો એ આંતરભોગ એટલે કે આત્મભોગ વાળા હતા. એમને માટે આત્માનું સત્ય વધારે હકીકત હતી. બાહ્ય સત્ય તેમના માટે માત્ર વ્યવહાર હતો. આપણા માટે બહારનો જ વ્યવહાર ફક્ત સત્ય રહી ગયો છે. આતંરિક સત્ય સાથે આપણાને આજે કોઈજ મતલબ રહ્યો નથી.

ચાર્વાક લોક

પ્રાચીન યુગમાં ચાર્વાક લોકો હતા. ચાર્વાકનો મતલબ છે કે જેની વાણી આપણને બહુ સુંદર લાગે. વાણીમાં ગોટે ગોટા આવતા હોય. એ વાણી આપણને આકર્ષણ કરી લે તેવી વાણીવાળાને ચાર્વાક કહેવાતા. એ ચાર્વાક લોકો કહેતા -

યાવજ્જીવેત્ સુખં જીવેત્ ઋણં કૃત્વા ઘૃતં પિબેત્ ।
ભસ્મીભૂતસ્ય દેહસ્ય પુનરાગમનં કુતઃ ॥

કર્જ કર અને ઘી પી. મર્યા પછી આ દેહ ગયા પછી કાંઈ છે જ નહિ. પાછું આવવાની કાંઈ વાત નથી, કેમ કે આત્મા જેવું કાંઈ નથી. એતો ખાલી કહેતા હતા, પણ આપણે તો આજે આસ્થા સહિત તેવું કરી રહ્યા છીએ.

તમારા તમામ વ્યાપારી વ્યવહારનું આજે ''ઋણમ કૃત્વા'' જેવું જ ચાલી રહ્યું છે. આપણે તો આજે નિષ્ઠાપૂર્વકના ચાર્વાક થઈ ગયા. આત્મા માનીએ તો તે શું છે ? અમને સુવિધા જોઈએ, આ શરીરના Physical sensation કે જે આપણા સ્પર્શોની અનુભૂતિ છે. તેને સુખ મળવું જોઈએ. અંદરના આત્માને વાસ્તવમાં માનતા ભૂલી ગયા. ભલે પ્રવચન સાંભળતા હો, ભલે ભગવાનનું નામ લેતા હો, ભલે ઠાકોરજીની સેવામાં બેસતા હો. પણ આ એક નગ્ન સત્યની વાત છે. તમે બેસીને કોઈકવાર વિચારી જો જો. ખરેખર સાચા અર્થમાં તમે પરમાત્માનું અસ્તિત્વ માનો છો ખરા ? જે દિવસે આ સવાલનો જવાબ મળી જશે તે દિવસે સાચા ભારતીય થઈ જશો અને કાંતો સાચા આધુનિક થઈ જશો વચ્ચેનું સ્ટેજ જ નહિ આવે. આપણે આત્માનું અસ્તિત્વ સ્વીકારતા નથી.

થોડા વર્ષ પહેલા સુરતમાં એક ચર્ચા ચાલી રહી હતી. મારા કાકાના પુત્રનો જન્મદિન હતો. બહુ સારા મોટા ગજાના વિદ્વાન છે. ત્યાં બે ચાર સુજ્ઞ બ્રાહ્મણ પણ આવ્યા હતા. અમારી ચર્ચા દરમિયાન મારા કાકાના દીકરાએ કહ્યું દાદા શા માટે આ ચર્ચામાં પડો છો ? આ બધી વાતોની વાતો જ છે આપણો વિશ્વાસ જ જ્યારે આત્મા પરથી ઉઠી ગયો ત્યારે આ ચર્ચાનું શું મૂળ છે ? આજે પણ મને તેની વાત ખરેખર યાદ આવે છે કે આજે જ્યારે આત્મા પરથી વિશ્વાસ ઉઠી ગયો હોય ત્યારે ધર્મની ચર્ચા કોની સાથે થાય ? કેમ કે ધર્મનું મૂળ તો આત્મા છે. જ્યારે આત્માના અસ્તિત્વ વિશેની વાત ન હોય તો ધર્મની વાત કેવી રીતે શક્ય બને ? કોની સાથે થાય ? વ્રજભાષામાં એક કહેવત છે. ''સાપન કી બેઠક મેં જીભન કી લપાલપી''.

સર્પ જ્યાં ભેગા થાય ત્યાં જીભ અંદર જાય અને બહાર નીકળે. આજે આ બધા પ્રવચનમાં ''સાપન કી બેઠકમેં જીભન કી લપાલપી'' જ છે, બાકી બીજું કાંઈ નથી. હકીકતમાં આ જ બની રહ્યું છે. **વાસ્તવમાં જ્યારે આત્માના આધારે પહોંચી જઈશું કે આપણામાં આત્મતત્વ છે કે જે સત્ય છે,** તે તમે સ્વીકારો કે ન સ્વીકારો એનાથી કોઈ ફરક પડતો નથી. દુર્બળ પશુ હોય તો તે તેનાથી સબળ પશુને જોઈ આંખ બંધ કરી લે છે એવી પ્રાણીશાસ્ત્રીઓની એક થિયરી છે. તેનાથી બળવાન પશુ તેને છોડી નથી દેતો, મારી જ નાખે છે. આપણે ભલે આંખ બંધ કરીને બેસી જઈએ પણ તેનાથી સત્ય બદલાતું નથી. એથી આ બધી જ વસ્તુઓ આત્માના સત્ય પર ટકેલી હતી અને તેથી તેમના માટે આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કે આત્મસાક્ષાત્કાર બહુ જ મોટી વસ્તુ હતી, જેમ આપણા માટે આજે ભૌતિક સુખ મહત્વનાં રહી ગયાં છે !

ઠાકોરજીનો રૂમ દાદરા નીચે !

કોઈક કોઈક ઘરોમાં જ્યારે જઉં છું ત્યારે થાય કે દેવકીનન્દન તું ક્યાં આવી ગયો ? મોટો બંગલો હોય, Interior માં ઓછામાં ઓછા ૨૫ થી ૩૦ લાખ નાખ્યા હોય અને ઠાકોરજીનો તો રૂમ બતાવવા લઈ જાય અને તે રૂમ હોય પગથીયાની નીચે ભંડકીયા જેવી જગામાં ! આ આપણા સમાજની નગ્ન તસ્વીર છે. આખા ઘરમાં બીજી કોઈ જગ્યા ન મળી. ઘરના દરેક વ્યક્તિ માટે વ્યવસ્થિત રૂમ છે પણ ઠાકોરજીને દાદરા નીચે રૂમ અપાય છે. ફાલતુ જગ્યા - જયાં કશાનો ઉપયોગ નથી - તેવી જગ્યાએ ઠાકોરજીને રાખવામાં આવે છે. આના ઉપરથી એ સ્પષ્ટ કરો કે ઠાકોરજી આપણા કેન્દ્રમાં છે કે સાઈડમાં રાખ્યા છે ? ઠાકોરજી આપણા જીવનનું કેન્દ્ર છે ? તેનો નિર્ધાર કરી લો. જે દિવસે ભગવાનને જીવંત માનીને ઠાકોરજીની સેવા કરશો તે દિવસે પુષ્ટિમાર્ગ શરૂ થઈ જશે. અત્યારે બધી જ જગ્યાએ જે Adjustment છે તે ઠાકોરજી સાથે જ છે. ઠાકોરજીને સર્વસ્વ ગણી રહ્યા છો તો બીજી એક વાત પૂછું કે તમારી કુલ આવકનો ૦.૨ ટકા પણ ઠાકોરજી માટે વપરાય છે ખરો ? વિચારી લે જો. પુષ્ટિમાર્ગમાં આ સેવાનો કેવો પાખંડ થઈ રહ્યો છે તે જોઈ લો. આજે વાર્તા દરરોજ વાંચો છો તેમાંથી શીખી શું આવ્યા ? એમાંથી શીખી આવ્યા હોત તો ખબર પડત કે ઘરના માલિક તો બહાર સૂઈ ગયા છે અને ઠાકોરજીને પંખો કરવાનું એ ચાકરને કહે છે. એ ચાકર કે જેને આપણે નોકર તરીકે ટ્રીટ કરીએ છે તેને ભગવાન કહે છે કે તું મને પંખા નાખ, પેલાને

બહાર બેસી રહેવા દે. એ ઘટનાઓ કેમ ઘટિત થતી હતી તે, કોઈ દિવસે વિચાર કર્યો છે ખરો ? એટલે વાર્તાઓ અને આ બધા સત્સંગોએ ''સાપન કી બેઠક મેં જીભન કી લપાલપી'' છે. આ બધુ ક્યાં આવીને ટકી રહ્યું છે ? તેથી આ કર્મ વ્યવસ્થાને સમજવા માટે એક વાત સમજી લેજો કે આજે જેમ કમાણી કરીને, એનાથી ભૌતિક સ્વપ્નો જોઈને જેમ આગળ વધીએ છીએ તે જ રીતે આપણા આ પૂર્વજ ઋષિઓ આત્મસાક્ષાત્કારના સ્વપ્ન જોતા હતા અને એ આત્મસાક્ષાત્કાર માટે જે યજ્ઞ કરતા હતા એ યજ્ઞમાં ઘીની આહુતિ વેસ્ટેજ ન હતી કે જે આધુનિક ભણેલી ગણેલી વ્યક્તિઓ આપણને સમજાવી રહી છે. આ કર્મ સમજશો તો કર્મની વ્યવસ્થા ધ્યાનમાં આવશે કે કર્મ શા માટે ? કર્મ માટે જ વર્ણાશ્રમ વ્યવસ્થા અને વર્ણાશ્રમ વ્યવસ્થા ઉપર જ અપરસ કે જેને તમે અપરસ કહીને ગાળ આપી રહ્યા છે તે અપરસ વ્યવસ્થીત ટકી રહી છે.

ભારતીય શાસ્ત્રીય શુદ્ધિ – અપરસ

દાદાજીની કૃપાથી તમારે ડૉક્ટર પાસે ક્યારેય ના જવું પડે, પણ કોઈ વખતે જરૂરિયાત પડે ને તો ડૉક્ટરને કહેજો કે આ ડીસ્પોઝેબલ શા માટે ? સાદી નીડલ લઈ લો અને તેને તમે સ્પિરીટથી શા માટે સાફ કરો છો ? આ પોતું કરવાનું કપડું છે તેનાથી સાફ કરી દો વાંધો નહિ, પણ આપણે આવું કરતા નથી કે કરવા દેતાં નથી, શા માટે ? એ રીતે એ સાફ થાય ? ન થાયને ? મેડીકલ સાયન્સના આધારે કહો છો ને કે તે સોય સાફ થઈ નથી. એ શુદ્ધિ જરૂરી છે કે નથી ? એ નીડલ ખાલી સાફ કરવાના કપડાંથી સાફ ન થાય ? કારણ ત્યાં જર્મ્સ રહી જાય. આ આપણે વિજ્ઞાનના આધારે કહી શકીએ છીએ. હું એ જ કહી રહ્યો છું કે જો અપરસ તમને ધર્મના નામે કહેવામાં આવે તો તમને શા માટે ડંખે છે ? જો ત્યાં ઈન્જેક્શન લગાવવામાં મેડીકલ સાયન્સની બતાવેલી શુદ્ધિ જરૂરી છે તો ભારતીય જીવન પદ્ધતિનો નિર્વાહ કરવા માટે ભારતીય શાસ્ત્રોએ બતાવેલી શુદ્ધિ કેમ જરૂરી નથી ? આપણા આ ભણેલા ગણેલા, તથાકથિત સમાજ પાસેથી જવાબ લાવીને મને આપો. જો અહીંયા Hygiene જરૂરી છે તો ત્યાં શાસ્ત્રે દર્શાવેલ Hygiene કેમ જરૂરી નથી ? અહીં દેહને સ્વસ્થ કરવાનો છે તો ત્યાં આત્માને સ્વસ્થ કરવાનો છે. બીજો કોઈ જ Basic Difference નથી. ડીફરન્સ એટલો જ છે કે દેહ તમને દેખાઈ રહ્યો છે અને આત્મા તમને દેખાઈ નથી રહ્યો. કારણકે આપણી આંખોમાં અને ઈન્દ્રિયોમાં એ સામર્થ્ય નથી. આંખો અને આપણી તમામ ઈન્દ્રિયો આત્માના કારણે

જ અસ્તિત્વમાં છે પણ એને જોઈ શકતા નથી. ફેર એટલો જ છે, બીજો કોઈ ફેર નથી. તેથી એ શુદ્ધિ માટે કેમ પ્રશ્નચિહ્ન આવે છે ? આજે ઘર-ઘરમાં અશુદ્ધિનું વાતાવરણ થઈ ગયું. એ અશુદ્ધ ઘરોમાં ભગવાન કેવી રીતે આવીને વસે ? ભગવાનને એટલો સસ્તો ગણો છો ? કેમ એવું વિચારી રહ્યો છો ? દરેક જગ્યાએ તમને દેહની સગવડ જોઈએ. તમે સેવા એટલા માટે નથી કરી રહ્યા કે તમારા પુરુષો તમારા વતી ચાર દિવસ માટે ન્હા-પાણી નથી કરી શકતા અને તમારી રસોઈ નથી કરી શકતા અને એને લઈને તમારે સવાલ ઉઠાવવા છે. એના કારણે તમારે સેવાને-અપરસને ગાળો આપવી છે. તમારે પોંગા પંડિત બનાવવા છે, પાગલપણું કહેવું છે, અપરસને ગાળો દેવી છે. આ અપરસ એટલે શું અને આ ભગવાન એટલે શું અને અપરસ અને ભગવાનથી એટલી ચીડ છે તો ભારતીયતાની અને ધર્મની ચર્ચા છોડી દો. કોઈ શ્રીફળ તમારા ચરણમાં મૂકીને આમંત્રિત નથી કરી રહ્યા. ઋષિઓનો આ પુત્ર કોઈને એવી રીતે બોલાવી નથી જ રહ્યો. મારી જરૂરિયાત છે શાસ્ત્ર કહેવું, તો તમારી જરૂરિયાત છે શાસ્ત્ર સાંભળવું. તમારી જરૂરિયાત જો શાસ્ત્ર સાંભળવાની ન હોય તો દેવકીનન્દનની હજાર વખત શાસ્ત્ર સંભળાવવાની જરૂરિયાત નથી. શા માટે ? એના પછી આપણે પાછા એવા શુદ્ર ભ્રમણાના રસ્તા અપનાવી લીધા કે એક દિવસ અપવાસ કરી લો વાંધો નહિ, શુદ્ધિ થઈ જશે. ક્યાંથી તમે આ અપવાસની પદ્ધતિને લઈ આવ્યા ? પાયાની શુદ્ધિ તો ઘરોમાં છે નહિ અને આપણે ચર્ચા કરવા બેઠા છીએ ધર્મની! હા તમે બધા આચાર છોડી દેજો, હું તમને કહું છું કે મારી ઉદ્દઘોષણા છે કે બધા આચાર છોડી દેજો. શ્રીમહાપ્રભુજી અને ચતુર્થકુમાર શ્રીગોકુળનાથજીનો દીકરો તમને ઉદ્દઘોષ કરીને કહી રહ્યો છે કે તમામ આચાર અને અપરસને છોડી દો. પરંતુ સ્વામીનીઓના શબ્દોને યાદ કરો અને જગતના તમામ વિષયોને છોડીને ભગવાનનાં ચરણારવિંદને પકડી લો.

દ્રવ્યશુદ્ધિ એ આત્માનું હાઈજીન છે

''સમ્યક સર્વ વિષયામતવ બાધ મૂલમ'' અને હું તમને છૂટ આપું છું, કોઈ અપરસની જરૂરત નથી. અરે દેહધર્મ છૂટ્યા નથી. દેહાધ્યાસ છૂટ્યા નથી, હજી લૌકિક આકર્ષણ કઈ છૂટ્યા નથી, હજી ઈન્દ્રિયાધ્યાસ છૂટ્યા નથી, અંત :કરણાધ્યાસ છૂટ્યા નથી, પ્રાણાધ્યાસ છૂટ્યા નથી અને માત્ર અપરસ ને ગાળ આપવી છે ? ધર્મને માટે ? આધૂનિકતાના નામે, કોણે શીખવાડી દીધું ? શા માટે અપરસને બદનામ કરી રહ્યા છો ? અપરસ જરૂરી છે. અપરસ જરૂરી અને જરૂરી છે જ. આ

દેવકીનન્દન તમને ઉદ્દઘોષ કરીને કહી રહ્યો છે. તમારી સ્વચ્છતા, તમારી સફાઈ એ તમારા ભૌતિક હાઈજીનના નિયમ હોય તો અપરસ અથવા અસ્પર્શ અથવા વર્ણાશ્રમ ધર્મ એ આધ્યાત્મિક વિજ્ઞાનની અનિવાર્યતા છે. દેહ શુદ્ધ રાખવા માટે જેમ સફાઈની જરૂર છે એવી રીતે વર્ણાશ્રમની શુદ્ધિના નિયમો શાસ્ત્રધર્મ માટે જરૂરી છે તેવા શાસ્ત્રનું નામ છે દ્રવ્યશુદ્ધિ. આ બોલચાલની ભાષામાં જેને અપરસ કહો છો તેનું એક નામ છે દ્રવ્યશુદ્ધિ, તે દ્રવ્યશુદ્ધિ આત્માનું હાઈજીન છે. આત્માની પ્રાપ્તિ, આત્માનું સુખ અને એ આત્માની સુરક્ષા માટે તે જરૂરી છે, અનિવાર્ય છે. આજ પછી કમસેકમ આ અપરસને ગાળ આપવી હોય તો બહારના મનથી આપજો પણ અંદરના મનને પૂછીને આપજો કે તે ગાળ સાચી આપી રહ્યા છો કે નહી? અપરસને ગાળ આપતા નહિ. હા અતિરેક અતિવાદ ઘણી જગ્યાએ હશે, તેની ના નથી. હું એની ચર્ચા પણ નથી કરી રહ્યો. આ અતિવાદ બંને બાજુએ હોઈ શકે છે. અપરસનું જ ત્રીજુ નામ છે આચાર. ‘‘અતિ શબ્દ જોડી દઈએ તો અત્યાચાર થઈ જાય ને ? આ આચાર સાથે અન શબ્દ જોડી દઈએ તો અનાચાર થઈ જાય. આજે આ આચાર આપણા બધામાંથી જતો રહ્યો છે, જ્યાં નથી ત્યાં ઘોર અનાચાર છે અને જ્યાં છે ત્યાં ઘોર અત્યાચાર છે તો એવા એ બંને તરફ Extreme - છેડા છે તેની ચર્ચા મારે નથી કરવી. એના માટે કોઈ વ્યક્તિ જવાબદાર છે તે ગણવું પણ ન જોઈએ કારણકે આવો અતિવાદ દરેક જગ્યાએ જોવા મળશે. તમે જીવનનું કોઈપણ ક્ષેત્ર જોઈ લો. એ દરેક જગ્યાએ તમને આ જોવા મળશે તેથી હું આ બાજુના છેડા કે સામે બાજુના છેડાની ચર્ચા નથી કરી રહ્યો. હું સંતુલનની ચર્ચા કરી રહ્યો છું. જે સંતુલિત આચાર છે, જ્યાં શાસ્ત્રમાં બતાવેલો આચાર વ્યવસ્થિત નિભાવાય છે ત્યાં આચારમાં અનાચારપણું પણ નહિ મળે કે અત્યાચારપણું પણ નહિ મળે. એટલે અપરસના નામે ક્યાંક અનાચાર પણ છે તો ક્યાંક અત્યાચાર પણ છે. તેવો કોઈ અર્થ હું નથી કરતો. જો તે વિજ્ઞાનની શાખામાં જે તે નિયમની શુદ્ધિની જરૂરત હોય તો આધ્યાત્મિક શાસ્ત્રમાં પણ શુદ્ધિની જરૂરિયાત છે. તે જ શુદ્ધિનું નામ વર્ણાશ્રમધર્મ, વર્ણાશ્રમ વ્યવસ્થા, આચાર, અપરસ કે દ્રવ્યશુદ્ધિ છે. આથી હવે હીનભાવથી તેનો પ્રયોગ નહિ કરતા. અપરસ એક અનિવાર્ય શુદ્ધિ છે, જે આપણી આધ્યાત્મિક પ્રગતિ - ઉદ્ધાર માટે જરૂરી છે. એની સાથે આપણે કોઈ પણ Compromise નથી કરી શકતા. અલબત્ત એનું Adjustment થઈ શકે છે. Applicability વિચારી શકાય છે. નાના ગામડામાં કે નાના શહેરમાં કે મોટા શહેરમાં અને મહાનગરમાં છે ત્યાં આચારના અમલમાં તેનાં સ્તરો બદલાશે. જે તે

સ્થાનમાં તેનો નિર્વાહ કેવી રીતે કરવો તેના માટે અવકાશ છે, અવકાશ હતો અને અવકાશ રહેશે. હું એના માટે કદીયે ના નથી પાડી રહ્યો. અપરસનો જે તે સ્થાને કેવી રીતે નિર્વાહ કરવો તેનો અવકાશ છે. પરંતુ એના નામે અપરસ નો સર્વદા ત્યાગ કરવો, કે અંડ - બંડ વાત કરવી તે સર્વદા અયોગ્ય વાત છે. તેથી સમાજના બીજા વર્ગના લોકોને નહિ પરંતુ પુષ્ટિમાર્ગના વ્યક્તિઓને તો મારો આગ્રહ છે કે અપરસ માટે સમજી લે અને પૂરતો આગ્રહ રાખે. એક વાત ખ્યાલ રાખજો એ આચાર વ્યવસ્થાનો પૂરો અવકાશ રાખે અને આપણે આપણી જરૂરિયાતની જે પણ વસ્તુ હોય છે તેને મેળવવા માટે સમય, શક્તિ, ઉર્જા બધાનો આપણે વ્યય કરીએ છીએ. બધાનું એડજસ્ટમેન્ટ કરીએ છીએ. તેથી પુષ્ટિમાર્ગ જો તમારી જરૂરિયાત હોય, ભારતીયતા જો તમારી જરૂરિયાત હોય તો તેના માટે એ આચાર અપરસ અનિવાર્ય છે. આ અપરસ પુષ્ટિમાર્ગપણા માટે કેવળ જરૂરી નથી તમે ભારતીય છો તેથી પણ તમારે ભારતીય આચરણ કરવું જોઈએ. તેથી તેની અનિવાર્યતા છે. તેથી શ્રીમહાપ્રભુજીએ કોઈ જગ્યાએ અપરસ માટે એક પણ શબ્દ કહ્યો નથી, કેમ કે ભારત વર્ષની જે વર્ણાશ્રમ પ્રથા છે અને જે વર્ણાશ્રમનો વિભાગ છે અને જે વર્ણાશ્રમના નિયમ છે તેને યથાવત શ્રીમહાપ્રભુજી પણ સ્વીકારે છે, શ્રીરામાનુજાચાર્ય પણ સ્વીકારે છે, શ્રીમદ્વાચાર્ય પણ સ્વીકારે છે, શ્રીશંકરાચાર્ય પણ સ્વીકારે છે. ભારતવર્ષના કોઈપણ આચાર્ય એવા નથી કે જે ભારતવર્ષની વર્ણાશ્રમ પ્રથાને યથાવત્ ન સ્વીકારતા હોય, અને તેથી જ અપરસ માટે કંઈ કહેવાયું નથી. જે સર્વદા સ્વીકાર્ય હોય તેના માટે કશું કહેવાની જરૂરિયાત નથી. એટલે વર્ણાશ્રમ ધર્મની સંપૂર્ણ વ્યવસ્થા સાથે કર્મમાર્ગનો નિર્વાહ કરવામાં આવે તો જ કર્મમાર્ગ યોગ્ય ફળ આપી શકે. આજે કર્મમાર્ગ ફળ આપી શકતું નથી, કેમ કે આજે કર્મમાર્ગ માટે જે પણ કંઈ અનિવાર્ય નિયમો છે તેનો નિર્વાહ થઈ શકતો નથી. તેથી શ્રીમહાપ્રભુજીએ ૫૦૦ વર્ષ પહેલાં કહ્યું કે ''સર્વ માર્ગેષુ નષ્ટેષુ'' એનો મતલબ જ એ છે કે જે છ પ્રકારનાં અનિવાર્ય પાસાંઓ જરૂરી હતાં. વૈદિક કર્મ માર્ગના નિર્વાહ માટે - દેશ, કાળ, મંત્ર, દ્રવ્ય, કર્તા વિગેરે આ છ એ પાસાં વગર કર્મ સંભવતું જ નથી. - શ્રીમહાપ્રભુજી આ પ્રમાણે આજ્ઞા કરી રહ્યા છે.

સર્વોત્તમ યજ્ઞ ?

થોડા વર્ષો પૂર્વ ગોધરાના બ્રાહ્મણ વર્ગે અને તેઓના પ્રતિનિધિ તરીકે મયુર શાસ્ત્રીએ મને એક કાગળ લખ્યો હતો. એ બ્રાહ્મણ વર્ગે મારી પાસે એક વ્યવસ્થા

માંગી હતી, તેઓ યજ્ઞની શી વ્યવસ્થા છે તે સમજવા માંગતા હતા. કેમ કે સર્વોત્તમ યાગ જેવા પર્વનાં આયોજન જ્યાં કરવામાં આવતાં હોય એ આયોજનની વ્યવસ્થા શું છે તેને શાસ્ત્ર પ્રમાણે સમજાવવાનો પ્રયત્ન કરવા વિનંતી કરવામાં આવી હતી. એ મેં કાગળનો જવાબ માત્ર બે લીટીમાં આપ્યો હતો કે સર્વોત્તમ યજ્ઞ જેવા આયોજનો જે આપ કરવા માંગો છો તે વિવાદમાં મને જાણી જોઈને ન ખેંચતા. પરંતુ શાસ્ત્રની વ્યવસ્થા નિર્ભિકપણાથી બતાવી રહ્યો છું ‘‘**જે કર્મનું વિધાન વેદમાં ન કહેવામાં આવ્યું હોય તે કર્મને યજ્ઞ કહીજ ન શકાય.**’’ તેથી સર્વોત્તમ યજ્ઞ થઈ શકે કે નહિ તે તમે જ સમજી લેજો. આજે પુષ્ટિમાર્ગીય લોકોને એવા આડંબર કરીને, એવા અનેક પ્રકારો મૂકીને બિલકુલ ઉંધા રવાડે ચડાવવામાં આવે છે. શરૂઆતમાં જ કહી દીધું કે મને કોઈ જ જાતનો તેમાં રસ નથી. વ્યથા માત્ર એટલી જ છે કે આ બધું માત્ર શ્રીમહાપ્રભુજીના નામ પર થઈ રહ્યું છે. શ્રીમહાપ્રભુજીનું નામ તેમાંથી હટાવી દેવામાં આવે તો લોકો કાંઈપણ કરે તો મને કાંઈ જ નિસ્બત નથી. જગતમાં જે પણ શ્રીમહાપ્રભુજીના નામથી ચાલતું હોય તો મને નિસ્બત છે. બીજાઓના પિતા છે તો મારા પણ પિતા છે, અને મારા પિતાના નામનો દુરૂપયોગ થઈ રહ્યો છે તે બીજા કોઈ ને દુ:ખતું હોય કે ન દુ:ખતું હોય, મને તો દુ:ખે જ છે. તેથી હું એ વાત કરી રહ્યો છું કે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે પુષ્ટિમાર્ગના નામે કોઈ પણ કાર્ય કરતા પહેલાં શ્રીમહાપ્રભુજીના વચન ટાંકીને કામ કરીને દેખાડે તો તેને ખરેખર હું સાચા અર્થમાં પુષ્ટિમાર્ગનો શૂરવીર ગણું. બાકી પુષ્ટિમાર્ગના નામે કોઈપણ ખોટાં કાર્ય ન સ્વીકારવાનું કમસેકમ તમે સાહસ રાખો, ન સ્વીકારો, તમારામાં એટલી જ જાગૃતિ લાવો. આ જ પ્રયાસ છેલ્લા ત્રીસ વર્ષથી હું કરી રહ્યો છુ. તમે જાગૃત થાવ. પુષ્ટિમાર્ગના નામે ગમે તે વૃત્તિ સ્વીકારી લેવાની તમારી વૃત્તિ કેમ છે ? એટલા માટે છે કે તમે પોતે જ જાણતા નથી, પુષ્ટિમાર્ગ શું છે ? આથી મહેરબાની કરીને તેનું દોષારોપણ મારા જેવા માથે ન કરી દેતા. જો હું જણાવવા માટે બંધાયેલ છું તો તમે પણ જાણવા માટે બંધાયેલા છો. એવા તર્કને સ્વીકારવા હું તૈયાર નથી કે ધર્મનું શિક્ષણ અત્યારે મળી નથી રહ્યું. તમારા બાળકોને સ્કૂલે ન મૂકો અને પછી એ સ્કૂલો, કોલેજો, શિક્ષણ પદ્ધતિ પર એવું દોષારોપણ કરો કે શિક્ષણ અપાતું નથી. તમે બાળકોને સ્કૂલમાં નહીં મોકલો તો તે શાળા કોલેજવાળાને ગરજ નથી. આપણે બાળકોને ઝખ મારીને સ્કૂલમાં અભ્યાસ માટે મોકલીએ છીએ અને તેથી તેમને ત્યાં અભ્યાસ કરાવવામાં આવે છે. એવા જ નિયમ અહીંયાં પણ લાગુ પડે છે. વૃત્તિ બંને તરફ હોવી જોઈએ. યજ્ઞની આ વ્યવસ્થા

છે. ઉત્તમ ફળ વ્યવસ્થા તેમાં બતાવી છે, ભગવદાનંદ ક્રમ મુક્તિ અને સદ્યોમુક્તિની વ્યવસ્થા બતાવી છે.

મધ્યમ અને મંદ વ્યવસ્થા

ત્યાર બાદ મધ્યમ અને મંદ વ્યવસ્થા પણ છે. મધ્યમ કોટિનો યજ્ઞ છે તે આધ્યાત્મિક યજ્ઞ છે અને મંદ કોટિનો યજ્ઞ છે તે આધિભૌતિક કોટિનો યજ્ઞ છે. સર્વ નિર્ણય પ્રકરણનો ગુજરાતી અનુવાદ છે તેને સત્સંગમાં લો. તમારા નિયમિત સત્સંગમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાની સાથે સાથે શિક્ષાપત્ર તો લો છો - તો સાથે નિબંધ વગેરેને પણ શરૂઆતમાં થોડીક જગા સત્સંગમાં આપો, તો પુષ્ટિમાર્ગ તમને કાંઈક અર્થમાં સમજાશે. તમે સત્સંગ માટે કેટલો સમય ફાળવો છો ? પત્ર પત્રિકાના વાંચન પાછળ કેટલો સમય ફાળવો છો અને અત્યારનું ન્યુસન્સ એવા ટી.વી. ની પાછળ કેટલો સમય ફાળવો છો ? તેના પરથી તમને એક અંદાજ આવી જશે કે તમે શ્રીમહાપ્રભુજીના પાછળ કેટલો સમય ફાળવી રહ્યા છો ? તમે કેટલા પુષ્ટિમાર્ગીય છો ? તેનો ખરેખર અંદાજ તમને આ ગ્રાફીક લાઈન ઉપરથી - આ ચિત્રણ ઉપરથી તમારી સામે આવી જશે.

મર્યાદામાર્ગ એ જ શાસ્ત્રમાર્ગ

આની સાથે સાથે બીજો એક શબ્દ પણ શીખી લો, કે જેને આપણે બહું જ ગાળ આપી રહ્યા છીએ. એ શબ્દનું નામ છે ''મર્યાદામાર્ગ'' તમે જેને મર્યાદામાર્ગ કહી રહ્યા છો, તેનું જ બીજું નામ છે શાસ્ત્રમાર્ગ. શાસ્ત્ર એટલે જ મર્યાદા અને મર્યાદા એટલે જ શાસ્ત્ર.

પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગના નામે બહુ જ ધાંધલ થઈ ગઈ. મારી વિનંતી છે કે એ બધુ હવે બંધ કરી દો. શ્રીમહાપ્રભુજીની વાણીના વિદ્યાર્થી તરીકે અને શ્રીમહાપ્રભુજીના બાળક તરીકે મારો તમને આદેશ છે. મારી તમને આજ્ઞા છે કે આ ધાંધલ બંધ કરો.

પુષ્ટિમાર્ગનું બીજું પણ એક નામ છે, અવિહિતમાર્ગ. મર્યાદામાર્ગનું નામ છે તે શાસ્ત્રમાર્ગ. એ રીતે પુષ્ટિમાર્ગનું નામ છે - અવિહિતમાર્ગ. મર્યાદામાર્ગને વિહિતમાર્ગ પણ કહેવાય. વિહિતનો મતલબ છે વિધાન કરવું. જેનું વિધાન કરેલું હોય તેને વિહિત કહેવાય. આપણી વિધાન સભા છે કે જે રાજ ચલાવવાનાં વિધાન

બનાવે છે. તે બંધારણની અંદર રહીને નિયમો બનાવે છે, તે બંધારણનું બીજું નામ છે સંવિધાન. વિહીત એટલે જે માર્ગ શાસ્ત્રમાં બતાવેલો છે-શાસ્ત્રમાં બતાવેલું તે તેનું નામ છે. જે શાસ્ત્રમાં બતાવેલ નથી તેનું નામ અવિહિત માર્ગ. જો શાસ્ત્રમાં બતાવેલ નથી તો પુષ્ટિમાર્ગ આવ્યો ક્યાંથી ? અને જો પુષ્ટિમાર્ગ શાસ્ત્રથી બહાર હોય તો વેદ અને શાસ્ત્રનાં પ્રમાણ શું ? વાત સમજમાં આવી. ત્રણ દિવસથી એની જ ચર્ચા ચાલે છે. વેદ અને શાસ્ત્ર અને ઋષિઓનો આ દિકરો એના આધારેજ એ વાત કહી રહ્યો છે કે જે વસ્તુ તેના વિવરણથી કે તેનું સ્વરૂપ કહેવામાં આવ્યું હોય - જેનું સાધન કહેવામાં આવ્યું હોય અને સાધનથી જે ફળ મળતાં હોય તે ફળ પણ કહેવામાં આવ્યાં હોય, જે શાસ્ત્રમાં બતાવ્યા હોય, તેનું નામ વિહિત. વેદ અને શાસ્ત્ર તો - સાચા-સાચા અને સાચા જ. તો વેદ અને શાસ્ત્રમાં જેનું વિધાન ન હોય એવા પુષ્ટિમાર્ગને માનવું શા માટે ?

વિહિત અને અવિહિત માર્ગ

હવે વિહિત અને અવિહિતમાર્ગનો ભેદ સમજી લો. જે વસ્તુનાં સ્વરૂપ, સાધન અને ફળ ત્રણેય શાસ્ત્રમાં બતાવ્યાં હોય તે માર્ગનું નામ છે વિહિતમાર્ગ. વિહિતમાર્ગ એટલે જે માર્ગનું સ્વરૂપ બતાવ્યું છે, સાધન બતાવ્યાં છે કે - આ બતાવેલી વાતને પ્રાપ્ત કરવાનાં સાધન શું છે અને આ સાધન કરવાથી આ ફળ પ્રાપ્ત થશે તે પણ બતાવ્યું છે. તેથી સ્વરૂપ, સાધન અને ફળ શાસ્ત્રમાં બતાવ્યાં છે તેવા માર્ગનું નામ વિહિતમાર્ગ.

પુષ્ટિમાર્ગ વેદમાં પણ કહેલો છે, ગીતામાં પણ કહેલો છે, બ્રહ્મસૂત્રમાં પણ કહેલો છે અને શ્રીમદ્ભાગવતમાં પણ કહેલો છે એટલે શાસ્ત્રના જે ચાર મુખ્ય વિભાજન છે એ ચારેયમાં કહેલો છે. એનું સ્વરૂપ કહેલું છે, પણ એનાં સાધન કોઈ જગ્યાએ બતાવેલાં કે કહેલાં નથી. સ્વરૂપ બતાવ્યું છે - વ્રજસ્વામીનીઓની લીલામાં, વ્રજભક્તોની ક્રિડામાં, સંપૂર્ણ નિરોધ સ્કંધમાં. ભાગવતમાં ભગવાનની લીલાઓ બતાવેલી છે. વ્રજભક્તોને જે સંપૂર્ણ ફળ મળ્યું એ સંપૂર્ણ ફળ એ સ્વરૂપ વ્રજભક્તો સાથે બતાવેલું છે. અનંત કોટિ બ્રહ્માંડનો નાયક, પરમાત્મા, સચ્ચિદાનંદ ઘન સાક્ષાત કૃષ્ણે એમના મૂળ સ્વરૂપથી તેમની સાથે કેવી રીતે ક્રિડા કરી એ સ્વરૂપ તો કહેલું છે અને એ સ્વામીનીઓને અને વ્રજ ભક્તોને શું ફળ મળ્યું તે પણ કહેલું છે પરંતુ તે સ્વરૂપ અને ફળ કેવી રીતે મળશે તેનાં કોઈ સાધન બતાવેલાં નથી અને સાધન નથી બતાવેલા તેથી પુષ્ટિમાર્ગનું નામ છે **અવિહિત પુષ્ટિ ભક્તિમાર્ગ.** જે

સાધન સાથે ફળ બતાવ્યાં હોય તે વિહિતમાર્ગ અને જેનું ફળ અને સ્વરૂપ તો બતાવેલું હોય પરંતુ સાધન ન બતાવ્યાં હોય તેને કહેવાય અવિહિતમાર્ગ. વિહિત ભક્તિમાર્ગનું નામ છે મર્યાદામાર્ગ. આથી મહેરબાની કરીને મર્યાદામાર્ગને કે શાસ્ત્રમાર્ગને ગાળ આપવાનું બંધ કરી દો. ભક્તિમાર્ગમાં તમારે કેવા પ્રકારનું આચરણ કરવું છે, તે તમારી યોગ્યતા, તમારા અધિકાર અને તમારા સ્વભાવ ઉપર આધાર રાખે છે. પરંતુ, જેમનો અધિકાર અવિહિત (પુષ્ટિ ભક્તિ) માર્ગનો છે તેમના માટે પુષ્ટિમાર્ગ શ્રેષ્ઠ છે, અને જેમનો અધિકાર મર્યાદામાર્ગમાં છે તેમના માટે મર્યાદામાર્ગ શ્રેષ્ઠ છે. તેથી જ જ્યારે શ્રીમહાપ્રભુજીનો સંધ્યા વંદન કરતી વખતનો વાર્તા-પ્રસંગ યાદ કરો. કોણે પૂછ્યું ? ગોવિંદ દૂબે એ પુછ્યું કે ‘‘મહારાજ કોન સો મારગ બડો હે ?’’ ત્યારે શ્રીમહાપ્રભુજીએ જવાબ આપ્યો ‘‘જાકે મનસે જે મારગ કો આચરણ હોય તાકે વોહી માર્ગ બડો હૈ, વેસે સબમેં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ હૈ’’ એટલે જેના સ્વભાવ અધિકારથી જે માર્ગમાં જેને રુચિ હોય તેના માટે તે જ શ્રેષ્ઠ કહેવાય. એટલે તમને સમજાવું કે વિશ્વધર્મની વાતો છોડી દો. આ તો માત્ર હોંસાતોંસી છે.

◆

જેને આપણે
અપરસ કે આચાર
કહીએ છીએ તે આપણો
વર્ણાશ્રમ ધર્મ છે.
અને જેને આપણે
પુષ્ટિમાર્ગ
કહીએ છીએ એ
પુષ્ટિમાર્ગ
આપણો આત્મધર્મ છે.

* * *

વિચાર અને આચાર એકજ સિક્કાનાં બે પાસાં

અત્યાર સુધીના આ લખાણમાં આપણે ધર્મ શબ્દનો વ્યાપક અર્થ જોઈ લીધો. દર્શન (Philosophy) અને ધર્મની બાબતમાં એવી સમજ પ્રવર્તે છે કે ઘણા બધા આ બંનેને અલગ બાબત માને છે. તમારા લૌકિકિ જીવનમાં પણ તમે થોડુંક ચિંતન કરશો તો તમને ખ્યાલ આવશે કે જે આપ વિચારો છો અને વિચારીને એને આચરણમાં મૂકો છો તેમાં કોઈજ ફેર નથી. તે પણ માત્ર વિચાર અને આચારના બે પાસાં છે. એ બંને પાસાં આપની સાથે અભિન્ન રીતે જોડાયેલ છે. એટલે ભારતવર્ષમાં દર્શન એટલે કે ફિલોસોફી માત્ર ચિંતનની કે વૈચારિક સ્તરની વસ્તુ ક્યારેય રહી નથી. (વિચારનાં મૂળ પશ્ચિમી દર્શનમાં પણ બહુ ઊંડાં છે, પણ એને આચરણ સાથે કોઈ સંબંધ નથી) આપણા ભારતવર્ષમાં એવું નથી. ''વિચાર અને આચાર'' એ બંને એક સિક્કાનાં બે પાસાં હોય અને બંનેમાંથી કોઈ પણ એક પાસું ઘસાઈ જાય તો માર્કેટમાં એ સિક્કો ચાલશે નહિ. ભારતીય ઈતિહાસમાં આપણે જોઈએ તો ધર્મ અને દર્શન એ બંને અભિન્ન પાસાં છે, તેથી શ્રીમહાપ્રભુજીનું આ વાક્ય આગળ બતાવ્યું હતું ''અતસ્તુ બ્રહ્મવાદેન...'' શ્રીમહાપ્રભુજીની વિચાર પરંપરાનુ નામ છે **'બ્રહ્મવાદ'**. એનું એક બીજુ નામ છે **'પુષ્ટિમાર્ગ'** અને એનું ત્રીજુ નામ છે **'ભાગવતધર્મ'**. તેથી **'ભાગવતધર્મ'** કહો, **'પુષ્ટિમાર્ગ'** કહો કે **'બ્રહ્મવાદ'** કહો બધું એકજ છે. મૌલિક રીતે તેને **'બ્રહ્મવાદ'** કહેવું જોઈએ અને આ બ્રહ્મવાદ શબ્દ શ્રીમહાપ્રભુજીને બહુ જ ગમે છે. આપણે ષોડશ ગ્રંથનો પાઠ કરીએ છીએ તો એક બાબત ચોક્કસ ધ્યાનમાં આવી હશે કે શ્રીમહાપ્રભુજીને હરિ શબ્દ પણ બહુજ ગમે છે. કેમ કે હરિ શબ્દમાં ભક્તના દુ:ખને હરવાનો કે દૂર કરવાનો જે ભાવ બતાવ્યો છે તે પ્રગટ થાય છે. તે શબ્દ શ્રીમહાપ્રભુજીને ખૂબ ગમતો હોય છે. શ્રીમહાપ્રભુજીને **'બ્રહ્મવાદ'** પણ બહુ ગમે છે, તેથી કંઠી પહેરેલા શ્રીમહાપ્રભુજીના જે સેવકો છે, જેઓ શ્રીમહાપ્રભુજીના ચરણ શરણમાં આવેલા છે તેઓના હૃદયમાં એક ભાવ સ્થિર છે કે-

''भले बुरे तोउ तेरे श्रीवल्लभ, भले बुरे तोउ तेरे श्रीवल्लभ''

આ ''ભલે બુરે તોઉ તેરે'' નો ભાવ જે આપણા હૃદયમાં દઢ થશે. જે અમે તારા જ છીએ, જેવા છીએ તેવા. આપ સ્વીકારશો તો બધું જ સરળ થઈ રહેશે.

''શ્રીવલ્લભ'' ચરણ થકી, સૌ થઈ પડે સહેલું''. તો શ્રીમહાપ્રભુજીને જે શબ્દ ગમે છે તે '**બ્રહ્મવાદ**'ને આપણે યાદ રાખવો જોઈએ. તેથી શ્રીમહાપ્રભુજીના દર્શન અને ધર્મમાં કોઈ જાતનો ભેદ નથી, તે તો બે પાસાં છે.

વર્ણાશ્રમ અને આત્મધર્મ

ધર્મના મુખ્ય બે પ્રકાર આપણે જોયા. જેને તમે અપરસ કહો છો તે વર્ણાશ્રમ ધર્મ છે અને જેને સેવા કે શરણાગતિ કહો છો તે આત્મધર્મ છે. તેથી વર્ણાશ્રમ ધર્મ અને આત્મધર્મ આ દૃષ્ટિએ થોડા અલગ છે - સ્વતંત્ર છે. પુષ્ટિમાર્ગમાં વર્ણ અને આશ્રમની કોઈ સીમા રહી નથી. જે રીતે મર્યાદામાર્ગ અથવા શાસ્ત્રમાં બતાવેલા જે ધર્મો છે, તે અને શાસ્ત્રમાં બતાવેલી ભક્તિ જેને આપણે મર્યાદા ભક્તિ કહીએ છે તે ભક્તિ પણ વર્ણાશ્રમ વ્યવસ્થાથી જ આગળ વધશે. પરંતુ માત્ર પુષ્ટિમાર્ગમાં વર્ણાશ્રમ નથી. વર્ણાશ્રમનું ઉલ્લંઘન કરીને પણ ઘણા બધા ભક્તો થયા છે. એક બાજુ મોહના પણ છે અને બીજી બાજુ અલીખાન રસખાન પઠાણ જેવા પણ છે. તેની ક્ષિતિજ ઘણી વ્યાપક છે. પુષ્ટિમાર્ગ આ રીતે પણ વિશ્વધર્મના અર્થમાં સમજાવવાનો મારો પ્રયત્ન નથી. હું એટલુ જ કહેવા માંગુ છું કે એ વ્યાપકતાનો અર્થ છે કે વર્ણાશ્રમ ધર્મ ત્યાં છુટી જાય છે. આજે જે અપરસથી આપણાને એલર્જી થઈ રહી છે, જાણે અજાણે તેની સાથે વેર આપણે બાંધી લીધુ છે, મહેરબાની કરીને તેને દૂર કરી દેશો કારણ આપણી સાધન અવસ્થામાં તેના વગર કશુંજ સિદ્ધ થશે નહિ. એને માટે મેં તમને ઉદાહરણ આગળ બતાવ્યાં જ છે કે, મેડીકલ સાયન્સમાં જેમ હાઈજીનના નિયમો અનિવાર્ય છે તે રીતે પુષ્ટિમાર્ગમાં સાધન અવસ્થામાં આ અપરસ કે આચાર વ્યવસ્થા ફરજીયાત છે. તે ત્યારે છૂટી જશે કે, જ્યારે ઈન્દ્રીયાધ્યાસ છૂટી જશે, જ્યારે પ્રાણાધ્યાસ છૂટી જશે, જ્યારે અંતઃકરણાધ્યાસ છૂટી જશે, જ્યારે સ્વરૂપ વિસ્મૃતિ, સ્વરૂપ સ્મૃતિમાં બદલાઈ જશે. ત્યારે વર્ણાશ્રમ કે બધા જ આચારના નિયમો લાગું નહિ પડે, અને તેની આગળ વધી શકશું. તેથી જ બજારમાંથી આવતી જલેબી શ્રીગુંસાઈજી અંગીકાર કરાવી શકે છે અને શ્રીપ્રભુ અંગીકાર કરી શકે છે, અને આરોગી શકે છે. તેમાં કશું જ બાધક આવતું નથી. પણ મારી અને તમારી અવસ્થામાં જ્યાં સ્થૂળ તથા દેહાધ્યાસ ડગલેને પગલે નહિ, પણ દરેક શ્વાસમાં પરોવાયેલ છે, એ અવસ્થામાં જો આપણે આવો પ્રયાસ કરવા જઈએ તો તે પ્રયાસ એક અપરાધ છે. આ પ્રયાસ એક ગુનો છે. એટલે તેનાથી આપણે દૂર રહેવું જોઈએ અને આખી બાબત સમજવી જોઈએ. મારું કહેવાનું તાત્પર્ય એ જ

હતું કે ધર્મનો એક વ્યાપક અર્થ છે ''ધારયતિ ઈતિ ધર્મ'' અને ''ધરતિ ઈતિ ધર્મ''. જે કંઈ આપણી પણ જીવન પ્રણાલી છે. એક એક ક્ષણની ચેષ્ટા, મનવાણી અને દેહની, એ બધી ચેષ્ટા એમાં આવી જાય છે. એક એવો વ્યાપક ધર્મનો અર્થ છે. બીજો, ધર્મનો પારિભાષિક, અર્થ છે ''જ્યાં વેદમાં જે કાઈ પણ આદેશ મળે છે, આજ્ઞાઓ છે, આ આજ્ઞાઓનું જ્યારે પાલન કરીએ છીએ, એનું જ્યારે આચરણ કરીએ છીએ, એનું નામ છે ધર્મ. ''આપણા ભારતીય ધર્મ શાસ્ત્રના ગ્રંથમાં મોટા ભાગે ધર્મ શબ્દનો જે અર્થ નીકળે છે અને જેનો ઉપયોગ થાય છે તે આ રીતનો થાય છે. વેદમાં બતાવેલા જે વિધિ નિષેધ છે, બીજા શબ્દોમાં વેદ વિહિત જે વાતો છે તે આપણા માટે ધર્મ કહેવાય છે. તેથી એ વ્યાપક અર્થને તમારી પૃષ્ઠભૂમિમાં જરૂર રાખજો પણ એ અર્થને દરેક જગ્યાએ લગાડવાનો પ્રયાસ નહિ કરતા. તમારી પૃષ્ઠ ભૂમિમાં જરૂર રાખજો. વ્યાપક અર્થ હોવા છતાં ૮૦ ટકા આપણા શાસ્ત્રોમાં ધર્મ શબ્દનો વેદ વિહિત આજ્ઞાના અર્થમાં જ પ્રયોગ થાય છે. વેદ વિહિત જે કાંઈ છે તે ધર્મ છે. વેદનું વિધાન છે કે ''તું આવું કર, તું અગ્નિહોત્ર કર, તું આવુ ન કર''. આ નિષેધની જે આજ્ઞા છે તે વર્ણાશ્રમ પ્રમાણે, આપણે જે વર્ણમાં છીએ અને જે અવસ્થામાં છીએ તે પ્રમાણે કરવું જોઈએ. આશ્રમના બંને પક્ષો શ્રીમહાપ્રભુજીએ સ્વીકાર્યા છે. શતાયુ આયુ તરીકે ગણીને ૨૫-૨૫ વર્ષના વિભાજન કરવામાં આવ્યાં છે અને આયુના આધારે, શરીરની ક્ષમતાના આધારે જે વિભાજન છે તે પણ શ્રીમહાપ્રભુજીને સ્વીકાર્ય છે અને તેથી બંને વિભાજનને ધ્યાનમાં રાખી જે તે વર્ણ અને જે તે આશ્રમ સાથે સંબંધ હોય તે પણ ધર્મનો અર્થ છે. તેથી પ્રધાનતયા (મુખ્યત્વે) ધર્મનો ઉલ્લેખ આપણે ત્યાં શાસ્ત્રોમાં થતો હોય છે તે વેદ વિહિત અર્થમાં થતો હોય છે. એની હંમેશાં નાની કાયમી નોંધ લઈ લેજો.

વૈદિક ધર્મ

એક ત્રીજું પાસું પણ અહિં નોંધજો. સ્મૃતિઓમાં પણ ધર્મ કહેલો છે. એ વર્ણાશ્રમ સાથે મુખ્યત્વે છે અને વર્ણાશ્રમની વ્યવસ્થા બતાવતાં બીજી પણ માનવીય જીવનની જે પ્રક્રિયા છે તેના માટે પણ ધર્મ શબ્દ વપરાયો છે. ધર્મનો ઉપયોગ આ રીતે સ્મૃતિગત પણ થતો હોય છે એનો પણ ખ્યાલ રાખજો. આ બધા ખ્યાલ રાખવાના વિષયો બહુજ વધી ગયા છે. પણ બધા અનિવાર્ય છે. કોનું વિભાજન કેમ, કેવી રીતે ? એ જણાવવું મારી ફરજ છે. એટલે જ્યારે આપણને કોઈ કશું પૂછે કે તમારો ધર્મ શું છે ? ત્યારે આપણે આંખ મીચીને જવાબ આપી દઈએ છે કે મારો

ધર્મ પુષ્ટિમાર્ગ છે. હા જવાબ બીલકુલ સાચો છે પણ પુષ્ટિમાર્ગ એ તમારો આત્મધર્મ છે. પુષ્ટિમાર્ગ એ તમારો રૂઢ ધર્મ નથી. ભારતીય રીતે તમે વૈદિક છો. તમારો વેદ આધારીત ધર્મ છે. આજે તમારી બધાની અટક જોઈ લો. ચાર પાંચ પેઢી ઉપર તમારા વડવાઓ જે ધંધો કરતા તેના આધારે એ અટકો આવી. આજે કદાચ એ ધંધો નહિ પણ હોય, છતાં અટક તો એજ લખાય છે ને! વૈદિક ધર્મનું પાલન કેટલા અંશે છે તે અગત્યનું થોડું છે! વૈદિક ધર્મ તમારો છે. ત્રણચાર પેઢી ઉપર આપણાં વડવાઓ જે ધંધો કરતા તેની સંજ્ઞાઓ આપણી અટક બનીને આવી ગઈ. આજે કદાચ જ એ ધંધા રહ્યા હશે કે કેમ ? વૈદિક ધર્મનું આચરણ આજે શક્ય નથી. શ્રીમહાપ્રભુજી આજથી પાંચસો વર્ષ પહેલાં આ બાબત કહી ગયા. ''સર્વ માર્ગેષુ નષ્ટેષુ'' એ વખતેજ કહી દીધુ કે વૈદિક કર્મના નિર્વાહ માટે, વૈદિક ધર્મના નિર્વાહ માટે જેટલી પણ જરૂરીયાતો, અનિવાર્યતાઓ છે તે આજે શક્ય નથી તેથી જ એનું આચરણ પણ ફળદાયી સિદ્ધ નહિ થાય, કે જે આપણે વિચારી રહ્યા છે. **જેને આપણે અપરસ કે આચાર કહીએ છીએ તે આપણો વર્ણાશ્રમ ધર્મ છે, અને જેને આપણે પુષ્ટિમાર્ગ કહીએ છીએ એ પુષ્ટિમાર્ગ આપણો આત્મધર્મ છે.** આ બંનેની સ્પષ્ટતા રાખશો તો જ તમે આગળ વધી શકશો. સાધન અવસ્થામાં આચારનો નિર્વાહ કરવો જરૂરી છે એ પણ સમજી લેશો. આચારના પ્રસંગમાં એક બીજી વાત પણ સમજી લેશો કે સંન્યાસ નિર્ણય ગ્રંથ જે શ્રીમહાપ્રભુજીનો છે તેના સંદર્ભમાં આ વાત છે. સંન્યાસ નિર્ણયને આપણે સેવા ફળથી જુદું મૂકી શકીએ છીએ કેમ કે તે અધિકારપણાની વાત અત્યારે થઈ શકે જ નહિ. છતાંય શ્રીમહાપ્રભુજીના એ વાક્યો અમુક સંદર્ભમાં ઉપયોગી બને છે. તો તેનો અર્થ આપણે સ્વીકારવો જોઈએ, એ અર્થ લાગુ પડતો હોય છે.

विषयाऽऽक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः ।

પુષ્ટિમાર્ગના પુષ્ટિપથ પર યાત્રા કરતાં, આ દિવ્યયાત્રમાં જોડાતા જે પણ ભાઈ, બહેન, બંધુ છે તે સૌ એક વાત નું સ્મરણ રાખજો. ''વિષયાક્રાન્ત દેહાનાં....'' -શ્રીમહાપ્રભુજીનો ''સર્વદા'' શબ્દ છે તે બોલ્ડ લેટરમાં છે એને તમે તમારી સામે મૂકી દેશો. ''વિષય'' શબ્દ છે તે ભારતીય શાસ્ત્રનો બહુજ વ્યાપક શબ્દ છે અને તેમાં આપણાં જીવનની જે નાનામાં નાની આચરણની બાબત છે, તે ટેવોનો પણ સંપૂર્ણ સમાવેશ તેમાં થઈ જાય છે. તેથી આપ એક વાતની સ્પષ્ટતા રાખજો, કે જો જીવનમાં સદાચરણ નહિ હોય અને એવી અપેક્ષા રાખશો કે પુષ્ટિપથ પર યાત્રાનો

નિર્વાહ થઈ શકશે તો તે નિર્વાહ નહિ થઈ શકે. એનું કારણ છે - ગુજરાતની એક સરસ કહેવત છે - ''અન્ન તેવા ઓડકાર.'' આ કહેવત બહુજ સહજ છે પરંતુ ખરેખર એનો વિચાર કરજો, તો જણાશે કે તે ગહન છે.

પુષ્ટિપથની યાત્રા અને તમારાં ખાન પાન !

તમારાં ખાન, પાન, વેષભૂષા, ઉઠવા, બેસવામાં જે પણ કંઈ આવ્યું હશે તેને તમે પુષ્ટિમાર્ગ સાથે માઈનસ નહિ કરી દેતા. તેના આધાર ઉપર જ તમારા પુષ્ટિપથની યાત્રા બંધાયેલી છે. જે કાંઈ પણ તમારી દિનચર્ચામાં સમાવિષ્ટ છે, એ સમાવિષ્ટ થયેલ વસ્તુઓ જો તમારા અંત:કરણને પવિત્ર કરનારી નહિ હોય અને જો તમને એ લૌકિકની રીતે વ્યસન આપનારી ટેવો હશે તો એ વ્યસન આપનારી ટેવોથી તમે પુષ્ટિપથ પર પ્રગતિ નહિ કરી શકો. આ વાત હું ચર્ચા કરવા માટે ચર્ચા નથી કરી રહ્યો પણ ત્રણ ચાર દિવસથી અરજ આવી રહી છે કે વ્યસન માટે કશીક ચર્ચા થવી જોઈએ. પણ એ હેતુથી આ ચર્ચાને હું Introduce નથી કરી રહ્યો કેમ કે એ મારો વિષય નથી. લોકો પોતાનું વ્યસન છોડી દે એ ઠીક છે. આચાર્ય સ્થાનેથી એ કહેવું પણ એક કર્તવ્ય છે. પરંતુ એક વાત બહુ જ સ્પષ્ટ રીતે સમજાવવાની છે કે Merits વગર તમારા લૌકિક ક્ષેત્રોમાં તસુભાર પણ પ્રગતિ થતી નથી, એટલે એ સમજી લેવું જોઈએ કે જેઓ પુષ્ટિપથ પર આવવા માંગે છે તેઓ વ્યસન અને કુટેવોથી સર્વથા મુક્ત હોવા જ જોઈએ. એમાં સંદેહ છે જ નહિ - આના માટે ચર્ચા હોય જ નહિ. ''અવિચેત દુરાચારો ભજતે મામ, અન્યન્ય ભાવ સાધુરેવ સ મંતવ્ય: સમ્યક્ વ્યવ સિતોહી સહ.''

સમ્યક વ્યવસ્થા શ્રીકૃષ્ણ કહી રહ્યા છે

ભગવાન શ્રીકૃષ્ણ કહી રહ્યા છે - સમ્યક વ્યવસિતા : સમ્યક વ્યવસાય વાળો છે. અપિચેત સુદુરાચારી: કાલની તારીખ સુધી કેટલી કુટેવોમાં આપણે ફસાયેલા હતા ? સવાલ એ નથી, પણ એ છે કે આજની ક્ષણે આપણું હૃદય કેટલા સંકલ્પોથી નિર્મળ થઈ ગયું છે ? તેથી જ ભગવાન કહી રહ્યા છે **અપિ ચેત્ સુદુરાચાર :**. એટલે માત્ર દુરાચાર નહીં પણ તેની આગળ ''સુ'' લગાડેલ છે. ખૂબજ દુરાચારથી ભરેલો હોય - જેની જીવનપદ્ધતિ દુરાચારથી ભરાયેલી હોય પરંતુ એ દુરાચારની જ્યારે આત્મ સ્વીકૃતિ થાય, એટલે કે જીવ એમ સ્વીકારે કે હું દુરાચારી છું, મારી અંદર દુરાચાર છે - આ આત્મ સ્વીકૃતિનું બીજું પાસુ સંકલ્પના રૂપમાં ઘટિત થાય તો, એ

સંકલ્પની ક્ષણમાં બધાં પાપ ધોવાઈ ગયાં. કેમ કે ભગવાન કહે છે કે **''સાધુરેવ સ મંતવ્ય :''**. હવેથી તેને સાધુ કહેજો. સાધુ શબ્દનો ભારતીય મનિષીઓ કેવો વ્યાપક અર્થ કરી શકે છે તેનો વિચાર કરો. એનો વ્યવસાય સમ્યક થઈ ગયો. એ ઉત્તમ કોટીનો સંકલ્પ થઈ ગયો. એ સંકલ્પ માત્ર વિચાર નહિ પરંતુ એ સંકલ્પ આચરણમાં ઘટિત થવાનો છે. તેના આચરણમાં ઉતરી આવે છે. જીવનમાં તેની બધી ચેષ્ટાઓ ઉત્તમ પ્રકારની થઈ જાય છે. આ બધા પ્રશ્નો કોઈ બીજાને નથી પૂછવાના તમારી જાતને પૂછવાના છે. પુષ્ટિપથ પર જો તમારે આગળ પગલાં ભરવા હોય તો એક વાત સ્પષ્ટ રાખવી પડશે કે વિષયાંહક્રાંત દેહાનાઃ નાવેશમ સર્વથા હરેઃ. તમે ઈચ્છો કે ભગવાન હરિ તમારા અંતઃકરણમાં આવીને બિરાજે, કેમ કે ભગવાન હરિ નામરૂપથી, કે સ્વરૂપરૂપથી હૃદયમાં આવીને નહિ બિરાજે તો પુષ્ટિપથ પરની બધી જ યાત્રા, બધા જ પ્રવાસો નિષ્ફળ થઈ જાય છે, એનું કોઈ જ તાત્પર્ય રહેતું નથી. એથી એક વસ્તુ બહુજ સ્પષ્ટ નોંધી લેજો કે આ તમારી સાથેની કે કોઈની સાથેની ચર્ચા નથી, આ તો એક આત્મા સાથેનો સંવાદ છે. તમારી પોતાની સાથેનો સંવાદ છે તમે પુષ્ટિમાર્ગ પર ચાલો કે ન ચાલો - તે બાબતની નિષ્બત નથી, તેની મને ઝંખના પણ નથી. જો સ્વભાવ હશે ને તો,

जैसे उड़ जहाज को पंछी,
पुन जहाज पे आवे,
मेरो मन अनंत कहां सुख पावे ।

ગુજરાતીમાં આ પ્રયોગ થાય છે કે નહીં, મને ખબર નથી, પણ હિન્દી ભાષામાં અમારે ત્યાં આ પ્રયોગ થાય છે ''મારો હંસ, એટલે મારો આત્મા.'' એમ કહે છે કે મારો હંસ બહુ દુઃખી છે આ હંસ શબ્દનો પ્રયોગ શાસ્ત્રમાંથી આપણને મળ્યો છે. એટલે એ વસ્તુ તો તમારે તમારા આત્મ સંવાદમાં સ્થાપિત કરવી છે. જો પુષ્ટિમાર્ગીય હંસ હશે તો એ હંસ ગમે ત્યાં ભલે ફરશે. પરંતુ એ હંસ ફરીને પાછો પુષ્ટિમાર્ગમાં આવશે. જેમ જળબોધનાં પક્ષીઓ હોય, તેઓને આ વિશાળ સાગર પર બેસવાની જગ્યા ક્યાં મળે? એટલે પાછા એ જળબોધ પર જ પાછાં આવવાનાં છે. તો એ રીતે ''જૈસે ઉડ જહાજ કો પંછી, ઉન જહાજ પે આવે, મેરો મન અનંત સુખ પાવે,'' તેથી જો પુષ્ટીનો બીજ ભાવ લઈને તમે આવ્યા હશો તો મારે એવી કોઈ ઝંખના રાખવાની જરૂરિયાત નથી કે હું મારા શબ્દોથી કે પ્રચાર, પ્રસારથી તમને આકર્ષિત કરવાનો પ્રયાસ કરું, એ આકર્ષણ તો તમારા અને તમારા સ્વામી કૃષ્ણ

વચ્ચે એ બંધાયેલું જ છે, તમે તમારા લોહીમાં લઈને આવ્યા છો, તમારા જીન્સમાં લઈને આવ્યા છે. તેથી મારી એક સ્વસ્થ મનોભાવની વિનંતી છે કે તમે ઘરે જઈને આજે આત્મ ચિંતન કરજો, આત્મવિશ્લેષણ કરજો અને વિચારજો કે તમારા જીવનમાં સવારથી સાંજ સુધીની કઈ એવી ટેવો છે કે જે ટેવો તમને પુષ્ટિપથ પર અગ્રેસર નથી થવા દેતી અને એક બીજી પણ નોંધ લઈ લેજો કે મારે વ્યસન બાબતમાં કાંઈ કહેવું નથી. પરંતુ, હું શ્રીમહાપ્રભુજીનો અદનો સેવક છું, શ્રીમહાપ્રભુજીનો દ્વારપાલ છું અને તેથી; Gatekeeper તરીકે જે સૂચનાઓ મારે તમને આપવી જોઈએ તે સૂચના આપી રહ્યો છું. ભારતીય શાસ્ત્ર સ્પષ્ટ આજ્ઞા કરે છે કે મદિરાનું પાત્ર હોય તો તેને ગંગાજળથી ધોવામાં આવે તો તે મદિરાનું પાત્ર પવિત્ર ન થાય. તેથી બીજી એક નોંધ લઈ લેજો કે કોઈ પણ ખાન પાનમાં, અપવિત્રતાની એવી કોઈ ચેષ્ટાઓ થતી હોય તો એને એવા અંત:કરણને કે જેમાં દુષિત પદાર્થો ગયા હશે તેવા આ અંત:કરણને પવિત્ર કરવું બહું મોંઘુ પડી જશે, એ અંત:કરણ પવિત્ર નહિ થાય. આત્મા તો પવિત્ર છે જ, સવાલ એ છે કે આત્માને અભિવ્યક્ત કરનાર જે સૌથી નજીકનું Instrument છે તે તમારું અંત:કરણ છે. આત્મા અભિવ્યક્ત ક્યાંથી થાય છે ? આત્માની સૌથી વધારે નજીક તમારા દેહની જે મશીનરી છે તે તમારું અંત:કરણ છે. અને તેથી જ ત્યાંથી તમારી અસ્મિતાની અભિવ્યક્તિ થાય છે, કે હું છું. ત્યાંથી તમારા વિચારતંતુઓ ઉત્પન્ન થાય છે જેને તમે ચિત્ત કહો છો, તેથી ત્યાંથી જ તમારી ઈચ્છાઓ અને કામનાઓની આંધળી દોડભાગ શરૂ થાય છે. આવી દોડભાગનું બીજુ નામ છે મન. ત્યાં જ તમારી Brake અને Clutch ની System છે, તેનું જ બીજુ નામ છે બુદ્ધિ. એ બધુજ તંત્ર ત્યાંથી જ શરૂ થાય છે અને એ ચારેય જુદાં જુદાં Function છે. એ બધાની વચ્ચે કંઈ ડિપાર્ટમેન્ટ નથી કે આ જુદો ડિપાર્ટમેન્ટ, આ ચિત્તનો વિભાગ, આ બુદ્ધિનો વિભાગ કે આ મનનો વિભાગ, એવું નથી. અત્યંત જે સુક્ષ્મ Function છે તે - પ્રવૃત્તિ, એ આખી પ્રક્રિયા છે - એ આખી પ્રક્રિયા અતિસૂક્ષ્મ છે, જેને તમારા જગતના માઈક્રોસ્કોપ હજી જોઈ શકતા નથી. તેથી મજાની વાત અહીં નોંધી લેજો. સંપૂર્ણ Allopathy ની Medical Science માં Brain ની ચર્ચા તો થાય છે પણ Mind ની ચર્ચા ક્યારેય થતી નથી, કેમ કે Brain is organic પણ Mind એ Organ નથી. Organ can be traced and seen but Mind which is not organ, can not be seen. જેને આપણે મસ્તિષ્ક કહીએ છીએ, કે અંત:કરણ કહીએ છીએ, એને જોઈ શકાતું નથી. કોઈ પણ Microscop પર એને જોઈ શકાતું નથી કેમ કે એ જીવ - કોષોનું

બનેલુ નથી. અહીંયાં કોષ કામ નથી કરતા. Brain ના મૂળભૂત રીતે પાંચ ડીપાર્ટમેન્ટ, આજે Medical science માં વિભાજીત કરી બતાવી શકાયા છે. ત્યાં તેની Chemistry કેવી રીતે કામ કરે છે, કયા Function કેવી રીતે થાય છે તે પણ બતાવ્યું છે. એની બધી વિગત આવ્યા છતાં, મોટામાં મોટા મનોચિકિત્સક Psychologist ની ધમધોકાર Practice ચાલે છે. તેઓની Confernce માં, Symposia માં આ નોંધ્યું છે કે મનોચિકિત્સાની પ્રગતિ કીડીની ચાલે થાય છે. હજી તેમની પાસે થોડાક Sedatives કે થોડા ટ્રાન્કવીલાઈઝરથી વધારે કશું જ નથી, કે જેનાથી તેઓ ચિકિત્સા કરી શકે. ''અંતેતો ગત્વા'' મનની કંઈક પણ ચિકિત્સા જો કોઈ હોય તો, મારા મિત્રો, એ તમારી પાસે જ છે અને એ ચિકિત્સા માટે જરૂરી છે કે તમે તમારી જાતને સમજી શકો, તમારા અંત:કરણને સમજી શકો અને અંત:કરણને જેટલુ વધારે નિર્મળ રાખી શકશો તેટલી જ સારી રીતે મનની ચિકિત્સાને સમજી શકશો. તેથી આ અંત:કરણ જો આ અતિ દૂષિત પદાર્થોથી (મદિરા જેવા પદાર્થોથી) દૂષિત થઈ જશે તો અંત:કરણમાં તો જે ઘટના - દુર્ઘટના થવાની હશે તે થઈ જશે, પણ એટલું યાદ રાખજો એમાં કૃષ્ણ તત્વ નહિ હોય. શ્રીમહાપ્રભુજીને એવી કોઈ ફુરસદ નથી કે એ દહેલી પર પાવ રાખે કે જે દહેલી ને મન કે સંકલ્પ કે મનની ઉત્તમતાની ગંગાથી ન ધોઈ શક્યા હોય પરંતુ જેના ઉપર મદિરાની ગંધ આવતી હોય તે દહેલી પર પૈર રાખવા એ શ્રીમહાપ્રભુજીનું કાર્ય નથી, કે શ્રીકૃષ્ણાનું કાર્ય નથી. શ્રીમહાપ્રભુજીનો દ્વારપાલ છું. મારા માલિક શ્રીમહાપ્રભુજીનો આદેશ તમારા સુધી પહોંચાડવા એ જ મારું મુખ્ય કાર્ય છે, તેના સિવાય બીજું મારી પાસે કંઈ નથી. તેથી મારા માલિકે મને કહ્યું છે કે -

विषयाऽऽक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः ।

આ પંક્તિ ફક્ત પુસ્તકીયા નથી. એ પંક્તિ શ્રીમહાપ્રભુજીએ તમારા મારા જેવા માટે નિર્માણ કરેલી છે. તેથી હું તમારી સૂચનામાં આ લઈ આવું કે વ્યસન મુક્તિ એ મારું કામ નથી, પણ મારુ એ કામ છે કે જો તમે તમારું જીવન સાધુવાદ પ્રમાણે નથી જીવતા, જો તમે તમારા પ્રયાસોને સમ્યક વ્યવસાય નથી બનાવ્યા તો 'અપિચેત્ સુદુરાચારઃ....' એ પંક્તિ તમને લાગુ નહિ પડે. તેથી તેનો વિચાર તમે કરી લેજો.

સત્ય તો સત્ય જ છે

પ્રસંગ આચારનો ચાલી રહ્યો છે તેથી આચારની સાથે આ વાત વણી લીધી છે. આચરણનું આ પણ એક પાસું છે તે વિચારી લેજો. બીજી એક વાત તમને યાદ કરાવી દઉં કે, સત્ય એ તમારી કે મારી સ્વીકૃતિની કે અસ્વીકૃતિની સાપેક્ષ નથી. એની સ્વીકૃતિ તમારાથી થશે તો પણ સત્ય એ સત્ય જ છે અને અસ્વીકૃતિ થશે તો પણ સત્ય એ સત્ય જ છે.

મધ્યમ અને મંદ અધિકારી.

શ્રુતિ પ્રકરણનાં બે પાસાં આપણે નોંધી લઈએ. આપણે અગાઉ ઉત્તમ અધિકારીના ત્રણ સ્તર જોયા, મધ્યમ અધિકારી અને મંદ અધિકારીનાં પણ બે પાસાં સમજી લેજો. મધ્યમ અધિકારીને આત્મસુખ રૂપી સ્વર્ગ મળે છે. આજના તથાકથિત ભણેલા લોકો સ્વર્ગ શબ્દની બહુ મજાક ઉડાવે છે ને. ગાલિબ જેવા શાયરે પણ પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે -

बाद मरने के जन्नतमें मिलेगी हूरें,
दिल बहलाने को ग़ालिब ये ख़याल अच्छा है ।

ગાલિબ જેવા શાયર માટે દિલ બહેલાવવા માટે ભલે આ ખ્યાલ અચ્છા હોય પરંતુ ભારતીય ઋષિ મહર્ષિઓની વાણી દિલ બહેલાવવાની બાબત નથી, એટલું નોંધી લેજો. સ્વર્ગ શબ્દના બે અર્થ થાય છે - આત્મ સુખની પ્રાપ્તિ અને બીજો, સ્વર્ગ નામના લોકની પ્રાપ્તિ. મધ્યમ અધિકારીને આત્મસુખ નામનું સ્વર્ગ મળે છે અને મંદ અધિકારીને કે હીન અધિકારીને સ્વર્ગ નામનું લોક મળે છે. લોક એટલે - સ્થળ અથવા જગ્યા. (આજે ભારતીય શાસ્ત્રને વિજ્ઞાન Retail માં નહીં પણ Wholesale માં Prove કરી રહ્યું છે.) એટલે વૈદિક કર્મ, શ્રુતિના કર્મ, એ કર્મનો વિકલ્પ, આપણી ચેષ્ટાઓ એક વખત આપણો એ સમાજ એવો હતો કે તેમાં જ રચ્યો પચ્યો હતો. કેમ કે વૈદિક કર્મ થી જે ઉપલબ્ધી હતી તેજ તેમના માટે મુખ્ય હતી.

આજના સમાજની મુખ્ય પ્રવૃત્તિ

આજના સમાજમાં સંપૂર્ણ પ્રવૃત્તિઓ શા માટે છે ? આજના સમાજમાં જે પણ કઈ ચેષ્ટાઓ થઈ રહી છે, તેનું મુખ્યત્વે લક્ષ્ય શું છે ? તે કહી દો. એના

લક્ષ્યમાં આજે શું છે ? આજે આપણા બધાનું લક્ષ્ય પૈસો જ છે. બરાબર, હું અપવાદની વાત નથી કરી રહ્યો. અપવાદ તો દરેક જગ્યાએ મળશે જ. આજે જગતમાં દરેકનો પ્રયાસ મુખ્યત્વે પૈસો જ છે અને એ પૈસાને કારણે તમારા પરિવારમાં જ કેટલી દુર્ઘટનાઓ થઈ રહી તે તમે જાણો જ છો ? પરમાત્મા અને શ્રીમહાપ્રભુજી ન કરેને કોઈના પરિવારમાં દુર્ઘટના થાય પણ આ પૈસા પાછળની આંધળી દોડ અને આ કળિયુગના પ્રભાવ અને કળિયુગના પ્રવાહમાં, આપણાં ઘરોમાં દારૂગોળાનો ફુગ્ગો ફૂટતાં આપણે રોકી શકતા નથી, અને કોઈજ બાકાત નથી. મારાથી શરૂ કરી છેક છેવાડાના માનવી સુધી ગણત્રી રાખજો. હું તમને ખાત્રીપૂર્વક કહું છું કે કોઈને ત્યાં દારૂગોળો નાના પ્રમાણમાં, તો કોઈને ત્યાં હેન્ડ ગ્રેનેડ તો કોઈને ત્યાં એટમ બોમ્બ ફૂટતો હશે. એટલો ફેર રહેશે પ્રશ્ન એટલોજ છે કે Be sure of this. કદાચ હજાર બે હજાર વ્યક્તિઓમાંથી કોઈક એક પરિવાર એવું પણ મળે, કે ''કરો અંતરામ ઉસકી દિવાનગી''. એવા પરિવારના પુણ્યનાં વખાણ આપણે બધાએ કરવાં જોઈએ. કે ખરેખર, તમારા પરિવારે કંઈક કોટી કોટી પૂર્વ જન્મનાં એવાં પુણ્ય કર્યા હશે કે આજે તમે ખરેખર શાંતિથી, સ્નેહથી અને પરસ્પર વાસ્તવિક પ્રેમથી અને વાત્સલ્યથી જીવી રહ્યા છો. કંઈક એવું બનતું હોય તો ખરેખર તમે એને ધન્યવાદ આપજો. મારી જીંદગી માં મારો એવો અનુભવ છે કેમ કે મારી જીંદગી યાયાવરની જીંદગી છે. કોઈ એક જગ્યાએ રહેવાની વાત જ નથી. મારો પડાવ તો ૧૫ દિવસ અહીંયા તો ૧૦ દિવસ ત્યાં અસ્તુ : આપણાને દેખાતી જે પણ કઈ અર્થની ભાગદોડ છે તે આપણે સૌ અનુભવી રહ્યા છે. હું કહેવા એટલું જ માંગુ છુ કે વ્યક્તિની અને સમાજની દરેક યુગના આધારે આવશ્યકતા કંઈક ને કંઈક બદલાય છે, કંઈક લક્ષ્યો બદલાય છે, કંઈક જરૂરિયાતો બદલાય છે. હવે એક કલ્પના કરો આજથી હજાર વર્ષ પછીનો જે સમાજ હશે, ત્યાં નવાં નવાં સાધન અને નવી વ્યવસ્થા હશે અને આજે જે સત્ય ઘટિત થઈ રહ્યું છે તે એ હજાર વર્ષ પછીના જમાનાને કદાચ સ્વીકાર્ય નહિ હોય. તો આજનું સત્ય જે છે તે અસત્ય થોડું થઈ જવાનું છે ? તે સત્ય તો સત્ય જ રહેવાનું છે. તો પછી તમને ને મને શા માટે વિશ્વાસ બેસતો નથી કે કંઈક પ્રાચીન કાળમાં, વૈદિક યુગમાં એ જમાનાની આવશ્યકતાઓ, એમનું લક્ષ્ય, એમની પ્રાથમિકતા, એ પ્રાયોરીટી હતી તે આપણાં કરતાં જુદી હતી. આજે આપણે પૈસાની જરૂરિયાત છે, તેમને મોક્ષની જરૂરિયાત હતી. તેથી આજે આપણી પ્રત્યેક ચેષ્ટા એક માત્ર અર્થ પ્રાપ્તિ માટેની છે. જ્યારે તે કાળમાં તે જમાનાના લોકોની ચેષ્ટા - માત્ર મોક્ષ માટે કે માત્ર મુક્તિ માટેની

હતી. ફરક માત્ર આટલો જ છે. વારંવાર મારો પ્રયાસ આ જ છે. વેદ અને શાસ્ત્રના સત્યને બહુજ પ્રેકટીકલ તત્વોના આધારે સમજવાનો પ્રયાસ કરજો. આ કઈ કલ્પના નથી. આ કંઈ કલ્પના જગતની ચર્ચાઓ નથી. આમ આ ત્રણ પ્રકારના અધિકારી યાદ રાખજો, ઉત્તમ કોટિના, મધ્યમ અને મંદ કોટીના અધિકારી આટલી વાત સમજી આપણે લગભગ શ્રુતિ પ્રકરણને બંધ કરી શકીએ છીએ. એની ચર્ચાનો મુદ્દો વધારે એટલા માટે નથી કેમ કે આજે વૈદિક પ્રક્રિયાના - વૈદિક સંસ્કૃતિના કોઈ પણ પાસાને આપણે જીવનમાં લાવી શકતા નથી. આજે ભલે મોટા મોટા મહાબલિ લોકો એવો ઉદઘોષ કરે કે અમે યજ્ઞ કરીએ છે કે યજ્ઞ કરાવીએ છીએ. પણ હકીકતમાં એ યજ્ઞ-યજ્ઞ છે જ નહીં અને એ યજ્ઞ થી કોઈ ફેર પડતો નથી. કેમ કે તે યજ્ઞથી કોઈપણ પ્રકારની ઈફેક્ટ ઉત્પન્ન થતી નથી પણ હકીકતમાં યજ્ઞથી જે ઈફેક્ટ થાય છે તે શાસ્ત્રનું નામ છે અપૂર્વ, જેને તમે સંચિત કર્મ કે પ્રારબ્ધ કે સંસ્કાર કહો છો.

વેદ શાસ્ત્રોમાં બતાવેલા તમામ
ઉપાયોનું જે વન્ડર ડ્રગ
આશ્ચર્યજનક વિલક્ષણ રસાયણ છે
તે રસાયણનું નામ ભક્તિ છે.
ભક્તિ કાંઈ વેદશાસ્ત્રમાં બતાવેલા
ઉપાયોનો વિકલ્પ નથી.
જે જ્ઞાનની કથાઓ કહે છે
તે જ્ઞાનના ઠેકેદારોને કહો કે
જ્ઞાનનું સ્વરૂપ સમજી લે.
ભક્તિને ગૌણ બતાવીને જે,
ભારતીય વેદશાસ્ત્રમાં બતાવેલાં સત્ય
અને તથ્યનો જેઓ અનાદર કરી રહ્યા છે.
તેમને કહો કે જ્ઞાન અને ભક્તિનું સ્વરૂપ
સમજી લે અને પછી એનો નિર્ણય કરે.
ભક્તિ એ જ્ઞાન કે કર્મ – કોઈની સાપેક્ષ નથી.
કર્મ અને જ્ઞાનને, ભક્તિ અથવા
કૃપાની જરૂરિયાત પડશે, પડશે અને પડશેજ.



કર્મનો સિદ્ધાંત

કર્મના ત્રણ પ્રકાર છે - સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ. સંચિત એટલે જેનો સંચય થઈ રહ્યો છે. પ્રારબ્ધ એટલે જે શરૂ થઈ ચૂકયાં છે અને ક્રિયમાણ એટલે આ સેકંડે જે થઈ રહ્યું છે. તમે સાંભળી રહ્યા છો અને હું કહી રહ્યો છું - એ ક્રિયમાણ કર્મની વાત છે. બહુ પ્રેકટીકલ બાબતમાં ટેકનીકલ બાબતમાં નહી - પણ, જે ચેષ્ટા અત્યારે હું કરી રહ્યો છીએ તેને ક્રિયમાણ કહેવાય. વર્તમાનમાં જે કરી રહ્યા છીએ તે ક્રિયમાણ. જે પણ કંઈક ક્રિયમાણ ભેગું થઈ રહ્યું છે તે સંચિત, જે ફીક્સ ડીપોઝીટ કરાવીએ છીએ એ, અને જે ફીક્સ ડીપોઝીટનું ઈન્ટરેસ્ટ જ્યારે શરૂ થશે એ પ્રારબ્ધ. અત્યારે જે જાતનું વ્યાજ આપણને મળી રહ્યું છે - સુખ કે દુ:ખનું - તે બધુંજ આપણી પોતાની ફીક્સ ડીપોઝીટનું છે. એટલે આ કર્મનું બંધન છે, જેને આપણે એક સાદા ઉદાહરણથી બહુ સરસ રીતે સમજી શકીએ છીએ. આપણે માથામાં થોડુંક તેલ લગાડીને રાત્રે સૂઈ જઈએ છે તો શું થાય છે ? ઓશીકા પર તેલના ટપકાં નહીં પડે, પણ એ તેલના ડાઘા આપણાં ઓશિકાના ગલેફ પર તો આવી જ જાય છે. એવીજ રીતે તમારા મન, વાણી અને દેહની પ્રત્યેક ચેષ્ટાના પ્રત્યેક ડાઘ પણ આપણા આત્મા સાથે જોડાઈ રહ્યા છે અને જે આત્મા સાથે જોડાઈ રહ્યા છે એને જ શાસ્ત્રમાં કહેવામાં આવે છે - સૂક્ષ્મ દેહ અથવા લિંગ દેહ. આજ ડાઘા કે ઈમ્પ્રેશન છે તે એક દેહ છોડીને બીજા દેહની પ્રાપ્તિ માટે જે ડીસ્ટન્ટ કાપવું પડે છે તે ડીસ્ટન્ટ માટે જે વ્હીકલ જોઈએ ને તે આ ડાઘાઓ આત્માની યાત્રા માટેના વ્હીકલ બની જાય છે. એ પણ નોંધી લેજો કે તમારો સૂક્ષ્મ દેહ કે લિંગ દેહનો જ આધાર લઈને આત્મા એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. એટલે એક દેહ છોડીને બીજા દેહમાં જાય છે. જે પ્રમાણેના ડાઘા તમે ક્રિએટ કરેલા છે તે પ્રમાણે જ દેહ પ્રાપ્ત થાય છે. આ વાતનું સ્મરણ તમે હવે જ્યારે **પુષ્ટિપ્રવાહ મર્યાદા** ગ્રંથ વાંચો ત્યારે, કરી લેજો. તો શ્રીમહાપ્રભુજીની બે ચાર પંક્તિઓ તમને સમજમાં આવી જશે. શ્રીમહાપ્રભુજી ત્યાં એ જ સમજાવે છે કે પ્રવાહી પ્રકૃત્તિના જે જીવાત્મા છે તે પ્રવાહી દેહને પ્રાપ્ત કરે છે મર્યાદાના જે જીવાત્મા છે તે મર્યાદાના દેહને પ્રાપ્ત કરે છે અને પુષ્ટિના જીવાત્મા જે છે તે પુષ્ટિના જ દેહને પ્રાપ્ત કરે છે. તેથી જે તે પ્રકારના બીજ ભાવે જીવાત્મા મોટેભાગે તેવા દેહને પ્રાપ્ત કરતા હોય છે. કોક જગ્યાએ અપવાદ હોઈ શકે છે. તેવા અપવાદ

તો આપણને અહીંયાં પણ ઘણાં દેખાશે. તમારામાંથી ઘણાંએ અનુભવ્યું હશે કે આપણાં અંતરાત્મામાં તીવ્ર ઝંખના હોય કે આપણે ભગવદમાર્ગે જઈએ પણ તમારા દેહ ઈન્દ્રિય પ્રાણ એવા હોય કે જે આપણને ભગવદમાર્ગે ન લઈ જાય. એ સંઘર્ષ તમારામાં જ તમને દેખાશે. તમારામાં ન દેખાય તો તમારી આજુબાજુ એવા જીવ તમને ચોક્કસ મળી જશે. જીવાત્મા ઉત્તમ કોટિના હોય અને તેના દેહ ઈન્દ્રિયો આસુરી કોટિના હોય, જીવાત્મા એક બાજુ ખેંચશે અને દેહ, ઈન્દ્રિયો બીજી બાજુ ખેંચશે. વાસ્તવમાં આવા જીવ, જન્મ-જન્માંતરમાં પ્રગતિ કરી શકશે, એક જન્મમાં પ્રગતિ નહિ કરી શકે. કેમ કે **તેના જીવાત્માને અનુકુળ દેહ ઈન્દ્રિય નથી મળ્યા. આ પણ શ્રીમહાપ્રભુજીનો એક સિદ્ધાંત નોંધી લેશો.**

અપૂર્વ

આ વિષયની નોંધ તમે લેશો તો તમને જીવનમાં પુષ્ટિપથ પર પ્રગતિ કરતાં ફાવશે. તેથી તમારી પ્રગતિ ત્યાં અનુકૂળ થશે. આ સંસ્કાર કે જે સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ રૂપમાં હોય છે તેને જ વૈદિક કે પારિભાષિક શબ્દમાં ‘‘અપૂર્વ’’ કહેવાય છે. દરેક વૈદિક કર્મનો એક સંસ્કાર ઉત્પન્ન થાય છે - જેને કહેવાય છે ‘‘અપૂર્વ.’’ એ અપૂર્વ જ્યારે ભેગો થાય છે અને જે પ્રકારનો અપૂર્વ ભેગો થયો હોય છે તે પ્રકારનું એ ફળ અપાવે છે. એ અપૂર્વ મુખ્યત્વે ત્રણ પ્રકારનું થાય છે (૧) ઉત્તમ અધિકારનું (તમને જે બતાવ્યું તે) (૨) મધ્યમ અધિકારનું (૩) મંદ અધિકારનું. આ ત્રણ પ્રકાર અપૂર્વના બતાવ્યા તે - ત્રણ પ્રકારની ગતિ અપાવે છે.

સ્મૃતિ પ્રકરણને સમજી લો

શ્રુતિનો અનુવાદ આપણને સ્મૃતિઓ દ્વારા મળી રહ્યો છે. શ્રુતિમાં જે પણ કંઈ કહેવામાં આવ્યું છે તેનો સમાવેશ સ્મૃતિઓમાં કરવામાં આવ્યો છે. તેનું જ સ્વરૂપ આપણને સ્મૃતિઓથી મળે છે.

તમે અહીંયા જે મારી વાત સાંભળો છો તે અહીં કોઈ ન નોંધે, પણ તેમાંથી કદાચ કોઈને યોગ્ય લાગે અને ઘરે જઈને નોંધી લે તો પછી યાદ રાખેલ અને પાછળથી નોંધાય તો તેનું નામ સ્મૃતિ. અહીંયાં આ વિડીયો રેકોર્ડીંગમાં શબ્દે શબ્દ આવશે અને તમે ઘરે જઈને મારા કહેવાનો આશય યાદ કરીને લખશો તો શબ્દે શબ્દ મારા નહીં હોય. તેમાં શબ્દ તમારા હશે અને આશય મારો આવશે. તો જેથી

જેનામાં વેદનો આશય રહેલો હોય, એટલે કે શ્રુતિઓનો આશય હોય અને શબ્દો ઋષિઓના હોય તેને સ્મૃતિ કહેવાય છે. આ સ્મૃતિનું એક લક્ષણ છે.

હવે આપણે સ્મૃતિનું બીજું લક્ષણ પણ જોઈ લઈએ. ઋષિઓનાં આચરણ જેમાં બતાવવામાં આવ્યાં છે, એટલે કે ઋષિઓએ જે આચરણ કર્યું છે એ આચરણના હિસાબે જે કાંઈ પણ જીવનમાં ઉતારવા યોગ્ય અને જીવનને જીવવા યોગ્ય જે ઉત્તમ કોટિના નિયમ છે, તે નિયમોનું સંકલન જ્યાં થયું છે - તેનું નામ સ્મૃતિ છે. ઋષિઓના આચાર જેના મૂળમાં રહ્યાં છે - તેનું નામ સ્મૃતિ છે - તેવો શ્રીમહાપ્રભુજીનો મત છે. આ મતથી પણ ભિન્ન મત ધરાવનારા આચાર્યો છે, આપણને તેની સાથે નિસ્બત ન હોવાથી તેનો ઉલ્લેખ આપણે કરી રહ્યા નથી.

को काहू में मगन, को काहू में मगन,
हम तो वाही में मगन, जामे लागी लगन ।

અમને તો શ્રીમહાપ્રભુજીના કામથી કામ છે. બાકી બીજા કશાના કામથી કામ ન હોવાથી, શ્રીમહાપ્રભુજી જે સ્વીકારી રહ્યા છે તે વસ્તુ લઈને આપણે ચાલીએ છીએ.

ઋષિ શબ્દની પણ એક સ્પષ્ટતા સમજી લેજો. ઋષિ શબ્દને શાસ્ત્રમાં કહેવામાં આવ્યો છે - ઋષ્ય: મંત્રદ્રષ્ટાર:. ઋષિઓએ મંત્રને જોયા છે. જોવાનો મતલબ આંખોથી જોવું તે જ માત્ર નથી. જોવાનો મતલબ છે Perception. Perception એટલે દરેક ઈન્દ્રિયથી જે બોધ થાય તેનું નામ છે Perception. એટલે સંપૂર્ણ ઈન્દ્રિયોથી જેને આપણે જાણી શકીએ. બીજો જ આવો સમજવા જેવો શબ્દ છે સાક્ષાત્કાર. એનો પણ આપણે અગડમ્ બગડમ્ ઉપયોગ કરીએ છીએ. સાક્ષાત્કારને સામાન્ય અર્થમાં એમ કહી શકાય કે જે દૃષ્ટિની સામે હોય તેને સાક્ષાત્ કહેવાય, પણ હકીકતમાં એવું નથી. સામે હોય તેને સાક્ષાત્કાર કહેવાય, પણ માત્ર તેને જ સાક્ષાત્કાર કહેવાય એવું નથી એટલે દરેક ઈન્દ્રિયોથી જે જણાય તે સાક્ષાત્કાર. જે સામે હોય તે જ નહિ, પરંતુ સંપૂર્ણ ઈન્દ્રિયથી જણાય તે સાક્ષાત્કાર કહેવાય. ઋષિઓ એટલે જેઓએ સંપૂર્ણ જ્ઞાનેન્દ્રિયો વડે મંત્રનો અનુભવ કર્યો છે. મંત્રનું જે જીવંત સ્વરૂપ છે તેને જે તે ઈન્દ્રિયો વડે અનુભવ્યું છે. એ મંત્ર દૃષ્ટા ઋષિઓએ પરમાત્માના સત્યનો સાક્ષાત અનુભવ કર્યો અને ઋષિઓએ જે આપણને જણાવ્યું તેનું નામ છે સ્મૃતિ. આમ સ્મૃતિના બે અર્થ થયા.

ષોડશ સંસ્કારનું મહત્વ

સ્મૃતિમાં મુખ્યત્વે પાંચ વિષય કહેવામાં આવ્યા છે.

ષોડશ સંસ્કાર
સંધ્યા
ઉપાસના
તીર્થયાત્રા
પ્રાયશ્ચિત

આપણે ત્યાં ષોડશ સંસ્કારનું નામ સાંભળ્યુ હશે અથવા તે વિશે તમે વાંચ્યું હશે ! હજી આપણે ત્યાં કર્મકાંડ કરાવવા આવતા જે ગોરમહારાજ છે તેઓ આના વિશે ક્યારેક વાત કરતા હોય છે. ગર્ભાધાનથી લઈને ઉત્તરક્રિયા એટલે જન્મથી તે મનુષ્ય દિવંગત થયા બાદ જે દેહની ક્રિયા થાય છે તે સુધીની પ્રક્રિયાને ષોડશ સંસ્કાર કહેવામાં આવે છે. એ ષોડશ સંસ્કાર શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં હું તમને કહું :

गर्भाधानादिसंस्कारा सन्ध्योपास्त्यादिकं तथा ।
नित्यश्राद्धादिकर्माणि पाकयज्ञादिकं तथा ।। सर्वनिर्णय ३६

શ્રીમહાપ્રભુજી કહે છે કે સ્મૃતિમાં મુખ્યત્વે પાંચ વિષય કહેવામાં આવ્યા છે તેની સાથે સાથે તીર્થયાત્રા, તીર્થયાત્રાના નિયમો, દાન, ઘરોમાં વિભાજન કેવી રીતે કરવું. એક ઘરમાં બે દીકરા કે ચાર દીકરા હોય તો સંપત્તિનું વિભાજન કેવી રીતે થાય કેમ - શું ન થાય ! વગેરે વગેરે ઘણા બધા વિષયો છે. એ બધા જ વિષયો સ્મૃતિના ગૌણ વિષયો છે. મુખ્ય વિષયો આ પાંચ છે. ષોડશ સંસ્કારોનું નિરૂપણ અને વર્ણાશ્રમ પ્રમાણે સંધ્યા ઉપાસના વિગેરેનો નિર્ણય. પહેલાંના સમયમાં બ્રાહ્મણોની જેમ વૈશ્ય અને ક્ષત્રિયોને પણ જનોઈ અપાતી હતી અને ત્રણેય વર્ગોમાં યજ્ઞોપવિતના કારણે ત્રણેય વર્ગોમાં કર્મની કાંઈક વ્યવસ્થા હતી અને તેથી સંધ્યા ઉપાસના વિગેરેની વ્યવસ્થા શ્રીમહાપ્રભુજી આપણને સ્મૃતિના માધ્યમથી બતાવી રહ્યા છે.

ગર્ભાધાનાદિ સંસ્કાર...

આ બધુ અત્યારે હરિબોલ થઈ ગયું છે, કારણકે એ બધા જ સ્મૃતિના બતાવેલા આચારનું કપુરની માફક બાષ્પીભવન થઈ ગયું છે. એનું કારણ આપણી ચાર્વાકવૃત્તિ

છે - કે દેવુ કરો અને ઘી પીઓ. આત્મા જેવુ કાંઈ છે જ નહિ, આનંદ કરો, આ દેહ ગયા પછી શું ?

આપણે બધા સામાન્ય રીતે ચાર્વાક થતા જઈએ છીએ. એનાં પરિણામ એ છે કે, આ બધા કર્મોનો આજે લોપ થઈ ગયો એટલે શ્રાદ્ધ વિગેરે કર્મ, પાપ યજ્ઞાદિ વિગેરે કર્મનો લોપ થઈ ગયો. આ બધાની સ્પષ્ટતા શ્રીમહાપ્રભુજીએ સર્વનિર્ણયમાં કરી જ છે. મુખ્યત્વે પાંચમું અને છેલ્લુ કર્મ છે પ્રાયશ્ચિત. કોઈ પણ ખોટું કર્મ થાય : અજાણતાં અને એ ખોટા કર્મનો બોધ થાય, એ બોધના પછીનો સંકલ્પ છે કે મારાથી ખોટું કર્મ થઈ ગયુ છે તે કર્મની આત્મગ્લાનિ તમારા ચિતમાં રહે, એ આત્મગ્લાનિ ને દૂર કરવાનું જે આચરણ છે તેનું નામ છે પ્રાયશ્ચિત. જેનાથી આત્મગ્લાનિ દૂર થઈ શકે. પ્રાયશ્ચિત એક શુષ્ક કર્મકાંડ નથી, પરંતુ પ્રાયશ્ચિત એક સ્વીકૃતિ છે. પ્રાયશ્ચિત એક સંકલ્પ છે અને પ્રાયશ્ચિત એ આત્મગ્લાનિ ને દૂર કરવાનું પ્રબળ સાધન છે, અને તેથી પ્રાયશ્ચિતનું આપણે ત્યાં બહુ મોટું વિધાન હતું. બાકી વાત રહી તીર્થયાત્રાની-

તીર્થયાત્રા

તીર્થયાત્રા કેવી રીતે કરવી ? જેવાં વિધાનો પણ આપણા આ સ્મૃતિમાં આપેલાં છે. હવે તો તીર્થયાત્રા પણ થ્રી સ્ટાર કે ફોર સ્ટાર કે ફાઈવ સ્ટાર પ્રકારની લકઝરી થઈ ગઈ છે. અત્યારે આપણે તીર્થયાત્રા પણ શ્રીમહાપ્રભુજીના વિધાન પ્રમાણે નથી કરી રહ્યા. તીર્થનો નિયમ છે કે તીર્થયાત્રામાં જઈએ તે વખતે એકજ વખત ભોજન કરવું જોઈએ અને એ ભોજનની માત્રા પણ એટલી જ હોવી જોઈએ કે જેનાથી દેહ ટકી શકે. અલબત્ત અત્યારની મોર્ડન સમસ્યા ડાયાબીટીસ જેવી હોય તો તે ભોજનને ચાર પાંચ ભાગમાં ડીવાઈડ કરીને લઈ શકાય છે. પણ એ ત્રણ-ચાર વખત જમવાનો મતલબ એવો નથી કે આપણા જીભના ચટકા માટે બધી વાનગીઓ ખાધા કરીએ. આજે એ જ થઈ રહ્યું છે. ભારતવર્ષના જે તમામ તીર્થ સ્થળો હતાં તે તમામ તીર્થ સ્થળોની આજે દુર્ગતિ થઈ રહી છે. એ દુર્ગતિના સંકેતો આપણને .... ''ગંગાદિ તીર્થવર્યેસ્તુ....'' માંથી મળી રહ્યા છે. ત્યાં તીર્થસ્થાનોમાં ફુલ લકઝરી જોઈએ. કેમ કે એ આપણા માટે હવે યાત્રા નથી પણ તે હવે ટુર થઈ ગઈ છે. ઉર્દુમાં ટુર ને કહેવાય છે સૈલાની. સૈલાની એટલે મોજમજાની બાબત. હવે આજે હરદ્વાર, ઋષિકેશ જોઈ આવવાની વાત છે. હરદ્વારમાં ગંગાનું દર્શન,

ગંગાનો સ્પર્શ કે ગંગાનું સ્નાન નથી પણ હરદ્વાર જોવાનું સ્થળ થઈ ગયું છે. ઋષિકેશ-બદ્રીનાથ, કેદારનાથ પણ જોવાનાં સ્થળ બની ગયાં છે. એટલે તીર્થયાત્રા અત્યારે શું છે ને શું નહિ ? તેનું પણ વિશ્લેષણ હવે તમારા પર છોડી દઉં છું. તેથી સ્મૃતિમાં બતાવેલા જે આચાર આપણને કોઈપણ સન્માર્ગે નથી લઈ જતા કેમ કે સ્મૃતિમાં બતાવેલા પ્રકારોનો નિર્વાહ આપણે કરી શકતા નથી. એનું એક જ ઉદાહરણ હું બહેનોને આપીશ. બહેનો ભાઈઓને સમજાવી શકશે, કેમ કે બહેનો ને એ વાત ગળા સુધી ઉતરી જશે. આજકાલ જૂઓ તો આવા ખાવાના પ્રકાર બહુ વધી ગયા છે. તમારી વાનગી બનાવવાની જે પદ્ધતિ હોય છે ને-જેને તમે રેસીપી કહો છો, એ ''રેસીપી'' નો અર્થ અત્યારે નાના મોટા બધાને ખબર હોય છે. એટલે ''રેસીપી'' માં જે લખ્યું હોય કે અડધો કપ આ લેવું, એક સ્પૂન આ લેવું, અને આ જે પદ્ધતિમાં ફીક્સ માપથી બધી વસ્તુ નાંખવામાં જેટલી કાળજીથી તમે કરો છો તે શા માટે કરો છો ? તે મને કહો. એટલા માટે કે તેમ ન કરો તો સ્વાદ ન આવે, જેવો સ્વાદ પેલી ''રેસીપી'' માંની વાનગીમાં બતાવ્યો છે તેવો સ્વાદ ન આવે.

તેવી જ રીતે નોંધ કરી લેજો કે વેદ અને સ્મૃતિનાં કર્મ એના વ્યવસ્થિત બતાવેલા પ્રમાણમાં ન થાય, તો એનાં ફળ ન મળે. આ વાતની નોંધ વ્યવસ્થિત રીતે લઈ લેજો. સ્મૃતિ બાબતમાં ત્રીજી એક બાબત પણ નોંધી લેજો કે સ્મૃતિ હમેશા શ્રુતિનું અનુકરણ કરતી હશે તો જ એ શ્રુતિનું પ્રમાણ લેવાશે. અન્યથા શ્રુતિનું પ્રમાણ નહિ લેવાય. પંચાંગમાં ક્યારેક એકાદશીના બે પ્રકાર થઈ જાય છે અને પંચાંગ બનાવનાર લખે છે કે આ સ્માર્તોની એકાદશી છે અને આ વૈષ્ણવોની એકાદશી છે. આ સ્માર્તોની એકાદશી એટલે જ સ્મૃતિવાળાઓની એકાદશી. એ લોકો શ્રુતિથી અનુકૂળ ન હોય તો પણ જે સ્મૃતિને સ્વીકારનારા તે લોકો તેટલા અંશમાં આપણા કરતાં કઈક અંશે જુદા પડી જાય છે. ભારતવર્ષમાં એવા લોકો નાની સંખ્યામાં પણ છે કે જેઓ માત્ર સ્મૃતિનું જ આચરણ કરી રહ્યા છે. આપણે વૈષ્ણવો એટલે જુદા પડીએ છીએ કે આપણે સ્મૃતિના એટલા જ ભાગને સ્વીકારીએ છે કે જે ભાગમાં શ્રુતિનો આશય સમાયેલો હોય. જે શ્રુતિ કે સ્મૃતિ ભલે પછી એ શ્રીમનુની હોય, કે શ્રીયાજ્ઞવલ્કની હોય, પરંતુ જો એ સ્મૃતિ શ્રુતિથી કાંઈક વિપરીત અર્થ બતાવશે તો તેટલા અંશમાં આપણા માટે પ્રમાણ્ય નથી. એને પ્રમાણ તરીકે નથી સ્વીકારતા. તેથી પંચાંગ ચલાવનારાઓને બે શબ્દોનો ઉલ્લેખ કરવો પડયો. તેથી કોઈપણ સંજોગોમાં સ્મૃતિથી પ્રમાણ્ય શ્રુતિનું જ વધારે રહેશે. એ પણ એક

વાત શ્રુતિના સંદર્ભમાં સમજી લેજો. સ્મૃતિ મૂળ મુદ્દે શ્રુતિનો આશય કહે છે. સ્મૃતિ એ મૂળમાં ઋષિઓના આચરણથી થયેલા નિયમોની વાત કહે છે. સ્મૃતિમાં મુખ્યત્વે પાંચ વિષય કહેલા છે એની સાથે તીર્થ વિગેરેના નિયમો કહેલા છે તે ગૌણ વિભાગો-પેટા વિભાગો છે તેની સાથે હંમેશા પ્રમાણ શ્રુતિનું વધારે ગણાશે. સ્મૃતિ કરતાં કેટલાક અંશમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ સીધે સીધો કરવો તેના કરતાં આ પૃષ્ઠભૂમિકા સમજીને કરવા જતા શ્રીમહાપ્રભુજીની વાણીને વધારે સારી રીતે સમજી શકાશે તેવા આશયથી આ પૃષ્ઠભૂમિ પર ચાલી રહ્યા છીએ.

શ્રીમહાપ્રભુજીના એક પણ શબ્દથી તમે વંચિત રહી ગયા તો જીવન શૂન્ય થઈ જશે.

આ બધાની સહાયથી શ્રીમહાપ્રભુજીની વાણીના તમામ શબ્દો બહુજ સારી રીતે સમજવામાં આવશે અને જો આની ગેરહાજરીમાં, પૂરતી સમજ વગર શ્રીઆચાર્યની વાણીના એકાદ શબ્દને પણ ચૂકી જશોને તો પછી તમારો ઉદ્ધાર કોઈજ કરી શકવાનું નથી. દૂધથી લઈને માખણ કાઢવા સુધીની પ્રક્રિયામાં ઘણું બધું કરવું પડતું હોય છે. એ બધાથી બચાવીને શ્રીમહાપ્રભુજી તમને સીધે સીધું માખણ આપે છે, તે માખણ પણ ગ્રહણ કરવાની જો તમારી ચેષ્ટા નહિ હોય તો જીવનમાં કોઈ ઉપલબ્ધિ નહિ થાય. જીવન શૂન્ય થઈ જશે. શ્રીમહાપ્રભુજીના એક પણ અક્ષરથી તમે વંચિત રહી ગયા તો જીવન શૂન્ય થઈ જશે. જીવનમાં કંઈ ઉપલબ્ધ નહિ થાય - તમે માનો કે ન માનો, સ્વીકારો કે ન સ્વીકારો. દેવકીનન્દનની વાતનું કોઈજ મહત્વ નથી. દેવકીનન્દનની વાત યાદ રહે કે ન રહે પણ એટલું જ સ્પષ્ટ કરી લેજો કે શ્રીમહાપ્રભુજીની વાણીના એક એક અક્ષરના આચરણ વગર આપણી પાસે જીવનના વિકાસનાં હવે કોઈ પણ દ્વાર નથી, એની ક્ષિતિજ નથી. છે, તો માત્ર શ્રીમહાપ્રભુજીની વાણી જ છે.

ચેષ્ટા તંત્રનું જ બીજું નામ છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ

जीवेश्वरविचारेण, द्विधा ते हि विचारिताः ।
अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।। (बालबोध)

ઈશ્વરે વિચારેલા ધર્મ, અર્થ, કામ, મોક્ષ હતા તે વેદમાં આવી ગયા. વેદમાં જે કર્મ છે તેમાં વસ્તુઓની પ્રાપ્તિ માટે પણ યજ્ઞ બતાવવામાં આવ્યા છે. એટલે

વેદમાં યજ્ઞ માત્ર મોક્ષ માટેજ નથી. વેદમાં સકામ યજ્ઞ પણ ઘણા બધા બતાવવામાં આવ્યા છે. અલબત સકામ યજ્ઞથી ઉત્તમ કોટિનાં ફળ મળતાં નથી. ધર્મ, અર્થ, કામ, મોક્ષ વેદમાં પણ કહેલા છે. વેદને અનુકૂળ સ્મૃતિઓમાં પણ ઋષિઓએ ધર્મ, અર્થ, કામ, મોક્ષ કહેલા છે. તેથી આપણી મુખ્ય થીમ ધર્મ, અર્થ, કામ, મોક્ષની છે તે સતત ચાલુ જ રહેશે. કેમ કે મનુષ્યની ઈચ્છા અને ચેષ્ટા તંત્રનું બીજું નામ છે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેથી વેદ એટલે કે શ્રુતિ હોય કે સ્મૃતિ હોય, ત્યાં પણ ચેષ્ટા-ઈચ્છા તંત્રનું એ જ વિભાજન ધર્મ, અર્થ કામ અને મોક્ષ ચાલશે. પુરાણોમાં આ વિભાજન હજી વધારે સ્પષ્ટ કરી બતાવ્યું છે.

પુરાણોમાં પણ પાંચ વિષય કહેવામાં આવ્યા છે.

(૧) ધર્મ

(૨) અર્થ

(૩) કામ

(૪) મોક્ષ એ ચાર અને પાંચમો વિષય છે ભક્તિ.

ભક્તિ એક કારગત રસાયણ

જ્યારે સામાન્ય દવાઓ કારગત ન હોય ત્યારે સારા વૈદને મળજો. એટલા માટે એલોપેથીક ડોક્ટર નથી કહેતો કે તેમની જે વન્ડર મેડીસીન હોય છે તે દવાઓમાં સાઈડ ઈફેક્ટ હોય જ છે. તેનાં રિએક્શન અને સાઈડ ઈફેક્ટથી બધા પરિચિત છે, તે એના જેવું કે બકરી કાઢતાં ઊંટ પેસી જાય.

જો કે આયુર્વેદ અત્યારે નિસ્તેજ થઈ રહ્યો છે, તેનું કારણ છે કે આયુર્વેદના સિદ્ધ કરનારા પાસે સાચી જડીબુટ્ટી નથી અને તેની સાચી સમજ પણ નથી. અને છે તો તેની સ્ટ્રેન્થ ખલાસ થઈ ગઈ છે. આયુર્વેદમાં પણ એક્સપાયરી ડેઈટ હોય છે જોકે આયુર્વેદમાં એવાં પણ રસાયણ છે કે જેની અસર જેમ જેમ સમય પસાર થાય તેમ ઘટવાની જગ્યા એ વધતી જાય છે. દા.ત. કવાથ. કાઢા. આસવ.

આ બધાં જેટલાં જૂનાં હશે તેટલી તેની કિંમત પણ વધારે અને તેની અસર પણ વધારે. એટલે આયુર્વેદમાં ઘણાં એવા રસાયણ છે કે જેની પડીકી ન આપવી પડે પણ તેની દવાની માત્ર એક સળી બોળીને જે તે મરણોન્મુખ માણસના હોઠ પર મૂકવામાં આવે તો તે વ્યક્તિના પ્રાણમાં ફરક પડી જાયને તે વ્યક્તિ જીવંત બની જાય. એનામાં જીવનો સંચાર થઈ જાય. આ વાત કેવળ કલ્પના નથી. આજની

તારીખમાં હજી પણ એવા વૈદો છે અને તેઓની પાસે એવા રસાયણો છે. ભક્તિ પણ આવું જ રસાયણ છે. ભક્તિ માત્ર કળિયુગમાં આવી રહી છે અને પુરાણોમાં ઉપયોગ થઈ રહી છે એવું માત્ર નથી. એટલી વાત સમજી લેજો. પુરાણોમાં ભક્તિનો જે ઉલ્લેખ મળી રહ્યો છે તે હું તમને સમજાવવા માંગુ છું. કોઈને એવું ન લાગે કોઈ એવું ખોટું ન સમજી બેસશો, કે વેદ અને સ્મૃતિમાં એટલે કે સ્મૃતિ અને શ્રૃતિમાં કહેલા, જે કર્મ કે ઉપાયો આત્મોન્નતિના છે તે જ્યારે કારગત નથી ત્યારે છેવટે ભક્તિને આપણે કામમાં લઈએ છીએ. તેથી ભક્તિ કંઈ ત્રીજા કે ચોથા નંબરનું ઓપ્શન કે ઉપાય છે કે વિકલ્પ છે તેવી કોઈ પણ ધારણા મનમાં હોય તો એને અત્યારે જ મનમાંથી બિલકુલ દૂર કરી લેજો. ભક્તિ એક એવું રસાયણ છે કે જેનો પ્રયોગ સાધારણતયા કરવામાં આવતો નથી. પરંતુ જ્યારે નક્કી થઈ જાય કે હવે કોઈ પણ દવા આ મરીજ ઉપર અસર નહિ કરે ત્યારે ભક્તિના રસાયણની શલાકા લઈને હોઠ ઉપર મૂકી દેવામાં આવે છે અને હોઠના સ્પર્શ માત્રથી એ ભક્તિનું રસાયણ પ્રાણ તોડતાં દેહની વાત નથી પરંતુ બરબાદ થતાં આત્માને પુનઃજીવિત કરી દે છે. આયુર્વેદિક રસાયણ તો માત્ર લૌકિક દેહમાં પ્રાણ સંચાર કરે છે, જ્યારે ભક્તિરૂપી રસાયણ તો આત્માનો સંચાર કરે છે. ભ્રમરગીતના પ્રસંગને તમે યાદ કરો. શ્રીપ્રભુએ તેમાં જે સંદેશ મોકલ્યો, તેમાં ચાર શ્લોક છે - ચતુશ્લોકી છે. બીજી એક રહસ્યની વાત બતાવું કે સાથે સાથે આ ચતુશ્લોકીને સમજી લેવું તે પુષ્ટિમાર્ગીય સાધન દશા માટે બહુ જ અગત્યનું છે. ક્યાંય પણ એવો અવસર થાય ત્યારે એવો પ્રયાસ કરજો કે આ ચાર શ્લોકનો સાચો અર્થ સમજી શકો. આ ચાર શ્લોક આપણા જેવાની સાધન દશા માટે બહુ જરૂરી નહિ પણ અનિવાર્ય છે. આ શ્લોકો જુઓ - ભગવાન કહે છે -

यत्तु अहं भवतीनाम वै दूरे वर्ते प्रियो दृषाम्

તો ભગવાન કહે છે કે તમારી તમામ ઈન્દ્રિયો જે તમે મારા માટે ટકાવી રાખી છે તેવો હું તમારો જે પ્રિય છું - તમે આટલો બધો મારી સાથે પ્રેમ કરો છો તો પણ હું તમારાથી દૂર કેમ થઈ ગયો, તે તમને ખબર છે ? એ ભગવાન પૂછે છે કે તમે આ રહસ્ય જાણો છો ? આ જ સવાલ ભગવાન સ્વામીનીઓને પૂછી રહ્યા છે.-

અને તેનો જવાબ પોતે સ્વામીનીઓને આપે છે -

मनसः सन्निकर्षाम्

તમે મનથી મને તાણી શકો, કેમ કે મન, ચિત્ત, બુદ્ધિ અને અહંકાર-આત્માની સૌથી નજદીક આ ચાર જ વસ્તુ છે. અંતઃકરણ તમારું સૌથી નજીક છે. તેથી ભગવાન કહે છે કે મનથી તમે મને તાણી શકો. કેમ કે મનથી જ્યારે તાણશો તો હું તમારા આત્મામાં હું સહેલાઈથી પ્રવેશ કરી શકીશ અને તમારા આત્મામાં સ્થિર થઈ શકીશ. હું તમારાથી દૂર થઈ ગયો છું, કેમ કે હું તમારી પાસે રહીશ તો તમે તમારી તમામ ઈન્દ્રિયોથી મને જોશો. મારો સાક્ષાત્કાર કરી શકશો. એ સાક્ષાત્કારમાં એટલી તીવ્રતા નહી રહે. એ વાત તે તમે લૌકિકમાં પણ અનુભવી શકો છો. જ્યારે વ્યક્તિ (પ્રેમિકા/પત્ની/પતિ) સામે હોય છે ને ત્યારે તેટલી તીવ્રતા નથી અનુભવાતી પણ જ્યારે તે દૂર જાય છે ત્યારે તેનો ટેલીફોન ક્યારે આવશે તેના માટે પણ તમે તરસો છો. તેથી ભગવાન કહે છે - હું એટલા માટે દૂર થઈ ગયો છું કેમ કે તમે મનથી મારો સંનિકર્ષ કરી શકો અને હું આત્મામાં પ્રવેશ કરી શકું. એટલે આત્માની ચિકિત્સા માટે ભગવાને પોતે આત્મામાં પ્રવેશ કરવો પડે છે અને એ ચિકિત્સા તમારી ભક્તિથી થાય છે. અને તેથી જ ભક્તિ સૌથી મોટું રસાયણ છે.

ભક્તિ કંઈ વેદશાસ્ત્રમાં બતાવેલા ઉપાયોનો વિકલ્પ નથી.

વેદશાસ્ત્રોમાં બતાવેલા તમામ ઉપાયોનું જે વન્ડર ડ્રગ-આશ્ચર્યજનક-વિલક્ષણ ઔષધ રસાયણ છે તે રસાયણનું નામ ભક્તિ છે. ભક્તિ કાંઈ વેદશાસ્ત્રમાં બતાવેલા ઉપાયોનો વિકલ્પ નથી. જે જ્ઞાનની કથાઓ કહે છે તે જ્ઞાનના ઠેકેદારોને પહેલાં કહો કે જ્ઞાનનું સ્વરૂપ સમજી લે. ભક્તિને ગૌણ બતાવીને જે ભારતીય વેદશાસ્ત્રમાં બતાવેલ સત્ય અને તથ્યનો જેઓ અનાદર કરી રહ્યા છે તેમને કહો કે પહેલાં જ્ઞાન અને ભક્તિનું સ્વરૂપ સમજી લે અને પછી એનો નિર્ણય કરે. ભક્તિ એ જ્ઞાન કે કર્મ કોઈની સાપેક્ષ નથી. કર્મ અને જ્ઞાન એ બંનેને, ભક્તિ અથવા કૃપાની જરૂરિયાત પડશે, પડશે અને પડશે જ.

बरसातका बादल तो दिवाना है, क्या जाने
किस राह से बचना है, किस छतको भिगौना है ।

વરસાદનું વાદળ જ્યારે પણ આવે છે ત્યારે એવો ભેદ લઈને નથી આવતું કે હું આ રસ્તા પર નહિ વરસુ અને આ અગાસી ઉપર જ વરસીશ. વરસાદનું વાદળ તો જ્યારે પણ આવે ત્યારે બધાને આપ્લાવીત કરીને જ જાય છે. તેથી કૃપા છે તે તો કર્મને પણ આપ્લાવીત કરે છે અને જ્ઞાનને પણ આપ્લાવીત કરે છે અને ભક્તિ તો

સ્વયં કૃપાનું જ રૂપ છે એ વાત ખ્યાલમાં રાખજો. - વગર ભગવદકૃપાએ કર્મ-કર્મ નથી બનતું અને જ્ઞાન જ્ઞાન નથી બનતું. વગર ભગવદકૃપાએ ભક્તિ ઘટિત થતી જ નથી. કેમ કે **કૃપાનું જ સાકાર સ્વરૂપ ભક્તિ છે તે ખાસ નોંધી લેજો.** જ્ઞાન એક આત્મપ્રકાશ છે. The True gyan is congnition. It does not happen with the mere body of information or Knowledge. બોધ અથવા Knowledge થી જ્ઞાન ઘટિત થતું નથી. જ્ઞાન એક અવસ્થાનું નામ છે અને એ અવસ્થા ભગવદકૃપાના આધારે ઘટિત થાય છે. અલબત્ત એ કૃપા છે ને તે સાધન વડે પ્રાપ્ત થાય છે. ભગવાન એવી ઈચ્છા ધરાવે છે કે તું આ સાધન કર અને આ સાધન કરી તું જ્ઞાનને પ્રાપ્ત કર. પણ એટલું યાદ રાખજો એ સાધનો વગર કૃપાએ નથી બન્યાં, એ સાધનો કૃપાથી જ બની રહ્યાં છે. તેથી સાધનોને પરિણામે જ્ઞાન આવી રહ્યું છે. જ્ઞાન એ પ્રકાશ છે, એ કાંઈ જાણકારી જ નથી. પુસ્તકોમાંથી કાંઈ વાંચીએ અને જે ખબર પડે તેનું નામ છે-બોધ. જ્ઞાન તો ઘટિત થાય છે, તે તો પ્રકાશરૂપ છે.

આત્માનો નિર્ણય

જનકની સભામાં જ્યારે આત્માનો નિર્ણય થઈ રહ્યો હતો ત્યારે અષ્ટાવક્ર ઋષિના પિતા ત્યાં બેઠેલા હતા અને શાસ્ત્રાર્થમાં હારી રહ્યા હતા. એ સૂચના કોઈએ ૮ વર્ષના અષ્ટાવક્રને આપી. એ ઉપનીત બ્રાહ્મણ બાળકને ખબર પડી કે મારા પિતા શાસ્ત્રાર્થમાં હારી રહ્યા છે અને જ્યારે તેમણે સભામાં પ્રવેશ કર્યો ત્યારે ઘણાં ઋષિમુનીઓ તેના વિચિત્ર દેખાવથી હસી પડ્યા. એના પરિણામ સ્વરૂપે અષ્ટાવક્ર પોતે પણ હસવા લાગ્યા. ત્યારે રાજાએ પૂછ્યું કે હે ઋષિપુત્ર તું શા માટે હસે છે ? તો કહ્યું કે રાજા તમારી મૂઢતા પર મને હસવું આવે છે કે આ ચર્મકારોને ભેગા કરીને જે મારા ચામડાથી આઠ જગ્યાએ હું ટેડો મેડો છું, મારી આકૃતિ વિકૃત છે તેને જોઈને જે હસી રહ્યા છે અને ગાંભીર્યને ટકાવી શકતા નથી, તેમની પાસેથી શું આત્માનો નિર્ણય કરવા બેઠા છો ? એ આઠ વર્ષના બાળકના અંત :કરણમાં આ પ્રકાશ જાગૃત થઈ ગયો. એટલે જ્ઞાન જે તે પુસ્તકો વાંચી-વાંચીને અને પુસ્તકો વંચાવી વંચાવીને અને સંગીતથી કે અમુક આધુનિક ભજનો કરી-કરીને ઘટિત થતું નથી, તેથી તેની નોંધ કરી લેજો. જ્ઞાન એક પ્રકાશમય અવસ્થા છે. જેમ તમે ક્યારેક કહો છો કે હું ત્યાં જતો હતો અને મને અંત :સ્ફૂરણા થઈ. કંઈક લૌકિક બાબતની વાત હશે. એ સ્ફૂરણા શું છે ? એ સ્ફૂરણા શું કોઈ પુસ્તકમાં શીખીને આવી હતી ?

કંઈક તમારા અંતર્યામીએ તમને કાંઈક સંકેત આપ્યો અને તમારી લાઈન એટલી બધી ક્લિયર હતી તેથી બરાબર તમને સ્ફૂરણા તે સમયે થઈ. અંતર્યામીએ તમને સૂચવ્યું કે આમ કર અને આમ ન કર. તમારા અંતર્યામી વારંવાર, દરેક વખતે તમને સૂચવે છે પણ તમે તમારા રિસેપ્સન એન્ટેનાને જંજાળથી એટલું બધું ગુંચવી નાખ્યું છે કે બહુ તકલીફ પડી રહી છે. આપણા માનસમાં આપણે એટલાં બધાં ગૂંચળાં કરી દીધા છે અને જાણીને એટલી બધી તકલીફો ઉભી કરી દીધી છે, જેને કારણે એ અંતર્યામીના સંકેત આપણા સુધી ક્લિયર પહોંચતા નથી. આપણે ઘણીવાર ફોન આવે ત્યારે કહીએ છીએ કે ડીસ્ટર્બન્સ બહુ આવી રહ્યું છે, પછી ફોન કરજો. તેવી રીતે અંતર્યામી ફોન કરે છે પણ તમારે ત્યાં ડીસ્ટર્બન્સના કારણે મેસેજ કિલયર થતા નથી. આ અંત :સ્ફૂરણાની ઘટનાજ આપણને સમજાવી શકે છે - સાચા જ્ઞાનની અવસ્થા, કે સાચા જ્ઞાનની ઘટના શું હોય છે અને શું હોઈ શકે છે ? એટલે જ્ઞાન એ સ્વઘટિત થતો પ્રકાશ છે. એ સૂચના નથી, જ્ઞાન એ જાણકારી નથી જ્ઞાન એ વાંચન નથી. જ્ઞાન એ પ્રબોધ હોઈ શકે-પૃકૃષ્ટ બોધ હોઈ શકે.

ભોગવાદી લોકો પ્રત્યક્ષને જ પ્રમાણ માને છે.

તમારા પાંચ-છ વર્ષના નાના બાળકને લાલ કે લીલા રંગના ગોગલ્સ આપી દેજો અને તેને પૂછજો કે બધું કેવું દેખાય છે ? તો તેની અજ્ઞાન અવસ્થાના કારણે કહેશે કે બધું લાલ થઈ ગયું. વાસ્તવમાં કશું લાલ થતું હોતું જ નથી. એ બાળકની અબોધ અવસ્થાના કારણે એને એટલી ખબર નહિ પડે કે મને જે લાલ દેખાઈ રહ્યું છે તે અસલમાં લાલ છે નહિ.

તેથી અજ્ઞાનની અવસ્થા છે તે - આ અવસ્થા છે. આપણને જેવું પ્રત્યક્ષ દેખાય તેથી જણાય કે આ જ સત્ય છે. તેથી આજના આ સમાજના તમામ ભોગવાદી લોકો પ્રત્યક્ષને જ પ્રમાણ માણે છે બીજા પ્રમાણ જે પરોક્ષ છે તેને પ્રમાણ માનતા જ નથી. કેમ કે તેને જે સામે દેખાય તે જ સાચું છે ને તે જ પ્રેક્ટિકલ છે. પણ એટલું ધ્યાન રાખો કે તમને દેખાય છે અને તમને પ્રેક્ટિકલ લાગે છે, સત્ય ત્યાં સુધી જ સીમિત થઈ જતું નથી. સમજવાનો પ્રયાસ કરો, બાળકની જેમ અબોધ અવસ્થામાં લાલ દેખાઈ રહ્યું છે, તેવી વાત ન કરો. તેના લાલ દેખાવાથી કાંઈ આપણે લાલ થઈ જતા નથી. તમે પણ એ ગોગલ્સ લગાડો, ખાત્રી રાખશો કે બાળકની જેમ તમને પણ દેખાશે તો લાલ જ. કેમ કે તમારી અને બાળકની આંખોની કેમેરાની સીસ્ટમ તો બરાબર જ છે. પણ તમને એટલી સમજ છે કે મને આ લાલ દેખાય છે

તે વાસ્તવમાં લાલ છે નહિ, બસ એ શાસ્ત્રથી આપણને જે બોધ મળ્યો છે તે બોધની સમજ આટલી જ છે. આ જગત જેવું દેખાઈ રહ્યું છે તેવું છે નહિ, કેમ કે આ જગત ભગવદાત્મક છે. જ્ઞાનના ઠેકેદારો જે અત્યારે બેઠા છે તે કહે છે કે જગત માયિક છે. પરંતુ વેદશાસ્ત્રનો સાચો બોધ તમે મેળવી લો કે જગત માયિક નથી. બ્રહ્મસત્ય છે અને બ્રહ્મથી સર્જન કરાયેલું આ જગત પણ બ્રહ્મની જેમ સત્ય છે. છતાંયે આ જગત બ્રહ્મની જેમ તમને જણાઈ નથી રહ્યું, એની અનુભૂતિ તમને બ્રહ્માત્મક નથી થઈ રહી - એનું કારણ આ જગતમાં ગડબડ નથી, પણ ગડબડ આપણા ભેજામાં છે. આપણાં ટોપ ફ્લોરની ગડબડના કારણે આ ગડબડ આપણને દેખાઈ રહી છે. અસલમાં જગત અસત્ય છે જ નહિ, આવો બોધ આપણને શાસ્ત્ર આપે છે. આપણને જગત લાગે છે તો એવું જ વ્યવહારિક પણ તેની બ્રહ્માત્મકતા અનુભવાતી નથી. છતાંયે પેલા બાળકના ચશ્માની જેમ આપણે સમજવું જોઈએ કે આપણને જેવું જણાઈ રહ્યું છે વાસ્તવમાં જગત તેવું છે નહિ. જગત બ્રહ્માત્મક છે એવો બોધ આપણને શ્રીમહાપ્રભુજી આપી રહ્યા છે, પણ એની અનુભૂતિ આપણને થઈ નથી. હવે એક ત્રીજી કક્ષાએ જાવ ત્યારે એક વાર્તા યાદ રાખો.

વાર્તાના પ્રસંગો

શ્રી ગોપાલદાસ ક્યાં બિરાજેલા હતા ? અસારવામાં - બરાબર ? અસારવા અને વ્રજનું અંતર લગભગ ૧૦૦૦ કી.મી.નું છે. એ ૧૦૦૦ કી.મી. દૂર બેસી શ્રી ગોપાલદાસ આધિદૈવિક યમુનાનું વર્ણન કરી રહ્યા છે કે તેના કિનારાઓ રત્નજડિત છે અને ગિરિરાજ જે જુદા જુદા મણીની શીલાઓમાં બિરાજેલા છે તેનું વર્ણન ત્યાં, અસારવામાં બેઠાં બેઠાં કરી રહ્યા છે અને વાર્તાના પ્રસંગમાં જ્યારે બે વખત રાજભોગ સરાવી દીધા કે મારા બનાવવામાં કંઈક ભૂલ છે અને શ્રીઠાકોરજી આરોગી રહ્યા નથી. ત્રીજી વખતે મૂક્યો અને સરાવ્યો ત્યારે હાથ પકડી લીધો અને કહ્યું કે બંને વખત આરોગ્યો છું અને ત્રીજી વખત પણ આરોગ્યો. વાર્તાના પ્રસંગો સ્મરણમાં આવે છે ને ! આવા અનેક પ્રસંગો તમને જાણવા મળશે. આ બધું છે તે કેવું છે - કે ખૂણામાં પિત્તળનો ટુકડો પડ્યો હોય તે થોડા પ્રકાશમાં ચમકે ત્યારે સોનું અનુભવાય અને લેવાનું મન થાય. પેલો બ્રહ્મજ્ઞાની તે પોતાની ભત્રીજીને કહે છે કે ''યે સબ બિગાડ પડ્યો હૈ વો સબ ફેંક દે.'' અહીંયાં ગોબરથી લિંપણ કર, રત્ન અને સુવર્ણ બધુ પડ્યું હતું અને કહે છે કે આ બધું બહાર કાઢ. ''આ ગોબર'' ક્યાંથી આવી ગયું ? શા માટે ? કેમ કે વાસ્તવમાં એ હીરા, પન્ના, ઝવેરાત, ચાંદી,

સોનું એ એના **ભગવત સાક્ષાત્કારમાં કંઈક બાધક બની રહ્યાં હતાં.** એટલે સવાલ દ્રષ્ટિભેદનો આવી રહ્યો છે. એ જ્ઞાનની અવસ્થા હતી. જેને બધા પદાર્થ માત્ર સ્પષ્ટ થઈ ગયા છે, તે જ્ઞાનની અવસ્થા છે. જેને પદાર્થો કાંઈક જણાઈ રહ્યો છે અને બોધ કંઈ બીજો જણાઈ રહ્યો છે તે મધ્યમ અવસ્થા છે અને જેને જેવું જણાઈ રહ્યું છે એવું જ અનુભવાઈ રહ્યું છે તે અજ્ઞાનની અવસ્થા છે-આ ત્રણ ભેદ છે. પુરાણના વિષયમાં પાંચ વિષય છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ભક્તિ. આના તમામ ઉદાહરણો પુરાણોમાં આપેલાં છે અને પુરાણનું સામાન્ય વિભાજન સમજી લો.

પુરાણને પણ સ્વભાવ છે.

મનુષ્યના સ્વભાવભેદ છે તે ફક્ત શાસ્ત્રમાંજ કહેવામાં નથી આવ્યા પણ તમારા રોજબરોજના જીવનમાં ઘટિત થાય છે. આપણે વાત કહેતાં કહેતાં ક્યારેક કહીએ છે ને કે છોકરો આમ તો બધું જ સંભાળે છે પરંતુ થોડોક તામસી સ્વભાવનો છે. આ જેને ન અનુભવાય તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. કેમ કે એમનાં પુણ્ય છે. પરંતુ કોઈકને તો અનુભવ થયા જ હશે! છોકરો તો ફક્ત ઉદાહરણ માટે કહ્યું. પરંતુ કોઈપણ પાત્ર લઈ લો. છોકરા માટે કદાચ કહેવાની ફીકર હોય તો તમે જેને કહેવાની ના નહિ પાડો તે વહુ માટેની વાત છે. વહુ એમ તો સારી છે પણ તામસી છે. આવા આવા કંઈને કંઈ અનુભવ થતા હશે. તામસી, રાજસી અને સાત્વિક જેવી પ્રક્રિયા આપણે લૌકિક જીવનમાં પણ બહુજ સમજીએ છીએ એવી જ રીતે એના ગંભીર સ્તરે સમજી લો કે પુરાણોને પણ કંઈક સ્વભાવ છે. કંઈક પુરાણ તામસ સ્વભાવના એટલે તમોગુણ પ્રધાન છે, કંઈક રજોગુણ પ્રધાન છે અને કંઈક સત્વગુણ પ્રધાન છે. અને તેથીજ જે ભારતીય વિચાર પદ્ધતિને સમજતા નથી તે કહે છે કે તમારા પુરાણો માત્ર કપોળ કલ્પનાના પોટલાંઓ જ છે. અરે કોઈ જગ્યાએ અગ્નિને પરમાત્મા બનાવી દીધા! તો કોઈ જગ્યાએ શિવને પરમાત્મા બનાવી દીધા, કોઈ જગ્યાએ દેવીને બનાવી દીધા! તમારા પુરાણોમાં છે શું? તેમને કહેજો કે તમને જ્યારે સરકારી દફતરોમાં કામ પડે ત્યારે સીધું દેશના પ્રાઈમ મીનીસ્ટર કે રાષ્ટ્રપતિ પાસે દોડી જવાતું નથી. પણ તમારા રાજ્યના મુખ્ય પ્રધાન કે સંબંધીત વિભાગમાં જ જવું પડે છે. તમારું કામ કઢાવવું હશે તો પેલો મામલતદાર તમને ચીફ મીનીસ્ટર કરતાં પણ ઝડપે કામ કરી આપશે. એટલે નાનાં નાનાં કામ માટે આપણે આપણાં ઓફીસના આવા નાના અમલદારને પણ સાહેબ કહેવા પડે છે અને તેમની જરૂરિયાત સાચવવી પડે છે. જ્યારે એક સિમીત દ્રષ્ટિથી અગ્નિને

જોવામાં આવે છે ત્યારે અગ્નિપુરાણમાં અગ્નિને પણ પરમાત્માની જેમ બતાવવામાં આવ્યો છે. જ્યારે શિવની દ્રષ્ટિએ શિવનું માહાત્મ્ય કહેવામાં આવે છે ત્યારે શિવને પણ પરમાત્મા કહેવામાં આવે છે. તેવી જ રીતે બ્રહ્માને પણ પરમાત્મા કહેવામાં આવે છે.

લૌકિક સૃષ્ટિ અને પ્રભુની સૃષ્ટિ

તેવી જ રીતે જુદા જુદા પુરાણોમાં કલ્પ ભેદથી, સૃષ્ટિના ભેદથી, સમયના ભેદથી જે વ્યક્તિ જે વખતે હતો તે વખતે તેવું માહાત્મ્ય કહેવામાં આવે છે. જે વ્યક્તિ ખુરશી પરથી ઉતરી જાય છે તો તે વ્યક્તિનું કેટલું મહત્વ રહે છે. તે તમે જાણો જ છો. આ લૌકિક વ્યવસ્થાની સરખામણી હું પ્રભુની સૃષ્ટિ સાથે નથી ફરી રહ્યો પણ તેમ કરીને એક ઉદાહરણ તમને આપી રહ્યો છું. એક વાત સમજજો કે મામલતદારને જે ઓથોરીટી આપવામાં આવેલી છે તે કોની આપવામાં આવેલી છે ? તેના મૂળ તંત્ર કે તમને સ્ટેટ ગવર્મેન્ટ અને ત્યાંથી સેન્ટ્રલ ગવર્નમેન્ટ સુધીના આવશે. તે તમે યાદ રાખજો. આખી વ્યવસ્થા સેન્ટ્રલ ગવર્મેન્ટની ગોઠવેલી વ્યવસ્થા છે. અંતે તો પટાવાળા પણ જ્યારે કહે છે કે સાહેબ મળી શકે તેમ નથી તો તે કોની ઓથોરીટીથી કહી રહ્યા છે ? સાહેબની જ ને ! તે પોતાની ઓથોરીટીની તો કહી શકે તેમ છે જ નહિ, બરાબર ! તે વખતે ઓર્ડર કરનાર તો પટાવાળો જ છે અને તેથી જ આ બધા દેવતાઓની સ્થિતિ પટાવાળાની જેમ છે. બાકી માલિક તો માત્ર એક પરબ્રહ્મ, પરમાત્મા, પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. એટલી વાત સમજી લો કે આ પૌરાણિક વ્યવસ્થા છે.

ઈશાનુકથા એટલે ભક્તોની કથા

કલ્પ અથવા યુગ, બ્રહ્માના દિવસોના ભેદથી પુરાણોના પણ ભેદ છે. તેથી જે કલ્પ કલ્પાંતરમાં ઘટનાઓ બની છે, તે ઘટનાઓનું સંકલન પુરાણોમાં છે. એ પુરાણોના નામ તો ઘણાં બધાં છે, તેથી શ્રીમદ્‌ભાગવતમાં આપેલા એકાદ બે પુરાણોનાં ઉદાહરણ આપણે જોઈ લઈએ. મોટા ભાગે આપણે ભાગવતના દશમ સ્કંધને ભક્તિનો સ્કંધ તરીકે ગણી લઈએ છીએ, પણ એ તમારી ભ્રમણા દૂર કર લેજો. કારણ ભક્તિનો સ્કંધ તો નવમો સ્કંધ છે અને નવમા સ્કંધનું નામ છે ઈશાનુકથા. ઈશાનુકથા એટલે ભક્તોની કથા. ‘‘ઈશના અનુગામી ભક્ત’’. આથી ઈશાનુકથા એટલે ભક્તોની કથા અને ભક્તોની કથા જ્યાં કહેવામાં આવી છે તે ભક્તો ત્યાં

મર્યાદા કે પુષ્ટિ એવો ભેદ કરવામાં નથી આવ્યા. નવમા સ્કંધનો મતલબ છે ભક્તિ. હવે જો ભક્તિને ફળ કહેવામાં ન આવે તો ભક્તિનો નિર્દેષ કે ભક્તિનું કહેવું નિરર્થક થઈ જાય. એટલે દશમ સ્કંધ શ્રીવ્યાસે સમાધિમાં પ્રાપ્ત કર્યો. સમાધિની અવસ્થામાં એ દશમ સ્કંધ પ્રાપ્ત થયો એનું નામ છે નિરોધ સ્કંધ અથવા બીજું નામ છે ફલ સ્કંધ. એમાં ભક્તિનું ફળ બતાવવામાં આવ્યું છે. એના પ્રારંભમાં પુષ્ટિભક્તોનું ફળ બતાવવામાં આવ્યું છે. ચાર અધ્યાય તો જન્મના પ્રકરણના થઈ ગયા. ત્યાર પછીના જે સાત સાત અધ્યાયના ક્રમ છે જેને આપણે તામસ પ્રકરણ કહીએ છીએ. તે પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ - એ ચારેય પ્રકરણ છે તે પુષ્ટિભક્તિનાં છે અને તે પછી રાજસ, સત્વિક અને નિર્ગુંણ ભેદ કરીને આગળ વધે છે. અત્યારે આ માત્ર તમને સમજાવવા માંગુ છું કે ભક્તના ઉદાહરણમાં ભક્તિ કેવી હોય, ભક્તિ શું છે ? તે બાબતમાં અંબરિષ જેવાં ઉદાહરણ આપવામાં આવ્યાં. અંબરિષ જે છે ને તે આ કલ્પમાં નહોતા થયા. અબંરિષ કંઈ જુદા કલ્પમાં થયા છે. તેથી જુદા જુદા કલ્પોની, કથા જુદી જુદી રીતે સંકલન કરીને એક વિષય આપણને સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જેમ છઠ્ઠા સ્કંધમાં અજામિલનું ઉપાખ્યાન આવ્યું. અજામિલના ઉપાખ્યાનથી ભગવાન કેવી રીતે રક્ષા કરે છે-પુષ્ટિ કરે છે ? તે ભગવાન પોતાના બનાવેલા નિયમોનો કોઈ જગ્યાએ નિર્વાહ પણ કરે છે અને કોઈ જગ્યાએ તેને ભંગ કરીને ઓવરરૂલ્ડ પણ કરી દે છે. જેમ ફાંસીની સજા પામેલા વ્યક્તિની સજા નાબુદ કરવાનો રાષ્ટ્રપતિને અધિકાર છે તેવી જ રીતે ભગવાન પણ પોતાના વિશેષ અધિકારનો ઉપયોગ કોઈ કોઈ જગ્યાએ ઉપયોગ કરે છે. એ ઉપયોગ આપણને છઠ્ઠા સ્કંધમાં બનાવવામાં આવેલ છે.

નિત્ય લીલા પ્રવેશ

આ બધી કથાઓ જુદા જુદા કલ્પ-કલ્પાંતરની છે. જુદા જુદા કલ્પમાં ઘટિત થયેલી છે એને જો સમયથી જોવા જશો તો એક ક્રમમાં નહિ આવે. પરંતુ એનાથી આપણને મૂળ મુદ્દો સમજાવવામાં આવ્યો છે. તેથી પુરાણોમાં મૂળ વિષય એવી રીતે સમજાવવામાં આવ્યો છે કે જેનાથી આપણે આખી પ્રક્રિયા સમજી શકીએ. તો ભક્તિને કહેનારો સ્કંધ નવમો છે. ભક્તિના ફળને બતાવનાર સ્કંધ દશમો છે. જેને ભક્તિનું ફળ મળી જાય છે ને તેને મુક્તિ કહેવામાં આવે છે. તેથી એકાદશ સ્કંધને મુક્તિનો સ્કંધ કહેવામાં આવે છે. જેમ મોક્ષ મળી જાય પછી પાછું આવવાનું તો હોયજ નહિ, તેથી તેમને શાશ્વત આશ્રય શ્રીપ્રભુના ચરણાવિંદમાં સિદ્ધ થઈ

જાય. તેને બીજા શબ્દોમાં કહો છો નિત્ય લીલા પ્રવેશ. નિત્ય લીલા પ્રવેશ કહો કે આશ્રયભાવ ભક્તિ કહો. એ બંને એક જ બાબત છે. પુરાણ આપણને મનુષ્યના જીવનના જે અતિમૂલ્યવાન વિષયો છે કે જે એના માટે સર્વથા કરવા જેવાં કાર્યો છે એના માટે કરવા જેવી ઈચ્છાઓ છે - કઈ ઈચ્છાઓ ન કરવી તે દર્શાવે છે અને કઈ ઈચ્છાઓ કરવી તે દર્શાવે છે. દરરોજ કોઈ દૂધ પીવે તેને ટેવ કહેવાય, સારી ટેવ કહેવાય, અને દારૂ અને સ્પીરીટ જેવું જ કંઈક ગંધાતુ પીવાતું હોય તો તે પણ ટેવ તો કહેવાય જ ને. તેથી બંનેને ટેવ કહેવાય, પણ તે ટેવ કેવી ટેવ કહેવાય? પુરાણો આપણને બતાવે છે કે કેવી ઈચ્છાઓ આપણે કરવી ને કેવી ઈચ્છાઓ ન કરવી ? પુરાણોના પ્રસંગોથી, કથાઓથી, ઉપાખ્યાનોથી, વાર્તાઓથી આપણને ખબર પડે છે કે કેવી ટેવ રાખવી અને કેવી ટેવ ન રાખવી. તેથી અમારા સાહિત્ય શાસ્ત્રમાં એવું કહેવામાં આવે છે. -

रामादिवत् प्रवर्तितव्यं न तु रावणादिवत्

આ કાવ્ય શાસ્ત્રથી શું શીખવા મળે છે ? એ કાળશાસ્ત્રનું અધ્યયન કરીએ તો એટલી સમજ આવે કે રામની જેમ જીવવું જોઈએ, રાવણની જેમ નહિ. તમે પણ તમારા બાળકને સલાહ આપીને સમજાવો છો જ ને કે કઈ ટેવ રાખવી અને કઈ ટેવ ન રાખવી? તું આ કર, આ વધારે સારું છે. આજના ગુટકા, પડીકીની ટેવ પડી જાય પછી તે ટેવ છોડાવવાના પ્રયાસો થાય છે-તેમની ચર્ચામાં મેં સાંભળ્યું હતું કે ગુટકા છોડવી હોય તો વરીયાળી ખાવ. વરીયાળીથી શરીરમાં ઘણી જગ્યાએ ફાયદો થાય તેમ છે, એટલે કશુંક મોઢામાં મુકવાની ટેવ તો રાખવી પડે ને, ગુટકો મોઢામાં રાખવો તે ખોટી ટેવ છે અને વરીયાળી મોઢામાં રાખવી તે સારી ટેવ છે. ટેવ તો રહી જ. એટલે સારી અને ખોટી ટેવનું પૃથ્થકરણ થઈ ગયું. પુરાણો આપણને બતાવે છે કે કેવી ઈચ્છાઓ રાખવી ને કેવી ઈચ્છાઓ ન રાખવી. કેવી ઈચ્છાઓ રાખવાથી તમારો વિકાસ થાય અને કેવી ઈચ્છાઓ રાખવાથી તમારો વિનાશ થાય? આપણા વિકાસ અને વિનાશ માટેની બધી ઈચ્છાઓ અને ચેષ્ટાઓનું જે તંત્ર છે તેનું નામ છે **'પુરાણ'**. આચાર વિચાર સિવાય એમાં ભક્તિ પણ વિશેષ છે. એટલે પુરાણોમાં સાત્વિક ભેદ પણ બતાવે છે તેમ રાજસી ભેદને પણ બતાવે છે. પરંતુ પુરાણોમાં કાંઈ વિરોધ નથી. ત્યાં અગ્નિને બ્રહ્મ બતાવ્યો છે એટલા માટે કે અગ્નિ પણ બ્રહ્મનો અંશ છે અને એને અમુક યુગમાં અમુક સત્તા આપેલી હતી તેથી તેની પણ પૂજા અમુક યુગમાં થઈ છે. આપણે આપણા પ્રાંતના મામલતદારને

ચીફ મીનીસ્ટરનું કહ્યું જ માનીએ છીએ તેમાં કોઈ જાતની શંકા સમાધાનની જગ્યા નથી રહેતી. એવા લૌકિક ઉદાહરણથી આપણે આ બધી બાબતોને સમજી શકીએ છીએ.

મહાભારત અને ધર્મ, અર્થ, કામ, મોક્ષ

આવીજ રીતે પુરાણોની સાથે સાથે મહાભારતની વાત પણ સમજી લેજો. મહાભારતમાં પણ આપણા ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વ્યવસ્થા જ કહેવામાં આવી છે. તેથી મહાભારત પણ એટલું જ સત્ય છે. બીજી એવી ધારણાને કાઢી નાખજો કે મહાભારત વાંચવાથી કંઈક ઘરમાં અશુભ થાય છે. એનો એક વહેમ અને દંતકથા છે-એનું જીવનમાંથી નિસ્કાર્ષન કરજો. કોઈપણ ભગવદનામ કે ભગવદલીલાનું વર્ણન જ્યાં પણ હોય ત્યાં કશું પણ અશુભ હોતું જ નથી. તે બધુંજ શુભ છે. અલબત્ત તેના વાંચવાના ક્રમ પણ ત્યાં જ નિર્દેષ કરેલા છે. તેથી એવા જ ક્રમ સાથે એને વાંચવું, એનું અવગાહન કરવું, જાણવું - એ કોઈપણ રીતે અશુભ કે અમંગળ નથી. બધું મંગળ જ છે. મહાભારતમાં ભારતીય જીવનની જે ઝાંખી આપી છે, તે તમને અન્યત્ર પ્રાપ્ત નહિ થાય. આ પ્રમાણે પુરાણોની વાત અહિંયા સમાપ્ત થાય છે.

□

ભક્તિનું બીજું નામ છે સેવા.
સેવા અને ભક્તિ બંને
એક એંગલથી જોવા જતાં
પર્યાયવાચી શબ્દો બની જાય છે,
સમાનાર્થક શબ્દ થઈ જાય છે.
તેથી જ્યારે સેવાનો નિર્વાહ
વ્યક્તિ ન કરી શકે
તેવા લોકો માટે એક વિકલ્પ છે
તીર્થાટન કરવું.
આ તીર્થાટન એજ આપણી
આ લીલી પરિક્રમાનું મૂળ હતું
અને તેના માટે, લીલી પરિક્રમાનું
મુળ સ્વરૂપ અને
આજનું વ્યવસાયિક સ્વરૂપ
બંને વચ્ચેનો ભેદ
દરેકે જાણવો જરૂરી છે.

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

પ્રમેય પ્રકરણ

તમે નોંધેલા સાત પ્રકરણમાં ચોથું પ્રકરણ - પ્રમેય પ્રકરણ છે. હવે આપણે પ્રમેય પ્રકરણ પર આવી શકીએ તે પહેલાં સામાન્ય રીતે સમજી લઈએ. પ્રમેયમાં તમને સામાન્ય શબ્દોમાં બતાવ્યું કે જેને આપણે પ્રમાણ થકી જાણી શકીએ તે પ્રમેય છે. પ્રમાણ એને જ કહેવાય કે જેને આપણે બીજા કોઈપણ સાધનો વડે ન જાણી શકીએ. દા.ત. ઘરમાં એક પુસ્તક મુક્યું હોય અને કોઈ કહે કે આ ટેલીફોન ડીરેક્ટરી છે તો ટેલીફોન ડીરેક્ટરી આપણી જાણીતી વસ્તુ છે તે અજાણી નથી તેથી ટેલીફોન ડીરેક્ટરીની સૂચનાને પ્રમાણ ન કહેવાય. પ્રમાણ તો એને જ કહેવાય કે તેને આપણે બીજા કોઈ સાધનથી ન જાણી શકીએ અને એવી વસ્તુને જે જણાવે તેને પ્રમાણ કહેવાય.

જેને આપણે બીજા કોઈપણ સાધનથી જાણી ન શકીએ તે સાધનને, તેવી વસ્તુને જણાવનાર સાધનને આપણે પ્રમાણ કહીએ છે.

તેથી બ્રહ્મ-ભગવાન એ એવું તત્ત્વ છે કે જેને આપણે વેદ, પુરાણ, સ્મૃતિ સિવાય બીજા કશાથી જાણી શક્તા નથી. તેથી બ્રહ્મની બાબતમાં આ ત્રણ જ પ્રમાણ છે - શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ. પ્રમેયના ટોપીકમાં શ્રીમહાપ્રભુજીએ આપણને આ જ સમજાવ્યું છે કે પરમતત્વ આ જગતનું એજ છે કે જેને આપણે જુદા જુદા નામ દઈએ છીએ, બ્રહ્મ, ભગવાન અને સચ્ચિદાનંદ કહીએ છીએ, કૃષ્ણ કહીએ છીએ તે એક જ તત્વ છે અને તેને સમજવાનો પોતાનો એક વિષય છે. પ્રમેય પ્રકરણમાં બ્રહ્મ અને બ્રહ્મથી આવીર્ભાવ થતી જે સૃષ્ટિ છે તે સમસ્ત સૃષ્ટિનું વિવેચન કર્યુ છે અને જુદા જુદા મોહક શાસ્ત્રો છે. જેને યોગ, સાંખ્ય (જે પંતજલિ મુનીએ યોગ દર્શાવ્યો છે તે આ નથી, કપિલ ભગવાનના મુખે જે સાંભળ્યુ હશે તે પણ અલગ છે.) ન્યાય, વૈશસી વગેરે. આ બધા ભગવાનનાં ષડ્દર્શન છે. તેને ફિલોસોફી પણ કહેવામાં આવે છે તેમાંનાં અમુક મોહક શાસ્ત્રો છે - તેનું પ્રમાણ્ય શ્રીમહાપ્રભુજી માનતા નથી. તત્વોની બાબતમાં પણ પ્રકૃતિ, પુરૂષ અને બીજા તત્વો કહીએ છીએ, તેની ગણત્રીની બાબતમાં પણ અનેક મત છે અને તે પણ શ્રીમહાપ્રભુજી સ્વીકારતા નથી. શ્રીમહાપ્રભુજી બતાવે છે કે આ સ્થૂળ જગતની રચના કરનારાં મૂળ ૨૮ તત્વો છે. તેથી આ ૨૮ તત્વોવાળી ગણનાની સાંખ્ય છે તેની સ્વીકૃતિ

શ્રીમહાપ્રભુજીને છે. જુદા જુદા મતોને શ્રીમહાપ્રભુજી સ્વીકારતા નથી. ફક્ત શ્રીમહાપ્રભુજીએ પુરૂષોત્તમ, અક્ષરબ્રહ્મ અને ક્ષરમાં જે તફાવત છે તેની આખી વ્યવસ્થા બતાવી છે. સિદ્ધાંત મુક્તાવલીને યાદ કરો.

परंब्रह्म तु कृष्णो हि, सच्चिदानंदकं बृहत् ।
द्विरुपं द्हि सर्वस्यादेकं तस्माद् विलक्षणम् ।।

એમાં અક્ષરબ્રહ્મની પ્રક્રિયા જ બતાવી છે. અક્ષરબ્રહ્મનાં બે પાસાં છે - એક સામર્થ્યરૂપ અક્ષરબ્રહ્મ અને બીજું જગતરૂપ. એ અક્ષરબ્રહ્મ બે રૂપવાળો છે (દ્વિરૂપ), એક સર્વસ્વ - જે ત્રિલોકીમાં વ્યાપિ રહ્યો છે, જે સર્વ સામર્થ્યરૂપ તે એક પાસું અને ''એકમ્ તસ્માદ વિલક્ષણમ્'' એક એનાથી વિલક્ષણ છે. જેને સામાન્ય રીતે આ ભારતીય શાસ્ત્રનો અંત:પરિચય જેમને નથી તે લોકો કહે છે - નિરાકાર બ્રહ્મ છે, નિર્ગુણ બ્રહ્મ છે વિગેરે વિગેરે. નિર્ગુણ નિરાકાર છે તે માટે વલ્લભાખ્યાનની પંક્તિઓ જુઓ.

નિર્ગુણ રસના શી પેરે કહીએ... કેમ કે જેનું કંઈ રૂપ અને આકાર હોય જ નહિ, તેને તમે રસનાથી કઈ રીતે કહેશો ? નિર્ગુણ નિર્દેશ અટપટો રસના શી પેરે કહીએ ? નિર્ગુણ અને નિરાકાર એ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ છે અને તેથી અક્ષરબ્રહ્મનાં બે પાસાં છે. એક અક્ષરબ્રહ્માત્મક, બીજું જે જગત, આખું આર્વિભાવ થયું છે, તે ભગવાનની રસાત્મક લીલાને સમજવાનો બહુ જ મોટો ગોટાળો હાલ ચાલી રહ્યો છે અને અગડમ બગડમ લોકો આવીને અધરાષ્ટકના નામે અને મધુરાષ્ટકના નામે બધું ઘણું ખોટું કહી જાય છે. મહેરબાની કરીને શાંતચિત્ત કરીને તેને કરેક્ટ કરી લેજો. શ્રીમહાપ્રભુજી રસાત્મકતાનો શું અર્થ બતાવે છે ? તે સમજવા માટે તમને પણ અક્ષરબ્રહ્મની વ્યવસ્થા સમજવાની અનિવાર્યપણે જરૂરીયાત છે જ. **આખા પુષ્ટિમાર્ગમાં અક્ષરબ્રહ્મની સમજ મેળવ્યા વગર આપણે આગળ વધી શકતા નથી.** અહીં હું એટલું જ સમજાવી રહ્યો છું કે પ્રમેય પ્રકરણમાં આખી સૃષ્ટિ પ્રક્રિયા બતાવી છે. આધુનિક લોકોને આધુનિક પદ્ધતિથી અક્ષરબ્રહ્મની વાતો હું સમજાવી શકું છું.

અક્ષર બ્રહ્મ

સ્થૂળ જગતનું નિર્માણ કેવી રીતે થયું ? તે બધું આપણા માટે જાણવા યોગ્ય છે - પ્રમેય છે. જગત જાણવા યોગ્ય છે પણ માણવા યોગ્ય નથી. જગતને જાણી

શકાય છે, માણી શકાતું નથી. કેમકે જગત ભગવદ્દરૂપ છે, તે જાણી શકો છે પણ જગતને ભગવદ્દરૂપે સેવી શકાતું નથી. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે જગતને બ્રહ્મરૂપથી જાણીને, પરબ્રહ્મ શ્રીકૃષ્ણાની સેવા કરવી જોઈએ. આ જ શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે, બીજું એક રહસ્ય પ્રમેય પ્રકરણમાં બતાવ્યું છે-તેની નોંધ પણ લઈ લો.

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरंतं परं नुमः ।।

ભગવાન શ્રીકૃષ્ણાને શ્રીમહાપ્રભુજી ભાગવતાર્થ પ્રકરણના પ્રારંભમાં નમન કરી રહ્યા છે. સપ્તાહના ક્રમથી હજારવાર ભાગવત સાંભળી લો છતાંય લખી લો કે ભાગવત જરાય સમજમાં નહિં આવે. ભાગવત સાંભળતાં પહેલાં યોગ્ય શાસ્ત્રી પાસે બેસી ભાગવતાર્થ પ્રકરણ સમજી લો. અહીં 'વિસ્ફૂરંતમ્' શબ્દ પર ધ્યાન આપો. વિસ્ફુરંતમ્ એટલે વિશેષ પ્રકારે જે ચેષ્ટામાં રત્ત હોય તેનું નામ વિસ્ફુરંતમ્. આમ, પ્રમેય પ્રકરણમાં બ્રહ્મનું બે રીતે વર્ણન છે. એક તો બ્રહ્મની સંપૂર્ણ સૃષ્ટિની પ્રક્રિયા બતાવી અને બીજું ભક્ત સાથે ભગવાને ક્રીડા કરતા બતાવ્યા. આ પરમતત્ત્વ એટલે આંખો મીંચીને ધ્યાન કરવાનું નામ - માનસી સેવા નથી. માનસી સેવા વિશેની એવી ભ્રમણાઓ પુષ્ટિજીવો મનમાંથી કાઢી નાખે. સેવાના પણ કાંઈક જુદા મતલબ છે, અને ભગવાન શ્રીકૃષ્ણાના પણ જુદા મતલબ છે. કેવા શ્રીકૃષ્ણાને શ્રીમહાપ્રભુજી નમન કરે છે ? પોતાના ભક્તો સાથે આધિદૈવિક પ્રકારની ક્રિડાઓ કરે છે તે શ્રીકૃષ્ણાને નમન કરે છે. આ પ્રમાણે પ્રમેય પ્રકરણ સંપૂર્ણ પ્રકરણ છે. પ્રમેય પ્રકરણ પછી ફલ અને સાધન પ્રકરણ છે.

આપણો મૂળ આશય પુરૂષોત્તમને સમજવાનો છે. પુરૂષોત્તમ સમજવા માટે અક્ષર બ્રહ્મ સમજવું બહુજ જરૂરી છે.

અક્ષર બ્રહ્મ બે શબ્દનો બનેલો છે.

અક્ષર અને બ્રહ્મ.

અક્ષર બે શબ્દનો છે ક્ષર અને અ.

ક્ષર એટલે ક્ષણે ક્ષણે જે ઘટતું જાય છે.

આ જગતની તમામ વસ્તુઓ ધીરે ધીરે ઘટતી જાય છે, નાશ પામે છે. તેનો સ્વભાવ છે ધીરે ધીરે નાશ પામવાનો.

હવે જેમાં ક્ષરણશીલતા ન હોય એટલે જે ક્ષણે ક્ષણે નાશ પામતું ન હોય તેનું નામ અક્ષર.

મૂળ શાસ્ત્રો દર્શાવે છે કે અક્ષર નિગુર્ણ છે, નિરાકાર છે. તમે સમજો છો કે ભગવાં કપડાં પહેરેલા સંન્યાસીઓ જ્યારે બ્રહ્મ તત્વની વાત સમજાવે છે ત્યારે તે અહીંયા સુધી આવે છે અને આગળ સમજાવી શક્તા નથી. બ્રહ્મ નિરાકાર છે, નિગુર્ણ છે, કારણ તેમની સમજ આટલી જ છે. આપણો વિષય એ નથી. એમને ત્યાંનો પુરૂષોત્તમ અહીંયા જ પૂર્ણ થઈ જાય છે. પણ શાસ્ત્ર તો આપણને આનાથી પણ આગળનું સમજાવે છે.

એક ઉદાહરણ લો. ડોલ ભરેલું પાણી ઉંચકવાનું છે. તમારી તાકાત કે ક્ષમતાની જરૂર પડશે. જે લોકો દુર્બળ છે તેઓ આ ડોલ ઉંચકી શકવાના નથી. હવે આપણે કોઈની પણ તાકાતનું ચિત્રણ કરીને બતાવી શકીએ ખરા કે આની તાકાતનું ચિત્ર આ છે. આ આકાર વગરની તાકાત કે શક્તિ કહો તે નિરાકાર છે. એવી જ રીતે પરમાત્માનું પણ સામર્થ્ય નિરાકાર છે. જેમ આપણી તાકાત નિરાકાર છે તેવી રીતે પરમાત્માનું સામર્થ્ય નિરાકાર છે અને તેનું નામ છે અક્ષર બ્રહ્મ.

સચ્ચિદાનંદ

આનાથી આગળનું એક પગલું તમને સમજાવું. બ્રહ્મનું એક નામ સચ્ચિદાનંદ છે. સત્, ચિત્ત અને આનંદ. તમારો હાથ તમે સ્થિર કરી દો. તમારે ડોલ ઉંચકવાની ચેષ્ટા કરવી છે, તો હાથને ક્રિયાશીલ કરી ડોલ ઉંચકવી પડે. આમ હાથ પોતે ચેષ્ટા નથી કરી રહ્યો પરંતુ તે ડોલ ઉંચકતી વખતે ચેષ્ટા શરૂ કરશે એટલે આ શરીરનું સામર્થ્ય, શક્તિ પ્રગટ થશે અને હાથ વડે ડોલ ઉંચકાશે.

બરાબર આ જ રીતે બ્રહ્મ જે સામર્થ્ય વડે ચેષ્ટા કરી રહ્યો છે તે સામર્થ્યનું નામ છે - અક્ષર બ્રહ્મ. આપણે ધર્મ અને ધર્મી શબ્દનો ઉપયોગ કરીએ છીએ. ધર્મ એટલે શક્તિ, સામર્થ્ય અથવા એમ કહી શકો કે બ્રહ્મના ધર્મનું નામ છે - અક્ષર બ્રહ્મ અને અક્ષર બ્રહ્મ ક્યાં રહેલો છે ? બ્રહ્મમાં. એટલે બ્રહ્મને ધર્મી કહેવાય. ધર્મ રહેલો છે ધર્મીમાં.

બ્રહ્મના ત્રણ સામર્થ્ય છે - સત્, ચિત્ત અને આનંદ. આ ત્રણ પ્રગટ થાય ત્યારે બ્રહ્મ કાર્ય કરતું થાય છે અને એ પ્રગટ થયેલી શક્તિનું નામ અક્ષરબ્રહ્મ છે. આપણે ત્યાં અવારનવાર સાંભળ્યું હશે કે ધર્મ નાના અને ધર્મી મોટા. જેમ કે

સામર્થ્ય તમારા હાથનું ખરું પણ એ સામર્થ્ય તમારા હાથ કરતાં મોટું તો કેવી રીતે થઈ શકે ? હાથના સામર્થ્યને રહેવા માટે હાથ તો જોઈએ જ. એ રીતે ધર્મને રહેવા માટે ધર્મી તો જોઈએ જ. હવે જેને તમે અલૌકિક કહો છો, જેને તમે અપ્રાકૃત કહો છો, જેને તમે આધિદૈવિક કહો છો તે બધા અક્ષરબ્રહ્મની ઉપરની વાત છે.

અપ્રાકૃત એટલે જ્યાં પ્રકૃતિનો સંબંધ નથી. પ્રકૃતિનો સંબંધ કયાં સુધી ? તો કહે કે અક્ષર બ્રહ્મની નીચે સુધી. જગતના પદાર્થ સંબંધીત જે પણ કંઈક છે તે લૌકિક કે પ્રાકૃત અને અક્ષર બ્રહ્મથી ઉપરનું તમામ અલૌક્કિ કે અપ્રાકૃત.

હવે બીજા ત્રણ શબ્દો છે.

આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક

પુરૂષોત્તમને લગતું જે કંઈ છે તે આધિદૈવિક છે. અક્ષરબ્રહ્મને લગતું જે પણ કંઈ છે તે આધ્યાત્મિક છે અને પ્રકૃતિને લગતું જે પણ કંઈ છે તે આધિભૌતિક છે.

આધિદૈવિકને સમજવા માટે આપણે મધ્યમ એટલે કે અક્ષરબ્રહ્મવાળી યોગ્યતા કેળવવી પડે.

અક્ષરાવિષ્ટ દેહ : કે જે દેહમાં અક્ષરનો આવેશ થઈ ગયો હોય.

અક્ષરાત્મક દેહ : સતત અક્ષરાવેશ થઈ રહ્યો હોય. નિત્યલીલાના જીવ.

સાસુ વહુની વાર્તા દ્વારા આ વસ્તુ ખુબ જ સુંદર રીતે સમજાવવામાં આવી છે. ગોરજા સમરાઈની વાત છે. સાસુને બહારગામ જવાનું થયું અને વહુને સેવા સોંપતા ગયા. વહુએ રાજભોગ સિદ્ધ કરીને પધરાવ્યો. રાજભોગ એમનો એમ જોઈને વહુ ગભરાઈ કે કંઈક મારી ભૂલ થઈ અને ભગવાને આરોગ્યું નથી.

કેટલી ભોળપણતા ! સહજતા ! નિર્દોષતા ! એકદમ સ્વાભાવિકતા કે મારી સાસુ સાંભળશે તો મારું શું થશે ? કે આજે મારાથી કશી ગરબડ થઈ ગઈ.

બીજી વખત સિદ્ધ કરી રાજભોગ ધરાવ્યો. ફરી સમય થતાં સન્મુખ થાય છે, ભયથી છાતી બેસી જાય એવી અનુભૂતિ થાય છે કે કેમ હજી ઠાકોરજી આરોગતા નથી. ચોક્કસ થઈ ગયું કે કંઈક મોટી ભુલ થઈ જ છે.

ફરી ત્રીજી વખત રાજભોગ ધરાવે છે. ત્રીજી વખત ફરી એ જ સ્થિતિમાં આવવાની પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે અને ભગવાન હાથ પકડી લે છે. પ્રભુએ

એનો જેવો હાથ પકડયો તે ક્ષણે વહુનો દેહ અક્ષરાવિષ્ટ થઈ ગયો. અક્ષરથી આવેશ આવી ગયો.

એ સ્પર્શ કર્યા બાદ નહીં પરંતું તે સ્પર્શ પહેલાની જે સ્થિતિ હતી ત્યાં સુધી અક્ષરાવેશ થઈ ગયો. બ્રહ્મનો આવો સ્પર્શ અક્ષર સિવાય બીજી કોઈ જગ્યાએ ન થાય, તમે અનુભવી જ ન શકો.

ભગવાનના સ્પર્શ માટે જરૂરી છે કે આપણામાં પણ અક્ષરબ્રહ્મનું સામર્થ્ય જાગ્રત થાય. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે જેઓને પણ ભૂતળ પર મનુષ્ય દેહથી ભગવાનનો સાક્ષીભાવ થાય છે તેઓનો દેહ અક્ષરાવિષ્ટ હોય છે.

તેઓના દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તમામ અક્ષરના આવેશવાળા હોય છે કારણકે અંતે તો આ બધું જ અક્ષર બ્રહ્મમાંથી જ નીકળેલું છે. એટલે જ્યારે જેમાંથી નીકળ્યું છે તેનો સંપૂર્ણ આવેશ આવી જાય ત્યારે પરમાત્મા, પરબ્રહ્મ ભગવાન અનુભવ યોગ્ય બની જાય છે.

અક્ષરાવેશ

શ્રી ગોપાલદાસજીનું આખ્યાન આપણે કરીએ છીએ. એમાં ગિરિરાજનું વર્ણન આવે છે. કોઈક શીલા સુર્વણની તો કોઈક હીરા-પન્ના જડિત, કોઈક માણેક મોતી જડિત દર્શાવી છે. યમુનાનું પણ કેટલું સુંદર વર્ણન કરે છે. બંને તટ રત્ન જડિત અને રત્ન મંડિત છે. આ બધું અત્યારે આપણે જોઈ શકતા નથી, કેમ કે આપણી આંખો અક્ષરાવિષ્ટ નથી. જે ક્ષણે આપણાને અક્ષરાવેશ થશે તે ક્ષણે આપણે પણ આવી જ અનુભૂતિ કરી શકીશું. આપ જાણો છો, ગોપાલદાસને આ અનુભૂતિ ક્યાં થઈ હતી ? ગોકુળથી ૧૦૦૦ માઈલ દૂર અસારવામાં થઈ હતી. એ ગોપાલદાસ અસારવામાં બિરાજતા હતા ત્યારે શ્રીગુંસાઈજીના ચરણાવિંદના તાંદુલથી જે તેમના દેહમાં અક્ષરાવેશ થયો હતો. તેમનો દેહ, પ્રાણ, અંતઃકરણ, ઈન્દ્રિય બધા જ અક્ષરાવેશવાળા થયા અને તે ક્ષણે જ તે કાળકર્મથી ઉપર જતા રહ્યા કેમ કે કાળકર્મ તો અક્ષર બ્રહ્મમાંથી જ આવે છે. અક્ષરનો આવેશ થતાં જ કાળકર્મ તો ભાગી જ જાય. સ્વભાવના બંધન છૂટી ગયા અને એટલે એમના માટે વ્રજ પ્રગટ થયું. કેમ કે દેશ અને કાળ એક જ બાબત છે. વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે કે ટાઈમ અને સ્પેસ બંને એક જ વસ્તુના બે આસ્પેક્ટ છે.

અક્ષરાવેશ થવાથી સ્વભાવ, કર્મ, દેશ-કાળથી ઉપર ઉઠી ગયા અને તેથી જ ભક્તના દેહ, પ્રાણ, ઈન્દ્રિય અને અંતઃકરણમાં અક્ષરાવેશ થઈ જાય છે.

એવો મારગ શ્રીવલ્લભવરનો રે,
જ્યાં પ્રવેશ નહિ વિધિહરનો રે.

કાળકર્મ ન બાંધે ત્યાં આકારનો આવેશ થઈ ગયો. શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં કુવામાંથી શું પ્રગટ થયું જાણો છો ? નંદમહોત્સવ કરાવનારો, સમગ્ર પરિકર - નંદ, યશોદા, સ્વામીનીઓ, તે બધાના દેહ અક્ષરાત્મક હતા. જે ભૂતલ પર જીવ હોય તેમને અક્ષરાવેશ થાય પણ જે નિત્યલીલા સંબંધિત હોય તેઓના દેહ તો અક્ષરાત્મક જ હોય. ભૂમિ પર રહી જે દેહ, ઈન્દ્રિય, પ્રાણવાળા જીવો ભગવાનની સાક્ષાત્ ક્રિડાલીલાનો અનુભવ કરે છે અને એમાં ભાગ લે છે તે બધા અક્ષરાવેશવાળા છે. એ જ્યારે તે નિત્યલીલાનું સુખ લે ત્યારે તે અક્ષરાત્મક દેહવાળા થઈ જાય છે. તેથી જ આજની તારીખમાં પણ અહીં વ્રજમાં બધું જ હોવા છતાં આપણને એ અનુભવાતું નથી. શેઠ પુરૂષોત્તમદાસને ત્યાં જે પરિકર પ્રગટ થયો તે પરિકરને જોવાની યોગ્યતા અક્ષરાવેશ હતો. તેથી જે લોકોને અક્ષરાવેશ થયો હતો તેઓ નંદ, યશોદા તથા સમગ્ર પરિકરને અનુભવી શક્યા અને જે પ્રગટ થયા તે અક્ષરાત્મક હતા. જેઓને સ્વાનુભાવ થશે તેઓના દેહ અક્ષરાવેશવાળા થઈ જશે.

વહુને જયારે પ્રભુનો સ્પર્શ થયો, અનુભવ થયો કે પ્રભુએ હાથ પકડયો, પ્રભુના શબ્દ મુખારવિંદથી નીકળ્યા, સાંભળ્યા એ વખતે પ્રભુના સ્વાનુભાવની ક્ષણ પહેલાં તેના દેહ, પ્રાણ, અંતઃકરણમાં અક્ષરનો આવેશ થઈ ગયો, તેથી તેના કાન પ્રભુના અલૌકિક સામર્થ્યને સાંભળવા યોગ્ય બની શક્યા. તેનાં ચર્મચક્ષુ પણ પ્રભુનું લાવણ્યમય સ્વરૂપ જોવા યોગ્ય બની ગયાં. તેની ચામડી પ્રભુના સચ્ચિદાનંદ સ્વરૂપ, આનંદાત્મક દેહનો સ્પર્શ અનુભવતી થઈ ગઈ. તેથી ભૂતલ પરની યોગ્યતા માટે અક્ષરાવેશ જોઈએ. સંપૂર્ણલીલાની જે પણ સામગ્રી છે તે અક્ષરાત્મક છે.

નિત્યલીલા સ્થળી

જેને આપણે નિત્યલીલા સ્થળી કહી રહ્યા છે તેનું જ બીજું નામ છે ''અક્ષરબ્રહ્મ''. જેને વ્રજ કહીએ છીએ, નંદ યશોદાનું વ્રજ. જે વ્રજમાં આજે આપણે બેઠા છીએ તે જ વ્રજ. આપણે અત્યારે બેઠા છીએ પણ એ જ વ્રજ અનુભવી નથી

રહ્યા. આ એ વ્રજની વાત છે કે જે નંદ યશોદાએ અનુભવ્યું હતું તે વ્રજ અક્ષરબ્રહ્મ કહેવાય છે.

આ સુખ દુઃખના હીલ્લોરા આવ્યા, તરંગો આવ્યા, એ અનુભવાયા, એ વ્રજની આ વાત છે. એ વ્રજ કહો કે નિત્યલીલા સ્થળી કહો કે, વૃંદાવન કહો કે બહુલાવન, ગોકુળ, ચંદ્ર સરોવર કે કુસુમ સરોવર, વ્રજ કહો કે વૈકુંઠ કહો, બધાં નામ એક બાજુ અને અક્ષરબ્રહ્મ બીજી બાજુ મૂકો. એ બધા જ અક્ષરબ્રહ્મ છે.

આપણે ત્યાં શાસ્ત્રોમાં મોટાં મોટાં વિવેચન આવે છે કે બ્રહ્મ ક્યાં સ્થિત થયેલ છે ? તો શાસ્ત્રો બતાવે છે કે ''ત્રતુ સ્વમહીમ્ની'' કે તે તો પોતાના મહિમામાં, પોતાના સામર્થ્યમાં પ્રતિષ્ઠિત છે.

એટલે ભગવાનની પોતાની સામર્થ્યતાનું બીજું નામ ''અક્ષરબ્રહ્મ'' છે તેથી ભગવાન અક્ષરબ્રહ્મમાં રહેલા છે. ભગવાનને ધારણ કરવા માટે પણ ભગવાનનું જ સામર્થ્ય જોઈએ, બીજા કોઈ એને ધારણ પણ ન કરી શકે.

આપણે લૌકિક બોલચાલમાં કહીએ છીએ કે સિંહણનું દૂધ રાખવા માટે સોનાનો કટોરો જોઈએ, સોનાના કટોરા સિવાય કશાનું સામર્થ્ય નથી કે સિંહણનું દૂધ સાચવી શકે. આવી જ રીતે પુરૂષોત્તમને રાખવાનું સામર્થ્ય અક્ષરબ્રહ્મનું જ હોઈ શકે.

આપણે શ્રીમહાપ્રભુજીના જે સ્વરૂપને સમજવાની વાત કરી રહ્યા છીએ તે પણ આ જગત - ક્ષરથી તો પર છે જ, પણ અક્ષરથી પણ પર છે એટલે આ એવા પુરૂષોત્તમની વાત છે કે જે પોતાને સામાન્ય અધિકારી પાસે પ્રગટ નથી કરતો. સંપૂર્ણ સ્થૂળ જગતનું નિર્માણ કેવી રીતે થયું ? કેમ કે આ બધું આપણાં માટે જાણવા યોગ્ય છે, આ જગત બ્રહ્માત્મક હોવા છતાં જાણવા યોગ્ય તો છે, પરંતુ માણવા યોગ્ય નથી. એને ભગવદરૂપ જાણીને પણ ભગવદરૂપથી એને સેવી શકાતું નથી તેથી શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ જણાવે છે કે જગતને બ્રહ્મરૂપ જાણીને, માત્ર શ્રીકૃષ્ણની બ્રહ્મરૂપે સેવા કરવી જોઈએ ''અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્'' આ શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે. બીજુ એક રહસ્ય આ પ્રમેય પ્રકરણમાં બતાવ્યું છે તેની નોંધ લઈ લો -

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरंतं परं नुमः ॥

ભાગવતાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણ ભગવાનને નમન કરી રહ્યા છે સપ્તાહોમાં હજાર વખત ભાગવત સાંભળી લેજો અને છતાંયે, તમે લખી લો કે ભાગવત જરાયે સમજમાં નહિ આવે. ભાગવત સાંભળતા પહેલાં કે સપ્તાહ સાંભળતા પહેલા કોઈ પણ યોગ્ય શાસ્ત્રી હોય તો કહો કે ભાગવતાર્થ પ્રકરણ પહેલાં સમજાવે. એવા યોગ્ય શાસ્ત્રીનું નામ છે - શ્રી નવનીતપ્રિય શાસ્ત્રી. પુષ્ટિમાર્ગમાં આજના જમાનામાં એ બહુ યોગ્ય નામ છે. એ બ્રાહ્મણ દેહ માટે મને ખૂબ આદર છે. એમને બોલાવીને કોઈક વખત ભાગવતાર્થ પ્રકરણ સાંભળજો અને ભાગવતાર્થ પ્રકરણથી તમને સમજાશે કે ભાગવતનું સ્વરૂપ શું છે ?

દશવિધ લીલાયુત - શ્રીકૃષ્ણ ભગવાનને શ્રીમહાપ્રભુજી નમન કરી રહ્યા છે. ‘‘વિસ્ફુરંતમ્’’ સ્ફૂરણ શબ્દ નો અર્થ છે - એકદમ સ્ફૂર્તિથી ચેષ્ટા કરવી. તમે ઘણીવાર કહો છો કે મને સ્ફૂરાયમાન થયું, તો તેનો મતલબ શું હોય છે ? એકદમ યાદ આવી ગયું, બરાબરને. સ્ફૂરણનો મતલબ છે એકદમ જીવંતપણાથી, દૈવીપણાથી જે ચેષ્ટામાં રત હોય તેને વિસ્ફૂરંતમ્ કહેવાય. આ પ્રમેય પ્રકરણમાં બ્રહ્મનું બે રીતે વર્ણન છે. એક તો બ્રહ્મની સંપૂર્ણ સૃષ્ટિની પ્રક્રિયા બતાવી અને એક સાથે ક્રિડા કરતા કૃષ્ણની પ્રક્રિયા બતાવી, ‘‘વિષ્ફૂરંતમ્ પરમ નુમઃ’’. એ ખાલી પરમ તત્વને આંખો મીચીને ધ્યાન કરવાનું નામ નથી. એવી ભ્રમણાઓ પુષ્ટિજીવો પોતાના મનમાંથી કાઢી નાંખે. દીવો કરી, ખાલી અગરબત્તી કરવાનું નામ સેવા નથી, એ પણ નોંધી લેજો કે, સેવાના પણ કંઈક જુદા જ મતલબ છે. ભગવાન શ્રીકૃષ્ણનો પણ કંઈક જુદો મતલબ છે. તેથી શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણને નમન કરે છે. વિસ્ફૂરંતમ્. આધિદૈવિક કોટીની, અલૌકિક કોટિની જે ચેષ્ટાઓ કરી રહ્યા છે, ક્રિડાઓ કરી રહ્યા છે - એવા શ્રીકૃષ્ણને નમન કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી આપણને યાદ અપાવે છે.

आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् । (सिद्धांत मुक्तावली)

‘‘આત્માનંદ સમુદ્રસ્થં’’ - એ શબ્દ જે રીતે આવ્યો છે તે જ રીતમાં શ્રીમહાપ્રભુજીએ અહીંયા વિસ્ફૂરંતમ્ શબ્દ વાપર્યો છે. જેમ સાગરનું સ્વરૂપ, તેની ઉર્મિઓ, તેના તરંગો સિવાય જોઈ શકાતું નથી. તમે એવું બતાવી શકો છો ખરા કે સાગર જુદો હોય અને તેની તરંગો જુદી હોય ? કૃષ્ણને સમજવા માટે એના અસંખ્ય અનંત ભક્તોમાં સાગર દેખાય છે. તે જ રીતે ભક્તોમાં એ સ્પષ્ટ થયો - પરમાનંદ,

સાકાર, નખશિખ લાવણ્યમય, એને કૃષ્ણ કહેવાય. એ લાવણ્યમય કૃષ્ણનું જે વર્ણન છે તે જ મુખ્યત્વે પરમબ્રહ્મ અનંતકોટિ બ્રહ્માંડનું સર્જન કરનારો છે. આ સર્જન પણ તેનામાં જ થઈ રહ્યું છે, કંઈ બહાર નથી. જેનામાં દેશ અને કાળ બધું જ ઘટિત થઈ રહ્યું છે એવા શ્રીકૃષ્ણને બતાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રીકૃષ્ણ પોતે જ્યારે જે ક્રિડા કરવા માંગે છે તે અવતારદશામાં આવીને વિસ્ફૂરતમ્ સ્ફૂરાયમાન થઈ ભક્તો સાથે ક્રિડા કરે છે. આ પ્રમાણે પ્રમેય પ્રકરણનો સંપૂર્ણ પ્રકાર બતાવેલ છે. પ્રમેય પ્રકરણ પછીનું ફળ સાધન પ્રકરણ છે. (ફળ અને સાધન પ્રકરણમાં ભક્તિ પ્રકરણ ની ૪૫ કારિકાઓ આવી જાય છે.) થોડી સમજ હું તમને અત્યારે આપીશ. અત્યાર સુધીના આ લખાણમાં એક વાત તો સમજાઈ હશે કે **'વેદ'** શાસ્ત્રનો જ મુખ્ય સાર છે-

ભક્તિ કે શરણાગતિ એ વેદનો નિચોડ છે.

સારનો સાર એ જ છે શ્રીકૃષ્ણની ભક્તિ કે શરણાગતિ તે સિવાય બીજો કોઈ સાર નથી. એ વાત મારા અત્યાર સુધીના આ વચનોથી તમે સમજયાં હશો. શ્રીમહાપ્રભુજીએ એ ભક્તિનું સ્વરૂપ આપણને ૪૫ કારિકાઓમાં આપ્યું છે. એમાં આપણને આ ભક્તિ કે શરણાગતિએ વેદનો વિશિષ્ટ અર્થ મળે છે, વેદનો નિચોડ શું છે તે પણ સમજાવ્યું, શ્રીકૃષ્ણની પરમતત્વતા પણ સમજાવી. ગુરૂ કોણ હોઈ શકે તે સ્વરૂપ પણ સમજાવ્યું અને એ ગુરૂ ન હોય એવી અપવાદ સ્થિતિમાં, ગુરૂ ઉપલબ્ધ ન હોય ત્યારે માત્ર શ્રીમહાપ્રભુજીની વાણીને ગુરૂ માનીને વ્યક્તિએ પોતાનો માર્ગ કેવી રીતે શોધવો એનું પણ નિરૂપણ શ્રીમહાપ્રભુજીએ ત્યાં જ કર્યુ છે. પરંતુ એક વાત સમજી લેજો કે આ વાતનો કંઈ ખોટો અર્થ નહિ લઈ લેતા. જ્યારે વાસ્તવમાં શ્રીમહાપ્રભુજીએ જેવા લક્ષણ બતાવ્યા છે કે તેવા ગુરૂ ઉપલબ્ધ ન હોય તો જ્યારે પણ યોગ્ય ગુરૂ મળે (કારણ શ્રીમહાપ્રભુજીનો વંશ હજી શૂન્ય નથી), ત્યારે ગુરૂના અભાવમાં જે ભક્તિમાર્ગનો ક્રમ પકડયો હોય તેનું પણ, યોગ્ય ગુરૂ મળતાં પુનઃ પુષ્ટિકરણ એટલે વેરીફીકેશન પણ એવા ગુરૂ પાસે કરાવી લેવું જોઈએ. કેમ કે સેવા કૃત્યે ગુરુઆજ્ઞા: યોગ્ય ગુરૂની પ્રાપ્તિ ન થવાથી જ શ્રીમહાપ્રભુજીની વાણીનો આશ્રય લઈ શકાય, પરંતુ તે વાણીને સમજવા માટે પુનઃ કોઈ યોગ્ય ગુરૂ પ્રાપ્ત થાય તો વિરલ દશામાં તેમનું માર્ગદર્શન મેળવવું જોઈએ. એવું પણ શ્રીમહાપ્રભુજી સમજાવે છે. ભક્ત માટે આવશ્યક અનિવાર્ય એવી બીજી પણ વ્યવસ્થા બતાવી છે. એકાદશી વગેરે ઉપવાસ વિગેરેની જે વ્યવસ્થા

બતાવી છે. તિલક, માળા બધાનાં વિવેચન કર્યાં છે. તમારા રોજબરોજના પ્રશ્નોના ઉકેલ તમને ત્યાં મળશે. એ બધું બતાવીને શ્રીમહાપ્રભુજીએ મહત્વની એક વાત બતાવી છે કે-આ ભક્તિમાર્ગનો એટલે કે સ્વરૂપસેવાનો નિર્વાહ જેનાથી ન બને તેણે શું કરવું જોઈએ ? એ હું તમને શ્રીમહાપ્રભુજીના શબ્દોમાં જ કહીશ.

તીર્થાટન-સેવાનો એક વિકલ્પ

ભક્તિનું બીજું નામ છે સેવા. સેવા અને ભક્તિ બંને એક એંગલથી જોવા જતાં પર્યાયવાચી શબ્દો બની જાય છે એટલે કે સમાનાર્થક શબ્દ થઈ જાય છે. તેથી જ્યારે સેવાનો નિર્વાહ વ્યક્તિ ન કરી શકે સેવાની વ્યવસ્થા ન થઈ શકતી હોય તેવા લોકો માટે એક વિકલ્પ છે-તીર્થાટન કરવું. આ તીર્થાટન એ જ આપણી આ લીલી પરિક્રમાનું મૂળ હતું અને તેના માટે લીલી પરિક્રમાનું મૂળ સ્વરૂપ અને આજનું વ્યવસાયિક સ્વરૂપ - બંને વચ્ચેનો ભેદ દરેકે જાણવો જરૂરી છે. જે આજની વ્યવસાયિક લીલી પરિક્રમા છે તે શ્રીમહાપ્રભુજીના મતમાં કોઈ જગ્યાએ નથી. તેમના મતમાં પરિક્રમાનું જે સ્વરૂપ હતું, જે રીતે એ વિકસિત થયું, તે વિકસિત થવાનું મુળરૂપ અહીંયા છે - તેનો પ્રકાર નથી. પરિક્રમાનું મુળબીજ અહીંયા મળે છે. એનું બીજ કે એનું મૂળ આ તીર્થાટનમાં છે. તેથી ભક્તિવર્ધીની ની એક પંક્તિ યાદ અપાવવા માંગુ છું -

अतःस्थेयं हरिस्थाने, तदीयैः सह तत्परैः ।

આ કારિકા(શ્લોક)ને તેની સાથે જ જોડીને સમજજો - જ્યારે પણ સમજવાનું હોય ત્યારે આટલી નોંધ જરૂરથી લઈ રાખજો. એ હરિસ્થાનોમાં ભટકવું અને અહેતુક, કોઈપણ હેતુ વગર નિરપેક્ષ ભટકવું, એ જે હેતુ હતો તે વાસ્તવમાં તીર્થાટનનું મૂળ હતું. તીર્થાટનનો આવો પ્રકાર ભક્તિના એક વિકલ્પ તરીકે શ્રીમહાપ્રભુજી દ્વારા સૂચવવામાં આવ્યો છે. ત્રણ શબ્દો યાદ રાખો. મુખ્યકલ્પ, વિકલ્પ અને અનુકલ્પ.

આપણને ડોક્ટર કહે કે તમારે આ દવા, દૂધ સાથે લેવી જોઈએ (મુખ્યકલ્પ) દૂધ ન મળે તો જ ચ્હા કે કોફી સાથે લઈ શકો છો (વિકલ્પ) અને ચ્હા કોફી ન મળે તો ગરમ પાણીની સાથે લઈ શકો છો (અનુકલ્પ). આટલો ભેદ છે - મુખ્યકલ્પ, વિકલ્પ અને અનુકલ્પમાં. આ ત્રણ બાબતો મુખ્યકલ્પ, વિકલ્પ અને અનુકલ્પ સમજાવનારા શબ્દો છે, આ શબ્દો યાદ રાખજો.

એટલે સેવાનો એક વિકલ્પ તીર્થાટન બતાવ્યો છે. સેવાએ મુખ્યકલ્પ છે. કોઈક એવી પરિસ્થિતી ઉભી થઈ અને આપણે સેવામાં પ્રવૃત ન થઈ શક્યા તો કહે છે કે તીર્થાટન કરો અને તીર્થાટનની આખી વ્યવસ્થા બતાવી છે. તીર્થાટન સાથે તેના નિયમો પણ બતાવ્યા છે અને એ નિયમોમાં શ્રીમહાપ્રભુજી બતાવે છે કે તીર્થાટનમાં થ્રી સ્ટાર - ફાઈવ સ્ટાર જેવી સગવડો માંગવી જોઈએ કે નહિ ? તેની પણ નોંધ લઈ લેજો. આવું બતાવ્યા પછી પણ આ તીર્થાટન માટે સર્વનિર્ણય પ્રકરણનું ભક્તિ-પ્રકરણ (ગુજરાતી અનુવાદ મળે છે તે) મેળવી લઈ સમજી લેજો. તે અનિવાર્ય હોઈ, મારી ભલામણ છે. સત્સંગમાં આવા ગ્રંથો લેવા જોઈએ. માત્ર વાર્તા કે શિક્ષાપત્ર સુધી તમારે સિમિત ન રહેવું જોઈએ. કારણ કે એ બંને તો સત્સંગના મૂર્ધન્ય છે જ પણ, તે વાર્તા અને શિક્ષાપત્ર સિવાય, આવા ગ્રંથો સત્સંગમાં નિશ્ચિતપણે લેવા જોઈએ જ. આવું તીર્થાટન પણ જેનાથી શક્ય ન બને તો શ્રીમહાપ્રભુજી તેઓને ત્રીજો એક વિકલ્પ આપે છે - કથામય જીવન.

सेवायां वा कथायां वा यस्यासक्तिर्द्रढ़ाभवेत् ।
यावज्जीवं तस्य नाशो न कवापीति मतिर्मम (भ.व.)

બસ એની શરત છે - યાવજ્જીવં. એક દિવસે કથા કરીને બીજા દિવસે ગુડબાય કરવાની નથી. 'યાવજ્જીવં' તમારે કથાનો નિર્વાહ કરવાનો છે. આ કથાનો વિકલ્પ માત્ર શરણાગતિ માટે જ નથી. **પહેલા વિકલ્પ સેવા યાં વા કથા યાં વા - ભક્તિમાર્ગ માટેનો છે. આ સેવા અને કથા અને બીજો વિકલ્પ ખાલી કથા. અનવસરમાં કથા કર અને અવસરમાં સેવા કર અને બીજો વિકલ્પ બતાવ્યો, જો સેવા ન નભે તો માત્ર કથા કર.** આ બંને વાત ભક્તિવર્ધીનીના વિવેચનમાં આવી રહી છે. અંતમાં શ્રીમહાપ્રભુજી શું કહી રહ્યા છે ?

य एतत् समधीयित, तस्यापि स्याद् द्रढा रतिः (भ.व.)

રતિનું બીજું નામ ભક્તિ છે. આ ભક્તિનો પ્રસંગ છે, શરણાગતિનો પ્રસંગ નથી. માત્ર કથાથી જ ભક્તિ સિદ્ધ થઈ જાય છે. આ બીજ છે તે કૃપાનું બીજ છે. તે બીજ માટે કહ્યું છે–

તમારા સૌભાગ્યનો વિસ્ફોટ થયો છે

बीजं कारुणिकः प्रभुः

શ્રીમહાપ્રભુજીનો સ્વભાવ કારુણિક છે એટલે કૃપા આપવા બેસે છે અને નક્કી કરે છે કે થોડીક જ આપીશ, પણ આપવા બેસે છે ત્યારે બધું જ અપાઈ જાય છે, કેમકે કારુણિક પ્રભુ પોતાના સ્વભાવને અટકાવી શક્તા નથી. તેથી ભક્તિ આપણને સેવાના માધ્યમથી આપવા માંગે છે પરંતુ સેવા ન નભે એવા જીવો શું કરે ? તે વિચારતાં વિચારતાં બધું અપાઈ ગયું અને એટલાથી ન અટક્યા અને કહે છે કે ખાલી આ ભક્તિવર્ધીનીનો ગ્રંથ પણ જો તું સારી રીતે અભ્યાસ કરી લઈશ તો પણ તારી દૃઢ આર્તિ બરાબર સિદ્ધ થઈ જશે ને, તો ભક્તિની દ્રઢતા આવી જશે. એ કમાલ છે - શ્રીમહાપ્રભુજીનો અને એ કમાલ છે બીજમ્ કારુણિક પ્રભુનો અને એ કમાલ છે તમારા દયાળુ સ્વામીનો. આ જગતમાં આવો દયાળુ સ્વામી ક્યાંથી શોધીને લાવશો ? કોની શરણમાં જશો ? તમારા સૌભાગ્યનો વિસ્ફોટ થયો છે. લાખો જન્મોના, કોટી કોટી જન્મોના તમારાં સૌભાગ્ય જાગૃત થયાં, તમે મનુષ્ય થયા, તમને ભારતની ભૂમિ મળી અને તમને માલિક મળ્યા શ્રીમહાપ્રભુજી. તેનાથી વધારે સૌભાગ્ય તમારું આ જગતમાં, ત્રિલોકીમાં બીજું કયું હોઈ શકે તેમ છે ? આનાથી વધારે તમારા સૌભાગ્યનો વિસ્ફોટ ક્યો હોઈ શકે ? તેથી તમારા સૌભાગ્યની સરાહના કરો. ભગવદીય એમ કહે છે ને કે ‘‘**જસોદા તેરે ભાગ્ય કી કહી ન જાય**’’ એ શબ્દો હું તમને કહેવા માંગુ છું ‘‘**હે પુષ્ટિજીવો તમારા ભાગ્યનું કહી ન જાય**’’ તમે ક્યા ભાગ્ય લઈને આવ્યા ? તમારા ભાગ્યનું સ્મરણ કરો કે તમારી સ્વરૂપ વિસ્મૃતિ ન થાય. તમે યાદ કરો કે તમે કેવા કાદવમાં પડેલા છો. આ કાદવમાંથી ઉઠો અને તમારા અંદર રહેલા પુષ્ટિના કમળને ખિલાવો. કમળ હંમેશા કાદવમાં જ ખીલે છે. કમળ અત્તરના તળાવમાં નથી ખીલી જતું. એ કાદવમાં જ ખીલે છે પરંતુ તે કાદવનો સ્પર્શ કરતું નથી. આ સંસારમાં જ તમારે પુષ્ટિભક્તિ કરવાની છે, આ સંસારથી પર ઉઠીને, આ સંસારનો કાદવ તમને સ્પર્શ ન થાય તે રીતે. તેથી એ બીજ કારુણિક પ્રભુ આપણને ‘य एतत् समधीयित, तस्यापि स्याद् द्रढा रतिः’ કહે છે કે જે જીવ સારી રીતે એનો અભ્યાસ કરી જશે, ખાલી વાંચવાની કે પાઠ કરવાની બાબત નથી, મારું કહેવાનું ખાલી એવું ન લઈ લેવું કે પાઠ કરવાથી ભક્તિ મળી જશે. સમધિઈત, આ બે વિકલ્પ આવ્યા, મુખ્યકલ્પ સેવાને અને ત્રણ પ્રકારથી અહીંયા ભક્તિ માર્ગ કહ્યો છે. તેથી શ્રીમહાપ્રભુજી અહીંયા આજ્ઞા કરે છે-

ब्राह्याभ्यंतरभेदेन रुपे भेदद्वयं मतम् ।

એટલે ભગવદસ્વરૂપ સેવાના બે પ્રકાર બતાવ્યા. એક તો તમે પુષ્ટ પ્રકારથી એટલે કે શ્રીગુંસાઈ બાવાએ પ્રકટ કરેલા પુરૂષોત્તમ પ્રતિષ્ઠા પ્રકારથી યોગ્ય રીતે પુષ્ટ કરેલા તે પ્રમાણે. જ્યારે સ્વરૂપ પુષ્ટવિધિ થાય ત્યારે તે સ્વરૂપમાં પુરૂષોત્તમનો આવિર્ભાવ થાય. શ્રીમહાપ્રભુજીની અવતાર દશાની જેમ 'પરે' કહીને પત્થર આપે તો તે પણ પુષ્ટ થઇ ભગવાન થઈ જાય. શ્રીમહાપ્રભુજીની વાણીના આધારે યથાર્થને ઓળખતા થાવ. અત્યારે શ્રીમહાપ્રભુજીની અનાવતાર દશામાં દેવકીનન્દનનું એટલું સામર્થ્ય નથી કે હાથ લગાડે કે ઠાકોરજી પુષ્ટ થઈ જાય! અગ્નિકુળ, વલ્લભકુળના હાથ લગાડવાથી કે દ્રષ્ટિ કરાવવાથી કંઈ ઠાકોરજી પુષ્ટ થઈ જશે. ના! ના! ના! રખે ભ્રમમાં રહેતા. પુષ્ટ કરી આપવાના પણ કંઈક નિયમો તો છે જ. એટલે આવા તથ્યોથી બહાર આવો.

શ્રીમહાપ્રભુજીની વાણીના આધારે યર્થાથને ઓળખતા થાવ. હું કોઈના માટે કાંઈ કહી નથી રહ્યો પણ, દેવકીનન્દનના નામે કંઈ પથરા ના તરે અને દેવકીનન્દનના હાથે પણ પથરા ના તરે. શ્રીમહાપ્રભુજીના નામે પથરા તરે અને શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદથી પણ પથરા તરે, તેમના હાથની પણ જરૂરિયાત નહિ, તે બધું જ શ્રીમહાપ્રભુજીના નામે ઘટિત થાય. તેથી અહીંયા શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''બાહ્યાંભ્યાંતર ભેદેન''. જે ભગવદ્ સ્વરૂપે, જે સેવા બીરાજે તે બાહ્ય રૂપની સેવા થઈ અને જે તીર્થાટન બતાવ્યું તે તીર્થાટન કરતાં પહેલાં મારું અને તમારું સામર્થ્ય હોવું જોઈએ કે શ્રીપ્રભુનું ચિંતન કરતા કરતા એ પ્રભુને હૃદયમાં વસાવી લઈએ ત્યારે એ આંતર પ્રભુ બિરાજ્યા એમ કહેવાય. આમ, રૂપસેવા એક બાહ્ય પ્રકારથી અને એક રૂપસેવા આંતર પ્રકારથી થાય. એક સેવા અને એક તીર્થાટન - એ રૂપસેવાના બે પ્રકાર બતાવ્યા. એક રૂપસેવા બાહ્ય જે સાક્ષાત ગાદી પર પધરાવીને સેવા કરીએ છીએ અને બીજી સેવારૂપની જે હૃદયમાં પધરાવીને કરીએ છીએ. આ રૂપ સેવાના બે પ્રકાર થયા. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે - ''બાહ્યાંભ્યંતર''. બાહ્ય એટલે બાહર અને આભ્યંતર એટલે અંદર. બે પ્રકારની સેવા થઈ અને ત્રીજો પ્રકાર એટલે નામસેવાનો પ્રકાર બતાવ્યો છે. તેથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, બાહ્યાંભ્યંતર ભેદેન રૂપે સેવામાં પ્રકારના ભેદ કહ્યા અને નામરૂપ સેવામાં ''એકમ'' એક પ્રકાર બતાવ્યો અને તેથી 'ત્રેધા'. તેથી અહીંયા ભક્તિમાર્ગ ત્રણ પ્રકારે નિરૂપીત કરીને સમજાવી દીધો. એટલે ભક્તિમાર્ગ

ત્રણ પ્રકારે બતાવ્યો. એક મુખ્યકલ્પ અને બીજા બે વિકલ્પ.

(૧) મુખ્ય કલ્પ - સેવા - સ્વરૂપ સેવા
(૨) વિકલ્પ - તીર્થાટન
(૩) અનુકલ્પ - કથા - નામ સેવા

પ્રપતિમાર્ગ

હવે આ ત્રણેય પ્રકારનો ભક્તિમાર્ગ જેનાથી નિર્વાહ ન થતો હોય તેના માટે આગળ આજ્ઞા કરે છે પ્રપતિમાર્ગ. જેનાથી ભક્તિમાર્ગનો નિર્વાહ ન થાય તેના માટે હવે કહું છું પ્રપતિમાર્ગ. તેથી તમારી પાસે આ બે મુખ્ય વ્યવસ્થાઓ છે - એક સેવાના ભક્તિમાર્ગમાં બે વિકલ્પ. એક બાજુ સેવાની વ્યવસ્થા અને **બીજી સ્વતંત્ર વ્યવસ્થા છે, તેનું નામ છે પ્રપતિમાર્ગ અથવા શરણમાર્ગ.** એટલે સર્વોત્તમમાં શ્રીમહાપ્રભુજીનું નામ બતાવ્યું છે. ''પૃથક્શરણમાર્ગોપદેષ્ટા'' અહીંયાં પૃથકનો અર્થ છે સ્વતંત્ર. શ્રીમહાપ્રભુજી સ્વતંત્ર ભક્તિમાર્ગનું પ્રતિપાદન કરી રહ્યા છે અને આ સ્વતંત્ર ભક્તિમાર્ગ શ્રીમહાપ્રભુજીએ અહીં બતાવ્યો.

ભગવાન શ્રીકૃષ્ણ જ મારી ઐહિક અને પરલોકમાં ગતિ છે એટલે કે આશ્રય છે. હું ભગવાનનો દાસ છું તેવા નિશ્ચયપણે શ્રીકૃષ્ણની નિષ્ઠાસહિત ભગવદ સ્થળોમાં નિવાસ કરી પોતાની શરણ ભાવનાને દૃઢ બનાવવી- તેનું નામ છે **પ્રપતિ માર્ગ**. એવાં ભગવદ્ સ્થળો શ્રીમહાપ્રભુજી ગણાવે છે- જગન્નાથ, પંઢરપુર, આદિ.

जगन्नाथे विठ्ठले च श्रीरङ्गे वैंकटे तथा.....

''ગતિ સાધન સંયુતમ્'' સાધન અને ફળ સાથે આ બંને માર્ગ મેં અહિં બતાવી દીધા છે. આ બે માર્ગ બતાવ્યા છે, તેથી ગળામાંની આ બે કંઠીનું સ્પષ્ટીકરણ થઈ ગયું એટલે જેને સેવા માર્ગમાં પ્રવૃત નથી થવું તેના માટે બે કંઠી-બે દીક્ષા અનિવાર્ય નથી. બીજા જે કોઈ જે કહેતા હોય તેની સાથે મને નિષ્બત નથી, મને તાત્પર્ય નથી. મારા ભક્તોએ કહેલી એક વાત મને યાદ છે.

દુરીજનને કહેવું હોય તે કહેજો રે
વાલા મારા હૃદય કમળ વચ્ચે રહેજો રે

એટલે શ્રીમહાપ્રભુજી અને શ્રીમહાપ્રભુજીની વાણી મારા હૃદય કમળ વચ્ચે બિરાજે, બાકી બીજા જે કોઈ કહેતા હોય તેની સાથે મને નિસ્બત નથી. આટલી

નોંધ તમે અવશ્ય લેજો કે આ ભક્તિમાર્ગ એટલે સેવા અને પ્રપતિમાર્ગ એટલે શરણમાર્ગની સ્પષ્ટતા છે. શરણમાર્ગની વ્યક્તિ માટે બ્રહ્મસંબંધ લેવો આવશ્યક નથી. તેણે બ્રહ્મસંબંધ દીક્ષા ન લેવી જોઈએ કેમ કે બ્રહ્મસંબંધ લઈને ભક્તિમાર્ગનું આચરણ ન કરીને એ અસત્ય/છેતરપીંડી સાક્ષાત પરબ્રહ્મ સચ્ચિદાનંદ ઘનરૂપ શ્રીકૃષ્ણ સાથે થઈ રહી છે. આપણા લૌકિકમાં Income tax ના બે ચોપડા ભલે ચાલતા હોય પણ ભગવાન શ્રીકૃષ્ણ પાસે બે ચોપડા ચાલતા નથી. આ બધી લૌકિક ચોપડાની Entry તો માર્ચના એન્ડમાં સેટલ થઈ જાય, તેથી લાસ્ટ બે કે ત્રણ તારીખ ૨૮, ૨૯ બાકી રાખવામાં આવે છે. એમાં Entry ની ઉલટા સુલટી થઈ જાય પણ એટલું યાદ રાખજો કે જીવનના માર્ચના અંત સમયે તમારી પાસે એવી કોઈ જગ્યા બાકી નહિ હોય કે જ્યાં તમે Entry Adjust કરી શકશો સિવાય કે આપણે નારાયણ બોલી દઈએ અને અજામિલની જેમ જો આપણું આ બોલવું પણ નારાયણ સ્વીકાર કરી દે એવા અપવાદ સામે મારો વાંધો નથી પણ એવો નિયમ નથી તે નોંધી લેજો. આ પ્રમાણે પ્રપતિમાર્ગ બતાવ્યો. વાસ્તવમાં આજે જો સંભવ હોય તો ફક્ત શરણમાર્ગની પ્રક્રિયા જ વાસ્તવમાં શક્ય છે. એ શરણમાર્ગને જ વધારેમાં વધારે દ્રઢ બનાવવો જોઈએ. આ અંગે બીજી એક સૂચના આપું -

મનોરથ

શ્રીમહાપ્રભુજીનો એક શ્લોકાત્મક ગ્રંથ છે ''ન્યાસાદેશ''. તે ગ્રંથ ઉપર શ્રીગુંસાઈજીની બૃહદ વ્યાખ્યા છે અને વ્યાખ્યા પર શ્રીપુરુષોત્તમજીની ટીકા છે. ક્યારેક એવો ગ્રંથ સાંભળવાનો મનોરથ કરજો. આ લાડુ-મોહનથાળોના મનોરથમાંથી બહાર નીકળીને આવા મનોરથ કરવાની શરૂઆત કરો. આ લાડુ-મોહનથાળના મનોરથોએ પુષ્ટિમાર્ગની બરબાદી જેટલી કરવી હતી તેટલી કરી લીધી, એટલે આવા બધા લડ્ડુ, મોહનથાળના મનોરથોમાંથી બહાર નીકળીને એવા મનોરથ કરો કે જેમાં શ્રીમહાપ્રભુજીની વાણીની, તેમનાં જુદાં જુદાં વચનોની ઝાંખી થાય. આ ફૂલમંડલી અને હિંડોળાઓએ તો પુષ્ટિમાર્ગનો આખો હિંડોળો બનાવી દીધો. તમે પણ હવે કાંઈક દ્દઢ ભાવના કરો, હવે કંઈક એવી ઝાંખીઓની દ્દઢભાવના કરો કે શ્રીમહાપ્રભુજીની વાણીના જુદાં જુદાં સ્થળ, જુદા જુદા પાસા છે તેની ઝાંખી તમને જુદા જુદા સમયે તમને થાય તેવો મનોરથ જો કેળવશોને તો આપણા બધાનું સૌભાગ્ય સિદ્ધ થઈ જશે. તેથી પ્રપતિમાર્ગનું સ્વરૂપ એ ન્યાયાદેશથી પણ સમજજો. એટલુ સ્પષ્ટ કરી લેજો કે ''પુથકશરણમાર્ગોપ્દેષ્ટા''નો જે પૃથક

શરણમાર્ગ છે, તે સ્વતંત્ર શરણમાર્ગ છે અને જ્યારે ત્રાજવામાં મૂકવામાં આવશેને ત્યારે તે ભક્તિમાર્ગની બરાબર ગણાશે, જરાય ઉપર નીચે નહિ જાય, એક તલ બરાબર હલકો નહિ પડે, એનાં બંને ત્રાજવાનાં પલ્લાં બરાબર સાથે આવીને ઉભા રહી જશે. ભક્તિમાર્ગ જે એંગલ ઉપર, જે હાઈટ પર ટકી રહ્યો છે ત્યાં જ શરણમાર્ગ આવીને ટકી રહેશે એમાં કોઈજ સંદેહ નથી. આપણી દ્રષ્ટિથી જોવા જઈએ તો અત્યારે એ શરણમાર્ગ વધારે કારગત છે. એ આખી મોક્ષની-મુક્તિની ગેરંટી છે. ''ન્યાસાદેશમાં'' આ જ સ્વતંત્ર શરણાગતિની ગેરન્ટી આપવામાં આવી છે. 'સર્વ ધર્માન્ પરિતજય'ની વાત આ ન્યાસાદેશમાં છે. એટલે આ સ્વતંત્ર શરણાગતિને સમજી અને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોથી શ્રીપ્રભુનું સ્વરૂપ, શ્રીપ્રભુની લીલા, શ્રીપ્રભુનો પરિકર વિગેરેનું જે ગુણગાન છે તેનું સ્વરૂપ સમજી, તે જ શ્રવણ, મનન, ચિંતન અને કથન છે. તે જ ''અંતેતો ગત્વા'' આપણા લક્ષ્ય સુધી પહોંચાડશે. જે આપણે અગાઉ ક્લિયર રીતે સમજી લીધાં, કે ત્યાગ પક્ષમાં સૌથી ઉત્તમ કક્ષાના વિરલ અધિકારી આજે છે નહિ. શ્રીનરહરિ સંન્યાસી જેવા. તે શરણાગતિના પક્ષમાં પણ શ્રવણ, મનન, કિર્તન, ચિંતન છે ; તેમજ ગૃહ સેવાનો પક્ષ છે તે પક્ષમાં પણ શ્રીમહાપ્રભુજી આપણાને શ્રવણ, મનન, ચિંતન અને કથન કહી રહ્યા છે. જ્યાં સેવાનો અવકાશ નથી તેથી સ્મૃતિને અવકાશ, શ્રવણનો અવકાશ, યાદ કરવાનો અવકાશ છે માટે જ એટલે આપણને સ્પષ્ટ જણાવવામાં આવે છે કે **''ભૈયાજી ગોકુલ કબ ચલોગે'' ?** ભૈયાજી ગોકુલ કબ ચલોગેનું તાત્પર્ય શ્રવણમાર્ગમાં છે, કેમ કે ભક્તિમાર્ગ ત્યાં સિદ્ધ નહોતો થતો. ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા ત્યાં સ્વીકારવામાં નહોતી આવી. તેથી ભૈયાજી ગોકુલ કબ ચલોગે ? શ્રવણ, મનન, ચિંતન, કથનનું સાતત્ય હતું અને તેથી જ ડાયરેકટ એપ્લીકેશન ત્યાં બતાવી અને ત્યાં શ્રવણ, મનન, ચિંતન, કથનમાં મન લગાડવાની વાત કરી. ચિત્ત ઉદ્દેશીને કહેવાયું ચિત્તનો ન્યાસ એટલે તેને ત્યાં ચોંટાડ એટલે નસેત સદા અને ભજેત સદાનો ભેદ સમજી લેશો. **ગૃહે સ્થીત્વા સર્વધર્મત** છે ત્યાં ભજેત છે અને વિકલ્પ જે આપેલ છે તેમાં **ન્યસેત** છે. બંનેમાં એ ભેદ છે ભક્તિમાર્ગનો અને પ્રપતિમાર્ગનો. ભક્તિમાર્ગમાં **ભજનસહિત** શ્રવણ, મનન, ચિંતન, કથન થાય અને શરણમાર્ગમાં **ભજનરહિત** શ્રવણ, મનન, ચિંતન અને કથન થાય. એટલે આજે આપણી પાસે મુખ્ય વિકલ્પ સેવા રહિત શ્રવણ, મનન, ચિંતન અને કથન છે. આજ વિકલ્પ આપણી પાસે રહી ગયો છે.

આજની આપણી સેવા

કેમ કે સાચા સંદર્ભમાં સેવાનો નિર્વાહ ખરેખર મુશ્કેલ જ છે. ઠાકોરજી પધરાવી લાવવા અને પછી દોઢ બાય બેના કબાટમાં ઠાકોરજીને પૂરી દેવા, ઘરની હીન પ્રકારની ટ્રીટમેન્ટ આપવી. વસ્ત્રોમાં પણ કટપીસના વધેલા ટુકડા લઈ આવવા, આ બધી આપણી આજની સેવા. ઘરમાં પ્રસંગ આવે તો ૧૦ તોલાના કે તેથી વધારે દાગીના કદાચ વહુ કે બેટી માટે બને, પણ ઠાકોરજી માટે બે રતીના સોનાનાં ઘરેણાં પણ તૈયાર ન થાય. એક નવો દાગીનો પણ ઠાકોરજી માટે અંગિકાર ન થાય. એ ઠાકોરજીને કરાતો અન્યાય એ ભક્તિમાર્ગનો નહિ, પરંતુ નરકમાર્ગનો સીધો રસ્તો છે, તે નોંધી લેજો. તમારું શોપીંગ કપડાંનું હોય કે અન્ય, તેનું બજેટ મૂકજો અને વિચારી જોજો કે તેમાંથી ૦.૫ ટકા પણ ઠાકોરજીને અંગિકાર થાય છે કે કેમ તે વિચારી જોજો. હમણાં જ હૃદય પર હાથ રાખીને આત્મલોચન કરી લેજો. તેનાથી ઉલટું જ્યારે પણ ઘરમાં મંગળમય અવસર આવે ત્યારે ઠાકોરજીનો ત્યાંથી સૌપ્રથમ જ દેશનિકાલ થઈ જાય છે. આ તમારા કહેવાતા પુષ્ટિમાર્ગનું નગ્ન સ્વરૂપ છે. તમારે સ્વીકારવું હોય તો સ્વીકારજો અને ન સ્વીકારવું હોય તો ન સ્વીકારતા. દેવકીનન્દન તો ફકીરની જેમ આવ્યો છે અને ફકીરની જેમ જશે. તમારી પાસેથી કંઈ લેવું નથી અને દેવું છે તો ઘણું બધું. તમને શ્રીમહાપ્રભુજીની વાણીનું દાન દેવું છે તે મારી ઉત્કૃતિ છે, છે અને છે જ. ઘણું બધું દૈન્યમાં કહું છું - તેનો મતલબ એવો તો નથી જ કે સત્યને ન સ્વીકારવું. આ પુષ્ટિમાર્ગ સાથે જે અન્યાય કરી રહ્યા છો તે જન્મ જન્માંતરમાં ભોગવવું પડશે. રોમ રોમમાંથી બહાર ફૂટી નીકળશે, તેટલું યાદ રાખજો. આ મજાક નથી. ત્રિલોકના અધીશને ઘરમાં લઈ આવો છો. દીકરા, વહુ, વગેરે માટે એક એક રૂમ એલોટ થાય છે અને ઠાકોરજીને ૧ x ૧/૨ ફૂટથી વધારેનું કબાટ નથી મળતું. રૂમમાં પોતાના માટે એ.સી. હોય, તો પણ જે જે બાવા માટે પંખાની વ્યવસ્થા તો વિચારો ? આ દરેકની વાત નથી. એવા કોઈ વિરલા હશે તો તેવા વિરલાઓને મારા શત શત પ્રણામ છે, તેમને મારું નત મસ્તક છે કે શ્રીપ્રભુનું સુખ વિચારતા હોય તો. પરંતુ અત્યારે તમારા કહેવાતા પુષ્ટિમાર્ગની આ વાસ્તવિકતા છે. ઠાકોરજી કેટલા બધા ઉપેક્ષિત થાય છે. ઠાકોરજીના વસ્ત્રો દસ વર્ષે પણ નહિ બદલાતા હોય. ઠાકોરજીના આભૂષણ તો જીવનભર બનતા જ નથી ક્યારેક આવી ગયા તે આવી ગયા અને તેમાં ૯૯ ટકા ઘરોમાં જઈને જોઈ લેજો સાચા આભૂષણ તો છે જ નહિ. પ્લાસ્ટિકના મોતી ઠાકોરજી

માટે આવશે. કદાચ તમારી વહુએ, તમારી દીકરીએ કે તમે પોતે ક્યારેક એવા પ્લાસ્ટિકના પહેર્યા પણ નહિ હોય, આ પરિસ્થિતિ છે તમારા ઘરોની. આમાં જરાય અતિશ્યોક્તિ કે ખોટુ બોલતો હોઉ તો મને જવાબ આપજો. પણ આ વાસ્તવિક પરિસ્થિતિ છે.

જ્યારે પણ ઠાકોરજીને બહાર પધરાવવાનો પ્રસંગમાં આવે છે ત્યારે ૭૦ ટકા કિસ્સાઓમાં પેલા જૂના-સ્વીટના, ચોકલેટના પતરાના નાના ડબ્બાઓમાં બહાર પધરાવવામાં આવે છે. આજની તારીખમાં પણ આ જ પરિસ્થિતિ છે. એ ઝાંપીજી જરા જુઓ, એના ઉપર અપરસના નામે ખાલી ટાટ અને કંતાન જ મઢેલું હશે. એના માટે તમારી પાસે કોઈ જ જાણ નથી કે ઉત્તમ કોટિના વસ્ત્ર, કે ઉત્તમ કોટિના સિલ્ક મળતાં ન હોય, પણ એ સિલ્ક તો તમને તમારા શરીર પર પહેરવા મળશે. એક વખત ટાટ, કંતાનમાંથી બનાવેલી સાડી કે તમારું ઉપરનું વસ્ત્ર બનાવીને પહેરી તો જુઓ, પછી ખબર પડે. ઠાકોરજીની આ સ્થિતિ છે, તેથી કહી રહ્યો છું. મારો વિષય આ ટીકા ટિપ્પણીનો તો નથી જ. પરંતુ સમજી લેજો –

ક્લૌ ભકત્યાદિ માર્ગા હિ, દુઃસાધ્યા ઈતિ મે મતિઃ (વિ.ધૈ)

આ દેવકીનન્દનનું વાક્ય નથી. આપણા સૌના માલિકનું વાક્ય છે. આપણે એવા રુસ્તમ નથી કે દુઃસાધ્યને સુસાધ્ય બનાવી લઈએ. એ આપણા માટે પણ દુઃસાધ્ય છે. તેથી વિવેક ધૈર્યાશ્રયની ચાવી આપણને આપી કે વિવેક, ધૈર્ય અને આશ્રયને દ્રઢ કરી શરણમાર્ગ પર સીધે સીધો ચાલ્યો જા. પહેલાંના જમાનામાં ટાંગા ચાલતા તેના ઘોડાની આંખોની ઉપર ડાબલા લગાવવામાં આવતા કે જેથી ઘોડો આજુ બાજુ જોયા વગર ફક્ત મુખ્ય રસ્તા પર જ ચાલ્યા કરે. આજે એવું જ કંઈક આપણા પર લગાવવાની જરૂર છે કે આજુ બાજુ ભટક્યા વગર બધા એક ચિત્તે જોયા કરે. દેવકીનન્દને જેમ બ્લિન્કર્સ લગાવી દીધા છે તેથી તેને શ્રીગોકુલેશ, શ્રીગોકુલેશની સૃષ્ટિ અને શ્રીગોકુલેશના ઘર સિવાય બીજુ કંઈ જણાતું નથી તેવા જ બ્લિન્કર્સ તમારે લગાવવા પડશે તો જ સીધો રસ્તો દેખાશે, નહિ તો નહિ દેખાય. એક વાત સ્પષ્ટ યાદ રાખજો કે તમારા કે મારા માનવાથી ભક્તિમાર્ગ સ્પષ્ટ થઈ જતો નથી. આપણે જ્યારે પણ ક્યાંય Biodata રજૂ કરીએ છે ત્યાં ડીગ્રીના યુનિવર્સીટીના સર્ટીફિકેટો કેમ રજૂ કરવા પડે છે? કેમ કે ઓફિસમાં બેઠેલા અધિકારી તમારા કહેવાથી તમારું ક્વોલિફીકેશન માની લેતા નથી. તમારા વિશ્વવિદ્યાલયોના સહી સિક્કાવાળા સર્ટિફીકેટોના આધારે તમારી યોગ્યતા નક્કી

થાય છે. તે રીતે તમે કહી બેસો કે સેવા કરીએ છે, એટલે તે સેવા થઈ જતી નથી. પરંતુ પ્રમાણ તો ત્યારે જ કહેવાશે, જ્યારે તમે સેવા કરો છો કે નહિ તેવો શ્રીમહાપ્રભુજીનો ઠપ્પો હોય - તો જ તમારી સેવા, સેવા છે.

તમે કહો છો કે સેવા કરીએ છીએ. તેનાથી શું થયું ? શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે તમારી સેવા એ સેવા છે ? શ્રીમહાપ્રભુજીએ કહેલું હોય તેવા પ્રકારે થતી સેવા જ સેવા કહેવાય અને શ્રીમહાપ્રભુજી કહી આપે તેનું પ્રમાણ શું? તેનું પ્રમાણ **સિદ્ધાંત મુક્તાવલી,** તેનું પ્રમાણ **સિદ્ધાંત રહસ્ય,** તેનું પ્રમાણ **અંતઃકરણ પ્રબોધ,** એનું પ્રમાણ **નવરત્ન.** વિચારો કંઈક વિચારો.

નવરત્નનો તમે અત્યારે ક્યાં ઉપયોગ કરી રહ્યા છો ? ગુરુના ગ્રહ માટે કે મંગળના ગ્રહ માટે, કે શનિના ગ્રહ માટે, જપ કરો છો. અરે, કેટલું દુર્બળ મન છે કે-ઝખ મારીને આપણે પુષ્ટિમાર્ગમાં બેઠા છીએ. હું એક વાત પૂછું છું, જો આ ગ્રહનું નંગ ગણો કે લાકડું ગણો, જે તમે પહેરી રહ્યા છો જો એ અસર કરતું હોય **તો આ ગળામાં પહેરેલી કંઠીનું લાકડું કેમ અસર ન કરે ?** કેમ એવું દુર્બળ મન કરીને બેઠા છો ? અરે જો સમર્થ ધણીમાં તમને વિશ્વાસ નથી થતો તો શા માટે ભટકી રહ્યા છો ? જો આવી ભીતિ છે તે આ કેવી દુર્બળતા ? આ પુષ્ટિમાર્ગમાં કોણે આમંત્રણ આપ્યું હતું ? એ વિચાર કરો. કંઈક અર્થ અને હાર્દને સમજો. એવા સમર્થ ધણીના ચરણારવિંદમાં ગયા છો તેને લજ્જાનો વિષય બનાવી રહ્યા છો. શું છે આ છેવટે મંગળનું નંગ પણ ? લાકડું જ છેને અને તુલસીની કંઠી પણ લાકડું છે જ. જો આ મંગળના લાકડાની અસર થતી હોય તો આ કંઠીના લાકડાની અસર કેમ ના થાય ? અને આ કંઠીના લાકડાની અસર ના થાય તો પેલા મંગળના નંગની અસર કેમ થાય ? એ કોમનસેન્સનો સવાલ તમને બધાને પૂછી રહ્યો છું. પણ દિલ હારી જાય છે. આ નંગ પહેરી લઈએ એટલે આપણાં કામ સિદ્ધ થઈ જાય અને આ પહેરેલી વીંટી કામ કરે તો, તો પછી ગળામાં પહેરેલી કંઠી કે જે વીંટીનો બાપ આપણા ગળામાંની તુલસીમાલા છે તે કામ કેમ ના કરે ? તેવા મારો પ્રશ્ન છે, એને સમજો. આવી દુર્બળતા કેમ લાવો છો ? આ પુષ્ટિમાર્ગની બરબાદી આપણે ભેગા મળીને કરી દીધી.

અન્યાશ્રય

આ અન્યાશ્રય કરી કરીને આ અન્યાશ્રયે ખરેખર બરબાદી વહોરી લીધી છે. અન્યાશ્રયનો મતલબ સમજો. કોઈપણ દેવતા માટે અભદ્રભાષા કે તેમનું અપમાન

કરવાની જરૂરિયાત નથી. બધા દેવતાઓ આપણા સ્વામીનાં જ અંગ છે. મારા હાથ ને તમે જો ગાળ આપશો તો તે હાથને આપેલી ગાળ પણ મને જ પડશે. તેથી કોઈ પણ દેવનું અપમાન નથી કરવું. છતાંયે એ ન કરીને પણ આપણા ચિત્તમાં એ દેવની ઉપાસનાનો ભાવ ન આવવો જોઈએ, કેમ કે એ જેના તેઓ અંગ છે - તેવા મૂળ પૂર્ણ પુરુષોત્તમને આપણે ભજી રહ્યા છે. પૂર્ણ પુરુષોત્તમના ચરણમાં આપણે આવી રહ્યા છે.

આ એક પ્રયોગ કરી જો જો. ઝાડના પાંદડા પર પાણી નાંખવું, મૂળમાં નહિ નાખવાનું તો શું થાય ? વિચારી જોજો, ઝાડ વિકસતાં થઈ જાય તો મને કહેજો. ઝાડની દશા બગડે ના તો પછી મને આવીને કહેજો. પાનાં ને હાથ પણ નહીં લગાડો, પાણી પણ નહીં આપો, પણ મૂળમાં પાણી નાંખશો તો ઝાડ ને વિકસીત થતા કોઈ રોકી શકવાનું નથી. જ્યારે થડ તમારી પાસે હોય ત્યારે ફક્ત પાંદડાઓમાં શા માટે ભટકી રહ્યા છો ? એક કૃષ્ણ સિવાય બીજે કેમ ભટકવું પડે છે ? કૃષ્ણ મળ્યા પછી બીજું શું બાકી રહી જાય છે ? આ મને સમજાતું નથી. ફરી ફરીને મારો આજ સવાલ છે. શા માટે પાંદડામાં ભટકી રહ્યા છો ? એ બધા દેવતાની કઈ અવગણના નથી, પણ શાસ્ત્રોક્ત રીતે જેની સ્થાપના ન થઈ હોય તેવાં દેવસ્થાનોમાં જઈ નમન કરવું તે પણ પાપ છે, તેવું શાસ્ત્ર કહે છે અને તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રાચીન કોઈ દેવાલય સામે આવે, સ્વત: માર્ગમાં આવે, ત્યાં જઈને કે ત્યાંથી નીકળવામાં કે પ્રભુના અંગ સમજી ને નમસ્કાર કે ભગવદ સ્મરણ કરવામાં કઈ અન્યાશ્રય નથી થઈ જતો. પરંતુ તે વાતને બરોબર સમજો, આપણે આપણા કાકા, મામા, માસાને બધાને નમન કરીએ છીએ. નમન કરવાની પુરાણી પદ્ધતિ હતી તે પદ્ધતિ પ્રમાણે જ્યારે વડીલોને નમન કરીએ તો તે અન્યાશ્રય નથી, પરંતુ તમે જળનો લોટો લઈ, દુર્વા લઈ, પૂજાની સામગ્રી લઈને ત્યાં જશો તો ત્યાં નિશ્ચિત અન્યાશ્રય થશે, થશે અને થશે, તેમાં કોઈ સંદેહ નથી. **તમે કામના સહિત અન્ય કોઈ પણ દેવની ઉપાસના કરશો તો તે સર્વથા અન્યાશ્રય છે, છે અને છે.** કામના રહિત, સ્વાભાવીક રીતે, તમારી દિનચર્યાના ક્રમમાં કોઈક એવું દેવાલય આવતું હોય ત્યાં તમારા સ્વામીના અંગરૂપ માનીને જો તે દેવતાનો તમે આદર કરશો તો ત્યાં કોઈ પણ જાતનો અન્યાશ્રય નથી.

તમે કોઈ પણ તીર્થાટનમાં જાવ, તે તીર્થના જે દેવ હોય એ પ્રાચીન તીર્થનું જે દેવાલય છે, તે દેવાલયમાં જઈ તે દેવ પ્રત્યે તમારો આદર વ્યક્ત કરો, તમારા

સ્વામીના સ્મરણ સાથેનો-તો તે અન્યાશ્રય નથી. પરંતુ સકામ થઈને, કોઈ પણ માનતા લઈને, કોઈપણ હેતુથી, કોઈ પણ દેવની ઉપાસના કરશો તો એ પુષ્ટિમાર્ગમાં તે સર્વથા બાધક છે. બીજી કોઈ બાબત બાધક બને કે ના બને, અન્યાશ્રય તમને સર્વથા બાધક બનશે. શ્રીગુંસાઈ બાવા આજ્ઞા કરે છે કે અન્યના સંબંધની ગંધ પણ પ્રભુને નહિ સુહાવે. કેમ કે પ્રભુ આ પુષ્ટિ ક્રીડા ને અનન્ય ક્રીડા કરી રહ્યા છે. અનન્યતા પૂર્વક આ ક્રીડા કરવા માંગે છે. આ ક્રીડા અનન્યતાપૂર્વક કરવાની ઈચ્છા છે. એથી તમારી સકામ કરેલા ઉપાસના પ્રભુને નહિ ગમે. આ હું નહિ પણ, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરી રહ્યા છે. આ સત્યને શ્રીમહાપ્રભુજીના ગ્રંથોથી વ્યવસ્થિત સમજી લો. આપણા ત્યાં રામનવમી, મર્યાદા પુરુષોત્તમ રામનું સ્મરણ, શ્રવણ વિગેરે ને અન્યાશ્રય ગણવામાં નથી આવતા. અહીં શ્રવણ સ્મરણની વાત છે. શ્રવણ-સ્મરણ પણ વાલ્મીકી રામાયણ દ્વારા. કારણ **વાલ્મીકી રામાયણને શ્રીમહાપ્રભુજીયે પ્રમાણ ગણેલુ છે**. પણ ઉપાસના ક્રમ નહિ. શ્રી રામ, શ્રી વિષ્ણુ અને શ્રી વામન આ ત્રણ અન્યાશ્રયમાં નથી આવતા. તેથી આ ત્રણાનો સ્વીકાર આપણા ત્યાં પ્રભુ શ્રીકૃષ્ણ રૂપ ગણાય છે. તેથી શ્રી વિષ્ણુના સ્વરૂપનાં દર્શન સર્વથા થઈ શકે પણ તે ત્રણેય સ્વરૂપ આપણા સાક્ષાત શ્રીકૃષ્ણના જ સ્વરૂપો છે, તેવો સ્પષ્ટ બોધ ત્યાં રાખવો પડશે તો જ અન્યાશ્રય બનતો નથી. એ ત્રણેય સ્વરૂપ શ્રીકૃષ્ણનાં જ છે તેવો બોધ રાખવો અનિવાર્ય છે.

બાકી તો સકામ કર્મ કોઈ પણ કરશો તે તમારા માટે અન્યાશ્રય બની જ જવાનો છે. તેથી પુષ્ટિમાર્ગીય લોકોને પોતાના સ્વામીના સામર્થ્ય ઉપર ''પરબ્રહ્મ તું કૃષ્ણો હિ'' એ શબ્દો પર વિશ્વાસ હોવો જ જોઈએ. શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે કે **અવિશ્વાસ સર્વથા બાધક છે** એટલે આ બધી જ બાબતને શ્રીમહાપ્રભુજીની વાણીથી સમજીને સ્પષ્ટતા રાખવી જોઈએ કે આ ક્રમ કેવી રીતે થઈ રહ્યો છે ? તેથી ભક્તિપ્રકરણમાં, ફળ સાધનપ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાર્ગનાં ત્રણ રૂપ બતાવ્યાં. રૂપ સેવાના બે પ્રકાર - બાહ્યરૂપ સેવા અને સાંતરરૂપ સેવા, આંતરરૂપી સેવામાં બે વિકલ્પ બતાવ્યા - મુખ્ય કલ્પ સેવાનો અને વિકલ્પ પર્યટન અને કથામય ભક્તિ. અત્યારે તીર્થાટન સંભવ નથી, અને તે કથામય ભક્તિ પણ સંભવ નથી. કેમ કે શ્રીમદ્‌ભાગવત સાથે કથાની ઉપાસના કરવી પણ સંભવ નથી. કેમ કે શ્રીમદ્‌ભાગવત સાથે કથાની ઉપાસના કરવી પણ મુશ્કેલ કામ છે. તેથી અત્યારે સરળ ઉપાય પણ આપણી પાસે બે જ આવ્યા - રૂપ સેવા કરી ભક્તિમાર્ગનો રસ્તો

અપનાવીએ અને એની સાથે **“અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જન-માચરેત, નિવેદિભીઃ સ્મપ્યૈર્વ સર્વ કુર્યા-દિતિ સ્થિતિઃ।”**

નહિ તો શરણમાર્ગનો રસ્તો પકડીએ. એમાં એક બીજી વસ્તુની હું સૂચના તમને આપવા માંગું છું. શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ જ્યારે, મારો શરૂઆતમાં થયો ત્યારે મને એક વસ્તુ બહુ જ ડંખતી હતી કે અમુક જગ્યાએ મીસરી ભોગનો, કે દૂધ ઘર ભોગનો જે પ્રકાર છે તે કેવી રીતે ડેવલપ થયો ? સતત લગભગ ૨૦ વર્ષ સુધી મેં એના પ્રમાણોની શોધ કર્યા કરી અને ૨૦ વર્ષ પછી તેનાં જે તથ્ય - જે ફેક્ટ જે મારી સામે આવ્યાં તે બધાં ફેક્ટને સામે મૂકી અને જે એક વાસ્તવબોધ મને થયો, એ વાસ્તવબોધ આજે તમને બતાવી રહ્યો છું. હું ખાસ કોઈ બીજી જગ્યાની ચર્ચા નથી કરી રહ્યો. કેમ કે આસ્થા સહિત એવુ માનું છું કે કંઈ પણ બુરાઈ ભલાઈની વાત હોય મારે મારા ઘરથી કરવી જોઈએ. જેથી બીજાના ઉપર આક્ષેપ ન આવે. આત્મ વિશ્લેષણ બધાએ પોતપોતાનું કરી લેવું જોઈએ.

શ્રીવલ્લભલાલજી તાતજીના વખતથી એક એવો પ્રકાર થયો કે જ્યાં શ્રીજી બાવાનું સ્વરૂપ, જે દાદાજી શ્રીગોકુલેશની સૃષ્ટિમાં-ઘરોમાં બિરાજે છે ત્યાં વલ્લભલાલજીના તાતજી મહારાજ સમયથી સેવાક્રમ શરૂ થયો, એમાં અનેક લોકો માત્ર દૂધઘરની સેવા સુધી સિમિત હતા. એ વસ્તુ મને ડંખતી હતી. એ વસ્તુ મને ગળે ઉતરી ન હતી. મિસરી ભોગ અને દૂધ ઘર ભોગ માત્રની સેવાએ શ્રીમહાપ્રભુજીએ કોઈ જગ્યાએ બતાવી નથી. એટલે એ સેવા એ સિદ્ધાંત સંમત નથી. તાતજી મહારાજે આવી સેવા પધરાવી આપી છે. તેથી તાતજી મહારાજે સિદ્ધાંતથી વિરોધ થઈને કેવી રીતે કામ કર્યું ? પણ તાતજી મહારાજ તો સિદ્ધાંતના મર્મજ્ઞ હતા. આ બે તકલીફો મને થતી હતી. આનાથી હું ઘણો જ વિચલીત થયો હતો. શું ગરબડ થઈ હશે ? તે મારી સમજમાં ન આવ્યું. એનો મેં બહુ જ અભ્યાસ કર્યો.

તાતજી મહારાજની સાથે જે તે સમયના ખવાસ રહેતા હતા - અત્યારે તો દિવંગત થઈ ગયા, એવા ખવાસની સામે હું ખૂબ બેસ્યો, અને તેમની પાસેથી એવી બધી પ્રાચીન વાતોનું તેમની પાસે સ્મરણ કરાવ્યું, અને પછી શ્રીમહાપ્રભુજીની વાણી સાથે બેસીને એક માનચિત્ર તૈયાર કરાવ્યું તે માનચિત્ર જે મને સ્પષ્ટ થયું તે માનચિત્રમાં આ પ્રમાણે જે છૂટ આપી તે હું અત્યારે તમને જણાવી રહ્યો છું -

એક વાત સાચી છે કે વાસ્તવમાં એ સેવાની છૂટ ''કૃષ્ણ સેવા સદા કર્યા'' ના સિદ્ધાંતને અનુરૂપ એના હેઠળ આપવામાં આવી ન હતી. કેમ કે એના હેઠળ આપવામાં આવી હોત તો ''અસમર્પિત વસ્તુનાં...'' ના નિયમો ત્યાં લાગુ પડી ગયા હોત, અને ત્યાં સંપૂર્ણ સમર્પણ સહિત અસમર્પિતના ત્યાગ સહિતનો સંપૂર્ણ સેવાનો પ્રકાર રહ્યો હોત, એ વાત નિશ્ચિત હોત. પછી આવો પ્રકાર કેમ બન્યો ? તેમાં પછી મને એક વાત સમજાઈ કે - તમને એવો ખ્યાલ હશે કે, પહેલાંના લોકો સમજુ ન હતા તેવું નથી, આપણાંથી વધારે સમજુ હતા, આપણાંથી વધારે આસ્થાવાળા હતા. પરંતુ એક વસ્તુનો ફરક હતો. આપણામાં આજે કુર્તક અને જીદ છે, જ્યારે આ બંને અવગુણ તેઓમાં ન હતા. તેમના માટે **ગુરુસ્થાનેથી જે આજ્ઞા આવી રહી છે, તે આજ્ઞા તેઓ આસ્થાપૂર્વક માનતા હતા કે એ આજ્ઞા ભારપૂર્વક અને કંઈક કારણસર આવી રહી છે. તેઓ આસ્થા સહિત માનતા હતા, તુરત જ સ્વીકારતા હતા. તે વખતે જે આચાર્યો બિરાજતા હતા તે બધા શ્રીમહાપ્રભુજીની વાણીનો બોધ હકીકતમાં હકીકતની રીતે એટલે કે સાચી રીતે આપતા હતા,** તે વાત પણ સાચી છે. મારા, આ કહેવાનો અંડ બંડ અર્થ ન લગાડી દેતા. સીધી સીધો અર્થ લગાડજો. તેમનામાં એક એવી ચેતના હતી કે, જે પણ કઈ માર્ગદર્શન અમને મળી રહ્યું છે તે તથ્ય ભરેલુ હશે, તેવું માનીને તે વખતના લોકો વિચારતા હતા. આ વાત સેવક વર્ગની દ્રષ્ટિએ થઈ. હવે આચાર્યની દ્રષ્ટિની વાત તમને સમજાવું. અમારા તાતજીની દૃષ્ટિ બાબતે એવી સમજ અમને મળી કે ધીરે ધીરે આચાર વિચાર બધાનો હરાસ થઈ રહ્યો છે, વ્યાપક સ્તરે બધા લોકો એવી સેવા કરી શક્તા નથી તેથી તેમને નામ સેવા રૂપ (આપણે અગાઉ ચર્ચા કરી, કેવળ કથામય જીવન, કેવળ શરણમાર્ગ) તેના એક પ્રકારની રીતે, નામ સેવાવ્રત (પુરુષોત્તમ પ્રતિષ્ઠા કર્યા વગર) અને કેવળ ચરણ સ્પર્શ કરીને એમણે એ ચરણ સ્પર્શ માટે પધરાવી આપ્યા હતા કે આ સ્વરૂપને તમે સાથે રાખો અને તેમની સન્મુખતા તમે કેળવો કે જેની સામે બેસીને તમે પાઠ કરી શકો, તમે થોડું સ્મરણ કરી શકો તમે તમારી કથા વાર્તા કરી શકો એવી સન્મુખતાની દ્રષ્ટિએ એ પ્રકાર શરૂ થયેલો પરંતુ તેમાં મનુષ્યનો સ્વભાવ છે કે મીંડુ ઉમેરવાનું. એવાં મીંડા ઉમેરવાવાળાને તો એમ જ હોય છે કે ખાલી મીંડુ જ ઉમેર્યુ છે, પરંતુ તે મીંડાથી ૧ ના ૧૦ અને ૧૦ ના ૧૦૦ થઈ જાય છે તે ખબર પડતી નથી. આવાં જીવંત ઉદાહરણ મેં જોયા છે. એકવાર એક જગ્યાએ સત્સંગ જીવનમાં શ્રીમહાપ્રભુજીની છબી પધરાવી આપી,

ત્યાં ત્યારબાદ વસ્ત્ર વગેરેની આજ્ઞા કરી હતી. થોડા વર્ષ બાદ ગયો ત્યારે ત્યાં સેવાનો બધો પ્રકાર શરૂ થઈ ગયો હતો, ચોપાટ, રમકડાં, છડી, બધુ આવી ગયું હતુ. **એ જોઈને મને તો પરસેવો છૂટી ગયો કે** શ્રીમહાપ્રભુજીને તમે ગેંદ, દડો, છડી, ચોપાટ ધરાવો છો ? જ્યારે શ્રીમહાપ્રભુજી અવતાર દશામાં બિરાજતા હતા, ત્યારે એવી કલ્પના પણ નહિ કરી હોય ! શ્રીમહાપ્રભુજી તો પુરુષોત્તમ છે, એનામાં પ્રશ્ન ક્યાં છે ? પરંતુ લીલા ભેદના ક્રમને તો તમારે ખ્યાલ રાખવો જ જોઈએ ને ! અને એ ''લીલા બીજ તનુધારી'' છે શા માટે ? ગોપાળદાસની વાણીમાં, શ્રીગુંસાઈજીએ આપણને સમજાવ્યું. ''લીલા બીજ તનુધારી'' શા માટે તેમ કહેવું પડ્યું ? અરે જે શ્રીહસ્તેથી ગોવર્ધન ઉઠાવ્યો, જે હસ્તથી લીલા કરી અને અન્નકૂટ આરોગ્યા અને અન્નકૂટ આરોગેલા હસ્તથી કંઈ વેણુનાદ ન થાય, વેણુનાદ કરવા માટે રાસક્ષેત્ર જોઈએ અને અન્નકૂટ આરોગવા માટે ગોવર્ધનક્ષેત્ર જોઈએ. એ બંને એક જ સ્વરૂપ છે, પણ ક્રિડાનો ભેદ છે કે નહિ, એ તો જુઓ. એ લીલાનો ભેદ છે, તે ભેદ આપણે સમજી શક્યા નહિ અને તેથી ત્યાં શ્રીમહાપ્રભુજીને આપણે ચોપાટ રમાડી રહ્યા છે. ચોપાટ રમવું એ આખી જુદી ક્રિડાની વાત છે. એ શ્રીઠાકોરજીની ક્રિડા છે. એ ક્રિડા એ શ્રીઠાકોરજીનો શ્રીસ્વામીનીજી સાથેનો કાંઈક ભાવ છે, એક સ્વરૂપ છે, તે સમજ્યા વગર આપણે શ્રીમહાપ્રભુજીને ચોપાટ રમવા બેસાડી દીધા. શ્રીઆચાર્ય છે જે તત્વસૂત્રબાહ્ય પ્રદર્શક છે. તે તત્ત્વસૂત્રબાહ્ય પ્રદર્શકને આપણે પાસા નાંખવા બેસાડી દીધા ! કેવી કફોડી પરિસ્થિતિ છે પુષ્ટિમાર્ગની ? આ વિડંબના ક્યાં જઈને ટકે ? એટલે આવા આધારથી હું નિર્ણય કરી શક્યો કે તાતજી મહારાજની મુખારવિંદની આજ્ઞાનું કેવું વિકૃત પરિણામ થયું ? કે મીસરી આવી, મીસરીમાંથી દૂધ પેંડા આવ્યા અને પેંડામાંથી ચવાણુ, ચવાણા પછી નાગરી અને ઘણું બધું આવવા લાગ્યું અને એને આપણે સેવાના પ્રકારમાં કનર્વટ કરી દીધાં. આવું ઘણું બધું આપણે કરી દીધું. એનું કારણ એ છે કે એ તાતજી મહારાજના પછી પધરાવેલી સેવા સમર્પિત સાથે સંપૂર્ણ સેવાક્રમવાળા હજી પણ હજારો વૈષ્ણવો મળે છે, એટલે કોઈક વૈષ્ણવો સમર્પણવાળા છે, તો કોઈક વૈષ્ણવો દૂધઘરવાળા છે. તેથી નહોતું સમજાતું કે આ કેવી રીતે બેસાડ્યું ? આવા પુષ્ટિમાર્ગમાં પધરાવી આપેલ હજારો સંપૂર્ણ સમર્પિત વૈષ્ણવો મળે અને ઘણા બધા મિસરીવાળા, એવા બધા મળે. એટલે ઘણાં વર્ષો બહુ ચિંતન કર્યું. એક વાત સમજજો કે આજે જેમ હું તમને સામાન્ય રીતે બતાવું, કે

આ કંઠી દીક્ષામાં અમે સંપૂટ અર્પીએ છીએ તેમાં શ્રી દાદાજીનું ચિત્ર પધરાવીએ છે. કાલે ઉઠીને કોઈ એને સિંહાસન ઉપર પધરાવી લે, પુષ્પમાળાથી વાત શરૂ થાય, પછી ધીરે ધીરે મિસરીની કટોરી આવી જાય. આ મિસરીમાંથી પાછા પેંડા આવી જાય, પેંડામાંથી નાગરી આવી જાય, એટલે હવે એને રોકે કોણ? આવા ઘણાં બધા ગોટાળાઓ, મીંડા ઉમેરવા જેવી ઘણી બધી ક્રિયાઓ આપણા પુષ્ટિમાર્ગમાં થઈ રહી છે. તેથી હું એક વાત સમજાવું છું કે એક વિવેકભરી દ્રષ્ટિ આના પર નાખો. કેમ કે આ તમારું અને મારું બગડી રહ્યું છે, કોઈ એક શાખાનું નથી બગડી રહ્યું. તમારા ઘરમાં જે ત્રણ ચાર રૂમ હશે, તેમાંથી એક રૂમ ને કોઈ વ્યક્તિ તોડી નાખે તો તમે ત્યાં પ્રસન્નતાથી બેસી રહેશો? તમે એમ કહેશો કે ચાલો ત્યાં એના તૂટવાથી મારે શું મતલબ છે ? અરે તમારે એક નહિ બધા રૂમોથી મતલબ છે, કારણ કે ઘર આપણા બધાનું છે. તમે ચોથું કહેવા જશો કે ત્રીજું કે બીજું છે તો બધુ તમારું જ. આ પુષ્ટિમાર્ગનું નથી તો કોનું છે ? અને નુકશાન કોનું થઈ રહ્યુ છે ? પૂરા ઘરનું નુકશાન છે, આપણાં બધાનું નુકશાન છે. વિવેકભરી દ્રષ્ટિ રાખો, ભક્તિમાર્ગ અને શરણમાર્ગમાં શું ફેર છે ? અને આજે ભક્તિમાર્ગમાં નિર્વાહ થઈ શકે છે કે નથી થઈ શકતો ? અને થવા જાય તો કોઈ ભક્તિમાર્ગ સાથે મજાક તો નથી થતીને ? શ્રીમહાપ્રભુજીની વાણી સાથે તો મજાક નથી થઈ રહી ? આ બધી વાતો ગંભીરતાથી સમજો અને પછી શરણમાર્ગનો સાચો પ્રકાર જાણો. જો ભક્તિમાર્ગ નિર્વાહ ન થઈ શકતો હોય, તો જે આજે અશક્ય છે. કેમ કે આપણા સ્વામી પોતે આજ્ઞા કરી રહ્યા છે -

कलौ भकत्यादि मार्गा हि, दुःसाध्या इति मे मतिः (वि.धै.)

એટલે આ વાત સમજો, સ્વસ્થતાથી શરણમાર્ગને સમજો, તમારા દુર્બળ મનોને અને મનોભાવોને સબળ બનાવો, અત્યંત સક્ષમ બનાવો. **એવા દુર્બળ ન બનો કે, શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈ પણ દેવની ઉપાસનાની જરૂરત પડે એટલે શ્રીકૃષ્ણની ખુમારી રાખો. એક શ્રીકૃષ્ણનો આશ્રય રાખો, એક કૃષ્ણના આશ્રયથી બધુ સિદ્ધ થશે.**

દયારામભાઈ શું કહી રહ્યા છે ?

ચિત તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે.

શા માટે એવી બધી ચિંતાઓમાં જઈ રહ્યા છો. તમારા હૃદયને પૂરેપૂરું સબળ

બનાવીને થોડાક સામર્થ્યથી, આ બધી કમજોરીઓમાંથી, આ બધી જ દુર્બળતામાંથી ઉપર ઉઠો. આ દુર્બળતાઓમાંથી ઉપર ઉઠવામાં જ તમારું પુષ્ટિમાર્ગીયપણું છે. દુર્બળતામાં દબાઈ જવાનું કે દુર્બળતાના-કાદવમાં બેસી જવામાં તમારું પુષ્ટિમાર્ગીયપણું નથી. તમે સિંહના દિકરા છો, તમે આવી બકરી જેવી વાત શા માટે કરી રહ્યા છો ? તમે કોના સેવક છો ? તમે રાજના ખાસા ખવાસ છો. તમે બકરીની સંતતિ નથી, તમે શેરની સંતતિ છો અને-

અમે તો છીએ રાજના ખાસા ખવાસ

કે મુક્તિ મન ના આવે રે

તમે શું ખાધું છે ?... તમે તો એ ત્રિલોકીના ભોક્તા સાથે એની જૂઠન સાથે આનંદ પરમાનંદ મેળવવાવાળા છો તેથી તમને શેની ફીકર ? બીક શેની ? તેથી ઉદ્ધવજી કહે છે, ‘‘તમારા ઉચ્છિષ્ટ વડે અમે તમારી માયાને પણ જીતી ગયા છીએ, ભગવાન’’. બીજાની તો તમે વાત છોડો તમે શેરના સંતાનો છો, શેરની ભાષા બોલો. રાજના ખાસા ખવાસ છો, તેથી એવી સ્વરૂપ વિસ્મૃતિ ન કરો.

આ ભક્તિના ત્રણ વિભાગનું સ્મરણ અન્યાશ્રય રહિત રાખજો. સત્ય તમારી સામે છે તેને કેવી રીતે સ્વીકારવું તે તો સ્વયં જાતે- તમારે નક્કી કરવાનું છે.

द्रढ इन चरणन केरो भरोसो, द्रढ इन चरणन केरो ।
श्रीवल्लभनखचंद्रछटा बिन, सब जगमांझ अंधेरो ॥..... भरोसो
साधन और नहीं या कलिमें, जासों होत निबेरो ।
सूर कहा कहे द्विविध आंधरो, बिना मोलको चेरो ॥..... भरोसो
द्रढ इन चरणन केरो भरोसो, द्रढ इन चरणन केरो ।

⁂